Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગિરિધરી ॥

સ્વામી માધવાનન્દગિરિ
શ્રીમા આનંદમયી આશ્રમ,
ગર્દોળા - વારાણસી
૨૭-૨-૧૯૬૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વામી નિરંજનાનંદ
ગિરિ

'સસ્તું' સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

સ્વામી વિદ્યારણ્યકૃત

જીવન્મુક્તિવિવેક

★

ત્રિજુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
હેમાભાઈ પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

★

દોઢ રૂપિયો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંવત ૨૦૨૨ : આવૃત્તિ ત્રીજી : ઈ. સ. ૧૯૬૬

અનુવાદક : સ્વ૦ શંકરદત્ત શાસ્ત્રી

(c)

[સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.]

1500-10-'66

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : : અમદાવાદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિવેદન

આ પુસ્તકની પુનર્મુદ્રણરૂપે આ ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે. આ પુસ્તક અંગે આગલી આવૃત્તિના નિવેદનમાં આપેલી હકીકત અહીં નીચે અવતરણમાં આપી છે.

"જ્ઞાનમાં અને ખાસ કરીને વેદાંતનાં મંડળોમાં 'જીવન્મુક્તિ-વિવેક' એક અતિ પ્રસિદ્ધ પ્રમાણગ્રંથ છે. એના લેખક સ્વામી વિદ્યારણ્ય આજથી લગભગ પાંચસો વર્ષ ઉપર થઈ ગયા છે. દક્ષિણમાં વિજયનગરના ઉજ્જ્વળ રાજ્યકાળમાં તે એક આગળ-પડતા વિદ્વાન પુરુષ હતા. એમનું પૂર્વાશ્રમનું નામ માધવ હતું અને વેદો ઉપર ભાષ્ય લખનાર સાયણાચાર્યના એ ભાઈ હતા. સંન્યસ્ત લીધા પછી એ માધવ વિદ્યારણ્ય થયા અને પાછળ-થી શૃંગેરી મઠના શંકરાચાર્ય થયા. તેમની વિદ્વત્તા તેમના 'વિદ્યારણ્ય' નામને સાર્થક કરતી હતી. તેમણે આ 'જીવન્મુક્તિ-વિવેક' ઉપરાંત 'પંચદશી' અને 'શાંકરદિગ્વિજય' એ ગ્રંથો પણ લખ્યા છે.

"આ 'જીવન્મુક્તિવિવેક' કેવળ શાસ્ત્રચર્ચાનો ગ્રંથ નથી. એમાં શાસ્ત્રીય ચર્ચા છે, પણ તે જીવનને લક્ષીને છે. લેખકે અનેક ઉત્તમ ગ્રંથોમાંથી અવતરણોનો આધાર લઈ, પોતાના વક્તવ્યને સરળ, સ્પષ્ટ અને સુદૃઢ કર્યું છે. સંન્યાસની ચર્ચા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વાભાવિક રીતે આમાં આવે છે, પણ 'સંન્યાસ' આવશ્યક જ છે, એમ માનવાની જરૂર નથી. આ જ દેહે, ગૃહસ્થાશ્રમમાં રહીને પણ મુક્તિ કેવી રીતે મેળવી શકાય છે, તે આ ગ્રંથમાં બતાવ્યું છે. અહીં કર્મકાંડોને અત્યંત ગૌણ સ્થાન આપી, તત્ત્વજ્ઞાનને વાસ્તવિક મહત્ત્વ આપવામાં આવ્યું છે, એ ખાસ નોંધપાત્ર છે. તત્ત્વજ્ઞાન મળે એટલે બધું મળી ગયું, એમ પણ માનવાનું નથી. ખરી વાત તો એ છે કે મનુષ્યે વાસનાઓનો ક્ષય કરવાનો છે, એટલે કે ગુપ્ત અને પ્રકટ સર્વ પ્રકારના સંસ્કારોને અત્યંત શુદ્ધ કરવાના છે. તે પછી તેણે મનનો નાશ કરવાનો છે. એ મન ચંચળ થતું મટે છે, ત્યારે માણસ અપૂર્વ શાંતિ મેળવે છે અને તત્ત્વમાં સ્થિરતા મેળવે છે. આ તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય અને મનોનાશ કેવી રીતે સિદ્ધ કરવાં જોઈએ, એ વિદ્યારણ્યમુનિએ આ ગ્રંથમાં ખૂબ સરળતાથી સમજાવ્યું છે. આ વિવરણ કરતાં વિદ્યારણ્યસ્વામીએ 'સ્થિતપ્રજ્ઞ,' 'ભગવદ્ભક્ત,' 'અતિવર્ણાશ્રમી' અને 'ગુણાતીત' એ ચારેનાં સ્વરૂપલક્ષણો બતાવ્યાં છે અને તેઓ જીવન્મુક્ત છે એમ સિદ્ધ કર્યું છે. આ આખો ભાગ જેમ અર્થગંભીર છે, તેમ સુંદર ને રસિક છે. સ્વામીએ યોગદર્શન જીવનમાં કેટલું ઉપયોગી છે, તે પણ સંક્ષેપમાં છતાં સરળ રીતે સમજાવ્યું છે. એ ચર્ચા શાસ્ત્રીય થઈ ગઈ છે, છતાં જેમને એ વિષયમાં જરા પણ રસ છે તેમને એ બોધક થયા વિના રહેશે નહિ, તેમણે યોગીઓ વિશે લખેલું આ જે અવતરણ ઉતાર્યું છે તે ખાસ મનન યોગ્ય છે: 'જેનું મન એક ક્ષણ પણ બ્રહ્મની વિચારણામાં સ્થિરતાને પામે છે, તેણે સમસ્ત તીર્થોનાં જલમાં સ્નાન કર્યું છે, તેણે સમસ્ત પૃથ્વીનું દાન આપ્યું છે, તેણે હજારો યજ્ઞોનું યજન કર્યું છે, તેણે દેવમાત્રને રૂડી રીતે પૂજ્યા છે, તેણે તેના પિતૃઓને સંસારમાંથી તાર્યા છે અને તે ત્રણે લોકમાં પૂજ્ય છે. જેનું મન આ અપાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનસુધાના સાગરરૂપ પરબ્રહ્મને વિશે લીન થયું છે, તેનું કુળ પવિત્ર છે, તેની માતા કૃતાર્થ છે, અને વિશ્વંભરા પૃથ્વી તેનાથી પુણ્યશાળી છે.' આવા યોગીનો–સ્થિતપ્રજ્ઞનો–સર્વ લૌકિક વ્યવહાર પણ તપરૂપ હોય છે. એનું સમગ્ર જીવન ભગવત્પરાયણ અથવા બ્રહ્મનિષ્ઠ છે. એવો આદર્શનિષ્ઠ પુરુષ કેવી રીતે જીવન્મુક્ત છે તે આ ગ્રંથમાં વિસ્તારથી જોઈ શકાય છે.

"આ ગ્રંથનો નવેસરથી અનુવાદ કરવામાં સ્વ૦ શ્રી. મણિલાલ નભુભાઈ દ્વિવેદીના અંગ્રેજી અનુવાદની તેમ જ બે હિંદી અનુવાદોની અવારનવાર મદદ લેવામાં આવી છે. એ ઉપરાંત ચાળીશેક વર્ષ ઉપર થયેલો દેવનાગરી લિપિમાં છપાયેલો એક ગુજરાતી અનુવાદ પણ સાથે રાખ્યો હતો. અનુવાદમાં સરળતા અને સ્પષ્ટતા લાવવામાં કેટલે અંશે સફળ થવાયું છે, તે તો વાચકોએ જોવાનું છે. આખો અનુવાદ વાંચી જઈ તેમાં સુધારા–વધારા સૂચવવા કરવા માટે શ્રી. વામનરાવ પટેલ તથા શ્રી. રજનીકાંત મોદીના અમે આભારી છીએ."

આગલી આવૃત્તિ તેર વરસ ઉપર બહાર પડેલી. તે સમય કરતાં અત્યારે દરેક ચીજવસ્તુઓના અને મજૂરીના દરો લગભગ બમણા વધ્યા છે. છતાં આ પુસ્તકનું મૂલ્ય રૂ. દોઢ રખાયું છે. આશા છે કે મુમુક્ષુઓ આ પ્રકાશનનો લાભ લેશે.

વલ્લભવિદ્યાનગર,
તા. ૧૪–૧૦–'૬૬

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
એચ. એમ. પટેલ (પ્રમુખ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનુક્રમ

	વિષય			પૃષ્ઠ
૧	જીવન્મુક્તિનું સ્વરૂપ	...	...	૯
૨	જીવન્મુક્તિનાં લક્ષણ	...	...	૧૬
૩	જીવન્મુક્તિનાં પ્રમાણ	...	...	૨૩
૪	વાસનાક્ષય ...	...	...	૪૩
૫	મનોનાશ ...	...	...	૧૦૧
૬	સ્વરૂપસિદ્ધિનું પ્રયોજન	...	...	૧૫૪
૭	વિદ્વત્સંન્યાસ ...	...	...	૧૭૬

પરિશિષ્ટ

૧	જીવન્મુક્તિનું પ્રમાણ	...	...	૨૦૪
૨	વિદ્વત્સંન્યાસનું નિરૂપણ	...	...	૨૧૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવન્મુક્તિવિવેક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧ : જીવન્મુક્તિનું સ્વરૂપ*

જીવન્મુક્તિ તે શું? તેમાં પ્રમાણ શું? તે કેવી રીતે મેળવી શકાય અને તેને મેળવવાનું પ્રયોજન શું? આ પ્રશ્નોના ઉત્તર આપીએ : કર્તાપણું, ભોક્તાપણું, સુખ, દુઃખ આદિ લક્ષણોવાળો ચિત્તનો ધર્મ જીવતા મનુષ્યને ક્લેશરૂપ હોઈ તેને બંધનરૂપ થાય છે. એ બંધનનું જે નિવારણ થાય છે, તે જીવન્મુક્તિ કહેવાય છે.

પ્રશ્ન એ ઊભો થાય છે કે, આ બંધનને શું સાક્ષીથી દૂર કરવામાં આવે છે કે તેને ચિત્તથી દૂર કરવામાં આવે છે? સાક્ષીથી તો તેને દૂર કરવામાં આવતું જ નથી; કારણ કે તત્ત્વજ્ઞાનથી જ તે બંધન દૂર થાય છે. વળી તેને ચિત્તથી પણ દૂર કરવામાં આવતું નથી, કેમ કે તે અસંભવિત છે. જો પાણીમાંથી પ્રવાહીપણું દૂર કરી શકાય, અગ્નિમાંથી ઉષ્ણતા દૂર કરી શકાય, તો ચિત્તમાંથી કર્તાપણું આદિ દૂર કરી શકાય. સ્વાભાવિકતા તો સર્વત્ર સમાન જ છે.

પરંતુ આમ કહેવું યોગ્ય નથી. સ્વાભાવિક ધર્મનો સર્વાંશે નાશ ન થઈ શકે, છતાં તેનું વારણ તો કરી જ શકાય છે. જેમ જળમાં રહેલા પ્રવાહીપણાને માટીની મેળવણીથી ખાળી શકાય છે અને અગ્નિમાં રહેલી ઉષ્ણતાને મણિ-મંત્રાદિથી નિવારી શકાય છે, તેમ ચિત્તની સર્વ વૃત્તિઓને યોગના અભ્યાસથી રોકી શકાય છે.

ફરી પ્રશ્ન એ થાય છે કે સર્વ અવિદ્યા તથા તેનાં પરિણા-

---

* મૂળ પુસ્તકનાં શરૂનાં બે પ્રકરણો સંન્યાસને લગતા વિષયનાં છે. તેથી તે ગ્રંથની છેવટે પરિશિષ્ટરૂપે આપ્યાં છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મોનો નાશ કરવાનું કાર્ય તત્ત્વજ્ઞાન કરે છે, ત્યારે પ્રારબ્ધકર્મ તેના માર્ગમાં અંતરાય કરે છે અને દેહ તથા ઇંદ્રિય વગેરેને પોતાને અનુકૂળ પરિણામ આણવા તરફ પ્રેરે છે. વળી ચિત્તની વૃત્તિ વિના સુખ, દુઃખ આદિનો ભોગ ભોગવી શકાય એમ નથી, તો પછી યોગાભ્યાસ વડે ચિત્તની વૃત્તિનું વારણ કેવી રીતે થાય ?

પરંતુ આમ નથી; કારણ કે વૃત્તિના નિરોધથી સાધી શકાતી એ જીવન્મુક્તિ પણ પરમ સુખરૂપ હોઈ તે પ્રારબ્ધ-કર્મના ફળમાં જ સમાઈ જાય છે.

પણ ફરી એવો પ્રશ્ન ઊઠે છે કે, તો તો પ્રારબ્ધકર્મ જ જીવન્મુક્તિ પ્રાપ્ત કરી આપશે અને પુરુષાર્થની જરૂર જ નહિ પડે.

પણ એમ નથી. એ વાત તો ખેતી અને વણજ-વેપાર વગેરેને પણ સરખી જ લાગુ પડે.

પણ કર્મ પોતે તો અદૃષ્ટરૂપ છે. એટલે દૃષ્ટ (પ્રત્યક્ષ) સાધનસંપત્તિ વિના તે ફળ આપવાને સમર્થ નથી. આથી ખેતી વગેરેમાં પુરુષપ્રયત્નની અપેક્ષા રહે છે, એમ જો તમે કહેશો તો તેનો ઉત્તર એમ છે કે, તો પછી જીવન્મુક્તિના સંબંધમાં પણ એ સમાધાન સ્વીકારવામાં શી હરકત છે ?

પુરુષાર્થ કર્યા છતાં ખેતી વગેરેમાં ફળની પૂરી પ્રાપ્તિ ન જોવામાં આવે, તો કોઈ બીજા પ્રબળ કર્મનો પ્રતિબંધ કલ્પી લેવો જોઈએ. તે પ્રબળ કર્મ પણ પોતાને અનુકૂળ એવી દુકાળ વગેરે રૂપની પ્રત્યક્ષ સામગ્રી મેળવીને જ પ્રતિબંધ કરે છે. તે પ્રતિબંધ તેનાથી વિરોધી એવા કારીરિ ઇષ્ટિ (સુકવણીમાં વર-સાદ વરસાવવા માટેનો એક પ્રકારનો યજ્ઞ) આદિ રૂપના અત્યંત પ્રબળ ઉત્તંભક (પ્રતિબંધને દૂર કરનાર) કર્મથી દૂર કરાય છે. હવે તે કર્મ પણ પોતાને અનુકૂળ એવી વૃષ્ટિરૂપી પ્રત્યક્ષ સામગ્રી મેળવીને જ પ્રતિબંધને દૂર કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વધુ શું કહેવું? પ્રારબ્ધકર્મમાં જ અત્યંત ભક્તિ રાખનારા તમારે માટે યોગાભ્યાસરૂપી પુરુષપ્રયત્નની વ્યર્થતા મનથી પણ વિચારવી અશક્ય છે. અથવા જેમ પ્રારબ્ધકર્મ તત્ત્વજ્ઞાનથી પ્રબળ છે, તેમ યોગાભ્યાસ પ્રારબ્ધકર્મથી પણ પ્રબળ છે. આમ ઉદ્દાલક, વીતહવ્ય આદિ યોગીઓએ સ્વેચ્છાથી કરેલો દેહત્યાગ યોગ્ય ઠરે છે.

જોકે આપણા જેવા અલ્પ આયુષ્યવાળાઓ માટે એવો યોગ સંભવતો નથી, તોપણ ઇચ્છા વગેરે ચિત્તવૃત્તિના નિરોધ-રૂપ યોગમાં શો ભારે પ્રયાસ કરવાનો છે? જો શાસ્ત્રમાં બતાવેલા પ્રયત્નની પ્રબળતા સ્વીકારવામાં ન આવે, તો પછી વૈદકથી માંડીને મોક્ષશાસ્ત્ર સુધીના સર્વ પ્રયત્નો નિરર્થક થઈ પડે. વળી કોઈ વાર પુરુષાર્થનું ફળ ન આવે, તેટલા જ ખાતર બધા પુરુષાર્થ ઉપર નિરર્થકતા ઓઢાડવી યોગ્ય નથી. એમ હોય તો એકાદ પરાજય જોવાનો આવ્યો, એટલે સર્વ રાજાઓએ હાથી, ઘોડા વગેરેની સેનાને છોડી જ દેવી જોઈએ.

આથી તો આનંદબોધાચાર્યે કહ્યું છે: 'અજીર્ણ થશે એ બીકે કોઈ આહાર લેવાનું છોડી દેતું નથી; ભિખારી આવી ચડશે એ બીકે કોઈ તપેલાં ચડાવવાનું બંધ કરતું નથી અને જૂ પડશે એ બીકે કોઈ વસ્ત્ર વાપરવું બંધ કરતું નથી.' 'યોગ-વાસિષ્ઠ'માં વસિષ્ઠ અને રામના નીચેના સંવાદમાં શાસ્ત્રીય પ્રયત્નની પ્રબળતા અત્યંત સ્પષ્ટ રીતે બતાવી છે.×

વસિષ્ઠ બોલ્યા: હે રઘુનંદન! આ સંસારમાં સૌ કોઈને રૂડી રીતે યોજેલા પુરુષાર્થથી જ સદૈવ સર્વ બળ સાંપડે છે.

સર્વ ફળ એટલે પુત્ર, ધન, સ્વર્ગલોક અને બ્રહ્મલોક

× જુઓ આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલ 'યોગવાસિષ્ઠ મહા-રામાયણ' પૃ. ૮૯, ૯૦, શ્લોક ૨૩ થી ૪૩.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વગેરે. પુરુષાર્થ એટલે પુત્રકામેષ્ટિ, ખેતી, વણજ, જ્યોતિષ્ટોમ અને બ્રહ્મોપાસના કરવારૂપ પુરુષપ્રયત્ન. //

પુરુષાર્થ બે પ્રકારના કહ્યા છે: એક અશાસ્ત્રીય અને બીજો શાસ્ત્રીય છે. આમાં અશાસ્ત્રીય પુરુષાર્થ અનર્થના કારણરૂપ છે અને શાસ્ત્રીય પુરુષાર્થ પરમાર્થના હેતુરૂપ છે.

અશાસ્ત્રીય પુરુષાર્થ એટલે પરસ્ત્રીગમન, પરધનહરણ વગેરે. શાસ્ત્રીય પુરુષાર્થ એટલે નિત્યનૈમિત્તિક કર્મોનું અનુષ્ઠાન વગેરે. અનર્થ એટલે નરક, પરમાર્થ એટલે સ્વર્ગ, વગેરે અર્થોમાં પરમ (ઊંચામાં ઊંચો) એવો મોક્ષ.

ઠેઠ બાળપણથી પૂરતા સેવેલા શાસ્ત્ર તથા સત્સમાગમ આદિ ગુણોથી યુક્ત પુરુષપ્રયત્નથી તે હિતરૂપ અર્થ સંપાદન કરી શકાય છે.

પૂરતા એટલે પૂરા અને વિધિસરના. 'ગુણો' અને 'પુરુષપ્રયત્ન' એ વચ્ચે 'થી યુક્ત' એટલું અધ્યાહાર છે. હિતરૂપ એટલે કલ્યાણરૂપ.

રામ બોલ્યા: હે મુનિ! પૂર્વની વાસનાજાળ મને જેમ દોરે છે, તેમ હું રહું છું. હું કંગાળ પોતે શું કરવાનો હતો?

વાસના એટલે જીવને લાગેલા ધર્મ અને અધર્મરૂપી સંસ્કારો.

વસિષ્ઠ બોલ્યા: હે રામ! એ જ કારણે તો, તારા પોતાના પ્રયત્નથી સાધેલા પુરુષાર્થ વડે જ અને નહિ કે બીજી કોઈ રીતે તું શાશ્વત કલ્યાણને ચોક્કસ મેળવી શકીશ.

એ જ કારણે એટલે તું વાસનાને પરતંત્ર છે એ કારણે. આથી એ પરતંત્રતાને નિવારવા માટે પોતાના ઉત્સાહથી કરેલો મન, વાણી અને કાયાથી થતો પુરુષાર્થ જ આવશ્યક છે.

હે રામ! પૂર્વની વાસનાઓનો સમુદાય બે પ્રકારનો છે:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક શુભ છે અને બીજો અશુભ છે. તો તારામાં એ બેમાંથી કયા પ્રકારનો સમુદાય છે? એ શુભ છે, અશુભ છે કે પછી બન્ને છે?

પ્રશ્ન આ છે: તને ધર્મ અને અધર્મ એમ બન્ને પ્રેરે છે કે બેમાંથી કોઈ એક પ્રેરે છે? જો કોઈ એક જ પ્રેરે છે, તો તે શુભ છે કે અશુભ છે?

'ત્યાં જો તને શુદ્ધ વાસનાસમૂહ પ્રેરી રહ્યો છે, તો તે જ ક્રમે તું ઝટ શાશ્વત પદ પામશે.'

ત્યાં એટલે તે સંબંધમાં, તે જ ક્રમે એટલે શુભ વાસનાથી પ્રાપ્ત થયેલા આવરણ વડે કોઈ પણ બીજા પ્રયત્નની અપેક્ષા વિના. શાશ્વત પદ એટલે મોક્ષ.

'હવે જો અશુભ ભાવ તને સંકટમાં નાખતો હોય, તો તે તો પૂર્વજન્મનો છે. તારે પોતે જ તેને યત્નપૂર્વક જીતવો જોઈએ.

ભાવ એટલે ભાવના. પોતે જ યત્નપૂર્વક જીતવો એટલે અશુભના વિરોધી શાસ્ત્રીય અનુષ્ઠાનથી જાતે જ તેને જીતવો. યુદ્ધમાં મોતને મોંએ મુકાયેલા અન્ય પુરુષ દ્વારા જય મેળવી શકાય છે, તેમ અહીં જય મેળવી શકાતો નથી.

'શુભ અને અશુભ એમ બન્ને માર્ગોમાં વહેતી વાસનાની સરિતાને પુરુષપ્રયત્નથી શુભ માર્ગમાં વાળવી.'

બન્ને રીતે આમ: જોકે શુભ ભાગના સંબંધના કોઈ ખાસ પ્રયત્નની અપેક્ષા નથી; છતાં અશુભ ભાગ શાસ્ત્રીય પ્રયત્નથી દૂર કરીને તેને સ્થાને સ્થાપિત કરવો.

'હે બળવાનોમાં શ્રેષ્ઠ! અશુભમાં ઘેરાઈ રહેલા પોતાના મનને બળવાન પુરુષાર્થથી શુભોમાં આણીને સ્થાપ.'

અશુભોમાં એટલે પરસ્ત્રી અને પરધન વગેરેમાં. શુભોમાં એટલે શાસ્ત્રાર્થ અને દેવતા વગેરેના ધ્યાનમાં. પુરુષાર્થ એટલે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુરુષપ્રયત્ન. બળવાન એટલે પ્રબળ.

'માણસનું મન બાળક જેવું છે. તેને કોઈ અશુભમાંથી ખસેડવામાં આવે છે, એટલે તે કોઈ શુભમાં લાગે છે. આથી તેને બળપૂર્વક પણ ખસેડવું જ જોઈએ.'

જેમ બાળકને માટી ખાતું અટકાવીને ફળ ખાતું કરી શકાય અને મણિ તથા મોતીના આકર્ષણમાંથી વારીને તેને દડા વગેરેમાં દોરી શકાય છે, તેમ ચિત્તને પણ સત્સંગ દ્વારા તેના વિપરીત વિષયોમાંથી વારી શકાય છે.

'ચિત્તરૂપી બાળકને સમતારૂપ સાંત્વનથી જ સત્વર જીતી શકાય છે. પુરુષપ્રયત્નથી તો તેને એટલું જલદીથી નહિ, પરંતુ ધીરેધીરે જ વશમાં આણી શકાય છે.'

ચપળ પશુને કોઢમાં દાખલ કરવાના બે ઉપાયો છે: એક ઉપાય તેને હરિયાળું ઘાસ બતાવવું અને તેને ખંજવાળવું વગેરેનો છે; બીજો ઉપાય તેને કઠોર વેણો કહેવાં, ઝપેટા મારવા અને ડોળા કાઢવા વગેરેનો છે. આમાં પહેલા ઉપાયથી તે કોઢમાં ઝટ ચાલ્યું જાય છે. બીજા ઉપાયથી તો તે આમતેમ નાસભાગ કરે છે અને જેમતેમ ધીરેધીરે તે કોઢમાં જાય છે, તે જ પ્રમાણે ચિત્તશાંતિના પણ ઉપાયો છે: એક ઉપાય શત્રુ તથા મિત્રને વિશે સમતાનો છે અને બીજો ઉપાય પ્રાણાયામ તથા પ્રત્યાહાર વગેરે પુરુષપ્રયત્નનો છે. આમાં પહેલા ઉપાયથી એટલે મૃદુ યોગથી ચિત્તને સત્વર જીતી શકાય છે. બીજા ઉપાયથી એટલે હઠયોગથી ચિત્તને એટલું જલદી જીતી શકાતું નથી, પણ તેથી તે ધીમેધીમે વશમાં આવે છે.

હે શત્રુનો નાશ કરનારા! એ અભ્યાસે કરીને જ્યારે તને (સદ્)વાસનાનો ઉદય થાય, ત્યારે અભ્યાસ સફળ થયો એમ તારે જાણવું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે મૃદુયોગના અભ્યાસે કરીને સત્વર સદ્વાસનાનો ઉદય થાય, ત્યારે અભ્યાસ સફળ થયો એમ જાણવું. ત્યારે 'આ થોડા જ વખતમાં ક્યાંથી થયું ?' એવી શંકા ન કરવી.

'સંદેહ પડતો હોય, ત્યારે પણ શુભ તો પુષ્કળ લીધા જ કરવું. હે તાત ! શુભ વાસનાની વૃદ્ધિમાં કોઈ પણ દોષ નથી.'

શુભ વાસનાનો અભ્યાસ સંપૂર્ણ થયો કે નહિ એવો સંદેહ પડતો હોય, ત્યારે પણ શુભ વાસનાનો જ અભ્યાસ રાખ્યા કરવો. હજાર જપ કરવામાં લાગેલા મનુષ્યને દસમા સેંકડામાં સંદેહ પડે, તો તેણે એ એક સેંકડો ફરી જપવો જોઈએ. આમ કરવાથી ઊણપ હશે, તો પૂરી થશે અને ઊણપ નહિ હોય તો વધારાના જપથી હજાર જપને કાંઈ દૂષણ લાગવાનું નથી. તે જ પ્રમાણે શુભ વાસના વિષે સમજવું.

'જ્યાં સુધી તારું મન સ્થિર થયું નથી અને જ્યાં સુધી તને પરમાત્મ પદનુંજ્ઞાન થયું નથી, ત્યાં સુધી તું ગુરુ તથા શાસ્ત્રનાં પ્રમાણોએ નક્કી કર્યા મુજબનું આચરણ રાખ. પછી તારા અંતરના મેલ ધોવાઈ જાય અને તને પરમ વસ્તુનો સાક્ષાત્કાર થાય, એટલે ચિત્તવૃત્તિના નિરોધમાં રહેનારા એવા તારે શુભ વાસનાઓના સમૂહને પણ નક્કી ત્યજી જ દેવો પડશે.

'હે મનને જાણનારા રામ ! અતિ સુંદર અને આર્યો-એ સેવેલા શુભ માર્ગને અનુસરી તું શુદ્ધ ભાવથી અને શુદ્ધ બુદ્ધિથી તે અદ્વૈત અવસ્થાને પ્રાપ્ત કર. છેવટે એનોય ત્યાગ કરી તું સારી રીતે આત્મરૂપમાં સ્થિર રહે.'

આનો અર્થ સ્પષ્ટ છે.

આમ યોગાભ્યાસથી ઇચ્છા વગેરેનું વારણ થઈ શકે છે. માટે જીવન્મુક્તિમાં વિવાદ કરવાની જરૂર નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨ : જીવન્મુક્તિનાં લક્ષણ

શ્રુતિ અને સ્મૃતિનાં વાક્યો જીવન્મુક્તિના સદ્ભાવમાં પ્રમાણરૂપ છે. કઠવલ્લી વગેરેમાં આવાં વાક્યો મળે છે: 'વિશેષે મુક્ત (વિમુક્ત) થયેલો વિશેષે મુક્ત (વિમુક્ત) થાય છે.' એટલે કે જીવંતદશામાં જ કામ આદિનાં દૃઢ બંધનોમાંથી વિશેષે મુક્ત થયેલો પુરુષ દેહ પડ્યા પછી ભાવિ બંધનોમાંથી વિશેષ મુક્ત થાય છે.

જો કે જ્ઞાન થયા પહેલાં પણ અધિકારી પુરુષ શમ, દમ વગેરે મેળવીને કામ આદિથી મુક્ત થાય જ છે, તોપણ તે કાળે ઊઠી આવેલા કામ આદિનો તેને પ્રયત્નપૂર્વક નિરોધ કરવો પડે છે. અહીં જીવન્મુક્ત દશામાં તો અંતઃકરણની વૃત્તિઓનો જ અભાવ છે. તેથી કામ વગેરે વૃત્તિઓ ઊઠવાનો જ સંભવ નથી. તેથી 'વિશેષે મુક્ત થયેલો' એમ કહેવામાં આવ્યું છે. પ્રલયકાળ તથા મૃત્યુકાળ પછી (એ) પુરુષ કંઈક કાળ સુધી ભાવિ દેહબંધનથી મુક્ત રહે છે. અહીં આત્યંતિક મોક્ષને અનુલક્ષીને જ 'વિશેષે મુક્ત થાય છે' એમ કહ્યું છે.

'બૃહદારણ્યક'માં પાઠ છે: 'જ્યારે એના હૃદયમાં ચોંટી રહેલી સર્વ કામનાઓ છૂટી જાય છે, ત્યારે તે મર્ત્ય (મરણધર્મવાળો) મટીને અમૃત (મરણરહિત) થાય છે અને અહીં (જીવિત દશામાં જ) બ્રહ્મને પામે છે.' વળી બીજી શ્રુતિમાં કહ્યું છે: 'આંખવાળો હોવા છતાં તે જાણે આંખ વિનાનો છે; કાનવાળો હોવા છતાં, તે જાણે કાન વિનાનો છે; મનવાળો હોવા છતાં તે જાણે મન વિનાનો છે અને પ્રાણવાળો હોવા છતાં તે જાણે પ્રાણ વિનાનો છે.'

આ પ્રમાણે બીજી શ્રુતિઓને પણ ઉદાહરણમાં લઈ શકાય. સ્મૃતિઓમાં જીવન્મુક્તને સ્થિતપ્રજ્ઞ, ભગવદ્ભક્ત, ગુણાતીત, બ્રાહ્મણ અને અતિવર્ણાશ્રમી એવાં એવાં નામોથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે તે સ્થળે વર્ણવવામાં આવ્યો છે. યોગવાસિષ્ઠમાં વસિષ્ઠ અને રામના નીચેના સંવાદમાં જીવન્મુક્તનું જ વર્ણન છે.

વસિષ્ઠ બોલ્યા : કેવળ એક જ્ઞાનમાં જ નિષ્ઠાવાળા અને આત્મજ્ઞાનના વિચારમાં પરાયણ રહેનારા મનુષ્યોમાં જે જીવન્મુક્તિ ઉદય પામે છે, તે વિદેહમુક્તિના જેવી જ છે.

કેવળ એક જ્ઞાનમાં જ નિષ્ઠા હોવી એટલે લૌકિક અને વૈદિક કર્મમાત્રનો ત્યાગ. દેહ અને ઇંદ્રિય હોવા છતાં થતી મુક્તિ તે જીવન્મુક્તિ. દેહ અને ઇંદ્રિય ન રહેતાં થતી મુક્તિ તે વિદેહમુક્તિ. આટલો જ આ બે મુક્તિઓ વચ્ચે ભેદ છે; બાકી એ બન્નેના અનુભવમાં કોઈ ભેદ જ નથી; કારણ કે દ્વૈતની પ્રતીતિનો અભાવ તો બન્નેમાં છે.

રામ બોલ્યા : હે બ્રહ્મન્ ! તમે મને વિદેહમુક્તનાં તેમ જ જીવન્મુક્તનાં લક્ષણ કહો. એટલે હું પણ શાસ્ત્રથી થતા જ્ઞાન વડે તે પ્રમાણે પ્રયત્ન કરું.

વસિષ્ઠ બોલ્યા : વ્યવહારમાં રહેલો હોવા છતાં જેને માટે જેમનું તેમ રહેલું આ દૃશ્ય જગત જાણે અસ્ત પામી ગયું હોય છે અને કેવળ ચિદાકાશ જ રહ્યું હોય છે, તે જીવન્મુક્ત કહેવાય છે.

ગિરિ, નદી, સમુદ્ર વગેરેવાળું આ દૃશ્ય જગત જીવન્મુક્તને જેમનું તેમ જણાતું બંધ થઈ જાય છે. તેને મન તો તે જાણે દેહ અને ઇંદ્રિયોની સાથે મહાપ્રલયને સમયે પરમેશ્વરમાં બિડાઈ ગયેલું હોય તેવું લાગે છે. પણ આ જીવન્મુક્ત દશામાં જગત અસ્તિત્વમાં જ નથી એમ નથી. દેહ અને ઇંદ્રિયોના વ્યવહારો તો એમાં થાય જ છે. પરમેશ્વરે હજુ બધું પોતાનામાં સમેટી લીધું નથી, તેથી ગિરિ તથા નદી વગેરે પહેલાંની જેમ હજુ અસ્તિત્વમાં છે જ અને બીજાં પ્રાણીઓ એને સ્પષ્ટ રીતે અનુભવે પણ છે. માત્ર જીવન્મુક્તને માટે જ એ જગત સુષુપ્તિમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બને છે તેમ આથમી ગયું હોય છે; કારણ કે જગતની પ્રતીતિ કરાવનારી બુદ્ધિની વૃત્તિઓ જીવન્મુક્ત રહી જ નથી. એ જ્ઞાનીને મન તો કેવળ સ્વયંપ્રકાશ ચિદાકાશ જ બાકી રહ્યું છે. હવે સુષુપ્તિમાં પણ બુદ્ધિની વૃત્તિઓ તે તે પદાર્થની પ્રતીતિ આપતી નથી. આટલું જીવન્મુક્તિ અને સુષુપ્તિ વચ્ચે સરખાપણું છે. પણ સુષુપ્તિને જીવન્મુક્તિ કહી શકાય નહિ; કેમ કે સુષુપ્તિમાં રહેલા અને જીવન્મુક્તિ ન પામેલા મનમાં એવી બુદ્ધિવૃત્તિ રહેલી હોય છે, જે સુષુપ્તિ પછીના કાળમાં થનારી વૃત્તિઓના બીજરૂપ થાય છે.

'સુખ તથા દુઃખમાં જેની મુખપ્રભા ઝળકી ઊઠતી નથી કે કજળાઈ જતી નથી અને જે ગમે તે આવી પડતાં જેમ ને તેમ અડોલ ઊભો રહે છે, તે જીવન્મુક્ત કહેવાય છે.'

મુખપ્રભા એટલે હર્ષ. ચંદનનાં છાંટણાં છંટાય કે માનપાન અપાય, એ સુખોમાં પણ એને સંસારીઓની જેમ હર્ષ થતો નથી; તેમ જ ધનની હાનિ, ધિક્કાર વગેરે દુઃખોમાં પણ એને ઉદ્વેગ થતો નથી. કજળાઈ જવું એટલે દીન થઈ જવું. ગમે તે આવી પડતાં જેમ ને તેમ અડોલ ઊભો રહે છે, એટલે કે વર્તમાન જીવનમાં, ખાસ કંઈ પણ પ્રયત્ન કર્યા વિના પ્રારબ્ધકર્મે ચાલુ કરેલા પ્રવાહ દરમ્યાન જે કંઈ ભિક્ષાન્ન વગેરે આવી મળે છે, તેનાથી તે પોતાના દેહની રક્ષા કરે છે. સમાધિની દૃઢતા હોવાથી તે જીવન્મુક્તને ફૂલમાળા અને ચંદન–સુગંધ વિષે અભાવ હોય છે. તેથી કોઈકવાર સમાધિદશામાંથી જાગતાં તેને ફૂલમાળા વગેરે સહજ દેખાઈ જાય તોપણ તેનામાં વિવેકની દૃઢતા હોવાથી તેવા વિષયોને વિષે આ લેવું અને આ ન લેવું એવી બુદ્ધિને સેવતો નથી. પરિણામે તેની સ્થિતિ હર્ષાદિ ભાવથી રહિત હોય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'સુષુપ્તિમાં હોવા છતાં જે જાગ્રત છે, જે જાગ્રત અવસ્થા જાણતો નથી ને જેનું જ્ઞાન નિર્વાસન છે, તે જીવન્મુક્ત છે.'

એની આંખ આદિ ઇંદ્રિયો પોતપોતાના ગોલકોમાં હોવા છતાં કામ કરતી અટકી નથી, તેથી તે જાગ્રત છે. તેનું મન વૃત્તિરહિત છે, તેથી તે સુષુપ્તિમાં છે. આ પ્રમાણે તે ઇંદ્રિયો દ્વારા થતા વિષયોના જ્ઞાનરૂપ જાગ્રત અવસ્થાને જાણતો નથી. તેને પૂર્ણ જ્ઞાન થયું છે; છતાં તેનામાં બ્રહ્મવેત્તાપણાના અભિમાન વગેરેથી તેમ જ વિષયભોગને અર્થે ઉત્પન્ન થયેલા કામ આદિથી ઉદ્ભવ પામેલા બુદ્ધિદોષ એટલે વાસના નથી. આ પ્રમાણે તેનામાં વૃત્તિરહિતતા હોવાથી તેનામાં તે તે દોષોનો અભાવ છે, તેથી તેનું જ્ઞાન નિર્વાસન(વાસનારહિત) છે.

'રાગ, દ્વેષ, ભય વગેરે અનુરૂપ છતાં જે અંતરમાં આકાશની જેમ અત્યંત નિર્મળ છે, તે જીવન્મુક્ત છે.'

રાગ(આસક્તિ)ને અનુરૂપ (વિચરતો હોઈ તે)ભોજન વગેરેમાં પ્રવૃત્તિ કરે છે. દ્વેષને અનુરૂપ (વિચરતો હોઈ તે) બૌદ્ધ, કાપાલિક વગેરે લોકોથી વિમુખ રહે છે. ભયને અનુરૂપ (વિચરતો હોઈ તે) સાપ, વાઘ વગેરેથી દૂર જાય છે. 'વગેરે' શબ્દ વડે 'અદેખાઈ' આદિ સમજવાં. અદેખાઈને અનુરૂપ (વિચરતો હોઈ તે) બીજા યોગીઓ કરતાં વધારે લાંબો વખત સમાધિનું સેવન કરે છે. વ્યુત્થાનદશામાં (અર્થાત્ સમાધિ છૂટી જતાં) પહેલાંના અભ્યાસને લીધે આ પ્રકારનું આચરણ થતું હોવા છતાં, તેનું ચિત્ત શાંત બનેલું હોઈ અને તે મેલથી રહિત હોઈ અતિશય શુદ્ધ છે. જેમ ધુમાડો, ધૂળ, વાદળ વગેરેથી છવાયેલું હોય તોપણ નિર્લેપ સ્વભાવવાળું હોવાથી આકાશ અતિશય સ્વચ્છ છે, તેમ જ એનું પણ સમજવું.

'કર્મો કરતો હોય કે ન કરતો હોય તોપણ જેને અહંકાર-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નો ભાવ થતો નથી અને જેની બુદ્ધિ લેપાતી નથી તે જીવન્મુક્ત કહેવાય છે.'

'જેને અહંકારનો ભાવ થતો નથી' વગેરે ભાગ આગળ વિદ્વત્સંન્યાસના નિરૂપણમાં સમજાવ્યો છે. આ લોકમાં બંધાયેલો મનુષ્ય જ્યારે કંઈ શાસ્ત્રીય કર્મ કરે છે, ત્યારે તેના ચિદાત્માને 'આ હું કરું છું' એવો અહંકારનો ભાવ થાય છે. વળી 'મને ભવિષ્યમાં સ્વર્ગનો લાભ થશે' એવા હર્ષ વડે તેની બુદ્ધિ લેપાય છે. પછી જ્યારે તે શાસ્ત્રીય કર્મ કરતો નથી, ત્યારે 'મેં સત્કર્મોનો ત્યાગ કરી દીધો' એવો તેને અહંકારનો ભાવ થાય છે. વળી 'અરે હવે મને સ્વર્ગ નહિ મળે' એવા ખેદ વડે તેની બુદ્ધિ લેપાય છે. આ પ્રમાણે નિષિદ્ધ અને લૌકિક કર્મોના સંબંધમાં યથાયોગ્ય યોજી લેવું. પણ જીવન્મુક્તને તો તાદાત્મ્યના અધ્યાસનો અભાવ જ છે, એટલે તેને હર્ષાદિ ભાવો પણ નથી. આથી અહંકારનો ભાવ અને બુદ્ધિનો લેપ એ બન્ને દોષોથી તે રહિત છે.

'જેનાથી લોક ઉદ્વેગ પામતા નથી તથા જે લોકથી ઉદ્વેગ પામતો નથી અને જે હર્ષ, અમર્ષ (ગુસ્સો) તથા ભયથી પૂરો મુક્ત છે, તે જીવન્મુક્ત કહેવાય છે.'

તે કોઈને ધિક્કાર કે પ્રહાર આદિ કરતો નથી તેથી લોક તેનાથી ઉદ્વેગ પામતા નથી; તેમ જ કોઈ દુષ્ટ ચિત્તવાળો મનુષ્ય તેને ધિક્કારે કે પ્રહાર આદિ કરે, તો તે પ્રવૃત્તિને પરિણામે તેના ચિત્તમાં ધિક્કાર આદિ વિકલ્પો ઊઠતા નથી. આમ તે લોકથી ઉદ્વેગ પામતો નથી.

'જેની સંસારકલના (કલ્પના) શાંત થઈ ગઈ છે, જે કળાવાન હોવા છતાં નિષ્કલ છે અને જે સચિત્ત હોવા છતાં નિશ્ચિત્ત છે, તે જીવન્મુક્ત કહેવાય છે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

✓સંસારકલના શાંત થઈ ગઈ છે, એટલે શત્રુ, મિત્ર, માન, અપમાન આદિ વિકલ્પો શાંત થઈ ગયા છે, શમી ગયા છે. કળાઓ ચોસઠ છે. આવા કળાવાળા હોવા છતાં તેનામાં તેનું અભિમાન નથી, તેમ જ તેનો ઉપયોગ નથી, એટલે તે કલા વિનાનો છે. આમ કલાવાન હોવા છતાં તે 'નિષ્કલ' છે. ચિત્ત તો તેને છે જ, એટલે તે સચિત્ત (ચિત્તવાળો) છે. પણ તેનામાં 'વૃત્તિનો ઉદય નથી એટલે તે 'નિશ્ચિત્ત (ચિત્ત વિનાનો) છે. હવે 'નિશ્ચિત્ત'ને બદલે 'નિશ્ચિંત' પાઠ હોય, તો એનો આ પ્રમાણે અર્થ થાય : વાસનાને જોરે તેને આત્મધ્યાનની વૃત્તિ હોય છે, છતાં તેનામાં લૌકિક વૃત્તિ હોતી નથી. આથી તે "નિશ્ચિંત છે.

'જે સમસ્ત પદાર્થોને વિષે વ્યવહાર કરતાં છતાં જાણે પરાયાને કાજે વ્યવહાર કરતો હોય એમ શીતળ રહે છે, તે પૂર્ણાત્મા જીવન્મુક્ત કહેવાય છે.'

મનુષ્ય પરાયાને ઘેર વિવાહ અને ઉત્સવ વગેરે હોય, ત્યારે પોતે ત્યાં જઈને તેની પ્રીતિને અર્થે તેનાં કાર્યોમાં વ્યવહાર કરે છે, છતાં લાભ, અલાભ, હર્ષ અને શોકરૂપી બુદ્ધિ-સંતાપને તે પામતો નથી. એ જ પ્રમાણે આ મુક્ત પુરુષ પોતાનાં કાર્યોને વિષે પણ શીતળ હોય છે. એની આ શીતળતા કેવળ સંતાપના અભાવને લીધે જ નથી, પરંતુ પૂર્ણ-સ્વરૂપ સાથેના તેના અનુસંધાનને લીધે પણ છે. અહીં જીવન્મુક્તનાં લક્ષણ પૂરાં થાય છે.

હવે વિદેહમુક્તનાં લક્ષણ જોઈએ.

'જ્યારે પોતાનું શરીર કાળે કરીને વિલાઈ જાય છે, ત્યારે તે જીવન્મુક્તનું પદ છોડીને વિદેહમુક્તના પદમાં પ્રવેશે છે—જાણે કે પવન નિઃસ્પંદ (સ્થિર) થઈ જાય છે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેમ પવન કોઈક વાર ચંચળ ગતિ છોડીને નિશ્ચળ થઈ જાય છે, તેમ મુક્તાત્મા પણ ઉપાધિકૃત સંસારને છોડીને સ્વરૂપમાં વિરમી જાય છે.

'વિદેહમુક્ત પુરુષ નથી ઉદય પામતો કે નથી અસ્ત પામતો કે નથી તે શાંત થઈ જતો. તે સદ્ નથી, અસદ્ નથી, દૂર પણ નથી અને પાસે પણ નથી, તેમ જ હું નથી, તેમ કોઈ બીજો પણ નથી.'

તે ઉદય અને અસ્ત પામતો નથી, એટલે હર્ષ ને શોક પામતો નથી. તે શાંત થઈ જતો નથી, એટલે તે તેનો ત્યાગ કરતો નથી; કારણ કે તેનો લિંગદેહ અહીં સ્થૂલ શરીરની સાથે જ લય પામ્યો છે, તે સદ્ નથી, એટલે તેને અવિદ્યાની ઉપાધિવાળો પ્રાકૃત કહેવાય નહિ, તેમ તેને જગતના કારણરૂપ અવિદ્યા કે માયાની ઉપાધિવાળો પ્રાજ્ઞ આત્મા કે ઈશ્વર પણ કહેવાય નહિ. તે અસદ્ નથી એટલે કે તે પંચમહાભૂત કે તેમના કાર્યરૂપ નથી. તે દૂર નથી, એટલે કે તે માયાથી અતીત નથી. આ પછી જે 'અને નથી' શબ્દ મૂક્યો છે, તેમાં સ્થૂલભુક્ (નિયત ફળો માટેની ભૌતિક ભૂમિકાવાળો) પાસે રહેલા આત્માનો પણ નિષેધ છે. તે હું નથી, એટલે તે સમષ્ટિ નથી. કોઈ બીજું નથી, એટલે તે વ્યષ્ટિ નથી. આમ વ્યવહારયોગ્ય કોઈ પણ વિકલ્પ એનામાં નથી, એમ અર્થ નીકળે છે.

'ત્યાં અનિર્વચનીય સત્ અવશેષ રહે છે; તે સ્થિર ગંભીર છે. તે તેજ નથી તેમ અંધકાર નથી. તે વ્યાપ્ત છે, તે અવ્યક્ત છે.'

આ પ્રમાણે જીવન્મુક્તિનું વિદેહમુક્તિ સાથે સરખાપણું કહ્યું. હવે જીવન્મુક્તિની ઉત્તમતા વિષે કહે છે. જીવન્મુક્તિની દશામાં અંતઃકરણની નિર્વિકલ્પતા જેટલે અંશે અધિક હોય, તેટલે અંશે એ જીવન્મુક્તિની ઉત્તમતા જાણવી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૩ : જીવન્મુક્તિનાં પ્રમાણ

ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ કહ્યાં છે.

અર્જુન બોલ્યો : હે કેશવ ! સમાધિમાં રહેલા સ્થિત-પ્રજ્ઞની ભાષા શી છે ? એ સ્થિતધી (સ્થિતપ્રજ્ઞ) શું બોલે છે ? એ કેમ બેસે છે ? એ કેમ ચાલે છે ?

પ્રજ્ઞા એટલે તત્ત્વજ્ઞાન. તે સ્થિર અને અસ્થિર એમ બે પ્રકારનું છે. જારના ફંદમાં પડેલી સ્ત્રીની બુદ્ધિ સર્વ વ્યવ-હારોમાં જારનું જ ચિંતન કર્યા કરે છે. તે આંખ આદિ ઇંદ્રિયોથી પ્રતીત થતાં ઘરકામો કરે છે, છતાં તેને તરત જ વીસરી જાય છે. તે જ પ્રમાણે પરમ વૈરાગ્યને પામેલા અને યોગાભ્યાસની કુશળતાથી ચિત્તને અત્યંત વશ કરી શકેલા પુરુષને તત્ત્વજ્ઞાન ઊપજે છે, ત્યારે તેની બુદ્ધિ નિરંતર જારની જેમ તત્ત્વનું જ ચિંતન કર્યા કરે છે. આમ તેનું આ જ્ઞાન સ્થિર છે. પણ કોઈ પુરુષમાં ઉપરના ગુણ હોય નહિ અને છતાં કોઈ પુણ્યના વિશેષથી તેને કદી તત્ત્વજ્ઞાન સુદ્ધાં ઊગી આવે, ત્યારે પેલી જારિણી જેમ ઘરકામને વીસરી જાય છે, તેમ તે પણ તત્ત્વને વીસરી જાય છે. આમ તેનું આ જ્ઞાન અસ્થિર છે, આ સંબંધમાં વસિષ્ઠે કહ્યું છે : પરપુરુષના છંદમાં પડેલી સ્ત્રી પોતાના ઘરકામમાં વ્યગ્ર હોય છે. છતાં તે મનમાં પરપુરુષ સાથેના સંગના રસાયનને જ અત્યંત ઘોળ્યા કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે જ પ્રમાણે જે ધીર પુરુષને શુદ્ધ પરમતત્ત્વને વિશે વિશ્રાંતિ લાધી છે, તે બહાર વ્યવહાર કરે છે, છતાં અંતરમાં તે પરમતત્ત્વને જ અનુભવે છે. //

ત્યાં કાળના ભેદે કરીને સ્થિતપ્રજ્ઞ બે પ્રકારના છે: એક સમાહિત (સમાધિમાં રહેલો) અને બીજો વ્યુત્થિત (સમાધિમાંથી ઊઠેલો). તે બન્નેનાં લક્ષણ આ શ્લોકના આગળના ને પાછળના અડધિયામાં અનુક્રમે પૂછવામાં આવ્યાં છે, સમાધિમાં રહેલા સ્થિતપ્રજ્ઞની ભાષા શી છે? એટલે કે તે સ્થિતપ્રજ્ઞને કયા લક્ષણવાચક શબ્દોથી વર્ણવવો? વળી સમાધિમાંથી ઊઠેલો એ સ્થિતપ્રજ્ઞ કેવી રીતનો વાણીવ્યવહાર કરે છે? તેનું બેસવું અને જવું મંદ મનુષ્યો કરતાં કઈ રીતે વિલક્ષણ છે?

✓ શ્રીભગવાન બોલ્યા: હે પાર્થ! જ્યારે તે પોતાના મનમાં રહેલા સર્વ કામોને ત્યજી દે છે અને જ્યારે પોતે આત્માથી આત્મામાં જ સંતુષ્ટ રહે છે, ત્યારે તેને સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવે છે.

કામ (કામના) બાહ્ય, આંતર અને માત્ર વાસનારૂપ, એમ ત્રણ પ્રકારના છે. પ્રયત્નપૂર્વક મેળવેલા લાડુ વગેરે બાહ્ય કામ છે, લાડુ વગેરેની આશા આંતર કામ છે અને માર્ગમાં પડેલા તૃણ વગેરેની જેમ અકસ્માત્ નજરે ચડી આવતા પદાર્થો વાસનારૂપ કામ છે. સમાધિમાં રહેલા પુરુષની સર્વ બુદ્ધિવૃત્તિઓ ક્ષય પામી હોય છે, તેથી તે આ સર્વ કામનાઓને ત્યજી દે છે. તેનો સંતોષ તેના મુખની પ્રસન્નતારૂપ લક્ષણથી વર્તી શકાય છે. આ સંતોષ કામો વિષેનો નથી પણ આત્મા વિષેનો છે, કારણ કે તેણે કામમાત્રને ત્યજી દીધા છે, અને તેની બુદ્ધિ પરમાનંદરૂપે આત્મા તરફ જ રહેલી છે. સંપ્રજ્ઞાત સમાધિમાં આત્માનંદ મનોવૃત્તિથી અનુભવાય છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ અસંપ્રજ્ઞાત સમાધિમાં તેમ થતું નથી. તેમાં તો સ્વયં-પ્રકાશ ચૈતન્યરૂપ આત્માથી જ તે અનુભવાય છે. આ સંતોષ વૃત્તિરૂપ નથી, પણ તેના સંસ્કારરૂપ છે. સમાધિમાં રહેલા સ્થિતપ્રજ્ઞને આ પ્રકારના લક્ષણવાચક શબ્દોથી વર્ણવવામાં આવે છે.

'જેનું મન દુઃખોમાં ઉદ્વેગ પામતું નથી અને સુખોમાં સ્પૃહા રાખતું નથી અને જેણે રાગ, ભય તથા ક્રોધને કાઢી નાખ્યા છે, તે મુનિ (મનનશીલ) સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.'

દુઃખ એ એક પ્રતિકૂળ ચિત્તવૃત્તિ છે. તે રોગ આદિ નિમિત્તને લીધે ઉત્પન્ન થાય છે, રજોગુણના વિકારરૂપ છે અને સંતાપ તેનો આકાર છે. આવું દુઃખ આવી પડતાં 'અરે! હું પાપી છું, દુરાત્મા છું—મને ધિક્કાર હો,' એવી પશ્ચાત્તાપ-ના આકારની જે ચિત્તવૃત્તિ થાય છે, તે ચિત્તવૃત્તિ તમોગુણની વૃત્તિના વિકારરૂપ હોઈ ભ્રાંતિરૂપ છે અને તેને ઉદ્વેગ કહે છે. આ ઉદ્વેગ વિવેક જેવો જણાય છે, તોપણ જો તે પૂર્વ-જન્મમાં પાપમાં પ્રવૃત્તિ કરતાં પહેલાં થયો હોત, તો પાપમાં પ્રતિબંધક થવાથી તે સફળ થયો હોત. પણ આ જન્મમાં તો તે નિષ્પ્રયોજન છે અને તેથી તે ભ્રાંતિરૂપ છે.

✓સુખ એ એક અનુકૂળ ચિત્તવૃત્તિ છે. તે રાજ્ય, પુત્ર વગેરેનો લાભ થવાના નિમિત્તને લીધે ઉત્પન્ન થાય છે. તે સાત્ત્વિક છે અને પ્રીતિરૂપ છે. આ સુખ પ્રાપ્ત થતાં આવા સુખના કારણરૂપ પુણ્યકર્મો કર્યા વિના જ ભવિષ્યમાં એ સુખ-ની જે ફોકટ અપેક્ષા રખાય છે, તે તામસી ચિત્તવૃત્તિ છે અને તેને સ્પૃહા કહેવામાં આવે છે. હવે સુખ અને દુઃખ પ્રારબ્ધકર્મને લીધે થતાં હોઈ, તેમ જ સમાધિમાંથી ઊઠેલા પુરુષને વૃત્તિ ઊઠવાનો પણ સંભવ હોઈ તેને સુખ અને દુઃખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બન્ને થાય એ શક્ય છે; પરંતુ વિવેકીને ઉદ્વેગ અને સ્પૃહા સંભવતાં નથી. તે જ પ્રમાણે, તમોગુણના કાર્યરૂપ રહેલા રાગ, ભય તથા ક્રોધ પ્રારબ્ધકર્મ વડે નહિ મળતા હોવાથી તે દોષો તેનામાં હોતા નથી. સ્થિતધી (સ્થિતપ્રજ્ઞ) પુરુષ આવાં લક્ષણોથી લક્ષિત છે. તે પોતાના શિષ્યને બોધ થાય, તે માટે પોતાનો અનુભવ પ્રગટ કરીને તેને અનુદ્વેગ તથા નિઃસ્પૃહતા આદિ સમજાય એવાં વચનો કહે છે. આટલો આ શ્લોકનો અર્થ થયો.

'જે સર્વત્ર સ્નેહરહિત છે અને જે સારું પામીને ખુશ થતો નથી અને ખરાબ પામીને દ્વેષ કરતો નથી, તેની પ્રજ્ઞા સ્થિર છે.'

જે વૃત્તિના હોવાથી બીજાના લાભહાનિનું આરોપણ પોતાની ઉપર કરાય છે, તે સ્નેહ છે. તે બીજાને ઉદ્દેશીને પ્રગટ થાય છે અને તે એક પ્રકારની તામસી વૃત્તિ છે. પોતાની પત્ની અને પોતાના પુત્ર વગેરે જે સુખના સાધનરૂપ છે, તે શુભ છે. તેના ગુણકથન વગેરેમાં મંડી જતી બુદ્ધિવૃત્તિ ખુશાલી છે. આ ગુણકથનથી કંઈ પરાયાને આપણાં સ્ત્રીપુત્રોને વિષે પ્રીતિ થઈ આવતી નથી. આ રીતે આ ખુશાલી વ્યર્થ છે, તેથી તે તામસ છે. અન્યથા વિદ્યાદિ ગુણો પોતામાં અદેખાઈ ઉપજાવીને દુઃખના હેતુરૂપ થાય છે. તેથી અન્યના એ વિદ્યાદિ ગુણો અવિવેકીને માટે અશુભ વસ્તુરૂપ છે. આવી નિંદામાં મંડી પડનારી બુદ્ધિવૃત્તિ દ્વેષ છે. એ દ્વેષ પણ તામસ છે; કેમ કે નિંદાનું નિવારણ કરવામાં અશક્ત હોવાથી તે વ્યર્થ છે. તો આ સ્નેહ આદિ તામસ ધર્મો વિવેકીઓમાં કેવી રીતે સંભવી શકે?

'કાચબો જેમ પોતાનાં સર્વ અંગોને બધેથી સમેટી લે છે, તેમ કોઈ મનુષ્ય જ્યારે પોતાની સર્વ ઇંદ્રિયોને વિષય-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માત્રમાંથી ખેંચી લે છે, ત્યારે તેની પ્રજ્ઞા સ્થિર થાય છે.'

સમાધિમાંથી ઊઠેલા પુરુષમાં સમસ્ત તામસ વૃત્તિઓનો અભાવ હોય છે, એ વાત આગળના બે શ્લોકોમાં કહી છે. સમાધિમાં રહેલા પુરુષને તો વૃત્તિઓ પણ હોતી નથી, તો પછી તેનામાં તામસ વૃત્તિ હોવાની શંકા સરખી પણ કેમ કરાય?

'નિરાહાર દેહધારીના વિષયો નિવૃત્ત થાય છે, પણ તેનો રસ તો રહી જ જાય છે. એમનો એ રસ પણ પરબ્રહ્મનાં દર્શન પછી નિવૃત્તિ પામે છે.'

સુખદુઃખના કારણરૂપ એવા ચંદ્રોદય, અંધકાર વગેરે જાતના વિષયો પ્રારબ્ધકર્મ પોતે જ આપે છે, પણ ઘર અને ખેતર વગેરે વિષયોને તો પુરુષના ઉદ્યોગ દ્વારા જ આપે છે. તેમાં ચંદ્રોદય વગેરે વિષયો તો અગાઉ કરેલી ઇંદ્રિયાદિનાં નિરોધરૂપ લક્ષણવાળી સમાધિથી જ નિવૃત્ત થાય છે. બીજા કોઈ ઉપાયે તેમને નિવૃત્ત કરી શકાતા નથી. હવે ઘર વગેરે જે વિષયો છે, તેમને સમાધિ સિવાય પણ નિવૃત્ત કરી શકાય છે. આહરણ એટલે આહાર, એટલે ઉદ્યોગ. જે નિરાહાર છે એટલે જે નિરુદ્યોગ છે, તેના ઘર વગેરે વિષયો નિવૃત્ત થાય છે; પણ તેનો તે તે વિષેનો રસ નિવૃત્ત થતો નથી. રસ એટલે માનસી તૃષ્ણા. પરમાનંદરૂપ પરબ્રહ્મનાં દર્શન થતાં, તે માનસી તૃષ્ણા સુદ્ધાં સ્વલ્પ આનંદ આપનારા વિષયોમાંથી નિવૃત્તિ પામે છે. શ્રુતિમાં કહ્યું છે કે, 'આ અમને આત્મલોક લાધ્યો છે, અમારે હવે સંતતિનું શું કામ છે?'

'હે કુંતીનંદન! સર્વને મથી નાખનારી ઇંદ્રિયો યત્ન કરી રહેલા વિદ્વાન પુરુષના મનને પણ બળ કરીને વિષયો તરફ તાણી જાય છે. તે સર્વ ઇંદ્રિયોને સંયમમાં લાવીને પુરુષે મને પરાયણ થઈ રહેવું; કેમ કે જેણે પોતાની ઇંદ્રિયોને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બન્ને થાય એ શક્ય છે; પરંતુ વિવેકીને ઉદ્વેગ અને સ્પૃહા સંભવતાં નથી. તે જ પ્રમાણે, તમોગુણના કાર્યરૂપ રહેલા રાગ, ભય તથા ક્રોધ પ્રારબ્ધકર્મ વડે નહિ મળતા હોવાથી તે દોષો તેનામાં હોતા નથી. સ્થિતધી (સ્થિતપ્રજ્ઞ) પુરુષ આવાં લક્ષણોથી લક્ષિત છે. તે પોતાના શિષ્યને બોધ થાય, તે માટે પોતાનો અનુભવ પ્રગટ કરીને તેને અનુદ્વેગ તથા નિઃસ્પૃહતા આદિ સમજાય એવાં વચનો કહે છે. આટલો આ શ્લોકનો અર્થ થયો.

'જે સર્વત્ર સ્નેહરહિત છે અને જે સારું પામીને ખુશ થતો નથી અને ખરાબ પામીને દ્વેષ કરતો નથી, તેની પ્રજ્ઞા સ્થિર છે.'

જે વૃત્તિના હોવાથી બીજાના લાભહાનિનું આરોપણ પોતાની ઉપર કરાય છે, તે સ્નેહ છે. તે બીજાને ઉદ્દેશીને પ્રગટ થાય છે અને તે એક પ્રકારની તામસી વૃત્તિ છે. પોતાની પત્ની અને પોતાના પુત્ર વગેરે જે સુખના સાધનરૂપ છે, તે શુભ છે. તેના ગુણકથન વગેરેમાં મંડી જતી બુદ્ધિવૃત્તિ ખુશાલી છે. આ ગુણકથનથી કંઈ પરાયાને આપણાં સ્ત્રીપુત્રોને વિષે પ્રીતિ થઈ આવતી નથી. આ રીતે આ ખુશાલી વ્યર્થ છે, તેથી તે તામસ છે. અન્યથા વિદ્યાદિ ગુણો પોતામાં અદેખાઈ ઉપજાવીને દુઃખના હેતુરૂપ થાય છે. તેથી અન્યના એ વિદ્યાદિ ગુણો અવિવેકીને માટે અશુભ વસ્તુરૂપ છે. આવી નિંદામાં મંડી પડનારી બુદ્ધિવૃત્તિ દ્વેષ છે. એ દ્વેષ પણ તામસ છે; કેમ કે નિંદાનું નિવારણ કરવામાં અશક્ત હોવાથી તે વ્યર્થ છે. તો આ સ્નેહ આદિ તામસ ધર્મો વિવેકીઓમાં કેવી રીતે સંભવી શકે?

'કાચબો જેમ પોતાનાં સર્વ અંગોને બધેથી સમેટી લે છે, તેમ કોઈ મનુષ્ય જ્યારે પોતાની સર્વ ઇંદ્રિયોને વિષય-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માત્રમાંથી ખેંચી લે છે, ત્યારે તેની પ્રજ્ઞા સ્થિર થાય છે.'

સમાધિમાંથી ઉઠેલા પુરુષમાં સમસ્ત તામસ વૃત્તિઓનો અભાવ હોય છે, એ વાત આગળના બે શ્લોકોમાં કહી છે. સમાધિમાં રહેલા પુરુષને તો વૃત્તિઓ પણ હોતી નથી, તો પછી તેનામાં તામસ વૃત્તિ હોવાની શંકા સરખી પણ કેમ કરાય?

'નિરાહાર દેહધારીના વિષયો નિવૃત્ત થાય છે, પણ તેનો રસ તો રહી જ જાય છે. એમનો એ રસ પણ પરબ્રહ્મનાં દર્શન પછી નિવૃત્તિ પામે છે.'

સુખદુઃખના કારણરૂપ એવા ચંદ્રોદય, અંધકાર વગેરે જાતના વિષયો પ્રારબ્ધકર્મ પોતે જ આપે છે, પણ ઘર અને ખેતર વગેરે વિષયોને તો પુરુષના ઉદ્યોગ દ્વારા જ આપે છે. તેમાં ચંદ્રોદય વગેરે વિષયો તો અગાઉ કરેલી ઇંદ્રિયાદિનાં નિરોધરૂપ લક્ષણવાળી સમાધિથી જ નિવૃત્ત થાય છે. બીજા કોઈ ઉપાયે તેમને નિવૃત્ત કરી શકાતા નથી. હવે ઘર વગેરે જે વિષયો છે, તેમને સમાધિ સિવાય પણ નિવૃત્ત કરી શકાય છે. આહરણ એટલે આહાર, એટલે ઉદ્યોગ. જે નિરાહાર છે એટલે જે નિરુદ્યોગ છે, તેના ઘર વગેરે વિષયો નિવૃત્ત થાય છે; પણ તેનો તે તે વિષેનો રસ નિવૃત્ત થતો નથી. રસ એટલે માનસી તૃષ્ણા. પરમાનંદરૂપ પરબ્રહ્મનાં દર્શન થતાં, તે માનસી તૃષ્ણા સુદ્ધાં સ્વલ્પ આનંદ આપનારા વિષયોમાંથી નિવૃત્તિ પામે છે. શ્રુતિમાં કહ્યું છે કે, 'આ અમને આત્મલોક લાધ્યો છે, અમારે હવે સંતતિનું શું કામ છે?'

'હે કુંતીનંદન! સર્વને મથી નાખનારી ઇંદ્રિયો યત્ન કરી રહેલા વિદ્વાન પુરુષના મનને પણ બળ કરીને વિષયો તરફ તાણી જાય છે. તે સર્વ ઇંદ્રિયોને સંયમમાં લાવીને પુરુષે મને પરાયણ થઈ રહેવું; કેમ કે જેણે પોતાની ઇંદ્રિયોને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વશ કરી છે, તેની બુદ્ધિ સ્થિર થઈ છે.'

ઉદ્યોગ, ત્યાગ અને બ્રહ્મદર્શનના પ્રયત્ન કર્યા છતાં ક્યારેક કોઈક પ્રમાદ થઈ જાય છે. તે દૂર કરવા માટે સમાધિનો અભ્યાસ કરવો આવશ્યક છે. આ 'તે કેમ બેસે છે?' એ પ્રશ્નનો ઉત્તર થયો.

'વિષયોનું ધ્યાન ધરવાથી પુરુષને તે તે વિષયોમાં આસક્તિ ઊપજે છે. આસક્તિથી કામ ઊપજે છે અને કામથી ક્રોધ જન્મે છે. ક્રોધથી સંમોહ થાય છે અને સંમોહથી સ્મૃતિવિભ્રમ થાય છે; આમ સ્મૃતિભ્રષ્ટ થવાથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનાશ થવાથી સર્વસ્વ નાશ પામે છે.'

સમાધિનો અભ્યાસ ન હોય, ત્યારે કયા કયા પ્રકારનો પ્રમાદ થાય છે, તે અહીં બતાવ્યું છે. આસક્તિ (પ્રીતિ) એટલે ધ્યેયવિષયની સમીપતા. સંમોહ એટલે વિવેકથી વિમુખ થવું. સ્મૃતિવિભ્રમ એટલે તત્ત્વના અનુસંધાનનો અભાવ. વિપરીત ભાવનાની બુદ્ધિરૂપ દોષથી પ્રતિબંધ પામેલું જ્ઞાન મોક્ષરૂપી ફળ આપવાને અસમર્થ થાય–આનું નામ બુદ્ધિનો નાશ છે.

'રાગ–દ્વેષ વિનાની તથા આત્માને વશ એવી ઇંદ્રિયો દ્વારા જે પુરુષ વિષયોને સેવે છે અને પોતાના મનને વશ રાખે છે, તે સહેજે પ્રસાદ પામે છે.'

પ્રસાદ એટલે નિર્મળતા, બંધરહિતતા. સમાધિના અભ્યાસવાળો પુરુષ એ અભ્યાસના બળને પરિણામે સમાધિમાંથી જાગ્યા પછીના કાળમાં ઇંદ્રિયો દ્વારા વ્યવહાર કરે, તોપણ તેને રૂડી રીતે ચિત્તની પ્રસન્નતા લાધે છે. આ 'તે કેમ ચાલે છે?' એ પ્રશ્નનો ઉત્તર થયો. આ અને એની પછીના અનેક શ્લોકોથી સ્થિતપ્રજ્ઞની સમજૂતી આપી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રજ્ઞાની ઉત્પત્તિ અને સ્થિતિની પહેલાં પણ રાગ–દ્વેષ વગેરેની રહિતતાની સાધનરૂપે અપેક્ષા છે એ ખરું, પણ એક વિશેષતા તો છે જ. 'શ્રેયોમાર્ગ'ના કર્તાએ તે બતાવી છે. 'વિદ્યાની સ્થિતિ થવા માટે સાધનરૂપ એવી જે દૈવી સંપત્તિઓ છે, તે મુમુક્ષુઓને પ્રયત્નથી સાધ્ય છે, પણ સ્થિતપ્રજ્ઞમાં તે લક્ષણરૂપ હોઈને સ્વાભાવિકતાએ રહી હોય છે. સ્થિતપ્રજ્ઞની આ સ્થિર આત્મબોધરૂપ અવસ્થાને જીવન્મુક્તિ કહેવામાં આવે છે. આ દશામાં આત્મજ્ઞાનના સામર્થ્યથી ભેદપ્રતીતિ બાધિત થઈ હોય છે.'

ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતાના બારમા અધ્યાયમાં 'ભગવદ્ભક્ત'નું વર્ણન કર્યું છે:

'જે કોઈ પ્રાણીનો દ્વેષ કરતો નથી, જે સર્વનો મિત્ર છે, જે કરુણાથી ભરેલો છે, જેનામાં મારાપણું નથી, જેનામાં હુંપણું નથી, જેને સુખદુઃખ સરખાં છે, જે ક્ષમાવાન છે, જે સતત સંતુષ્ટ છે, જે યોગી છે, જે મનને વશ રાખનારો છે, જેનો નિશ્ચય દૃઢ છે અને જેણે પોતાનાં મનબુદ્ધિને મને અર્પણ કરી દીધાં છે, તે મારો ભક્ત મને વહાલો લાગે છે.

'તે સમાધિમાં હોય છે, ત્યારે તેનું મન ઈશ્વરને અર્પિત થયેલું હોય છે, તેથી તે બીજા વિષયનું અનુસંધાન કરતો નથી. તે સમાધિમાંથી ઊઠ્યો હોય છે, ત્યારે પણ તે ઉદાસીન વૃત્તિવાળો હોય છે, તેથી હર્ષ અને શોકનો તેનામાં અભાવ હોય છે. આથી તેને સુખ અને દુઃખ સરખાં જ છે, આ જ પ્રમાણે હવે પછી કહેવામાં આવનારાં દ્વંદ્વોના સંબંધમાં પણ સમજવું.

'જેનાથી લોકને ઉદ્વેગ થતો નથી અને વળી જે હર્ષ, ખેદ, ભય તથા ઉદ્વેગથી મુક્ત છે, તે મને પ્રિય છે. જે અપેક્ષા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થી રહિત છે તથા પવિત્ર છે, જે ચતુર છે તથા ઉદાસીન છે અને વળી વ્યથાથી મુક્ત છે, તથા જેણે કર્મમાર્ગના આરંભને ત્યજેલા છે, તે મારો ભક્ત મને પ્રિય છે. જે હર્ષ પામતો નથી, જે દ્વેષ કરતો નથી, જે શોક કરતો નથી અને જે આકાંક્ષા રાખતો નથી તેમ જ જે શુભ તથા અશુભને ત્યજનારો છે, તે ભક્ત મને પ્રિય છે. જે શત્રુ તથા મિત્રમાં, માન તથા અપમાનમાં, ટાઢ તથા તડકામાં અને સુખ તથા દુઃખમાં સમભાવી છે, જે સંગમાત્રથી વિમુક્ત છે, જે નિંદા તથા સ્તુતિમાં તુલ્યભાવ રાખે છે, જે મૌન સેવે છે, જે જે કાંઈ મળી આવે તેથી સંતુષ્ટ છે, જે અનિશ્ચિત નિવાસવાળો છે અને જેની મતિ સ્થિર છે, તે ભક્તિમાન પુરુષ મને પ્રિય છે.'

આ સંબંધમાં પણ વાર્તિકકારે આગળની જેમ આ વિશેષતા બતાવી છે: 'જે પુરુષને આત્મજ્ઞાન લાધ્યું છે, તેનામાં અદ્વેષાદિ ગુણો અનાયાસે સિદ્ધ હોય છે ને સાધન-રૂપ હોતા નથી.'

શ્રીમદ્ ભગવદ્ગીતાના ચૌદમા અધ્યાયમાં 'ગુણાતીત'નું વર્ણન છે.

અર્જુન બોલ્યો: 'હે પ્રભુ! આ ત્રણ ગુણોને ઓળંગી ગયેલો પુરુષ શાં શાં ચિહ્નવાળો હોય છે? તેનો આચાર કેવો છે? અને આ ત્રણ ગુણોને તે કેવી રીતે ઓળંગી જાય છે?'

ત્રણ ગુણો એટલે સત્ત્વ, રજસ અને તમસ. એ ગુણોના વિશિષ્ટ પરિણામથી જ સર્વ સંસાર પ્રવર્તે છે. તેથી ગુણાતીત-પણું એટલે અસંસારીપણું અને એ જ જીવન્મુક્તપણું છે. લિંગ એટલે ચિહ્ન. એ ચિહ્નોથી બીજાને તેનું ગુણાતીતપણું સમજાય છે. આચાર એટલે તેના મનનો એક જાતનો પ્રકાર. 'કેવી રીતે' એ શબ્દોથી ગુણાતીત થવાનાં સાધનો પૂછ્યાં છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીભગવાન બોલ્યા : 'હે પાંડુપુત્ર ! જે પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહનો તેમ જ તેમની સંપ્રવૃત્તિ અને નિવૃત્તિનો દ્વેષ કરતો નથી તથા તેમની આકાંક્ષા કરતો નથી, જે ઉદાસીનની જેમ બેસી રહે છે, જે ગુણોથી જરાય ચલિત થતો નથી, જે 'આ તો ગુણો જ વર્તી રહ્યા છે' એવી પ્રતીતિમાં સ્થિર રહે છે, જે સુખ તથા દુઃખમાં સમાન ભાવ રાખે છે, જે સ્વસ્થ રહે છે, જે માટીના ઢેફામાં, પથરામાં તથા સોનામાં સમબુદ્ધિ રાખે છે, જે પ્રિય તથા અપ્રિયમાં એકસરખો છે, જે ધીર છે, જે પોતાની નિંદામાં તથા સ્તુતિમાં તુલ્યભાવ રાખે છે, જે માન તથા અપમાનમાં સમભાવી છે, જે શત્રુ તથા મિત્રના પક્ષસંબંધમાં તુલ્ય દૃષ્ટિ રાખે છે અને જેણે કર્મમાત્રના આરંભને ત્યજેલા છે–તે ગુણાતીત કહેવાય છે. વળી જે મને અવ્યભિચારી ભક્તિયોગથી સેવે છે, તે એ સર્વ ગુણોને ઓળંગી જઈ બ્રહ્મસ્વરૂપ થવાને યોગ્ય થાય છે.'

પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ એટલે અનુક્રમે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ. આ ગુણો જાગ્રત અને સ્વપ્ન એ બન્નેમાં પ્રવર્તે છે. આ સંપ્રવૃત્તિ. એ ગુણો સુષુપ્તિ, સમાધિ અને વૃત્તિની શૂન્યતાની અવસ્થાઓમાં નિવર્તે છે. આનું નામ નિવૃત્તિ. પ્રવૃત્તિ (અથવા સંપ્રવૃત્તિ) બે પ્રકારની છે : એક અનુકૂળ છે અને બીજી પ્રતિકૂળ છે. મૂઢ પુરુષ જાગ્રદવસ્થામાં પ્રતિકૂળ પ્રવૃત્તિનો દ્વેષ કરે છે અને અનુકૂળ પ્રવૃત્તિની આકાંક્ષા રાખે છે. ગુણાતીત પુરુષને તો અનુકૂળ અને પ્રતિકૂળ એવો અધ્યાસ જ ટળી ગયો હોય છે, તેથી તેને દ્વેષ કે આકાંક્ષા કશું જ હોતું નથી. બે જણ કજિયો કરતા હોય છે, ત્યારે કોઈ ત્રીજો તટસ્થ જોનાર માણસ પોતે કેવળ ઉદાસીન રહે છે અને ગમે તેની હારજીતથી આમ કે તેમ ચલિત થતો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી. તે જ પ્રમાણે વિવેકી ગુણાતીત પુરુષ પણ પોતે ઉદાસીન જ રહે છે. 'ગુણો જ ગુણોમાં વર્તે છે, પણ હું વર્તતો નથી' એ વિવેકથી ઉદાસીનતા હોય છે. 'હું જ કરું છું,' એ અધ્યાસ મનુષ્યને ચલિત થવાના કારણરૂપ છે. પણ જીવન્મુક્તમાં આ અધ્યાસ હોતો જ નથી.' 'તેનો આચાર કેવો છે?' એ પ્રશ્નનો આ ઉત્તર છે. સુખદુઃખ આદિમાં સમાનભાવ વગેરે હોવા એ ગુણાતીતનાં ચિહ્નો છે. અવ્યભિચારી (શુદ્ધ અને અનન્ય) ભક્તિ સાથે જ્ઞાન તથા ધ્યાનના અભ્યાસથી પરમાત્માની સેવા કરવી એ 'ગુણાતીત થવાનાં સાધન' વિષેના પ્રશ્નના ઉત્તરરૂપે છે.

વ્યાસ વગેરેએ બ્રાહ્મણનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

'જેને ઉત્તરીય વસ્ત્ર નથી, જેને સૂવાનું બિછાનું નથી, જેને હાથનો જ તકિયો છે અને જે શાંત છે, તેને દેવો બ્રાહ્મણ જાણે છે.'

બ્રાહ્મણ શબ્દ બ્રહ્મવેત્તાનો વાચક છે, 'अथ ब्राह्मणः (પછી બ્રાહ્મણ)' એ શ્રુતિથી એને વર્ણવ્યો છે. એ બ્રહ્મવેત્તા વિદ્વત્સંન્યાસનો અધિકારી છે. હવે 'જન્મકાળના જેવા રૂપને ધારણ કરનારો એટલે કે નવસ્ત્રો રહેનારો પરમહંસ કોઈ ઓઢણ રાખતો નથી' એ શ્રુતિ પ્રમાણે કોઈ પણ જાતનો પરિગ્રહ ન હોવો તે પરમહંસનો મુખ્ય ધર્મ કહ્યો છે, તેથી બ્રાહ્મણને ઉત્તરીય વસ્ત્ર ન હોવું એ યોગ્ય છે.

જે મળી આવેલી કોઈ પણ ચીજથી પોતાની કાયાને ઢાંકે છે, જે મળી આવેલા કોઈ પણ ખાદ્ય પદાર્થથી પોતાનું પેટ ભરે છે અને જે જ્યાં મળ્યું ત્યાં સૂવાનું રાખે છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે.'

દેહના નિર્વાહને અર્થે ભોજન, વસ્ત્ર, શયન અને સ્થાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આદિની અપેક્ષા રહે છે. આમ છતાં અન્નાદિને વિષે 'આ સારું છે અને આ નરસું છે' એવી બુદ્ધિ જીવન્મુક્તને થતી નથી. ઉદરપૂરણ અને શરીરપુષ્ટિ વગેરે રૂપનો શરીરનિર્વાહ તો સારાંનરસાં ગમે તેવાં ખાનપાન વગેરેથી થઈ શકે છે. એટલે એ નિષ્પ્રયોજન પદાર્થોને વિષે ગુણદોષનો વિચાર કરવો એ કેવળ ચિત્તના દોષરૂપ છે. આથી ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે:

'ગુણદોષના લક્ષણને વધારે વર્ણવીને કરવું છે શું? ગુણદોષ જોવા એ જ દોષ છે અને એ ગુણદોષને છોડી દેવા એ ગુણ છે. કંથા અને કૌપીન એ જ જેનાં વસ્ત્ર છે, જે દંડને ધારણ કરે છે, જે ધ્યાનમાં પરાયણ છે અને જે એકલો રમે છે, તેને દેવો બ્રાહ્મણ જાણે છે.'

બ્રહ્મના ઉપદેશ દ્વારા પ્રાણીમાત્રને પોતાનાં કરવાની ઇચ્છા હોય, ત્યારે પોતાની ઉત્તમતા બતાવીને તેમનામાં શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે તેણે દંડ અને કૌપીન આદિ ચિહ્નો ધારણ કરવાં; કારણ કે શ્રુતિમાં કહ્યું છે કે, 'પોતાના શરીરના નિર્વાહને માટે તેમ જ લોક ઉપર ઉપકાર કરવાને અર્થે તેણે કૌપીન, દંડ અને આચ્છાદાન ધારણ કરવાં.' પ્રાણીમાત્રને પોતાનાં કરવાની ઇચ્છા હોય, તોપણ તેણે પોતે તેમની સાથે તેમના ઘરકામ વગેરે વિષે વાત કરવી નહિ; પણ તેણે તો ધ્યાનમાં જ પરાયણ રહેવું, કેમ કે શ્રુતિ કહે છે કે, 'એ એક આત્માને જ તું જાણ, તું બીજું કોઈ વેણ કાઢીશ મા.'

બીજી શ્રુતિ કહે છે: 'ધીર બ્રાહ્મણ તે આત્માને જ વિશેષે જાણીને પ્રજ્ઞાને કરે (બુદ્ધિને તેમાં સ્થાપે). તે ઝાઝા શબ્દોમાં ધ્યાન ન પરોવે, કેમ કે એ તો વાણીના વ્યર્થ પરિશ્રમ જેવું છે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્મનો ઉપદેશ કરવો એ કાંઈ અન્ય (વ્યર્થ) વાણી નથી અને તે ધ્યાનની વિરોધી નથી. પરમાત્માનું તે ધ્યાન એકાંતમાં નિર્વિઘ્ન રીતે થઈ શકે છે. આથી બીજી સ્મૃતિમાં કહ્યું છે: 'ઉપર પ્રમાણેનો ભિક્ષુ એક ને એકાકી હોય. બે ભિક્ષુક ભેગા થતાં 'જોડું' થાય, ત્રણ ભેગા થતાં 'ગામ' થાય અને તેથી વધારે ભેગા થતાં 'નગર' થાય. કદી પણ નગર, ગામ કે જોડું ન જ કરવું. કેમ કે તેમની વચ્ચે રાજ્ય વગેરેની વાતો ઊપડે છે અથવા ભિક્ષા સંબંધી ગપ્પાં ચાલે છે.'

વળી પાસે રહેવાથી સ્નેહ, ચાડીચૂગલી અને અદેખાઈ પ્રસરી વળે છે.

'જે કોઈને આશિષ ઉચ્ચારતો નથી, જે કોઈ કાર્યનો આરંભ કરતો નથી, જે કોઈને નમસ્કાર કરતો નથી, જે કોઈની સ્તુતિ કરતો નથી, જે અક્ષીણ (અદીન) છે અને જેનાં કર્મ ક્ષીણ થઈ ગયાં છે, તેને દેવો બ્રાહ્મણ જાણે છે.'

કોઈ પ્રણામ કરે છે, તો અમુક (વયોવૃદ્ધ આદિ) સંસારી પુરુષો તેને આશીર્વાદ આપે છે. જેણે જેની અપેક્ષા રાખી હોય, તેને તેની વૃદ્ધિ થાય એવી ઈશ્વરપ્રાર્થના કરવી તેનું નામ આશિષ છે. મનુષ્યોની રુચિ જાતજાતની હોય છે, તેથી સામાને શી વસ્તુ ઈષ્ટ છે, તેની ખોજમાં પુરુષનું ચિત્ત વ્યગ્ર થઈ જાય છે. આમ ચિત્ત વ્યગ્ર થવાથી લોકવાસના વધે છે અને આ લોકવાસના જ્ઞાનનો વિરોધ કરનારી છે.

બીજી સ્મૃતિમાં (યોગવાસિષ્ઠમાં) પણ કહ્યું છે કે, 'લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનાને લીધે ક્ષુદ્ર જીવને યથાર્થ જ્ઞાન થતું નથી.'

આરંભ, નમસ્કાર વગેરેને પણ આ વસ્તુ લાગુ પડે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આરંભ એટલે પોતાને માટે અથવા પારકાને માટે ઘર, ખેતર વગેરે મેળવવાનો પ્રયત્ન. આશીર્વાદ અને આરંભ એ બન્નેને જીવન્મુક્ત પુરુષે તજવાં જોઈએ. કોઈ માણસ પ્રણામ કરે અને તેને આશીર્વાદ ન આપવામાં આવે, એટલે તે માણસને ખેદ થાય, એવી અહીં શંકા ન થવી જોઈએ; કારણ કે મુક્ત પુરુષ જે 'નારાયણ' શબ્દનો પ્રયોગ કરે છે, તે સર્વ આશીર્વાદના પ્રતિનિધિરૂપ છે. વળી તે લોકવાસના તથા ખેદ એ બન્નેને ટાળવાને માટે હોય છે. બાકી આરંભ-માત્ર દુષ્ટ છે. સ્મૃતિમાં (ગીતામાં) પણ કહ્યું છે: 'જેમ અગ્નિ ધુમાડાથી ઢંકાયેલો છે, તેમ સર્વ આરંભો દોષથી ઢંકાયેલા છે.'

નમસ્કાર વિવિદિષા સંન્યાસીઓ માટે પણ વિહિત છે. જેણે પોતા કરતાં પહેલાં સંન્યાસ લીધો હોય અને જે ધર્મની બાબતમાં પોતાની સમાન હોય, તેને પ્રણામ કરવા, બીજા કોઈને ક્યારેય પ્રણામ ન કરવા.

ત્યાં આણે સંન્યાસ મારી પહેલાં ક્યારે લીધો અને એ કઈ રીતે ધર્મની બાબતમાં મારી સમાન છે, એવા વિચારથી ચિત્તમાં વિક્ષેપ ઊભા થાય છે. આથી આ એક નમસ્કારની બાબતમાં પણ અનેક સંન્યાસીઓ કજિયા કરતા મળી આવે છે. તે સંબંધમાં વાર્તિકકારે કહ્યું છે: 'એવા પણ સંન્યાસીઓ જોવામાં આવે છે કે, જેઓ પ્રમાદી હોય છે. સંસારી કામોમાં ચિત્ત રાખવાવાળા હોય છે, ચૂગલીખોર હોય છે, કજિયા-કંકાસમાં તલપાપડ હોય છે અને દુર્દૈવથી દૂષિત હૃદયવાળા હોય છે.'

મુક્ત પુરુષે કોઈને નમસ્કાર કરવાના ન હોય, એ વાત શ્રીશંકરાચાર્યે બતાવી છે: 'આત્મજ્ઞ પુરુષ નામાદિથી પર એવી ભૂમિમાં અને અદ્વયરૂપ સ્વરાજ્યમાં સ્થિત રહ્યો છે, તો પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એ કોને પ્રણામ કરે? ત્યારે તો તેને કંઈ પણ કર્મ કરવા જેવું રહ્યું જ નથી.' આમ ચિત્તની મલિનતાના હેતુથી નમસ્કારનો નિષેધ કર્યો છે; પરંતુ સર્વત્ર સમાન બ્રહ્મબુદ્ધિ વડે પ્રસન્નતા થાય એવા નમસ્કાર કરવાનું શાસ્ત્રમાં વિધાન છે.

વળી સ્મૃતિ(શ્રીમદ્ ભાગવતના અગિયારમા સ્કંધ)માં કહ્યું છે: 'સર્વમાં ભગવાન ઈશ્વર, જીવની કલારૂપે પ્રવેશીને રહ્યા છે, તેથી ઘોડો, ચાંડાલ, ગાય અને ગધેડા સુદ્ધાંને ભૂમિ ઉપર દંડવત્ પ્રણામ કરવા.'

જે નિષેધ છે તે મનુષ્યની સ્તુતિ કરવાનો, નહિ કે ઈશ્વરની સ્તુતિ કરવાનો. (બૃહસ્પતિ) સ્મૃતિ કહે છે: ધનની ઇચ્છાથી મનુષ્ય જેવા આદરપૂર્વક ધનવાનની સ્તુતિ કરે છે, તેવા આદરપૂર્વક તે જો વિશ્વના કર્તાની સ્તુતિ કરે, તો કોણ સંસારરૂપી બંધનમાંથી મુક્ત ન થાય?'

અક્ષીણપણું એટલે દીનતાનો ત્યાગ. આ સંબંધમાં સ્મૃતિ કહે છે: ક્યારેક કોઈવાર ખાવાનું ન મળે, તો તેથી ધીરજવાને શોક ન કરવો અને ક્યારેક કોઈ વાર ખાવાનું મળી આવે, તો તેથી તેણે હરખાઈ જવું નહિ; કેમ કે ખાવાનું મળવું અને ન મળવું એ બંને વાત દૈવના તાબાની છે.

ક્ષીણકર્મપણું એટલે વિધિનિષેધને અધીન ન હોવાપણું; કેમ કે સ્મૃતિ કહે છે: 'ત્રિગુણથી પર એવા પંથે વિચરનારાને વિધિ શો ને નિષેધ શો?' આ જ અભિપ્રાયને લક્ષમાં રાખીને ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે:

'(કર્મકાંડાત્મક) વેદો ત્રણ ગુણોને અને તેમના વિષયોને પ્રકટાવનારા છે માટે હે અર્જુન! તું એ ત્રણ ગુણોથી પર થા, દ્વંદ્વથી મુક્ત થા, હમેશ સત્ત્વમાં સ્થિર રહે, યોગ તથા ક્ષેમની ચિંતાથી મુક્ત રહે અને આત્મામાં જ નિષ્ઠા રાખ.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નારદ પણ કહે છે: 'સદૈવ વિષ્ણુનું સ્મરણ કરવું, ક્યારેય તેનું વિસ્મરણ ન કરવું; સર્વ વિધિ અને નિષેધ તો એવાના સેવકો જ છે.'

'જે સમૂહથી સર્પની જેમ બીએ છે, જે સન્માનથી નરકની જેમ બીએ છે અને સ્ત્રીઓથી શબની જેમ બીએ છે, તેને દેવો બ્રાહ્મણ જાણે છે.'

તેમનામાં રાજ વગેરેની વાતચીત ઊપડી આવે, એમ આગળ કહ્યું છે. આ કારણે તેમને જનસમૂહથી સર્પના જેવી બીક થાય. સન્માનને કારણે આસક્તિ થાય. આમ તે 'સન્માન' પુરુષાર્થનું વિરોધી થાય. આથી એ સન્માનને નરકની જેમ ત્યજી જ દેવું જોઈએ. કોઈક પ્રતમાં 'નરકની જેમ'ને બદલે 'મરણની જેમ' એવો પાઠ છે. આ કારણે સ્મૃતિ કહે છે: 'અ-સન્માનથી તો તપમાં વૃદ્ધિ થાય છે અને સન્માનથી તો તપમાં હાનિ થાય છે અને અર્ચન–પૂજન પામેલો વિપ્ર પૂરી દોહી લીધેલી ગાયની જેમ ગળાઈ જાય છે.' આ જ અભિપ્રાયને ધ્યાનમાં રાખીને સ્મૃતિ અપમાનને આદરયોગ્ય કહે છે: 'સત્પુરુષોના ધર્મને સતત સ્મરણમાં રાખતા યોગીએ એવું આચરણ કરતા રહેવું કે જેથી અન્ય લોકો તેનું અપમાન કરે અને તેની સોબત કરવા ન આવે.'

સ્ત્રીઓ સંબંધમાં (યોગીઓ માટે) બે પ્રકારના દોષ છે: એક તો તેમનો નિષેધ અને બીજો તેમની જુગુપ્સા. આમાં નિષેધની જે મર્યાદા છે, તે કોઈક વાર પ્રારબ્ધને જોરે અથવા અતિ આસક્તિને કારણે ઓળંગાઈ જવાય છે. આ અભિપ્રાયને ધ્યાનમાં રાખીને સ્મૃતિ કહે છે: 'માતા, બહેન કે પુત્રીની સાથે પણ એક આસન ઉપર બેસવું નહિ કે એક પથારીમાં સૂવું નહિ; કેમ કે બળવાન ઇંદ્રિયોનો સમૂહ વિદ્વાનને પણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઘસડી પાડે છે.' વળી સ્ત્રીઓના જુગુપ્સાદોષ વિષે સ્મૃતિઓએ આ પ્રમાણે વર્ણન કર્યું છે: 'સ્ત્રીના યોનિભાગમાં અને ફૂઝતી નાડીના વ્રણમાં કશો જ ભેદ નથી; છતાં મનની વૃત્તિના ભેદને કારણે માણસ ઘણી વાર છેતરામણીમાં પડે છે. સ્ત્રીનો યોનિભાગ તો ચામડાનો એક કટકો છે; તે વચમાં ચિરાયેલો છે અને અપાનવાયુમાંથી પ્રસરતી દુર્ગંધથી ખદબદે છે. જે પુરુષ એ યોનિભાગમાં રમણ કરે છે, તેઓ કીડા જેવા નથી તો કેવા છે?' આ છેલ્લી લીટીનો બીજો પાઠ આવો છે: 'જે પુરુષો એ યોનિભાગમાં રમણ કરે છે, તેઓને માટે આથી મોટું એવું બીજું શું દુઃસાહસ હોઈ શકે?' આ પ્રમાણે સ્ત્રી સંબંધી નિષેધ અને જુગુપ્સા એ બંને દોષો હોઈને અહીં સ્ત્રીનું શબનું દૃષ્ટાંત આપ્યું છે.

'જેને એક અદ્વિતીય આત્માથી સદૈવપૂર્ણ ભાસે છે અને જનસમૂહથી ઊભરાતું સ્થાન જેને શૂન્ય જેવું જણાય છે, તેને દેવો બ્રાહ્મણ જાણે છે.'

એકલા એકાંતમાં રહેવું, એ સંસારીઓને ભય, આળસ વગેરેના કારણરૂપ છે. આથી સંસારીઓએ એકાંતવાસને તજવો. સંસારીઓ માટે જનસમૂહ એવો અનર્થકારી નથી. માટે જનસમૂહ સંસારીઓને માટે સ્વીકારવા યોગ્ય છે પણ યોગીઓને માટે તો આથી ઊલટું છે. પોતે એકાંતમાં એકલો હોવાથી તે કશાય વિઘ્ન વિના ધ્યાનધારણા કરી શકે છે. આમ ધ્યાને કરીને સર્વ ખાલી જગ્યા, તેને પરિપૂર્ણ પરમાનંદસ્વરૂપ આત્માથી પૂર્ણ જેવી લાગે છે. આથી એકાંતમાં તેને સંસારીઓની જેમ ભય, આળસ, શોક અને મોહ વગેરે થતાં નથી.

'જે જ્ઞાનીને માટે સર્વ ભૂતો આત્મરૂપ જ થયાં છે અને જે એકત્વને અનુભવી રહ્યો છે, તેને મોહ શો ને શોક શો?'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જનસમૂહથી ઊભરાતા સ્થાનમાં રાજખટપટ વગેરેની વાતો ચાલે એટલે તે સ્થાન ધ્યાનને વિરોધ કરનારું થઈ પડે. આમ તે સ્થાનમાં આનંદરૂપ આત્માની પ્રતીતિ ન થાય, એટલે તે સ્થાન શૂન્ય સ્થાનની જેમ ચિત્તને કલેશ આપે; કારણ કે જગત મિથ્યા છે અને આત્મા પૂર્ણ છે.

'સૂતસંહિતા'ના 'મુક્તિખંડ'ના પાંચમા અધ્યાયમાં પરમેશ્વરે (સદાશિવે) વિષ્ણુને અતિવર્ણાશ્રમી (વર્ણ અને આશ્રમથી પર થયેલા)નું આમ વર્ણન કર્યું છે:

બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, ભિક્ષુક (વિવિદિષા સંન્યાસી) અને અતિવર્ણાશ્રમી એ સૌ વિચક્ષણો પણ ઉત્તરોત્તર (એકબીજાથી) શ્રેષ્ઠ છે.

હે પુરુષોત્તમ! આમાં અતિવર્ણાશ્રમી સર્વ અધિકારી પુરુષોનો ગુરુ કહેવાય છે. મારી પેઠે તે કોઈનો શિષ્ય હોતો નથી.

અતિવર્ણાશ્રમી તો સૌ ગુરુઓનો પણ સાક્ષાત્ ગુરુ કહેવાય છે. આ લોકમાં કોઈ પણ એનાથી અધિક નથી, તેમ કોઈ પણ એની સમાન નથી, આ વિષે સંશય જ નથી.

શરીર–ઇંદ્રિયો વગેરેથી ભિન્ન, સર્વના સાક્ષીરૂપ, પરમ વિજ્ઞાનરૂપ, સુખરૂપ અને સ્વયંપ્રકાશ એવા પરમતત્ત્વને જે જાણે છે, તે અતિવર્ણાશ્રમી છે.'

હે કેશવ! વેદાંતના મહાવાક્યના શ્રવણથી જ જે પોતાના આત્માને ઈશ્વરરૂપ જાણે છે, તે અતિવર્ણાશ્રમી છે.'

વર્ણ અને આશ્રમથી પર રહેલા અને જાગ્રત વગેરે ત્રણ અવસ્થાના સાક્ષી એવા મહાદેવને જે જાણે છે તે અતિવર્ણાશ્રમી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્ણ, આશ્રમ વગેરે માયા વડે દેહમાં કલ્પાયેલાં છે અને તેઓ કદી પણ હું કે જે બોધરૂપ આત્મા છું તેને લાગતા નથી, એમ જે વેદાંત દ્વારા જાણે છે તે અતિવર્ણાશ્રમી છે.

જેમ સૂર્યની હાજરીમાં લોક પોતે જ પોતાની મેળે વ્યવહાર કરે છે, તેમ મારી હાજરી માત્રથી જ સમસ્ત જગત વ્યવહાર કરે છે. આમ જે વેદાંતનાં વચનોથી જાણે છે તે અતિવર્ણાશ્રમી છે.

જેમ હાર, કુંડળ, કડાં, સ્વસ્તિક વગેરે માયા વડે સોનામાં કલ્પાયાં છે, તેમ જગત સદા મારામાં કલ્પાયું છે, એમ જે વેદાંત દ્વારા જાણે છે તે અતિવર્ણાશ્રમી છે.

જેમ છીપમાં માયાએ કરીને રૂપું કલ્પિત છે તેમ મહત્ આદિ માયામય જગત મારામાં જ કલ્પિત છે—આમ જે વેદાંતનાં વચનોથી જાણે છે, તે અતિવર્ણાશ્રમી છે.

હે પુરુષોત્તમ! ચાંડાળના દેહમાં, પશુ વગેરેના શરીરમાં, બ્રાહ્મણની કાયામાં અને પરસ્પર વિલક્ષણ રીતે રહેલા અન્ય પદાર્થોમાં આકાશની જેમ સર્વદા વ્યાપેલા, સર્વ સંબંધથી રહિત, એકરૂપ અને પરમ અમૃત એવા જે મહાદેવ છે, તે હું છું—આમ જે વેદાંતનાં વચનોથી જાણે છે, તે અતિવર્ણાશ્રમી છે.

દિશાઓનો ભ્રમ જેનો નાશ પામ્યો છે, તેને પણ પહેલાંની જેમ જ પૂર્વ આદિ દિશા દેખાય છે, તેવી રીતે જ્ઞાન વડે નાશ પામેલું જગત મને દેખાતું હોવા છતાં છે જ નહિ, એમ જે વેદાંત દ્વારા જાણે છે તે અતિવર્ણાશ્રમી છે.

જેમ સ્વપ્નનો આ પ્રપંચ મારે વિષે માયાથી કલ્પિત છે, તેમ જાગ્રતનો આ પ્રપંચ પણ મારે વિષે માયાથી જ કલ્પિત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે–આમ જે વેદાંતનાં વચનોથી જાણે છે, તે અતિવર્ણાશ્રમી છે. જેના વર્ણ અને આશ્રમના આચારો આત્મદર્શનથી લોપાઈ ગયા છે, તે પુરુષ સર્વ વર્ણોને અને આશ્રમોને ઓળંગીને પોતાના આત્મામાં સ્થિત રાખે છે.

જે પુરુષ વર્ણો અને આશ્રમોને છોડીને પોતાના આત્મામાં જ સ્થિતિ કરી રહ્યો છે, તેને સર્વ વેદાંતવેત્તાઓ અતિવર્ણાશ્રમી કહે છે.

આત્મા દેહ નથી, ઇંદ્રિય નથી, પ્રાણ નથી, મન નથી, બુદ્ધિ નથી અને અહંકાર નથી. તે ચિત્ત નથી, માયા નથી અને આકાશ વગેરે જગત નથી. વળી, તે કર્તા નથી, ભોક્તા નથી, તેમ ભોગ આપનારો પણ નથી. સાચી દૃષ્ટિએ તો એ આત્મા કેવળ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ જ છે.

જેમ પાણીના હાલવાથી પાણીમાં પડછાયારૂપે રહેલો સૂર્ય પણ હાલે છે, તેમ અહંકારના સંસર્ગને લીધે આત્મા પણ સંસારી જેવો જણાય છે. આથી હે કેશવ! વર્ણો અને આશ્રમો તો કોઈ બીજાના (અહંકારના) ધર્મો છે, આત્માના ધર્મો નથી. ભ્રાંતિથી જ તેમને આત્મામાં આરોપી દેવામાં આવ્યા છે. આત્માના સાચા જ્ઞાતાને તેમની સાથે કશી જ લેવાદેવા નથી. હે જનાર્દન! આત્મજ્ઞાની જીવન્મુક્તને વિધિ નથી અને નિષેધ નથી; આ ત્યજવાયોગ્ય છે અને આ સ્વીકારવાયોગ્ય છે એવી તેને કોઈ કલ્પના પણ નથી. વળી તેને કોઈ બીજો લૌકિક વ્યવહાર પણ નથી. હે કમલનયન! આત્મજ્ઞાનીની નિષ્ઠાને હું જાણું છું, પણ માયાથી મોહિત થયેલા મરણશીલ મનુષ્યો તેને કદી જાણી શકતા નથી. હે કેશવ! બ્રહ્મજ્ઞાનીઓની આ નિષ્ઠા ચર્મચક્ષુથી જોઈ શકાય એમ નથી. વિદ્વાન પુરુષોની એ નિષ્ઠા તો સ્વતઃ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સિદ્ધ છે. હે કેશવ! જેને વિષે અન્ય જનો સૂતા હોય છે, તેને વિષે સંયમીઓ સદા જાગતા હોય છે અને જેને વિષે અન્ય જનો જાગતા હોય છે, તેને વિષે વિદ્વાનો સૂતા હોય છે. આમ અદ્વિતીય, નિરાકાર, નિરંજન, નિત્યશુદ્ધ, નિરાભાસ, સદ્રૂપ, ચિદ્રૂપ અને પરમ અમૃતરૂપ એવા આત્માને જે પુરુષ વેદાંતવાક્યોથી અને પોતાના અનુભવથી નિશ્ચિત રૂપે જાણે છે, તે અતિવર્ણાશ્રમી છે અને તે જ ઉત્તમ ગુરુ છે.

આ પ્રમાણે 'વિશેષ મુક્ત થયેલો વિશેષ મુક્ત થાય છે' વગેરે શ્રુતિવચનો તેમ જ જીવન્મુક્ત, સ્થિતપ્રજ્ઞ, ભગવદ્ભક્ત, ગુણાતીત, બ્રાહ્મણ અને અતિવર્ણાશ્રમીનું પ્રતિપાદન કરનારાં સ્મૃતિવચનો જીવન્મુક્તિના સદ્ભાવમાં પ્રમાણરૂપ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ૐ મૌ ॥

જીવન્મુક્તિનાં સાધનો

૪ : વાસનાક્ષય

એ જીવન્મુક્તિનાં સાધનોનું નિરૂપણ કરીએ. તત્ત્વજ્ઞાન, મનોનાશ અને વાસનાક્ષય એ તેનાં સાધન છે. આથી યોગ-વાસિષ્ઠ રામાયણના અંતભાગમાં 'જીવન્મુક્ત શરીરોના' એમ શરૂ થતા ઉપશમ પ્રકરણમાં વસિષ્ઠે કહ્યું છે: 'હે મહાબુદ્ધિમાન! વાસનાનો ક્ષય, વિજ્ઞાન (તત્ત્વજ્ઞાન) અને મનનો નાશ એ ત્રણેને લાંબા કાળ સુધી જો સાથેસાથે સેવવામાં આવે છે, તો તેઓ ફળદાયી થાય છે.' આ પ્રમાણે તેમનું સાથેપણું (અન્વય) કહીને તેમણે નીચે પ્રમાણે તેમનું છૂટાપણું (વ્યતિરેક) કહ્યો છે: 'આ ત્રણેને જો એકસાથે ને રૂડી રીતે વારંવાર સેવવામાં ન આવે, તો સો વરસે પણ પરમપદની પ્રાપ્તિ થાય નહિ.' હવે જો આ ત્રણેને એક સાથે સેવવામાં ન આવે, તો શી અડચણ આવે તે કહે છે: 'જો આ ત્રણમાંના એકએકને અલગઅલગ રીતે લાંબા કાળ સુધી સેવવામાં આવે, તો એકમેકની સાથે સાંકળી દીધેલા મંત્રોની જેમ તેઓ કશી સિદ્ધિ આપતા નથી.'

સંધ્યાવંદનમાં માર્જનને માટે 'આપોહિષ્ઠા' ઇત્યાદિ ત્રણ ઋચાઓ ભણવાનો વિનિયોગ છે. હવે જો આ ત્રણ ઋચાઓમાંથી રોજ એકએકનો જ પાઠ કરવામાં આવે, તો તેથી શાસ્ત્રીય અનુષ્ઠાન સિદ્ધ થતું નથી. વળી ષડંગ મંત્રોમાંના એકએક મંત્રથી પણ તે કર્મની સિદ્ધિ થતી નથી અને વળી જગતમાં શાક, દાળ તથા ભાતમાંના માત્ર એકએક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પદાર્થથી જ ભોજનની સિદ્ધિ થતી નથી, તે જ પ્રમાણે વાસના-ક્ષય વગેરેના અલગ અલગ સેવનથી જીવન્મુક્તિરૂપ ફળની સિદ્ધિ મળતી નથી. હવે લાંબા કાળ સુધીના અભ્યાસનું ફળ કહે છે: 'આ ત્રણેનો લાંબા કાળ સુધી અભ્યાસ કરવામાં આવે છે, તો કમળદંડને છેદવાથી જેમ તેના તંતુઓ તૂટી જાય છે, તેમ તે પુરુષના હૃદયની દૃઢ ગાંઠો પણ ત્યારે નિઃસંશય તૂટી જાય છે.' તેવો અભ્યાસ ન કરવામાં આવે તો શું થાય તે કહે છે: 'હે રામ! સો સો જન્મથી અભ્યાસમાં આવેલી સંસારી અવસ્થા ચિરકાળના અભ્યાસયોગ વિના ક્યારેય ક્ષય પામતી નથી.'

વાસનાક્ષય વગેરેના અલગઅલગ અભ્યાસથી કેવળ ફળસિદ્ધિ થતી નથી, એટલું જ નહિ પણ એથી તે તે પ્રત્યેકનું સ્વરૂપ સુદ્ધાં સિદ્ધ થતું નથી, એ વાત કહે છે:

'તત્ત્વજ્ઞાન, મનોનાશ અને વાસનાક્ષય એ ત્રણ એક-બીજાને કારણરૂપ હોઈને દુઃસાધ્ય રહ્યાં છે.'

આ ત્રણમાંથી બબ્બે ભેગાં થવાથી ત્રણ જોડાં ઊભાં થાય છે. તેમાં મનોનાશ અને વાસનાક્ષયના જોડકાનું પરસ્પર કારણપણું, અભાવ–ગેરહાજરી બતાવીને સમજાવવાની રીતથી જણાવે છે: 'જ્યાં સુધી મનનો લય થયો નથી, ત્યાં સુધી વાસનાનો ક્ષય થયો નથી અને જ્યાં સુધી વાસનાનો ક્ષય થયો નથી, ત્યાં સુધી ચિત્ત શાંત થતું નથી.'

અંતઃકરણ નામનું દ્રવ્ય વિવિધ વૃત્તિઓમાં પરિણામ પામે છે અને એ વૃત્તિઓ દીપકની જ્યોતની જેમ સળંગ હોય છે. આમ તે મનનાત્મક થાય છે, તેથી તેને મન કહેવામાં આવે છે. એ મનનો નાશ વૃત્તિરૂપ પરિણામનો ત્યાગ કરીને નિરોધરૂપ પરિણામમાં સ્થિર થવાથી જ થાય છે. આ વાત પતંજલિએ યોગશાસ્ત્રમાં સૂત્રરૂપે કહી છે: 'જ્યારે વ્યુત્થાન (વૃત્તિ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઓનું સ્ફુરણ) અને નિરોધ એ બે સંસ્કારો અનુક્રમે શાંત થાય છે અને પ્રકટ થાય છે, ત્યારે ચિત્ત નિરોધની ક્ષણને ઝડપવાનું કરે છે. આનું નામ નિરોધ-પરિણામ છે.' જ્યારે વ્યુત્થાન(સ્ફુરણ)ના સંસ્કારો હેઠા પડે છે, ત્યારે નિરોધના સંસ્કારો ઉપર આવે છે. તે વખતે ચિત્ત નિરોધને યોગ્ય એવી ક્ષણને ઝડપી લેવાનું કરે છે. આ નિરોધરૂપી પરિણામને જ મનોનાશ સમજવો. આગળપાછળના વિચાર વિના અંતઃકરણમાં ક્રોધ વગેરે પ્રકારની જે પ્રવૃત્તિઓ એકાએક ઊઠી આવે છે, તેનું કારણ ચિત્તમાં રહેલા સંસ્કાર છે. આ સંસ્કારે આગળના અને તેથીય આગળના અભ્યાસ દ્વારા ચિત્તમાં વાસન (વાસ) કર્યું છે, તેથી તેનું નામ વાસના છે. વિવેકજન્ય શમ-દમ આદિ શુદ્ધ વાસનાઓ દૃઢ થાય ત્યારે બહારના નિમિત્તે પણ ક્રોધ વગેરે ઉત્પન્ન ન થાય, એનું નામ એ વાસનાનો ક્ષય છે. હવે મનનો નાશ થયો ન હોય અને વૃત્તિઓ ઊપડી આવી હોય, ત્યારે ક્યારેક બહારના નિમિત્તથી ક્રોધ વગેરે ઉત્પન્ન થાય છે. આમ ક્રોધાદિ ઉત્પન્ન થાય છે, તો વાસનાનો ક્ષય થતો નથી. પછી વાસનાનો ક્ષય થયો ન હોય, એટલે વૃત્તિઓ ઊપડ્યા જ કરે. આમ વૃત્તિઓ ઊપડ્યા કરે, એટલે પછી મનનો નાશ થાય નહિ.

✓હવે તત્ત્વજ્ઞાન અને મનોનાશનું પરસ્પર કારણપણું વ્યતિરેક દ્વારા દર્શાવે છે. જ્યાં સુધી તત્ત્વજ્ઞાન થયું નથી, ત્યાં સુધી ચિત્તશાંતિ ક્યાંથી હોય? જ્યાં સુધી ચિત્તને શાંતિ થઈ નથી, ત્યાં સુધી તત્ત્વજ્ઞાન થયું જ નથી.

✓આ જે બધું દેખાય છે, તે બધું આત્મા જ છે. રૂપ અને રસ વગેરેવાળું આ જગત તો માયામય જ છે. વસ્તુતઃ એ છે જ નહિ-આવો જે નિશ્ચય છે, તે તત્ત્વજ્ઞાન છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તત્ત્વજ્ઞાન ન હોય અને રૂપ તથા રસ વગેરે વિષયો હાજર હોય ત્યારે એ વિષયોમાં વિચરતી ચિત્તની વૃત્તિઓને નિવારી શકાતી નથી. દાખલા તરીકે અગ્નિમાં ઇંધણાં વગેરે નંખાયા જ કરતાં હોય, તો તે અગ્નિની જ્વાળા શમતી જ નથી. તે જ પ્રમાણે ચિત્ત શાંત થયું ન હોય, એટલે વૃત્તિઓ રૂપ વગેરે વિષયોને પકડ્યા જ કરતી હોય, ત્યારે અહીં (આત્માથી) બીજું કશું જ જુદું નથી. એ શ્રુતિમાં બતાવેલો તત્ત્વનિશ્ચય થતો નથી અને શ્રુતિમાં 'યજમાન દર્ભની મૂઠીરૂપ છે' એ વાક્ય ઉપર પ્રત્યક્ષમાં તેથી વિરુદ્ધ દેખાય છે, તેથી શંકા ઉત્પન્ન થાય છે, તેમ (જ્યાં સુધી વૃત્તિરૂપ વિષયોને ચિત્ત પકડ્યા કરે ત્યાં સુધી) બ્રહ્મ અદ્વિતીય છે એવું તત્ત્વનું જ્ઞાન ઉદય પામતું નથી.

હવે વાસનાક્ષય અને તત્ત્વજ્ઞાનનું પરસ્પર કારણપણું અભાવસૂચક રીત(વિધિ)થી બતાવે છે : 'જ્યાં સુધી વાસનાનો નાશ થયો નથી, ત્યાં સુધી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ક્યાંથી? જ્યાં સુધી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી વાસનાનો ક્ષય થયો નથી. ક્રોધ આદિ વાસનાઓ નાશ પામી ન હોય ત્યારે શમ અને દમ આદિ સાધનોનો અભાવ હોવાથી તત્ત્વજ્ઞાનનો ઉદય થતો નથી. જ્યાં સુધી અદ્વિતીય બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થયું નથી, ત્યાં સુધી ક્રોધાદિનાં નિમિત્તોમાં સત્યત્વની ભ્રાંતિ ટળેલી હોતી નથી. તેથી વાસનાનો ક્ષય પણ થતો નથી.

હવે અમે ઉપર કહેલાં ત્રણે જોડાંનું પરસ્પર કારણપણું અન્વય દ્વારા સમજાવીએ છીએ. જ્યારે મન નાશ પામ્યું હોય છે, ત્યારે સંસ્કારને જગાડનારા બહારના નિમિત્તની પ્રતીતિ ન હોવાથી વાસનાનો ક્ષય પામી હોય છે. વાસના ક્ષય પામી હોય છે, ત્યારે હેતુનો અભાવ હોવાથી ક્રોધાદિ વૃત્તિનો ઉદય ન થતો હોઈ, મન નાશ પામે છે. આ મનોનાશ અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાસનાક્ષયનું જોડકું થયું. શ્રુતિ કહે છે: 'એકાગ્ર બુદ્ધિથી તે આત્માનું દર્શન થાય છે.' આથી આત્માના એકત્વ તરફ થયેલી વૃત્તિ જ દર્શનનું કારણ છે. આમ બીજી સર્વ વૃત્તિઓનો નાશ એ જ તત્ત્વજ્ઞાનનું કારણ છે, એમ સમજાય છે. તત્ત્વજ્ઞાન થયું હોય, એટલે માણસના માથા પર શિંગડાંની જેમ મિથ્યારૂપ જગતમાં બુદ્ધિવૃત્તિનો ઉદય થતો નથી. વળી આત્માનો સાક્ષાત્કાર થયો હોય, એટલે એને ફરી વૃત્તિનો ઉપયોગ હોતો નથી. આથી ઇંધણાં વિનાના અગ્નિની જેમ મન નાશ પામે છે. આ મનોનાશ અને તત્ત્વજ્ઞાનનું દ્વંદ્વ થયું.

તત્ત્વજ્ઞાન એ ક્રોધાદિ વાસનાના ક્ષયનું કારણ છે, એમ વાર્તિકકાર કહે છે. જેમ કોઈ પોતાના દેહ અને અવયવો ઉપર કોપ કરતા નથી, તેમ સમાન રીતે આત્માનું એકત્વ જોનાર વિવેકી પુરુષ શત્રુ, બંધુ અને પોતાના દેહ ઉપર કોપ કરતો નથી.

ક્રોધાદિ વાસનાઓના ક્ષયરૂપ શમ ઇત્યાદિ ગુણો જ્ઞાનના સાધક છે, એ વાત પ્રસિદ્ધ છે. વસિષ્ઠ પણ કહે છે: 'જેમ કમળ અને સરોવરજળ એ બન્ને પરસ્પર વૃદ્ધિ પામે છે, તેમ શમાદિ ગુણો જ્ઞાનથી વૃદ્ધિ પામે છે અને જ્ઞાન શમાદિ ગુણોથી વૃદ્ધિ પામે છે.'

આ વાસનાક્ષય અને તત્ત્વજ્ઞાનનું દ્વંદ્વ થયું.

હવે તત્ત્વજ્ઞાન આદિ ત્રણેને સંપાદન કરવાનું સાધન બતાવે છે: 'માટે હે રાઘવ! વિવેકપૂર્વકના પુરુષપ્રયત્નથી ભોગેચ્છાને દૂર ત્યજીને એ ત્રણ (તત્ત્વજ્ઞાન, મનોનાશ તથા વાસનાક્ષય)નો બરાબર રીતે આશ્રય કરવો.' પુરુષપ્રયત્ન એટલે કોઈ પણ ઉપાયે હું અવશ્ય એને મેળવીશ, એવો ઉત્સાહ વગેરેરૂપી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિર્ધાર. વિવેચનાપૂર્વક કરવામાં આવેલો નિર્ધાર 'વિવેક' કહેવાય છે. તત્ત્વજ્ઞાનનું સાધન શ્રવણ વગેરે છે, મનોનાશનું સાધન યોગ છે અને વાસનાક્ષયનું સાધન પ્રતિકૂળ વાસનાનું ઉત્પાદન છે. જેમ અગ્નિમાં હવિષ (હોમવાના પદાર્થો) નાખવામાં આવતાં તે ફરીથી ભભૂકી ઊઠે છે, તેમ એક કણ સરખી પણ ભોગેચ્છાનો સ્વીકાર કરીએ, તો તૃષ્ણા ફરીફરીને વધ્યા કરે છે. તૃષ્ણા ફરીફરીને વધે છે, તેથી તેને વારવાનું કઠણ થઈ પડે છે. આ કારણે તેને દૂર ત્યજવાનું કહ્યું છે.

હવે 'વિવિદિષાસંન્યાસનું ફળ તત્ત્વજ્ઞાન છે અને વિદ્વત્સંન્યાસનું ફળ જીવન્મુક્તિ છે' એવી વ્યવસ્થા આગળ વર્ણવી છે. આમ હોવાથી એવો ભાસ થાય છે કે, પ્રથમ તત્ત્વજ્ઞાન મેળવવું અને પછી વિદ્વત્સંન્યાસ ધારણ કરીને પોતાના જીવતા સુધી બંધનરૂપ વાસના તથા મનોવૃત્તિનો નાશ કરવો. ત્યારે અહીં તો, તત્ત્વજ્ઞાન આદિ ત્રણેનો એકસાથે અભ્યાસ કરવાનો બતાવાય છે. આમ આગળની વાત સાથે આ પાછળની વાતનો વિરોધ જ આવે છે ને ? પણ એવો વિરોધ નથી; કારણ કે એકને મુખ્ય અને બીજાને ગૌણ લેવાથી બન્ને વાતનો મેળ બેસાડી શકાય છે. વિવિદિષાસંન્યાસીને માટે તત્ત્વજ્ઞાન મુખ્ય કર્તવ્ય છે અને મનોનાશ તથા વાસનાક્ષય એ બે ગૌણ કર્તવ્યો છે. વિદ્વત્સંન્યાસીને માટે એથી ઊલટું છે. આમ એ ત્રણેનો એકસાથે અભ્યાસ કરવામાં કોઈ પણ રીતે વિરોધ આવતો નથી. અહીં કદાચ શંકા ઊભી થાય કે તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ થવામાત્રથી જે પુરુષ કૃતાર્થ થયો છે તેને પછી મનોનાશ તથા વાસનાક્ષય માટે મહેનત લેવાની જરૂર શી છે ? આનું સમાધાન જીવન્મુક્તિના પ્રયોજનનું નિરૂપણ કરતી વેળાએ કરીશું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિદ્વત્સંન્યાસીને માટે જ્ઞાનના સાધનરૂપ શ્રવણ આદિનું અનુષ્ઠાન વ્યર્થ છે. તેમ જ તેને જ્ઞાનના અનુષ્ઠાનની પણ જરૂર નથી; કારણ કે જ્ઞાનનું સ્વરૂપ જ એવું છે કે એક વાર સિદ્ધ થયા પછી તેને લઈ લેવાતું નથી, તેમ આપી દેવાતું નથી. આમ હોવાથી વિદ્વત્સંન્યાસીને પાછળનો ગૌણ અભ્યાસ કેવી રીતે હોઈ શકે? તો કોઈ પણ રીતે તત્ત્વનું ફરીફરીને અનુસ્મરણ કરવું એમ અમે કહીએ છીએ. આવો અભ્યાસ યોગવાસિષ્ઠમાં લીલાના ઉપાખ્યાનમાં બતાવ્યો છે.

'તેનું ચિંતન કરવું, તેનું કથન કરવું, તેનો એકબીજાને બોધ કરવો અને તે એકમાં જ પરાયણ રહેવું—આને પંડિતો જ્ઞાનનો અભ્યાસ જાણે છે. આ દૃશ્ય જગત અને હું સૃષ્ટિના આદિકાળમાં ઉત્પન્ન થયા નથી અને કોઈ કાળમાં પણ છીએ નહિ—આને પંડિતો જ્ઞાનનો અભ્યાસ જાણે છે.'

મનોનાશ અને વાસનાક્ષય એ બંનેના અભ્યાસ વિષે પણ તેમાં જણાવ્યું છે: 'જેઓ જ્ઞાતા અને જ્ઞેય વસ્તુના અત્યંત અભાવની પ્રતીતિને માટે શાસ્ત્રો તથા યુક્તિ દ્વારા પ્રયત્ન કરે છે, તેઓ અહીં અભ્યાસીઓ ગણાય છે.'

જ્ઞાતા અને જ્ઞેય વિષે મિથ્યાત્વની બુદ્ધિ એ તેમના અભાવની પ્રતીતિ છે, તેમના સ્વરૂપની પણ અપ્રતીતિ એ તેમના અત્યંત અભાવની પ્રતીતિ છે. યુક્તિ એટલે યોગ, આ પ્રકારનો અભ્યાસ મનોનાશનો અભ્યાસ છે.

'દૃશ્ય(જગત)ના અસંભવનું જ્ઞાન થવાથી રાગદ્વેષ વગેરે અત્યંત પાતળા પડી જાય છે, તે વખતે એક ઘન (ગાઢ) રતિ ઊગે છે, આને બ્રહ્માભ્યાસ કહે છે.' આને વાસનાક્ષયનો અભ્યાસ પણ કહે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે આ ત્રણે પ્રકારના અભ્યાસ એકસરખા દેખાય છે, તો અમુકનો અભ્યાસ મુખ્ય અને અમુકનો ગૌણ એવો વિવેક કેમ કરીને કરી શકાય? પણ એમ નથી. પ્રયોજન પ્રમાણે તેનો વિવેક કરી શકાય છે. મુમુક્ષુ પુરુષને જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ એમ બે પ્રયોજન છે. આથી જ 'વિશેષ મુક્ત થયેલો વિશેષ મુક્ત થાય છે' એવી શ્રુતિ છે. તેમાં જીવતા પુરુષને દૈવી સંપત્તિથી મોક્ષ મળે છે અને આસુરી સંપત્તિથી બંધન થાય છે. ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતાના સોળમા અધ્યાયમાં આ વાત કહી છે: 'દૈવી સંપત્તિથી મોક્ષ છે અને આસુરી સંપત્તિ બંધનને માટે મનાઈ છે.' ત્યાં જ એ બંને સંપત્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે: 'હે ભારત! અભય, અંતઃકરણની વિશુદ્ધિ, જ્ઞાન તથા યોગમાં સ્થિતિ, દાન, ઇંદ્રિયનિગ્રહ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, ચાડીચૂગલીથી રહિતતા, પ્રાણીમાત્રને વિષે દયા, લોલુપતાથી મુક્તિ, મૃદુતા, લજ્જા, અચપળતા, તેજ, ક્ષમા, ધૈર્ય, શૌચ, અદ્રોહ અને અતિમાનિતા–(હું અતિ મોટો છું એવો ભાવ)નો અભાવ–એ સર્વ દૈવી સંપત્તિ સાથે જન્મેલા પુરુષમાં હોય છે. પણ હે પૃથાનંદન! દંભ, ગર્વ, માન, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન એ સર્વ આસુરી સંપત્તિ સાથે જન્મેલા પુરુષમાં હોય છે.' વળી અધ્યાયના છેવટ સુધી આસુરી સંપત્તિનું વર્ણન આપવામાં આવ્યું છે. તેમાં અશાસ્ત્રીય, સ્વભાવસિદ્ધ અને દુર્વાસનારૂપ આસુરી સંપત્તિ જ્યારે શાસ્ત્રીય પુરુષપ્રયત્નથી સાધ્ય અને સદ્વાસનારૂપ એવી દૈવી સંપત્તિથી ક્ષય પામે છે, ત્યારે જીવન્મુક્તિ થાય છે.

વાસનાક્ષયની જેમ મનોનાશ પણ જીવન્મુક્તિનું કારણ છે, એ વાત શ્રુતિમાં કહી છે. 'મન એ જ મનુષ્યોનાં બંધનનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને મોક્ષનું કારણ છે. વિષયમાં આસક્ત થયેલું મન બંધન લાવનારું છે અને વિષયથી મુક્ત થયેલું મન મુક્તિ લાવનારું છે. આમ વિષયથી મુક્ત થયેલા આ મનની મુક્તિ માનવામાં આવી છે. તેથી મુમુક્ષુ પુરુષે પોતાના મનને વિષયથી નિત્યમુક્ત રાખવું જોઈએ. વિષયોના સંગમાત્રથી અળગું થયેલું અને હૃદયમાં નિરોધ પામેલું મન જ્યારે ઉન્મનીભાવને× પામે છે, ત્યારે તે પરમપદરૂપ થઈ જાય છે. મન જ્યાં સુધી ક્ષય પામે, ત્યાં સુધી હૃદયમાં તેનો નિરોધ કરવો. આ જ ધ્યાન અને જ્ઞાન છે, બીજું તો માત્ર યુક્તિઓનો વિસ્તાર જ છે.'

બંધ બે પ્રકારના છે: એક તીવ્ર બંધ છે અને બીજો મૃદુ બંધ છે. તેમાં આસુરી સંપત્તિ સાક્ષાત્ ક્લેશના કારણરૂપ છે, તેથી તે તીવ્ર બંધ કહેવાય છે. માત્ર દ્વૈતની પ્રતીતિ પોતે ક્લેશરૂપ નથી, છતાં તેથી આસુરી સંપત્તિની ઉત્પત્તિ થાય છે. આ કારણે એ પ્રતીતિ મૃદુ બંધ છે. આમાં વાસનાક્ષયથી તીવ્ર બંધ ટળે છે અને મનોનાશથી બંને બંધો દૂર થાય છે.

ત્યારે પ્રશ્ન ઊઠશે કે, જો મનોનાશથી જ આ બધું થઈ શકે છે, તો પછી વાસનાક્ષયનો અર્થ શો? પણ એમ નથી. જ્યારે મન ભોગના હેતુરૂપ પ્રબળ પ્રારબ્ધથી જાગી ઊઠ્યું હોય, ત્યારે તીવ્ર બંધને ટાળવા સારુ વાસનાક્ષયનું પ્રયોજન હોય છે; કેમ કે ભોગની સિદ્ધિ તો મૃદુ બંધથી પણ થાય છે. તામસ વૃત્તિઓ તીવ્ર બંધ છે અને સાત્ત્વિક તથા રાજસ વૃત્તિઓ મૃદુ બંધ છે. આ વસ્તુ 'જેમનું મન દુઃખોમાં

× ઉન્મનીભાવ—જ્યારે મનની વૃત્તિ એક વસ્તુ પરથી બીજી વસ્તુ ઉપર જાય છે, ત્યારે તે બેની વચમાં વૃત્તિની જે આધારરહિત અને વિકારરહિત અવસ્થા છે, તે ઉન્મની અવસ્થા કહેવાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉદ્વેગ પામતું નથી અને જેમને સુખોને વિષે સ્પૃહા નથી' એ શ્લોકના વ્યાખ્યાનમાં સ્પષ્ટ કરી છે. અહીં શંકા ઊઠશે કે, આમ છે તો મૃદુ બંધ હાનિકર નથી અને હાનિકર તો માત્ર તીવ્ર બંધ જ છે. એ તીવ્ર બંધને તો વાસનાક્ષયથી જ દૂર કરી શકાય છે. તો પછી મનોનાશ અર્થહીન જ છે ને ? પણ એમ નથી, કારણ કે દુર્બળ પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલા ને અચૂક આવનારા ભોગોનો પ્રતિકાર કરવા માટે મનોનાશનું પ્રયોજન છે જ. તેવા ભોગના પ્રતિકારને અને તેની નિવૃત્તિને વિષે આ પ્રમાણે કહ્યું છે : 'જો અચૂક થનારા ભોગોનો પ્રતિકાર હોઈ શકે છે, તો નળ, રામ અને યુધિષ્ઠિર દુઃખોથી લેપાયા જ ન હોત.'

આ પ્રમાણે મનોનાશ અને વાસનાક્ષય જીવન્મુક્તિનું સાક્ષાત્ સાધન છે, તેથી તેમનું પ્રાધાન્ય છે. તત્ત્વજ્ઞાન તો એ બન્નેની ઉત્પત્તિના હેતુરૂપ હોઈ આડકતરા કારણરૂપ છે, તેથી તે ગૌણ છે. તત્ત્વજ્ઞાન એ વાસનાક્ષયનું કારણ છે, એ વાત શ્રુતિમાં અનેક વાર કહી છે : 'પરમાત્મદેવના જ્ઞાનથી સર્વ પાશો છૂટી જાય છે.' 'ક્લેશો ક્ષીણ થવાથી જન્મ અને મરણથી મુક્તિ મળે છે.' 'અધ્યાત્મયોગની પ્રાપ્તિથી પરમાત્મદેવનો સાક્ષાત્કાર કરીને ધીર પુરુષ હર્ષ અને શોકનો ત્યાગ કરે છે.' 'આત્મવેત્તા પુરુષ શોકને તરી જાય છે.' 'જે એક આત્માને જ સર્વત્ર જુએ છે, તેને મોહ શો અને શોક શો ?' 'પરમાત્મદેવને જાણીને સર્વ પાશોથી મુક્ત થવાય છે.'

તત્ત્વજ્ઞાન એ મનોનાશનું પણ કારણ છે, એ વાત શ્રુતિથી સિદ્ધ છે. વિદ્યાદશાને લક્ષમાં રાખી શ્રુતિ આ પ્રમાણે કહે છે કે 'જ્યારે એને આ સર્વ આત્મા જ છે, ત્યારે તે કોનાથી કોને જુએ અને કોનાથી કોને સૂંઘે ?' ગૌડપાદાચાર્ય પણ કહે છે : 'આત્માના તત્ત્વનું સાચું જ્ઞાન થવાથી જ્યારે તે સંકલ્પ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરતો બંધ પડે છે, ત્યારે તે મનવિનાની સ્થિતિએ પહોંચે છે, ત્યારે તે ગ્રાહ્ય વસ્તુનો અભાવ હોવાથી વૃત્તિ દ્વારા કોઈ વિષયને ગ્રહણ કરતો નથી.'

જેમ વાસનાક્ષય અને મનોનાશ એ બન્ને જીવન્મુક્તિનાં સાક્ષાત્ સાધન છે, તેમ તત્ત્વજ્ઞાન વિદેહમુક્તિનું સાક્ષાત્ સાધન છે. આથી વિદેહમુક્તિને માટે જ્ઞાનને પ્રધાનતાએ સેવવું જોઈએ. સ્મૃતિ કહે છે: 'જ્ઞાનથી જ કૈવલ્ય સાંપડે છે અને તેથી જ મુક્તિ મળે છે.' કેવલનો એટલે આત્માનો જે ભાવ તે કૈવલ્ય–એટલે દેહ વગેરેથી રહિતતા. તે દેહાદિ રહિતતા જ્ઞાનથી જ સાંપડે છે; કારણ કે સદેહપણું અજ્ઞાનથી જ કલ્પિત છે અને તે એક જ્ઞાનથી જ દૂર કરી શકાય છે. 'જ્ઞાનથી જ' એમ કહ્યું છે, તે કર્મ(ધર્મસંબંધી)ની નિવૃત્તિ સૂચવવા માટે છે, કારણ કે શ્રુતિ કહે છે: 'ન કર્મથી, ન પ્રજાસંતતિથી અને ન ધનથી.' જે પુરુષ જ્ઞાનના શાસ્ત્રનો યથાયોગ્ય અભ્યાસ કર્યા વિના કેવળ મનોનાશ તથા વાસનાક્ષયનો અભ્યાસ કરે છે અને સગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, તેને કૈવલ્યની પ્રાપ્તિ થતી નથી; કારણ કે તેનો લિંગદેહ નાશ પામ્યો નથી. આથી 'જ્ઞાનથી જ' એ શબ્દો બતાવે છે કે માત્ર મનોનાશ અને વાસનાક્ષયથી કૈવલ્યપદ પ્રાપ્ત થતું નથી. 'અને તેથી જ મુક્તિ મળે છે.' એનો અર્થ આ છે: જ્ઞાનથી પ્રાપ્ત થયેલા કૈવલ્યના પ્રતાપે પુરુષ સર્વ બંધનોમાંથી મુક્ત–છૂટો થાય છે.

બંધો અનેક પ્રકારના છે. અવિદ્યાગ્રંથિ અબ્રહ્મત્વ (હું બ્રહ્મ નથી એવી પ્રતીતિ), હૃદયગ્રંથિ, સંશય, કર્મો, સર્વકામત્વ, મૃત્યુ અને પુનર્જન્મ આદિ શબ્દો વડે એ બંધોનું તે તે સ્થળે વર્ણન કરવામાં આવ્યું છે. આ સર્વ બંધો અજ્ઞાન-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થી થયા છે, તેથી જ્ઞાનથી તેમની નિવૃત્તિ થાય છે. આ સંબંધમાં શ્રુતિઓ કહે છે : 'હે સૌમ્ય ! હૃદયની ગુહામાં રહેલા આત્મસ્વરૂપને જે જાણે છે, તે અહીં જ અવિદ્યાગ્રંથિને છેદી નાખે છે. 'જે બ્રહ્મને જાણે છે, તે બ્રહ્મરૂપ જ થાય છે.' 'જેને તે પરમાત્માનાં દર્શન લાધ્યાં છે, તેની હૃદયગ્રંથિઓ ભેદાઈ જાય છે, તેના સર્વ સંશયો ઓગળી જાય છે અને તેનાં કર્મમાત્ર ક્ષય પામે છે.' 'બ્રહ્મને જે પરમ આકાશમાં–હૃદયગુફામાં રહેલ જાણે છે, તે સર્વ કામનાઓને સાથે ભોગવે છે.' 'એ બ્રહ્મને જાણીને જ મૃત્યુને પાર કરી જાય છે.' 'જે પુરુષ સદા મનરહિત અને પવિત્ર હોઈને વિજ્ઞાનથી યુક્ત થાય છે, તે તે પરબ્રહ્મના પદને પામે છે અને તેમાંથી તેને ફરી જન્મમરણનો ફેરો રહેતો નથી.' 'જે એમ જાણે છે કે હું બ્રહ્મ છું, તે આ સમસ્ત જગતરૂપ થાય છે.' આ સર્વ વાક્યોને અસર્વતા (અર્થાત્ 'આ બધું, મારું સ્વરૂપ નથી' એવી માન્યતા) વગેરે બંધોની નિવૃત્તિના સંબંધમાં પ્રમાણરૂપ માનવાં. આ વિદેહમુક્તિ જ્ઞાનની ઉત્પત્તિ થયાના કાળે જ થતી જાણવી; કેમ કે બ્રહ્મમાં આલેખવામાં આવેલા એ અવિદ્યા આદિ બંધો વિદ્યાએ કરીને વિનાશ પામ્યા હોય છે, એટલે તે ફરી ઉત્પન્ન થવાનો તેમ જ ફરી અનુભવમાં આવવાનો સંભવ હોતો નથી. વિદેહમુક્તિ અને વિદ્યાપ્રાપ્તિ એ બન્ને એક સાથે થાય છે, એ વાત ભાષ્યકાર ભગવાને સમન્વયસૂત્રમાં વિસ્તારથી ચર્ચી છે : 'તે બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં આગળનાં અને પાછળનાં પાપો અનુક્રમે અળગાં થાય છે અને વિનાશ પામે છે; કેમ કે, શ્રુતિમાં આવી સમજૂતી છે.' ઘણાક કહે છે કે, 'વર્તમાન શરીરના પતન પછી જ વિદેહમુક્તિ પ્રાપ્ત થાય છે.' શ્રુતિ પણ કહે છે : 'જ્યાં સુધી તેનું વર્તમાન શરીર છૂટી ગયું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી, ત્યાં સુધી તેની વિદેહમુક્તિ વિલંબમાં રહે છે. એ પછી તે બ્રહ્મને પામે છે.' વાક્યવૃત્તિમાં પણ કહ્યું છે: 'પુરુષ જ્યારે જીવન્મુક્ત થાય છે, ત્યારે પ્રારબ્ધકર્મના બળે કરીને તે કંઈક કાળ સુધી તે કર્મનો અનુભવ કરે છે. પછી એ પ્રારબ્ધકર્મનો ક્ષય થઈ જાય છે, ત્યારે તે અખંડ અને અતિશય આનંદસ્વરૂપ અને જન્મમરણથી રહિત એવા પરમાત્માના સર્વોત્કૃષ્ટ કૈવલ્યપદને પામે છે.' સૂત્રકાર પણ કહે છે: 'આ બેને ભોગ દ્વારા ક્ષય પમાડીને તે બ્રહ્મરૂપ થાય છે.' 'આ બે' એટલે પ્રારબ્ધસ્વરૂપ પુણ્ય અને પાપ. વસિષ્ઠ પણ કહે છે: 'જ્યારે પોતાનું શરીર કાળને વશ થાય છે, ત્યારે તે જીવન્મુક્તનું પદ છોડીને વિદેહમુક્તિમાં પ્રવેશે છે—જાણે વાયુ અચંચળ થઈ જાય છે.'

આમાં ખાસ પ્રકારની દૃષ્ટિને કારણે બે મત જેવું જણાય છે, પણ એ બંને અભિપ્રાયો એકમેકના વિરોધી નથી; એટલે આ કંઈ દોષરૂપ નથી. 'વિદેહમુક્તિ' શબ્દમાં જે 'દેહ' શબ્દ છે, તેને અનેકોએ સર્વ પ્રકારના દેહને લાગુ પાડ્યો છે અને વિદેહમુક્તિને પોતપોતાની રીતે વર્ણવી છે. અમે તો માત્ર 'ભાવી દેહ'ના અર્થમાં જ એ 'દેહ' શબ્દને યોજીએ છીએ; કેમ કે ભાવી દેહનો આરંભ ન થાય તેટલા સારુ જ જ્ઞાન સંપાદન કરવામાં આવે છે. આ વર્તમાન દેહ તો જ્ઞાનસંપાદનની પહેલાં જ આરંભાઈ ચૂક્યો છે. તેથી તેનો આરંભ જ્ઞાનથી પણ ખાળી શકાય એમ નથી; તેમ જ આ દેહની નિવૃત્તિ તે કાંઈ જ્ઞાનનું ફળ નથી; કારણ કે પ્રારબ્ધકર્મનો ક્ષય થતાં અજ્ઞાનીઓનો વર્તમાન દેહ પણ નિવૃત્ત થાય છે.

આમ જો જ્ઞાન વિના વર્તમાન સ્થૂળ શરીરની નિવૃત્તિ નથી, તો પછી વર્તમાન લિંગદેહની નિવૃત્તિ એ જ્ઞાનનું ફળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, એમ માનવું ને? ના; કેમ કે જ્ઞાન હોવા છતાં જીવન્મુક્તના લિંગદેહની નિવૃત્તિ થયેલી હોતી નથી.

અહીં કોઈ કહેશે કે પ્રારબ્ધકર્મ કંઈક કાળ સુધી જ્ઞાનને પ્રતિબંધ કરે છે, એટલે લિંગદેહની નિવૃત્તિ થતી નથી. પણ એ પ્રતિબંધ ક્ષય પામે છે, ત્યારે તો લિંગદેહ નિવૃત્ત થાય છે ને? ના, એમ પણ નથી; કેમ કે 'પંચપાદિકાચાર્યે' સ્પષ્ટ કહ્યું છે: 'આથી જ્ઞાન અજ્ઞાનને જ નિવૃત્ત કરે છે.' તો પૂછવામાં આવશે કે, લિંગદેહની નિવૃત્તિ માટે સાધન શું? તો અમે કહીએ છીએ કે લિંગદેહને ઉત્પન્ન કરનારી સામગ્રીની નિવૃત્તિ એ જ તેનું સાધન. વિરોધી વસ્તુના સદ્ભાવથી અને સામગ્રીની નિવૃત્તિથી એમ બે રીતે કાર્યની નિવૃત્તિ સિદ્ધ થાય છે. જેમ કે દીવો એક તો તેના વિરોધી વાયુથી અથવા તેલ તથા વાટની સામગ્રીના અભાવથી નિવૃત્ત થાય છે; પણ લિંગદેહનો સાક્ષાત્ વિરોધી હોય એવો કોઈ પદાર્થ અમે જોતા નથી. તેથી એ દેહની સામગ્રીઓ નિવૃત્ત કરવાથી જ તેની નિવૃત્તિ થઈ શકે છે.

પ્રારબ્ધકર્મ અને અનારબ્ધ (સંચિત આદિ) કર્મો એમ બે પ્રકારની સામગ્રી છે. અજ્ઞાનીઓનો લિંગદેહ આ બે પ્રકારની સામગ્રીથી આ લોકમાં તથા પરલોકમાં સ્થિર રહે છે. જ્ઞાનીઓનું અનારબ્ધકર્મ જ્ઞાનથી નિવૃત્ત થાય છે અને તેમનું પ્રારબ્ધકર્મ ભોગથી નિવૃત્ત થાય છે, એટલે જેમ તેલ અને વાટવિનાનો થયેલો દીવો નિવૃત્ત થાય છે તેમ સામગ્રી વિનાનો થયેલો એ લિંગદેહ પણ નિવૃત્ત થાય છે. આમ લિંગદેહની નિવૃત્તિ એ કાંઈ જ્ઞાનનું ફળ નથી.

અહીં કહેવામાં આવશે કે, આ ન્યાયે તો ભાવી દેહનો આરંભ ન હોવો એ પણ જ્ઞાનનું ફળ છે. તો શું ભાવી દેહનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અનારંભ એ જ જ્ઞાનનું ફળ છે? અથવા શું ભાવી દેહના અનારંભનું સદા પાલન એ પણ જ્ઞાનનું ફળ છે? પહેલી વાત તો નથી જ; કેમ કે ભાવી દેહનો અનારંભ તો ભાવી દેહના પ્રાગભાવરૂપ (આગળના અભાવરૂપ) છે, તેથી તે અનાદિસિદ્ધ છે. બીજી વાત પણ નથી જ; કેમ કે ભાવી દેહના આરંભના પ્રાગભાવનું સદા પાલન અનારબ્ધકર્મરૂપ સામગ્રીની નિવૃત્તિથી જ સિદ્ધ થાય છે. આ અનારબ્ધકર્મરૂપ સામગ્રીની નિવૃત્તિ પણ જ્ઞાનનું ફળ નથી; કેમ કે અવિદ્યાની નિવૃત્તિ એ જ વિદ્યાનું ફળ છે. (બીજું કંઈ એનું ફળ નથી.) પણ આ દોષ નથી; કારણ કે ભાવીમાં જન્મ ન થવો વગેરે વિદ્યાનું ફળ છે, એ પ્રમાણસિદ્ધ વાત છે. 'જેમાંથી ફરીથી જન્મમરણનો ફેરો નથી' વગેરે ઉદાહરણરૂપે આપેલી શ્રુતિઓ આ વિષયમાં પ્રમાણરૂપ છે. વળી જ્ઞાન અજ્ઞાનને જ નિવૃત્ત કરે છે, એ ન્યાયથી વિરોધ પણ આવતો નથી; કેમ કે પંચપાદિકાચાર્યે અજ્ઞાનની સાથે નિયતભાવે રહેતા અબ્રહ્મત્વ આદિને 'અજ્ઞાન' શબ્દથી જ સમજાવ્યા છે. નહિ તો અનુભવનો વિરોધ આવે. કેમ કે અજ્ઞાનની નિવૃત્તિની જેમ અબ્રહ્મત્વની નિવૃત્તિ પણ અનુભવમાં આવે છે. આથી ભાવી દેહની રહિતતારૂપી લક્ષણવાળી વિદેહમુક્તિ જ્ઞાનની સાથે એકી વખતે થાય છે. વળી યાજ્ઞવલ્ક્યનું આ વચન શ્રુતિમાં (બૃહદારણ્યક ઉપનિષદમાં) છે: 'હે જનક! તને અભય મળ્યું છે.' 'અરે! આટલું જ સાચું અમૃતત્વ છે.' બીજી શ્રુતિમાં પણ કહ્યું છે: 'જે તેને (આત્માને) આ પ્રમાણે જાણે છે, તે આ લોકમાં અમૃત (મરણરહિત) થાય છે.' હવે તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા છતાં જો તેના ફળરૂપ વિદેહમુક્તિ તે વખતે ન થાય અને કોઈ અન્ય કાળે થાય, તો જ્યોતિષ્ટોમાદિમાં જેમ કર્મ વડે ઉત્પન્ન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થતાં કોઈ અપૂર્વની કલ્પના કરવી પડે છે, તેમ અહીં પણ કોઈ જ્ઞાનજન્ય અપૂર્વની કલ્પના કરવી પડે. આમ થાય તો જ્ઞાનશાસ્ત્ર કર્મશાસ્ત્રમાં અંતર્ભાવ પામી જાય. અહીં કહેવામાં આવશે કે, પ્રારબ્ધથી પ્રતિબંધ પામેલું જ્ઞાન મંત્રાદિથી પ્રતિબંધ પામેલા અગ્નિની જેમ કાળાંતરે વિદેહમુક્તિ આપશે તો તે એમ નથી; કારણ કે જ્ઞાન અને પ્રારબ્ધકર્મની વચ્ચે વિરોધ જ નથી. અમારા મત પ્રમાણેની વિદેહમુક્તિ ભાવિ દેહના અત્યંત અભાવરૂપ લક્ષણવાળી છે અને કેવળ વર્તમાન દેહને જ સ્થાપનારા પ્રારબ્ધથી તેને વિરોધ આવતો નથી. આમ, પ્રારબ્ધકર્મ વિદેહમુક્તિરૂપ જ્ઞાનના ફળને પ્રતિબંધ કરનારું થઈ શકે નહિ. વળી, જ્ઞાન ક્ષણિક છે, એટલે અન્ય કાળે તે હોય નહિ, તો પછી તે જ્ઞાન કેમ કરીને વિદેહમુક્તિ આપી શકે? કદાચ કહેવામાં આવશે કે અંતિમ સાક્ષાત્કારરૂપી લક્ષણવાળું બીજું જ્ઞાન ઉત્પન્ન થશે, તો તે પણ બને એમ નથી; કારણ કે તેવા જ્ઞાનને ઉત્પન્ન થવાને માટે કોઈ બીજું સાધન નથી. પ્રતિબંધકરૂપ પ્રારબ્ધકર્મની નિવૃત્તિ થવાથી જ ગુરુ, શાસ્ત્ર, દેહ અને ઇંદ્રિય આદિ સકળ સંસારની પ્રતીતિ સુદ્ધાં નિવૃત્ત થાય છે, તો પછી તે જ્ઞાન માટે કયું સાધન હોઈ શકે?

ત્યારે 'વળી અંતે વિશ્વરૂપી માયાની નિવૃત્તિ થાય છે.' એ શ્રુતિનો અર્થ શો? તો એનો ઉત્તર આ છે: પ્રારબ્ધનો અંત આવે છે, ત્યારે નિમિત્તનો અભાવ આવે છે: એટલે દેહ અને ઇંદ્રિય વગેરે સર્વ નૈમિત્તિકની નિવૃત્તિ થાય છે. આ એનો અર્થ છે. આથી તમારા અભિપ્રાય પ્રમાણે વર્તમાન દેહની રહિતતારૂપી વિદેહમુક્તિ દેહ પડ્યા પછી હો, પણ અમારા અભિપ્રાય પ્રમાણેની વિદેહમુક્તિ તો જ્ઞાનની સમકાલીન જ છે. આ જ અભિપ્રાયને ખ્યાલમાં રાખીને ભગવાન શેષ કહે છે:

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'જ્ઞાનની સાથે જ જે મુક્ત થયો છે, જેનો શોક હણાઈ ગયો છે અને જેને સ્મૃતિ રહી નથી, તે પુરુષ કદી તીર્થમાં કે કદી ચાંડાળને ઘેર દેહ ત્યજે તોપણ તે કૈવલ્યને પામે છે.'

આમ, વિદેહમુક્તિમાં સાક્ષાત્ સાધનરૂપ તત્ત્વજ્ઞાનની જ પ્રધાનતા છે, એ વાત સિદ્ધ થઈ. વાસનાક્ષય અને મનોનાશ—એ બન્ને તત્ત્વજ્ઞાન દ્વારા વિદેહમુક્તિનાં સાધન છે. આથી વિદેહમુક્તિમાં તેમની ગૌણતા છે. આસુરી વાસનાઓનો ક્ષય કરનારી દૈવી વાસના જ્ઞાનનું સાધન છે. એ વાત શ્રુતિ તથા સ્મૃતિમાં પ્રત્યક્ષ બતાવી છે. શ્રુતિ કહે છે: 'શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા અને સમાધાન પામીને તેણે આત્મામાં જ આત્માને જોવો.' સ્મૃતિ પણ કહે છે: 'અમાનીપણું, અદંભીપણું, અહિંસા, ક્ષમા, સરળતા, આચાર્યની સેવા, પવિત્રતા, સ્થિરતા, મનોનિગ્રહ, ઇંદ્રિયોના વિષયોને વિષે વૈરાગ્ય, અહંકારરહિતતા, જન્મમૃત્યુ—વૃદ્ધાવસ્થા તથા વ્યાધિ વિશે દુઃખની તથા દોષની દૃષ્ટિ, પુત્રપત્ની તથા ગૃહ વગેરેને વિશે આસક્તિ તથા અભિષ્વંગ(લોલુપતા)નો અભાવ, ઇષ્ટ તથા અનિષ્ટની પ્રાપ્તિમાં ચિત્તની નિત્ય સમતા, મારે વિશે અનન્ય ભાવથી અવ્યભિચારિણી ભક્તિ, એકાંત દેશનું સેવન, જનમંડળને વિશે અપ્રીતિ, અધ્યાત્મજ્ઞાનમાં નિષ્ઠા અને તત્ત્વજ્ઞાનના પ્રયોજનરૂપ મોક્ષનું દર્શન—આ સર્વ જ્ઞાન કહ્યું છે અને એથી ઊલટું તે અજ્ઞાન છે.'

અભિષ્વંગ એટલે અન્યને વિશે અહંબુદ્ધિ (અત્યંત અભિનિવેશ). 'એના દ્વારા જણાય (જ્ઞાન થાય) છે,' માટે જ્ઞાનસાધન આ છેલ્લે આવેલા જ્ઞાનનો અર્થ છે. મનોનાશ પણ જ્ઞાનસાધન છે, એમ શ્રુતિ તથા સ્મૃતિમાં પ્રસિદ્ધ છે. શ્રુતિ કહે છે: 'ત્યારે ધ્યાન કરનારો તે નિષ્કલ(અવયવ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહિત બ્રહ્મ)ને જુએ છે.' 'ધીર પુરુષ અધ્યાત્મયોગની પ્રાપ્તિથી પરમાત્મદેવને જાણે છે અને હર્ષ તથા શોકને ત્યજે છે.' અહીં પ્રત્યક્ આત્મામાં સમાધિની પ્રાપ્તિથી પરમાત્મદેવને જાણે છે, એ અર્થ છે. સ્મૃતિ કહે છે: 'જેમણે નિદ્રાને જીતી છે, શ્વાસને જીત્યો છે તથા ઇંદ્રિયોને અધીન કરી છે અને જેઓ સંતુષ્ટ છે તે યોગીઓ યોગ દ્વારા જે જ્યોતિનાં દર્શન કરે છે, તે યોગાત્માને નમસ્કાર હો.'

આ પ્રમાણે વિદેહમુક્તિ તથા જીવન્મુક્તિની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાન આદિ ત્રણેના ગૌણ ભાવની તથા મુખ્ય ભાવની વ્યવસ્થા સિદ્ધ છે. અહીં પ્રશ્ન થશે કે વિવિદિષાસંન્યાસીએ જે તત્ત્વજ્ઞાન આદિ મેળવ્યાં હોય છે, તેની વિદ્વત્સંન્યાસ ધારણ કર્યા પછી માત્ર અનુવૃત્તિ (ફરી ફરી થવું) જ સમજવી, કે તેમને મેળવવા માટે ફરી પ્રયત્ન કરવાની જરૂર છે? આમાં પહેલી અનુવૃત્તિની વાત સંભવિત નથી; કારણ કે તત્ત્વજ્ઞાનની જેમ મનોનાશ તથા વાસનાક્ષય એ બન્ને પણ વિનાયત્ને સિદ્ધ છે, તેથી તેને પ્રધાનતા આપીને વિશેષ આદર કરવાની આવશ્યકતા નથી. હવે બીજી ફરી પ્રયત્ન કરવાની વાત પણ સંભવિત નથી; કારણ કે મનોનાશ અને વાસનાક્ષય એ બન્નેને નિમિત્તે જેમ પ્રયત્ન કરવાની જરૂર રહે, તેમ તત્ત્વજ્ઞાનને નિમિત્તે પણ પ્રયત્ન કરવાની જરૂર રહે. આમ થાય, તો તત્ત્વજ્ઞાનની ગૌણતાને લીધે તેમાં ઉદાસીનતા રાખવી યોગ્ય થાય. પણ તે બને જ નહિ.

પણ આ દોષ નથી; કેમ કે તત્ત્વજ્ઞાનની માત્ર અનુવૃત્તિ હોય અને વાસનાક્ષય તથા મનોનાશ પ્રયત્નસાધ્ય હોય એમ અમે સ્વીકારીએ છીએ. હવે વિદ્યાના અધિકારી બે પ્રકારના છે: એક કૃતોપાસ્તિ (જેણે ઉપાસના સિદ્ધ કરી છે તે) અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજો અકૃતોપાસ્તિ (જેણે ઉપાસના સિદ્ધ કરી નથી તે). આમાં પોતાના ઉપાસ્યનો સાક્ષાત્કાર થાય, ત્યાં સુધી ઉપાસના કર્યા પછી જો કોઈ જ્ઞાનમાં પ્રવર્તે છે, તો તેને વાસનાક્ષય અને મનોનાશ અત્યંત દૃઢ હોવાથી, જ્ઞાન થયા પછી તે અધિકારીને વિદ્વત્સંન્યાસ તથા જીવન્મુક્તિ આપમેળે જ સિદ્ધ થાય છે. આવાને જ શાસ્ત્રોમાં વિદ્યાનો મુખ્ય અધિકારી માન્યો છે. આથી એ પ્રકારના અધિકારી માટે શાસ્ત્રોમાં ત્રણ સાધનો એક સાથે કહ્યાં છે. આમ વિવિદિષાસંન્યાસ અને વિદ્વત્સંન્યાસ એ બન્ને સ્વરૂપથી એકમેકથી જુદાં છે, છતાં તેઓ જાણે એકમેકમાં ભેળાઈ ગયેલા લાગે છે. અત્યારના વખતમાં તો મનુષ્યો સામાન્ય રીતે અકૃતોપાસ્તિ હોય છે અને તેઓ માત્ર કૌતુકથી જ વિદ્યામાં એકદમ પ્રવર્તે છે. તેઓ તાત્કાલિક વાસનાક્ષય તથા મનોનાશ મેળવે છે અને એથી તેમણે શ્રવણ, મનન અને નિદિધ્યાસન સિદ્ધ થાય છે. આ શ્રવણાદિનો દૃઢ અભ્યાસ થતાં અજ્ઞાન, સંશય અને વિપર્યય દૂર થાય છે, એટલે તત્ત્વજ્ઞાન રૂડી રીતે ઉદય પામે છે. હવે એ તત્ત્વજ્ઞાનને બાધ કરનારું કોઈ પ્રમાણ નથી, તેમ જ અવિદ્યા નિવૃત્ત થઈ છે, તેથી તે અવિદ્યાને ફરી ઉત્પન્ન થવાનું કોઈ કારણ નથી. આથી તેનું એ તત્ત્વજ્ઞાન શિથિલતાને પામતું નથી. હવે દૃઢ અભ્યાસનો અભાવ હોય અને ભોગ આપનારા પ્રારબ્ધથી જ્યારે ને ત્યારે બાધા આવતી હોય, તો વાસનાક્ષય અને મનોનાશ એ બન્ને વાયુવાળા પ્રદેશમાં રહેલા દીવાની જેમ એકદમ નિવૃત્ત થઈ જાય છે. વસિષ્ઠ કહે છે : ‘ વાસનાના ત્યાગનો પ્રયત્ન આગળ કહેલા પ્રયત્નો કરતાં પણ વિષમ માનવામાં આવ્યો છે. મેરુને મૂળથી ઉખેડી નાખવા કરતાં પણ તે વિશેષ મથી નાખનારો છે.’ અર્જુન પણ કહે છે : ‘ હે કૃષ્ણ ! ચંચળ અને અતિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મથી નાખનારું આ મન સાચે જ અત્યંત બળવાન છે. હું તો માનું છું કે તેને કબજે કરવું એ તો પવનને કબજે કરવા જેટલું અતિ દુષ્કર છે.'

વાસના

તેથી અત્યારના વિદ્વત્સંન્યાસીઓ માટે જ્ઞાનની માત્ર અનુવૃત્તિ છે અને તેમને વાસનાક્ષય તથા મનોનાશ પ્રયત્ન-સાધ્ય છે, એમ સિદ્ધ થયું. તો જેના ક્ષયને માટે પ્રયત્ન કરવો યોગ્ય છે, તે વાસના શી વસ્તુ છે? ઠીક, વસિષ્ઠ તેનું સ્વરૂપ કહે છે: 'આગળ–પાછળનો વિચાર કર્યા વિના દૃઢ ભાવનાથી પદાર્થનું જે ગ્રહણ કરવામાં આવે છે, તેને વાસના કહેવામાં આવે છે. હે મહાબાહુ! પુરુષ પોતે તીવ્ર સંવેગથી જે ભાવના કરે છે, તે રૂપ તે તરત થઈ જાય છે અને તેની બીજી સ્મૃતિ ચાલી જાય છે. આમ, વાસનાને વશ થયેલો પુરુષ તે તે વાસનારૂપ થાય છે અને પોતે જે જુએ છે તે જ સાચી વસ્તુ છે એવો મોહ પામે છે. આ પ્રમાણે વાસનાના વેગને પરવશ પડવાથી તે પોતાના સ્વરૂપને વીસરી જાય છે. પછી જેમ પીધેલો મનુષ્ય કેફને વશ થવાથી યથાર્થ જોતો નથી, તેમ તે દૂષિત દૃષ્ટિવાળો પણ સૌ કોઈ વસ્તુને ભ્રાંતિયુક્ત દેખે છે.'

અહીં પોતપોતાના દેશ, આચાર, કુળ, ધર્મ, ભાષા અને તે તે ભાષામાંના સારા તથા માઠા શબ્દો વગેરેને વિશે પ્રાણી-ઓનો જે આગ્રહ હોય છે, તે વાસનાનું સામાન્ય ઉદાહરણ છે. વાસનાનાં વિશેષ ઉદાહરણ અમે વાસનાના ભેદો કહ્યા પછી આપીશું. આ ઉક્ત વાસનાના સંબંધમાં બૃહદારણ્યકમાં આવી શ્રુતિ છે: 'તેને જેવી વાસના હોય છે, તેવા તેના સંકલ્પ હોય છે, તેવી તેની ક્રિયા હોય છે. જેવી તેની ક્રિયા હોય છે, તેવું તેને ફળ મળે છે.' વાલ્મીકિએ વાસનાના ભેદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બતાવતાં કહ્યું છે: 'શુદ્ધ અને મલિન એમ બે પ્રકારની વાસના કહેવાઈ છે. તેમાં મલિન વાસના જન્મના કારણરૂપ છે અને શુદ્ધ વાસના જન્મને ટાળનારી છે. જ્ઞાનીઓએ મલિન વાસનાને આ પ્રકારની વર્ણવી છે: 'અજ્ઞાને કરીને તે અત્યંત ઘન આકારવાળી છે, તે ઘન અહંકારથી ભરેલી છે અને તે ફરી ફરીને જન્મ લેવડાવનારી છે.' ત્યારે શુદ્ધ વાસના વિશે આ પ્રમાણે કહેવાયું છે: 'ભૂંજેલા બીજની જેમ તે પુનર્જન્મરૂપી અંકુરને છોડી રહી છે. તેણે જાણવાનું જાણ્યું છે અને માત્ર દેહને અર્થે જ તેને ધારણ કરવામાં આવે છે.'

ત્રણ દેહ (સ્થૂલ વગેરે), પાંચ કોશ (અન્નમય વગેરે) અને તેના સાક્ષી એવા આત્માના પરસ્પર ભેદને લીધે ઢાંકી દેનાર વસ્તુ તે અજ્ઞાન છે. એ અજ્ઞાનથી જેનો આકાર અત્યંત ઘન થયો છે, તે અજ્ઞાને કરીને અત્યંત ઘન આકાર-વાળી કહેવાઈ છે. જેમ દૂધ છાશના મળવાથી ઘન (ઘાટું) થાય છે, અથવા વીઘરેલું ઘી જેમ શીતળ પ્રદેશમાં લાંબા કાળ સુધી રાખી મૂકવાથી અતિ ઘન થાય છે, તેમ વાસના વિશે પણ જાણવું. અહીં જે ઘનીભાવ છે, તે ભ્રાંતિની પરંપરા છે.

ભગવાને આસુરી સંપત્તિના વિવરણ પ્રસંગે ભ્રાંતિની આ પરંપરા વિશે આ પ્રમાણે કહ્યું છે: 'આસુરી વૃત્તિવાળા લોકો પ્રવૃત્તિને કે નિવૃત્તિને જાણતા નથી. તેમનામાં શૌચ હોતું નથી, આચાર હોતો નથી અને સત્ય પણ હોતું નથી. તેઓ આ જગતને અસત્ય (વેદાદિક પ્રમાણ વિનાનું), અપ્રતિષ્ઠ (ધર્માધર્મરૂપ વ્યવસ્થા વિનાનું) અને અનીશ્વર (ઈશ્વર વિનાનું) કહે છે. તેઓ તો કહે છે કે આ જગત તો પરસ્પર કામથી પ્રેરાયેલાં સ્ત્રી–પુરુષના સમાગમથી ઉત્પન્ન થયું છે અને તેમાં એથી બીજું કોઈ કારણ નથી. આવી દૃષ્ટિને વળગવાથી એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અલ્પ બુદ્ધિવાળાઓ પોતાના આત્માને ખોઈ બેઠા હોય છે, તેઓ ઉગ્ર કર્મ કરનારા હોય છે, જગતના શત્રુ હોય છે અને વિનાશને માટે જ તેઓ ઉત્પન્ન થાય છે. કદી પુરાય નહિ એવી કામનાનો આશ્રય કરીને રહેલા તેઓ દંભ, માન અને મદથી યુક્ત હોય છે, અપવિત્ર વ્રતવાળા હોય છે અને મોહથી અસત્ય વસ્તુઓને પકડી રાખીને પ્રવર્તે છે. તેઓ ઠેઠ પ્રલયકાળ સુધી અમાપ ચિંતાને ચોંટી રહ્યા હોય છે. કામનો ઉપભોગ એ જ એક વસ્તુ છે, એવો તેમનો નિશ્ચય હોય છે. આમ આશાના સેંકડો પાશોથી બંધાયેલા અને કામ તથા ક્રોધમાં પરાયણ રહેલા તેઓ કામના ઉપભોગ માટે અન્યાયથી દ્રવ્યસંચય કરવા તાકયા કરે છે.' //

તેમાં જ અહંકારનું આવું ઉદાહરણ આપ્યું છે: 'આ મેં આજે મેળવ્યું છે અને આ મનોરથને હું હવે મેળવીશ; આ ધન મારું છે અને વળી આ ધન મારું થશે; આ શત્રુને મેં હણ્યો છે અને વળી બીજા શત્રુઓને પણ હું હણીશ, હું ઈશ્વર (સમર્થ) છું, હું ભોગી (ઉપભોગ કરનાર) છું, હું સિદ્ધ (કૃતાર્થ) છું, હું બળવાન છું અને હું સુખી છું; હું ધનવાન છું, હું કુળવાન છું અને કોઈ મારા તોલનો નથી; હું યજ્ઞ કરીશ, હું દાન આપીશ અને હું આનંદ કરીશ—આ પ્રમાણે અજ્ઞાનથી અત્યંત મોહ પામેલા, અનેક પ્રકારના ચિત્ત-વિકારથી ભમી ગયેલા, મોહજાળમાં ફસાઈ રહેલા અને કામ-ભોગોમાં ખૂંપી ગયેલા તે મનુષ્યો અપવિત્ર નરકમાં પડે છે.'

આમ પુનર્જન્મનું કારણ બતાવ્યું છે. ફરીથી તેનો વિસ્તાર કરવામાં આવે છે.

'પોતાને જ મોટા માનનારા, અક્કડ રહેનારા અને ધન તથા માનના મદથી ફુલાઈ ગયેલા તે મનુષ્યો નામમાત્રના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યજ્ઞો પણ દંભથી તથા વિધિ વિના જ કરે છે. તેઓ અહંકાર, બળ, ગર્વ, કામ અને ક્રોધને વળગેલા છે. પોતાના અને પારકાના દેહમાં રહેલા મારો દ્વેષ કરે છે અને તેઓ ઈર્ષા કરનારા છે. ક્રૂર વર્તનવાળા તે નરાધમોને હું સંસારમાં સદા આસુરી યોનિઓમાં જ નાખું છું. આમ હે કુંતીનંદન ! આસુરી યોનિને પામેલા તે મૂઢો મને પામતા જ નથી અને જન્મોજન્મ અધમ ગતિને પામ્યા કરે છે.'

જ્ઞેય(જાણવા યોગ્ય)નું જ્ઞાન કરાવનારી શુદ્ધ વાસના છે. તેરમા અધ્યાયમાં ભગવાને જ્ઞેયનું સ્વરૂપ કહ્યું છે :

'જેને જાણીને અમૃત ભોગવાય છે, તે જ્ઞેય વસ્તુ વિષે હું કહું છું. તે અનાદિ પરબ્રહ્મ છે. તેને 'સત્' કહી શકાય એમ નથી, તેમ તેને 'અસત્' પણ કહી શકાય એમ નથી. તે સર્વતઃ હાથ અને પગવાળું છે. તે સર્વતઃ આંખ, મસ્તક અને મુખવાળું છે. તે સર્વતઃ કાનવાળું છે અને લોકમાં તે સર્વને વ્યાપીને રહ્યું છે. તે સર્વ ઇંદ્રિયોના (શબ્દ વગેરે) ગુણોનું આભાસસ્થાન છે, છતાં તે સર્વ ઇંદ્રિયોથી વિહીન છે. તે અસંગ છે, છતાં તે સર્વને ધારણ કરનાર છે. તે નિર્ગુણ છે, છતાં તે ગુણોને ભોગવનાર છે. તે ભૂતોની બહાર છે અને અંદર છે. તે ચર છે અને અચર છે અને સૂક્ષ્મ હોવાથી તે જાણી ન શકાય એવું છે. તે દૂર રહેનારું છે, તેમ તે પાસે પણ છે. પ્રાણીમાત્રમાં તે અવિભક્ત (અખંડ એક) રૂપે છે, છતાં તે જાણે વિભક્ત(વહેંચાયેલા)ની જેમ રહેલું છે. તે જ્ઞેય, ભૂતમાત્રને ધારણ કરનાર, સંહારનાર અને સર્જનાર છે, તે જ્યોતિઓનો પણ જ્યોતિ છે અને તે તમ(તમોગુણ, અંધકાર, અજ્ઞાન)થી પર કહેવાય છે.'

તટસ્થ લક્ષણ અને સ્વરૂપ લક્ષણ એ બંને દ્વારા જ્ઞેય જાણી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શકાય તેટલા સારુ અહીં જ્ઞેયનાં સોપાધિક અને નિરુપાધિક એ બંને સ્વરૂપોનું કથન કર્યું છે. (જે અમુક સમયે લક્ષ્ય સાથે સંબંધવાળું હોઈને લક્ષ્ય વસ્તુનો બોધ કરે છે, તે તટસ્થ લક્ષણ છે: જેમ કે, દેવદત્તનું ઘર. જે ત્રણે કાળમાં લક્ષ્ય સાથે સંબંધવાળું હોઈને લક્ષ્ય વસ્તુનો બોધ કરે છે, તે સ્વરૂપ લક્ષણ છે: જેમ કે, પ્રકૃષ્ટ પ્રકાશવાળો ચંદ્ર.)

અહીં પૂર્વાપર વિચારરહિત સ્ફુરણના હેતુરૂપ સંસ્કારને વાસના કહેવામાં આવી છે. હવે જ્ઞાન તથા જ્ઞેય તો વિચાર-જન્ય છે. એટલે તેને વિષે શુભ વાસનાનું લક્ષણ સંભવતું નથી; પણ આ શંકા ન હોવી જોઈએ; કારણ કે વાસનાની વ્યાખ્યામાં 'દૃઢ ભાવનાથી' એમ કહ્યું છે. અનેક જન્મોમાં દૃઢ અભ્યાસ કર્યો હોવાથી આ જન્મમાં પારકાના કોઈ પણ ઉપદેશ વિના જ અહંકાર, મમત્વ, કામ, ક્રોધ વગેરે મલિન વાસનાઓ ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે પ્રથમ જ્ઞાન વિચાર વડે ઉત્પન્ન થયા છતાં તેનું ચિરકાળ સુધી નિરંતર સત્કાર-પૂર્વક સેવન કરવામાં આવે, તો પરમતત્ત્વની ભાવના દૃઢ થાય છે. એટલે પછી મહાવાક્ય અને યુક્તિઓનું સ્મરણ કર્યા વિના પણ આત્મતત્ત્વ સામે રહેલા ઘડાની જેમ સ્ફુર્યા જ કરે છે. બોધની અનુવૃત્તિ સાથેનો આ પ્રકારનો જે ઇંદ્રિયવ્યવહાર છે, તે શુદ્ધ વાસનારૂપ છે. તે શુદ્ધ વાસના દેહના જીવનને માટે જ ઉપયોગી છે. તે દંભ, દર્પ આદિ આસુરી સંપત્તિને ઉત્પન્ન કરતી નથી, જન્માન્તરના હેતુરૂપ ધર્માધર્મને પણ ઉત્પન્ન કરતી નથી. જેમ સાળ આદિનાં શેકેલાં બિયાં માત્ર કોઠી ભરવાના જ કામમાં ઉપયોગી છે, પણ તેમાંથી રુચિકર અન્ન થતું નથી અને તેમાંથી નવું ધાન્ય પણ નીપજતું નથી, તેમ આ શુદ્ધ વાસના વિષે પણ સમજવું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોકવાસના, શાસ્ત્રવાસના ને દેહવાસના એમ ત્રણ પ્રકારની મલિન વાસના છે. 'હું એવું આચરણ રાખીશ કે સર્વ મનુષ્યો મારી સ્તુતિ જ કરે અને કોઈ મારી નિંદા કરે નહિ'—આવો અભિનિવેશ લોકવાસના છે. લોકવાસનાનું સંપાદન કરવું અશક્ય છે, તેથી તે મલિન છે; કારણ કે વાલ્મીકિએ નારદને ઘણી વાર આવું પૂછ્યું હતું: 'અત્યારે આ લોકમાં કોણ વીર્યવાન છે અને કોણ ગુણવાન છે?' ત્યારે નારદે તેમને આવો ઉત્તર આપ્યો: 'એવા તો ઇક્ષ્વાકુવંશમાં જન્મેલા જગવિખ્યાત રામ જ છે, તો તેવા રામની પતિવ્રતાઓમાં મુગટમણિ સમી અને જગતની માતારૂપ એવી સીતાના સંબંધમાં પણ કાને સાંભળ્યો જાય નહિ એવો લોકાપવાદ લાગ્યો હતો; તો પછી બીજાની તો વાત જ શી કરવી?'

વળી દેશદેશને કારણે પણ પરસ્પર પુષ્કળ નિંદા થતી મળી આવે છે. દક્ષિણ દેશના બ્રાહ્મણો ઉત્તર દેશના વેદ જાણનારા બ્રાહ્મણોને માંસભક્ષી કહી નિંદે છે; તો ઉત્તર દેશના બ્રાહ્મણો દક્ષિણ દેશના બ્રાહ્મણોને મામાની પુત્રીને પરણનારા તથા યાત્રાઓમાં માટીનાં વાસણ રાખનારા કહી નિંદે છે. ઋગ્વેદી બ્રાહ્મણો આશ્વલાયન શાખાને કણ્વશાખા કરતાં ચડિયાતી માને છે અને વાજસનેયી શાખાનું અધ્યયન કરનારા યજુર્વેદીઓ તેથી ઊલટું જ માને છે. આ પ્રમાણે, પોતપોતાના કુલગોત્ર, બંધુવર્ગ અને ઇષ્ટદેવતા વગેરેની પ્રશંસા કરવામાં આવે છે અને પારકાના કુલગોત્રાદિની નિંદા કરવામાં આવે છે. આ વસ્તુ વિદ્વાનથી માંડીને તે ઠેઠ સ્ત્રીઓ અને ગોવાળિયા સુધી સર્વત્ર પ્રસિદ્ધ છે. આ જ અભિપ્રાયને ઉદ્દેશીને કહ્યું છે કે, જે પવિત્ર છે તે પિશાચ છે, જે વિદ્વાન છે તે ભ્રમિત છે, જે ક્ષમાવાન છે તે અશક્ત છે, જે બળવાન છે તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દુષ્ટ છે, જે ચિત્ત વિનાનો છે તે ચોર છે અને જે સુંદર છે તે કામી છે; તો કયો પુરુષ લોકને પ્રસન્ન કરવાને સમર્થ છે?' સર્વ લોકોને સંતોષ આપી શકે, એવો તો કોઈ ઉપાય છે જ નહિ. એટલે હિતનું જ સર્વથા આચરણ કરવું જોઈએ. બહુ બડબડ કરનારો માણસ શું કરી શકે એમ છે?

આ પ્રમાણે લોકવાસનાની મલિનતાને ધ્યાનમાં લઈને મોક્ષશાસ્ત્રોમાં સ્તુતિ તથા નિંદામાં યોગીશ્વરની સમાનતા વર્ણવી છે. પાઠવ્યસન, બહુશાસ્ત્રવ્યસન અને અનુષ્ઠાનવ્યસન-એમ શાસ્ત્રવાસના ત્રણ પ્રકારની છે. આમાંનું પાઠનું વ્યસન ભરદ્વાજમાં જોવામાં આવે છે. એ ભરદ્વાજે પૂરાં ત્રણસો વરસ સુધી અનેક વેદોનું અધ્યયન કર્યું હતું. પછી ઇંદ્રે તેમને બીજાં સો વર્ષની આવરદાની લાલચ બતાવી, એટલે તે સો વર્ષમાં પણ તેમણે બાકીનું વેદાધ્યયન કરવાનો ઉદ્યમ કર્યો. આ જાતનો પાઠ કરવો અશક્ય છે, તેથી આને મલિન વાસના કહી છે. ઇંદ્રે તો તેમને એ અશક્યતાનું ભાન કરાવ્યું હતું અને એ પાઠમાંથી વારીને તેણે તેમને તેનાથી અધિક પુરુષાર્થ માટે સગુણ બ્રહ્મનો ઉપદેશ આપ્યો હતો. આ બધું તૈત્તિરીય બ્રાહ્મણમાં જોઈ લેવું. તે જ પ્રમાણે, બહુશાસ્ત્રવ્યસન પણ આત્યંતિક પુરુષાર્થના કારણરૂપ નથી અને તેથી કાવષેય ગીતામાં તેની મલિનતા બતાવેલી જોવામાં આવે છે: 'દુર્વાસા મહામુનિ અનેક પ્રકારનાં શાસ્ત્રોનાં પુસ્તકોનો ભાર સાથે લઈને દેવને નમસ્કાર કરવા માટે આવ્યા હતા. ત્યારે તે સભામાં નારદમુનિએ તેમને ભારવાહી ગધેડાની ઉપમા આપી. આથી દુર્વાસાએ કોપમાં આવી જઈને સર્વ પુસ્તકો લવણસમુદ્રમાં પધરાવી દીધાં. પાછા તે મહાદેવ પાસે આવ્યા, ત્યારે મહાદેવે તેમને આત્મવિદ્યામાં પ્રવૃત્ત કર્યા.' આ આત્મવિદ્યા જેઓ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંતર્મુખ થયા નથી અને જેઓ ગુરુની કરુણાથી રહિત છે, એવાઓને વેદશાસ્ત્રના માત્ર અધ્યયનથી સાંપડતી નથી. વળી શ્રુતિ કહે છે કે, 'આ આત્મા પ્રવચનથી લાધતો નથી, બુદ્ધિથી લાધતો નથી અને બહુ સાંભળ્યે લાધતો નથી.' બીજે પણ કહ્યું છે: 'અનેકાનેક શાસ્ત્રોની કથારૂપ કંથાને વારેવારે નકામી વ્યર્થ ચાવચાવ કરવાથી શું વળે?'

'ભોજનસામગ્રીમાં ફરતી કડછી જેમ અન્નના રસને જાણતી નથી, તેમ તે પુરુષ ચારે વેદોને તથા અનેકાનેક શાસ્ત્રોને ભણ્યા છતાં બ્રહ્મતત્ત્વને જાણતો નથી.'

નારદજી ચોસઠે કળાઓમાં અને વિદ્યાઓમાં કુશળ હતા, પણ તે આત્મવેત્તા નહોતા, તેથી તેમને સંતાપ રહેતો હતો. આથી તે સનત્કુમારને શરણે ગયા. આ વાત છાંદોગ્ય ઉપનિષદમાં બતાવી છે.

વિષ્ણુપુરાણમાં નિદ્રાધનું અનુષ્ઠાનવ્યસન મળી આવે છે. યોગવાસિષ્ઠમાં દાશૂરનું આવું ઉદાહરણ છે. ઋભુએ નિદ્રાધને વારંવાર બોધ આપ્યો, છતાં પણ તેણે કર્મ વિષેની જડ શ્રદ્ધાને ક્યાંય સુધી છોડી નહિ. દાશૂરમાં શ્રદ્ધાની અત્યંત જડતા હતી, તેથી તેને અનુષ્ઠાનને માટે પૃથ્વીમાં ક્યાંય પણ શુદ્ધ પ્રવેશ મળ્યો નહિ. આ કર્મવાસના પુનર્જન્મના કારણરૂપ છે, તેથી તે મલિન છે. વળી અથર્વવેદના મુંડક ઉપનિષદમાં કહ્યું છે: 'જેમને વિશે અઢાર પ્રકાર(સોળ ઋત્વિજ, એક યજમાન અને એક યજમાનપત્ની)નું હીનકર્મ કહ્યું છે, તે યજ્ઞરૂપી તરાપા તો હાલકડોલક છે. જે મૂઢ પુરુષો તેને જ કલ્યાણરૂપ ગણી અભિનંદે છે, તેઓ ફરીફરીને ઘડપણને તથા મૃત્યુને પામે છે. અવિદ્યાની ફાંસમાં ફસાયેલા, પોતાને ધીર અને પંડિત માનનારા અને અધમાધમ એવા તે મૂઢો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આંધળાથી દોરવામાં આવેલા આંધળાની જેમ જન્મમરણમાં કુટાયા કરે છે. અનેક પ્રકારે અવિદ્યામાં વર્તી રહેલા તે નાદાનો માન્યા કરે છે કે 'અમે કૃતાર્થ છીએ.' આસક્તિને લીધે કર્મ કરનારા પુરુષો આ જાણી શકતા નથી અને તેથી તેઓ આતુર હોય છે અને કર્મફળનો ક્ષય થતાં તેઓ નીચે ગરી પડે છે. આ મૂઢો ઇષ્ટાપૂર્તને જ શ્રેષ્ઠ માને છે અને બીજા કશાને તેઓ કલ્યાણરૂપ જાણતા નથી. તેઓ સ્વર્ગમાં સુકૃતનાં સુખ અનુભવી આ લોકમાં અથવા એથીયે હીણા લોકમાં પાછા આવે છે.'

ભગવાન શ્રીકૃષ્ણે પણ કહ્યું છે કે—

'હે પૃથાપુત્ર! વેદોના કર્મવાદોમાં રચ્યાપચ્યા રહેલા, કર્મકાંડ સિવાય બીજું કશું જ નથી એમ કહેનારા, કામનાઓમાં ડૂબી રહેલા અને સ્વર્ગને જ પરમ પુરુષાર્થ માનનારા અજ્ઞાની લોકો આ વાણીને(કર્મકાંડની ઉપયોગિતાને)બહેલાવી બહેલાવીને રજૂ કરે છે. તે વાણી જન્મને તથા કર્મફળને આપનારી છે. ભોગ તથા ઐશ્વર્યની ગતિવાળી છે અને વિધવિધ ક્રિયાઓથી ભરપૂર છે. આમ જેઓ ભોગ તથા ઐશ્વર્યમાં ખૂંપી ગયેલા છે અને જેમનાં ચિત્ત તે વાણીથી હરાઈ ગયાં છે, તેમની વ્યવસાયરૂપ બુદ્ધિ સમાધિમાં લાગતી નથી. વેદો (કર્મકાંડરૂપ) તો ત્રણ ગુણોના કાર્યના પ્રતિપાદક છે. માટે હે અર્જુન! તું એ ત્રણ ગુણોથી પર થા, તું દ્વંદ્વથી રહિત થા, તું નિત્ય સત્ત્વસ્થ રહે, તું યોગક્ષેમની ચિંતાથી મુક્ત થા અને તું સદૈવ આત્મનિષ્ઠ રહે. જે અર્થ એક નાના જળાશયમાં સરે છે, તે જ અર્થ ચારેકોર છલોછલ ભરેલા જળાશયમાં પણ સરે છે. તે જ પ્રમાણે સર્વ વેદોમાં જે પ્રયોજન સિદ્ધ થાય છે, તે બ્રહ્મને જાણનારાને સહજમાં સિદ્ધ થાય છે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાસ્ત્રવાસના દર્પના કારણરૂપ છે, તેથી તે મલિન છે. શ્વેતકેતુએ થોડા જ વખતમાં સર્વ વેદોનું અધ્યયન કરી નાખ્યું, છતાં ગર્વ કરીને તેણે પોતાના પિતા આગળ પણ અવિનય કર્યો. આ વાત છાંદોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં છે. વળી બાલાકિ કંઈ કંઈ ઉપાસનાઓ જાણીને ગર્વિષ્ઠ થઈ ગયો. તેણે ઉશીનર આદિ અનેક દેશોમાં દિગ્વિજય કરીને બ્રાહ્મણોનાં અપમાન કર્યાં અને છેવટે તેણે બ્રહ્મવેત્તાઓના શિરોમણિ અજાતશત્રુને પણ કાશીમાં ઉપદેશ આપવાની ધૃષ્ટતા કરી. આ વાત બૃહદારણ્યક તથા કૌષીતકી ઉપનિષદમાં છે.

૧) દેહવાસના પણ આત્મત્વ, ગુણાધાન અને દોષાપનયન ભ્રાંતિ એમ ત્રણ ભેદવાળી છે. તેમાં આત્મત્વ વિષે ભાષ્યકાર ભગવાને આ ઉદાહરણ આપ્યું છે : 'ચૈતન્યવિશિષ્ટ દેહ એ જ આત્મા છે, એમ સામાન્ય લોકો તથા લોકાયતિકો (ચાર્વાકના અનુયાયીઓ) માને છે.' 'તે આ પુરુષ અન્ન-રસમય છે.' અહીંથી આરંભીને 'તેથી તેને અન્ન કહેવામાં આવે છે' ત્યાં સુધી તૈત્તિરીય ઉપનિષદ સામાન્ય લોકની એ જ માન્યતાને સ્પષ્ટ કરે છે. છાંદોગ્ય ઉપનિષદના આઠમા અધ્યાયમાં પણ કહ્યું છે કે 'પ્રજાપતિએ વિરોચનને ઉપદેશ આપ્યો, તોપણ પોતાના ચિત્તના દોષને લીધે તેણે દેહમાં આત્મ-ત્વની બુદ્ધિ દૃઢ કરી અને તેણે સર્વ અસુરોને તેનો જ ઉપદેશ આપ્યો.' લૌકિક અને શાસ્ત્રીય એમ બે પ્રકારનું ગુણાધાન (પોતામાં ન હોય તે ગુણ પ્રાપ્ત કરવો) છે. સુંદર શબ્દાદિ સંપાદન કરવાં તે લૌકિક ગુણાધાન છે. કોમળ સ્વરથી ગાવાને માટે અને અધ્યયન કરવાને માટે લોકો તેલ પીવું તથા મરી ખાવાં વગેરે ઉપાયોથી પ્રયત્ન કરે છે. મુલાયમ સ્પર્શ થાય તેટલા સારુ લોકો પુષ્ટિકારી ઔષધનો તથા તેવા આહારનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપયોગ કરે છે. લાવણ્ય લાવવા સારુ લોકો અભ્યંગસ્નાન કરે છે અને પીઠી વગેરે ચોળે છે. વળી તે માટે તેઓ મોંઘાં વસ્ત્રો પહેરે છે અને અલંકારો ધારણ કરે છે. સુગંધને સારુ લોકો માળાઓ પહેરે છે અને ચંદન વગેરેનાં લેપ લગાડે છે. શાસ્ત્રીય ગુણાધાન મેળવવા માટે તેઓ ગંગા-સ્નાન કરે છે તથા શાલિગ્રામનું ચરણામૃત લે છે.

દોષાપનયન (શરીરમાં રહેલા દોષને દૂર કરવા) પણ લૌકિક અને વૈદિક (શાસ્ત્રીય) એમ બે પ્રકારનું છે. વૈદ્યોએ કહેલાં ઔષધોથી તથા મોં વગેરે ધોવાથી જે દોષાપનયન થાય તે લૌકિક છે અને શૌચ તથા આચમન આદિથી જે દોષાપનયન થાય તે વૈદિક છે. હવે આ દેહવાસનાની મલિનતા કહેવામાં આવે છે. દેહને આત્મા માનવો એ પ્રમાણશૂન્ય છે અને સર્વ દુઃખોના કારણરૂપ છે. તેથી એ આત્મત્વ મલિન છે. પૂર્વના સર્વ આચાર્યોએ પણ અતિ પ્રયત્નપૂર્વક આ આત્મત્વ-નો નિષેધ કર્યો છે. ગુણાધાન સિદ્ધ થાય છે, એમ અમે સામાન્યતઃ જોતા નથી. અનેક પ્રસિદ્ધ ગાયકો અને અધ્યા-પકો પ્રયત્ન કરે છે, છતાં તેઓ સ્વરની સુંદરતા મેળવી શકતા નથી. ઔષધાદિથી મુલાયમ સ્પર્શ અને અંગની પુષ્ટિ થાય જ એવો કોઈ નિયમ નથી. વળી લાવણ્ય અને સુગંધ વસ્ત્રા અને માળા વગેરેમાં જ છે, કંઈ દેહમાં નથી. આથી વિષ્ણુપુરાણમાં કહ્યું છે: 'માંસ, લોહી, પરુ, વિષ્ઠા, મૂત્ર, સ્નાયુ, મજ્જા અને હાડકાંના માળખારૂપ દેહને વિશે જો મૂઢને પ્રીતિ થાય છે, તો તેને નરકને વિશે પણ પ્રીતિ થવી જ જોઈએ! જે પુરુષને પોતાના દેહની અપવિત્રતાથી તથા તેની દુર્ગંધથી વૈરાગ્ય ન આવે, તેને વૈરાગ્યના બીજા કયા કારણનો ઉપદેશ આપી શકાય?'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શાસ્ત્રીય ગુણાધાન તે તે શાસ્ત્રના કરતાં પ્રબળ એવાં શાસ્ત્રોથી બાધ પામે છે. દાખલા તરીકે 'કોઈ પ્રાણીની હિંસા કરશો મા,' એ વેદવચનનો 'અગ્નિષ્ટોમમાં પશુનો બલિ આપવો,' એ વચન અપવાદ છે. અન્ય શાસ્ત્રોની અપેક્ષાએ આ નીચેનું શાસ્ત્રવચન વિશેષ પ્રબળ છે:

'ત્રણ ધાતુઓ(વાત, પિત્ત અને કફ)ના બનેલા મડદામાં જેને આત્મબુદ્ધિ છે, જેને પત્ની આદિમાં આત્મબુદ્ધિ છે, જેને પૃથ્વીના વિકારરૂપ પદાર્થમાં પૂજ્યબુદ્ધિ છે અને જેને જળમાં તીર્થબુદ્ધિ છે, છતાં જાણકાર જનોને વિશે જેને ક્યારેય આવી બુદ્ધિ નથી, તે મનુષ્ય ગધેડો કે બળદિયો જ છે.'

'દેહ અત્યંત મલિન છે અને દેહસ્થ આત્મા અત્યંત નિર્મળ છે. એ બન્નેનું અંતર જાણ્યા પછી કોની શુદ્ધિ કરવી?'

જો કે આ શાસ્ત્રવચનથી દોષાપનયનનો નિષેધ થાય છે અને ગુણાધાનનો નિષેધ થતો નથી, તોપણ વિરોધ કરનારો પ્રબળ દોષ હોય ત્યાં સુધી ગુણાધાન અશક્ય છે. આ અર્થમાં અહીં ગુણાધાનનો પણ નિષેધ કરાયો છે. દેહની અત્યંત મલિનતા વિશે મૈત્રાયણી શાખામાં શ્રુતિ છે: 'હે ભગવન્! હાડકાં, ચામડાં, સ્નાયુ, મજ્જા, માંસ, વીર્ય, લોહી, કફ, આંસુ અને ચીપડાથી દૂષિત થયેલા, વિષ્ઠા, મૂત્ર, વાત અને પિત્તના સમુદાયરૂપ તેમ જ દુર્ગંધથી ભરેલા આ નિઃસાર શરીરને વિશે વિષયોના ઉપભોગોનું શું પ્રયોજન છે?'

આ શરીર મૈથુનથી ઉત્પન્ન થયું છે, ચૈતન્યથી રહિત છે અને જાણે નરકમાં હોય તેવું છે. તે મૂત્રદ્વારથી બહાર આવ્યું છે, હાડકાંથી ખડકાયું છે, માંસથી લપટાયેલું છે અને ચામડાથી મઢેલું છે. તે વિષ્ઠા, મૂત્ર, પિત્ત, કફ, મજ્જા, મેદ અને વસાથી તેમ જ અનેક મળોથી છલોછલ છે. આથી તે જાણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દ્રવ્યથી ભરેલો કોશ છે. ઔષધોપચારથી રોગની શાંતિ થાય જ એવું નક્કી નથી. શાંત થયેલો રોગ પણ ક્યારેક પાછો ઊપડી આવે છે. જેનાં નવ છિદ્રો(બે આંખ, બે કાન, બે નસકોરાં, મોં, ગુદા અને જનનેંદ્રિય)માંથી નિરંતર મળ ઝર્યા કરે છે અને જેનાં રૂંવાડાંના અણુગણ મૂળમાંથી ગંધાતો પરસેવો ઝર્યા કરે છે, તે શરીરને કોણ પખાળીને શુદ્ધ કરી શકે ?

પૂર્વના આચાર્યોએ પણ કહ્યું છે : 'ઘડાની જેમ આ નવ છિદ્રવાળા શરીરમાંથી મળ ઝર્યા જ કરે છે. એને બહારની સાફસૂફીથી શુદ્ધ કરી શકાતું નથી, તેમ અંદરની શુદ્ધિ એને માટે છે જ નહિ.'

આમ દેહવાસના મલિન છે. તે મલિનતા માટે વસિષ્ઠ કહે છે : 'હે રામ ! 'પગથી માંડીને ઠેઠ માથા સુધી હું માતાપિતાથી ઘડાયો છું' એવો જે એક નિશ્ચય છે, તે ખરું જોતાં ખોટો છે અને બંધનને લાવનારો છે. 'હું દેહ છું' એવો જે નિશ્ચય છે, તે કાલસૂત્ર નામના નરકની કેડી છે. તે અવીચિ નામના નરકની મોટી જાળ છે અને તે અસિપત્રવન નામના નરકની હાર છે. સર્વનાશ થવા બેઠો હોય, તોપણ એ નિશ્ચયને સર્વ પ્રયત્ને દૂર કરવો. ભાવી કલ્યાણની આશા રાખનારે તો કૂતરાના માંસને લઈ જતી ચંડાળણ જેવી એ અહંભાવનાનો ઓળો સરખો પણ ન લેવો.'

આમ લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસના એ ત્રણે વાસનાઓ અવિવેકીઓને સ્વીકારવા જેવી લાગે છે. છતાં એ વાસનાઓ જિજ્ઞાસુઓને જ્ઞાનની ઉત્પત્તિ થવામાં વિરોધી છે, તેથી વિવેકીઓએ તેમનો ત્યાગ જ કરવો. આથી સ્મૃતિ-(યોગવાસિષ્ઠ)માં કહ્યું છે : 'લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનાથી જીવને યથાર્થ જ્ઞાન થતું જ નથી.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દંભ અને દર્પ આદિ આસુરી સંપત્તિરૂપ જે માનસવાસના છે તે નરકના કારણરૂપ છે, તેથી તેની મલિનતા પણ અતિ પ્રસિદ્ધ છે. આથી હરકોઈ ઉપાયે આ ચારે વાસનાઓનો ક્ષય કરવો જોઈએ. જેમ વાસનાનો ક્ષય કરવો યોગ્ય છે, તેમ મનનો નાશ પણ કરવા યોગ્ય છે. તાર્કિકો મનને અણુના પરિમાણવાળું નિત્યદ્રવ્ય માને છે. તેથી તેમને માટે મનોનાશ એ દુઃસાધ્ય વસ્તુ છે, પણ વૈદિકો તેમ માનતા નથી. તેઓ તો મનને અવયવવાળું, અનિત્ય અને સુવર્ણ તથા લાખ વગેરેની જેમ અનેક જાતના પરિમાણને લઈ શકનારું દ્રવ્ય માને છે. વાજસનેયી શાખાવાળાઓ તેનું લક્ષણ તથા પ્રમાણ આ પ્રમાણે વર્ણવે છે: 'કામ, સંકલ્પ, સંશય, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૈર્ય, અધૈર્ય, લજ્જા, બુદ્ધિ અને ભીતિ એ બધું મન જ છે'—આમ જેમ ઘડા વગેરે પદાર્થો આંખથી પ્રત્યક્ષ રીતે અતિ સ્પષ્ટ દેખાય છે, તેમ અનુક્રમે ઉત્પન્ન થતી આ કામ આદિ વૃત્તિઓ સાક્ષીથી પ્રત્યક્ષ રીતે અતિ સ્પષ્ટ દેખાય છે. આથી આ મન જ આ વૃત્તિઓનું ઉપાદાનકારણ છે. આ મનનું લક્ષણ થયું. 'મારું મન બીજે ગયું તેથી મેં સાંભળ્યું નહિ,' 'તે મનથી જ જુએ છે, અને મનથી જ સાંભળે છે,' આ મનનું પ્રમાણ થયું. આંખની પાસે અને અત્યંત પ્રકાશમાં રહેલો ઘડો તેમ જ કાનની પાસે અને ઉચ્ચ સ્વરથી ભણવામાં આવેલો વેદ એ મનનું ધ્યાન હોતાં જણાય છે કે સંભળાય છે અને મનનું ધ્યાન નહોતાં જણાતો નથી કે સંભળાતો નથી. તે જ પ્રમાણે સર્વ વિષયોના જ્ઞાનનું સાધારણ કારણ મન છે અને તે અન્વય તથા વ્યતિરેકથી પ્રતીત થાય છે. ઉપર ટાંકેલાં વચનોનો આ અર્થ છે. આથી 'પીઠભાગે થયેલા સ્પર્શને તે મનથી જાણે છે'—એ મનનું ઉદાહરણ છે. લક્ષણ અને પ્રમાણથી મનને સિદ્ધ કર્યું છે, તેથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેનું એ ઉદાહરણ સમજવું. કોઈ બીજાએ તેની પીઠને ભાગે સ્પર્શ કર્યો હોય, ત્યારે દેવદત્ત ખાસ કરીને જાણે છે કે, 'આ હાથનો સ્પર્શ થયો અને આ આંગળીનો સ્પર્શ થયો.' હવે એ પીઠને ભાગે આંખો પહોંચતી જ નથી અને ત્વચા–ઇંદ્રિય તો માત્ર કોમળતા તથા કઠિનતા જાણીને જ અટકી જાય છે. આથી મન જ વિશેષ જ્ઞાનના કારણરૂપે શેષ રહે છે. આ મનનરૂપ ક્રિયાને લીધે તેને મન કહેવામાં આવે છે અને ચિંતનરૂપ ક્રિયાને કારણે તે જ ચિત્ત કહેવાય છે. તે ચિત્ત સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણમય છે; કારણ કે સત્ત્વાદિ ગુણોનાં કાર્યો—પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ મનમાં પ્રતીત થાય છે. પ્રકાશ, આદિ ત્રણ વસ્તુઓ ત્રણ ગુણોનાં કાર્યો છે. એમ તો ગીતામાં ગુણાતીતના લક્ષણમાં બતાવ્યું છે: 'હે પાંડવ! પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ' એ વચનોથી (ગીતામાં) સમજાવ્યું છે. સાંખ્યશાસ્ત્રમાં પણ કહ્યું છે: 'પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ નિયમને માટે છે.' અહીં 'પ્રકાશ'નો અર્થ શ્વેત અને ઉજ્જવળરૂપ નથી પણ જ્ઞાન છે; કેમ કે કહ્યું છે: 'સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી લોભ ઉત્પન્ન થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન ઉત્પન્ન થાય છે.' જ્ઞાનની જેમ સુખ પણ સત્ત્વગુણનું કાર્ય છે. તે વાત પણ કહી છે: 'હે ભારત! સત્ત્વગુણ વિશેષે સુખમાં પરિણમે છે, રજોગુણ વિશેષે કર્મમાં પરિણમે છે અને તમોગુણ તો જ્ઞાનને ચોમેર ઘેરી લઈને વિશેષે પ્રમાદમાં પરિણમે છે.'

સમુદ્રના તરંગોની જેમ ગુણો નિરંતર પરિણામ પામ્યા કરે છે. તેમાં ક્યારે કોઈ ગુણ અધિક ઉદ્ભવે છે, ત્યારે બાકીના બે ગુણ દબાઈ જાય છે, તે વિશે કહ્યું છે: 'હે ભારત! રજોગુણ અને તમોગુણને દબાવીને સત્ત્વગુણ ઉપર આવે છે;

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રજોગુણ અને સત્ત્વગુણને દબાવીને તમોગુણ ઉપર આવે છે અને તમોગુણ તથા સત્ત્વગુણને દબાવીને રજોગુણ ઉપર આવે છે.'

'આમ સમુદ્રમાંનાં મોજાંની જેમ એ ગુણો બાધ્ય-બાધકતાને પામે છે.'

તેમાં તમોગુણનો ઉદ્ભવ થાય છે, ત્યારે આસુરી સંપત્તિ ઉદય પામે છે; રજોગુણનો ઉદ્ભવ થાય છે, ત્યારે લોકાદિ ત્રણ વાસનાઓ ઉદય પામે છે અને સત્ત્વગુણનો ઉદ્ભવ થાય છે ત્યારે દૈવી સંપત્તિઓ ઉદય પામે છે. આ જ અભિપ્રાયથી કહ્યું છે : 'આ દેહને વિશે જ્યારે સર્વ દ્વારોમાં જ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થાય છે, ત્યારે સત્ત્વગુણની વિશેષ વૃદ્ધિ જાણવી.'

જોકે અંતઃકરણ (મન) ત્રિગુણાત્મક ભાસે છે, છતાં તેનું મુખ્ય ઉપાદાનકારણ સત્ત્વગુણ જ છે. રજોગુણ અને તમોગુણ તો એ સત્ત્વગુણના ઉપષ્ટંભકો (ઉપાદાન કારણને સહાય કરનારા અવયવો) છે. આથી યોગાભ્યાસથી રજોગુણ અને તમોગુણને દૂર કર્યા પછી જ્ઞાનીને માટે માત્ર શુદ્ધ સત્ત્વસ્વરૂપ જ શેષ રહે છે. આ અભિપ્રાયને લક્ષીને કહ્યું છે : 'જ્ઞાનીનું ચિત્ત અચિત્તરૂપ હોય છે. એ જ્ઞાનીનું ચિત્ત સત્તા કહેવાય છે.' સત્ત્વરૂપ તે ચિત્ત ચંચળતાના કારણરૂપ રજોગુણથી રહિત હોય છે, તેથી તે એકાગ્ર હોય છે. વળી ભ્રાંતિથી કલ્પેલા અને અનાત્મસ્વરૂપ એવા સ્થૂળ પદાર્થોના આકારના કારણરૂપ તમોગુણથી તે રહિત હોય છે, તેથી તે સૂક્ષ્મ હોય છે. આમ તે સત્ત્વગુણ આત્મદર્શનને યોગ્ય છે. આથી શ્રુતિ કહે છે : 'એને (આત્માને) સૂક્ષ્મદર્શી પુરુષો એકાગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી જુએ છે.' ખરેખર પવનથી હાલી રહેલા દીવાથી મણિ, મોતી વગેરેનાં લક્ષણોનો નિર્ણય થઈ શકતો નથી. સ્થૂળ કોદાળીથી સૂક્ષ્મ વસ્ત્રને સોયની જેમ સીવી શકાતું નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે અયોગીઓને વિશે આવું આ સત્ત્વ, તમોગુણથી ભરેલા રજોગુણની સાથે ભેળાઈ જાય છે અને દ્વૈતવિષયક અનેકવિધ સંકલ્પોથી ચેતનમય થાય છે, ત્યારે તે 'ચિત્ત' નામને પામે છે. તે ચિત્ત તમોગુણની અધિકતાવાળું હોય છે, ત્યારે આસુરી સંપત્તિને સંધર્યા કરે છે અને સ્થૂળતાને પામે છે. વસિષ્ઠ કહે છે: 'અનાત્મ પદાર્થોમાં આત્મભાવ રાખવાથી, દેહભાવના રાખવાથી અને પુત્ર, પત્ની તથા કુટુંબમાં આસક્તિ રાખવાથી ચિત્ત સ્થૂળતાને પામે છે. અહંકારના વિકારથી, મમતારૂપી મળની લીલાથી અને 'આ મારું' એવા ભાનથી ચિત્ત સ્થૂળતાને પામે છે. આધિવ્યાધિના વિલાસથી સંસારને વિશે સત્યત્વની બુદ્ધિથી અને ત્યાગસ્વીકારના વિભાગથી ચિત્ત સ્થૂળતાને પામે છે. સ્નેહથી, ધનના લોભથી અને મણિની તથા સ્ત્રીની ઉપરઉપરથી રમણીય લાગતી પ્રાપ્તિથી ચિત્ત સ્થૂળતાને પામે છે. દુરાશારૂપી દૂધનું પાન કરીને ભોગરૂપી પવનનું બળ મેળવીને અને પ્રપંચ વિષે સત્યબુદ્ધિ રાખી (તે પ્રમાણે) ચાલવાથી ચિત્તરૂપી સર્પ સ્થૂળતાને પામે છે. અહીં આસ્થા એટલે જગતરૂપી પ્રપંચમાં સત્યત્વની બુદ્ધિ. તેનું આદાન એટલે એનો અંગીકાર. એ અંગીકાર જ ચાર છે, એટલે ગમનાગમન ક્રિયા છે. આ પ્રમાણે વિનાશ કરવા યોગ્ય વાસના તથા મનના સ્વરૂપનું નિરૂપણ થયું.

હવે વાસનાક્ષય તથા મનોનાશનું અનુક્રમે નિરૂપણ કરવામાં આવે છે. તેમાં વસિષ્ઠ વાસનાક્ષયના પ્રકાર કહે છે: 'વાસનાનો બંધ એ જ બંધ છે અને વાસનાનો ક્ષય એ જ મોક્ષ છે. તું વાસનાઓને ત્યજ, તેમ જ મોક્ષની કામનાને પણ ત્યજ. પહેલાં વિષયવાસના તથા માનસી વાસનાઓનો ત્યાગ કરવો અને પછી મૈત્રી આદિ ભાવનારૂપ નિર્મળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાસનાઓનો સ્વીકાર કરવો. એ નિર્મળ વાસનાઓ સાથે વ્યવહાર કરવા છતાં અંતે તો એમને પણ ત્યજી દેવી. હવે સ્નેહ માત્રને શમાવીને તું માત્ર ચિત્ (ચેતન્ય) માત્રમાં વાસનાવાળો થા. પછી મન અને બુદ્ધિ સાથેની એ ચિન્માત્ર વાસનાને પણ ત્યજી દેવી. છેવટે જે વૃત્તિથી તું આ સર્વને ત્યજે છે, તે વૃત્તિને પણ ત્યજી દેજે અને સર્વના અવધિરૂપ-(શેષ)માં સ્થિર સ્થિતિ રાખજે.'

અહીં માનસવાસના શબ્દથી અગાઉ કહેલી લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસના સમજાવી છે. વિષયવાસના શબ્દથી દંભ તથા દર્પ આદિ આસુરી સંપત્તિ સમજાવી છે. લોકવાસના આદિ વાસનાઓ મૃદુ છે અને દંભ આદિ વાસનાઓ તીવ્ર છે, તેથી અહીં બંને અલગ પાડીને સમજાવી છે અથવા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ વિષયો છે. તેમને વિષે કામનાજન્ય સંસાર તે માનસવાસના છે અને તેમને વિશે ભોગજન્ય સંસ્કાર તે વિષયવાસના છે. આમ લેતાં અગાઉ કહેલી ચાર વાસનાઓ અહીં આ બે વાસનાઓમાં સમાઈ જાય છે; કારણ કે અંતર્વાસના અને બાહ્યવાસના એ બે સિવાય બીજી કોઈ વાસનાનો સંભવ જ નથી.

અહીં શંકા થશે કે વાસનાનો ત્યાગ કેવી રીતે થઈ શકે? તેમની કંઈ મૂર્તિ નથી કે, આપણે સાવરણી ફેરવીને તેમને ધૂળ તથા તણખલાની જેમ હાથે પકડીને બહાર કાઢી નાખીએ, પણ આ શંકા બરાબર નથી; કેમ કે જેમ ઉપવાસ અને જાગરણ સંબંધમાં, તેમ અહીં પણ તે ત્યાગ શક્ય છે. ભોજન કરવું અને નિદ્રા લેવી એ બન્ને ક્રિયાઓ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. તે બંને ક્રિયાઓને ખાસ કોઈ આકાર નથી; છતાં સર્વ લોકો તેમના ત્યાગરૂપ ઉપવાસ તથા જાગરણને કરતા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રહે છે, તે જ પ્રમાણે અહીં પણ હો. ॥

હવે પ્રશ્ન થાય છે 'अद्य स्थित्वा निराहारम्। હું આજે નિરાહાર રહીશ' ઇત્યાદિ મંત્રથી સંકલ્પ કરીને સાવધાનપણે રહેવું એ પણ ભોજન આદિનો ત્યાગ છે. તો આ સંબંધી ત્યાગને પણ દંડો ધરીને અટકાવ્યો નથી; કેમ કે પ્રૈષમંત્રથી સંકલ્પ કરીને સાવધાનીથી રહેવું એ શક્ય છે. જેઓ વૈદિક મંત્રોના અધિકારી નથી, તેઓ ભલે પોતાની ભાષામાં સંકલ્પ કરે–જો ભોજનત્યાગરૂપી ઉપવાસમાં શાક, દાળ અને ભાત આદિનો ત્યાગ છે. હવે ભોજનત્યાગ આદિમાં જો ભૂખ, ઊંઘ અને આળસ વગેરેને દૂર કરનારાં પુરાણશ્રવણ દેવ-પૂજા, નૃત્ય, ગીત અને વાજિંત્રો વગેરેથી ચિત્તને પ્રસન્ન કરવામાં આવે છે, તો અહીં વાસનાત્યાગમાં પણ મૈત્રી આદિ ઉપાયોથી ચિત્તને પ્રસન્ન કરવામાં આવે છે. પતંજલિએ મૈત્રી આદિ વિશે આ સૂત્ર કહ્યું છે: 'સુખમાં મૈત્રી, દુઃખમાં કરુણા, પુણ્યમાં મુદિતા અને અપુણ્યમાં ઉપેક્ષા એમ તે તે વિષયમાં ભાવના રાખવાથી ચિત્તની પ્રસન્નતાને (નિર્મળતાને) પામે છે. રાગદ્વેષ, પુણ્ય અને પાપથી જ ચિત્ત મલિન થાય છે. રાગ અને દ્વેષ વિશે પતંજલિએ આ સૂત્ર રચ્યું છે: 'સુખનો અનુશયી (પાછળ જનાર) તે રાગ અને દુઃખનો અનુશયી તે દ્વેષ' 'આ સર્વ સુખ મને હો.' એવી એક પ્રકારની ખાસ વૃત્તિ પોતે સ્નેહપૂર્વક અનુભવી રહેલા સુખની પાછળ જાય છે. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ સામગ્રીના અભાવથી તે સુખ સાંપડવું શક્ય નથી. આથી તે રાગ ચિત્તને મલિન કરે છે. જો સુખીઓને વિશે તે 'આ સર્વ સુખી પ્રાણીઓ મારાં છે,' એવી મૈત્રીની ભાવના કરે, તો અન્યનું સુખ પોતાનું થાય. આમ તે ભાવના કરનારનો તે સુખ વિશેનો રાગ દૂર થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાય. દાખલા તરીકે પોતાનું રાજ્ય ન હોય તોપણ પુત્રાદિનું રાજ્ય એ પોતાનું રાજ્ય છે, એમ માનવાથી રાજ્ય વિશેનો રાગ દૂર થાય છે. વર્ષાઋતુ વીતી ગયા પછી જેમ નદીઓ શરદઋતુમાં નિર્મળ થઈ જાય છે, તેમ ચિત્ત પણ આ પ્રમાણે રાગ દૂર થઈ ગયા પછી નિર્મળ થઈ જાય છે.

હવે 'આ કોઈ દુઃખ ક્યારેય મને ન હો,' એવી એક પ્રકારની વૃત્તિ દુઃખની પાછળ જાય છે. રોગ, શત્રુ, વાઘ આદિ હોય ત્યાં સુધી તે દુઃખને ખાળવું શક્ય નથી, તેમ જ દુઃખનાં સર્વ કારણોને દૂર કરી શકાતાં નથી, આથી તે દ્વેષ હૃદયને સદા બાળ્યા કરે છે. જેમ પોતાને તેમ અન્યને પણ પ્રતિકૂળ દુઃખ ન આવો–એ પ્રકારની કરુણાની ભાવના જ્યારે દુઃખી પ્રાણીઓ તરફ રાખવામાં આવે, ત્યારે વેર વગેરે દૂર થાય અને ત્યારે ચિત્તને પ્રસન્નતા સાંપડે. આથી સ્મૃતિમાં કહ્યું છે: 'જેમ આપણા પોતાના પ્રાણ આપણને પ્રિય છે, તેમ પ્રાણીમાત્રને તેમના પ્રાણ પ્રિય છે. આમ સાધુપુરુષો પ્રાણીમાત્રને પોતાના જેવા ગણીને તેઓ પ્રત્યે દયા કરે છે.' મહાન પુરુષો આનો પ્રકાર બતાવે છે: 'અહીં સર્વ સુખી થાઓ, સર્વ રોગરહિત થાઓ; સર્વનું કલ્યાણ થાઓ અને કોઈનેય કશું દુઃખ ન આવો.'

વળી પ્રાણીઓ સ્વભાવથી જ પાપ આચરે છે અને પુણ્ય આચરતા નથી. આથી કહ્યું છે: 'મનુષ્યો પુણ્યનું ફળ ઇચ્છે છે છતાં પુણ્ય ઇચ્છતા નથી. તેઓ પાપનું ફળ ઇચ્છતા નથી, છતાં યત્નપૂર્વક પાપ કરે છે.' તે પુણ્ય અને પાપ પશ્ચાત્તાપ જન્માવે છે. તે પશ્ચાત્તાપનું સ્વરૂપ શ્રુતિએ આવું કહ્યું છે: 'હાય! મેં શુભ કર્મ ન કર્યું! અરે! હાય! મેં કેમ પાપ-કર્મ કર્યું?' જો મનુષ્ય પુણ્યવાન પુરુષોને વિશે મુદિતાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભાવના કરે, તો તે વાસનાથી તે પોતે જ પ્રમાદરહિત થઈને પુણ્યકર્મમાં પ્રવૃત્તિ કરે છે. તે જો પાપીઓને વિશે ઉપેક્ષાની ભાવના કરે, તો તે પોતે પણ પાપકર્મથી પાછો પડે છે. આમ પશ્ચાત્તાપ રહેતો નથી, એટલે ચિત્ત નિર્મળતાને પામે છે. સુખીઓને વિશે મૈત્રીની ભાવના કરવાથી કેવળ રાગની જ નિવૃત્તિ થાય છે એમ નથી, તેથી તો અસૂયા તથા ઈર્ષા આદિ પણ દૂર થાય છે. બીજાના ગુણોમાં દોષનું આરોપણ કરવું, એ અસૂયા છે અને બીજાના ગુણોને સાંખી શકવા નહિ, એ ઈર્ષા છે. મૈત્રીની ભાવના કર્યાથી પારકાનું સુખ તે પોતાનું સુખ થઈ જાય છે, એટલે પછી પારકાના ગુણોને વિશે અસૂયા વગેરે થાય જ કેમ? આ જ પ્રમાણે અન્ય દોષોની નિવૃત્તિ પણ યથાયોગ્ય રીતે કલ્પી લેવી. દુઃખીઓને વિશે કરુણાની ભાવના કરનાર પુરુષનો જ્યારે શત્રુનો વધ આદિ કરનારો દ્વેષ દૂર થાય છે, ત્યારે દુઃખીપણાના વિરોધી એવા સુખીપણા વિશેનો દર્પ (ગર્વ) પણ દૂર થાય છે. તે દર્પ વિશે આસુરી સંપત્તિમાં અહંકારના વિષયમાં નિરૂપણ કર્યું છે: 'હું ઈશ્વર છું, હું ભોગ ભોગવનારો છું, હું સિદ્ધ છું, હું બળવાન છું અને હું સુખી છું. હું ધનવાન છું અને હું કુળવાન છું. મારા જેવો બીજો છે જ કોણ?'

હવે પુણ્યાત્માઓના સંબંધમાં મુદિતાની ભાવના કરવાથી પુણ્યમાં પ્રવૃત્તિ થાય એવું જે ફળ કહ્યું છે, તે યોગીઓના સંબંધમાં યોગ્ય નથી; કારણ કે એ પુણ્યનો અગાઉ મલિન વાસનામાં અંતર્ભાવ થયેલો બતાવ્યો જ છે. પણ આ શંકા ન હો; કેમ કે ત્યાં પૂર્વજન્મના કારણરૂપ એવાં ઇષ્ટપૂર્ત આદિ કાર્યકર્મોને જ મલિન વાસનારૂપ બતાવ્યાં છે, ત્યારે અહીં તો યોગાભ્યાસના પરિણામે થતા પુણ્યની જ વાત છે. એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પુણ્યકર્મ અશુક્લ અને કૃષ્ણ છે. તેથી તે પુનર્જન્મનું કારણ નથી. આ અશુક્લ કૃષ્ણત્વ સંબંધમાં પતંજલિનું આ પ્રમાણે સૂત્ર આવે છે: 'યોગીઓનું કર્મ અશુક્લ-કૃષ્ણ છે અને બીજાઓનું કર્મ ત્રિવિધ છે.' કામ્યકર્મ વિહિત છે, માટે શુક્લ છે; નિષિદ્ધકર્મ કૃષ્ણ છે અને મિશ્રકર્મ શુક્લ-કૃષ્ણ છે. આ ત્રણે કર્મો બીજાઓમાં એટલે અયોગીઓમાં સાંપડે છે-આ ત્રિવિધ કર્મ જન્મ આપનારાં છે. તે વિશે 'વિશ્વરૂપાચાર્ય' કહે છે: 'શુભ કર્મોથી દેવત્વ મળે છે, નિષિદ્ધ કર્મોથી નારકી ગતિ મળે છે અને પુણ્યપાપ એ બંનેથી બળપૂર્વક મનુષ્યજન્મ મળે છે.'

અહીં કહેવામાં આવશે કે યોગ કંઈ કૃષ્ણકર્મ નથી; કારણ કે તેનો નિષેધ કરવામાં આવ્યો નથી. તે વિહિત છે, એટલે તેને શુક્લકર્મ ગણવું જોઈએ, પણ એમ નથી; કેમ કે યોગ કંઈ કામ્યકર્મ નથી, એ અભિપ્રાયે કરીને તેને અશુક્લ બતાવ્યો છે. આથી યોગીએ અશુક્લ-કૃષ્ણ પુણ્ય વિશેની પ્રવૃત્તિની ઉપેક્ષા કરી છે.

એટલે પછી કહેવામાં આવશે કે, આ ન્યાયે તો યોગીઓ પણ પુણ્યાત્માઓને વિશે મુદિતાની યથાયોગ્ય ભાવના કરીને પુણ્યકર્મોમાં પ્રવૃત્ત થશે. તો તેઓ ભલે એમ પ્રવૃત્ત થતા; કારણ કે, જેઓ મૈત્રી આદિ ભાવનાથી ચિત્તને નિર્મળ કરે છે, તેઓ જ યોગીઓ છે. મૈત્રી આદિ એ ચારમાં તો તેમનું ઉપલક્ષણ છે. તેથી 'અભય અને સત્ત્વસંશુદ્ધિ' વગેરેથી દૈવી સંપત્તિ, 'અમાનીપણું અને અદંભીપણું' વગેરેથી જ્ઞાનનાં સાધનો, તેમ જ 'જીવન્મુક્ત અને સ્થિતપ્રજ્ઞ' વગેરે વચનોથી કહેલા ધર્મો પણ સમજાય છે; કારણ કે તે સર્વ શુભ વાસનારૂપ છે, તેથી તેઓ મલિન વાસનાને દૂર કરનાર છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે કહેવામાં આવશે કે શુભ વાસનાઓ તો અનેક છે અને એકલો એક માણસ તે સર્વનો અભ્યાસ કરી શકે નહિ. આથી તે અભ્યાસનો પ્રયાસ કરવો એ નિરર્થક છે; પણ એમ નથી. કારણ કે દૂર કરવા યોગ્ય અનંત મલિન વાસનાઓ કંઈ એકના જ મનમાં સંભવતી નથી. તેમ એક જ માણસ આયુર્વેદમાં કહેલાં સઘળાં ઓસડોને લઈ શકે એમ પણ નથી. વળી તે તે ઓસડોએ દૂર કરવા યોગ્ય સર્વ રોગો કંઈ એકના જ દેહમાં થવા સંભવતા નથી. આથી પ્રથમ પોતાના ચિત્તની પરીક્ષા કરવી. પછી જ્યારે ને જેટલી મલિન વાસના હોય, ત્યારે ને તેટલી વિરોધી એવી શુભ વાસનાનો અભ્યાસ કરવો. દાખલા તરીકે પુત્ર, મિત્ર અને કલત્ર (પત્ની) આદિથી પીડાઈ રહેલો પુરુષ તે પુત્રાદિથી વિરક્ત થાય છે અને પુત્રાદિથી નિવૃત્ત કરાવનાર સંન્યાસને સ્વીકારે છે. વળી વિદ્યાનો મદ, ધનનો મદ અને કુલાચારનો મદ વગેરે મલિન વાસનાઓથી પીડાઈ રહેલો પુરુષ તે તે મદના વિરોધી વિવેકનો અભ્યાસ કરે છે. તે વિવેક જનકે આ પ્રમાણે દર્શાવ્યો છે : 'આજે જેઓ મોટાનેય માથે છે, તેઓ જતે દહાડે નીચે ગબડી પડે છે, તો હે ચિત્ત! તને એ મોટાઈને વિશે કેમ આવો ભરોસો રહે છે? ક્યાં ગયાં તે રાજાઓનાં પૂર્વનાં ધનો? અથવા ક્યાં ગયાં બ્રહ્માનાં તે પ્રાચીન જગતો? તને આવો ભરોસો ક્યાંથી? કરોડો બ્રહ્મા ચાલ્યા ગયા છે, સૃષ્ટિની હારોહાર આથમી ગઈ છે અને રાજાઓ ધૂળની જેમ ઊડી ગયા છે–તો પછી મારા જીવિત વિશે મને શું ધૈર્ય રહે? જેમના નિમેષ (આંખ મીંચવી) અને ઉન્મેષ (આંખ ઉઘાડવી) જગતના પ્રલય અને ઉદયરૂપ છે, તે પુરુષો સુદ્ધાં નાશ પામ્યા છે, તો મારા જેવાની વિસાત જ શી?'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ વિવેક તત્ત્વજ્ઞાનનો ઉદય થયા પહેલાં થયેલો હોવો જોઈએ; કારણ કે નિત્યાનિત્યવસ્તુવિવેક (નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિવેક) ઇત્યાદિ સાધન વિના બ્રહ્મજ્ઞાન સંભવતું નથી. અહીં તો બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે, તેને જીવન્મુક્તિ સાંપડે તે ખાતર વાસનાક્ષય આદિ સાધનો કહેવા માંડ્યાં છે. તો આ પ્રસંગ વિનાનું નાચવું જ છે ને? ના, એમ નથી. સાધનચતુષ્ટય (વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુતા) સિદ્ધ થયા પછી બ્રહ્મજ્ઞાન થાય છે—આ તો સર્વ પુરુષોને સામાન્ય એવો પ્રૌઢ રાજમાર્ગ છે; છતાં પૂર્વના પુણ્યસમૂહના પરિપાકને લીધે જનકને તો આકાશમાંથી જેમ ફળ પડે છે, તેમ 'સિદ્ધગીતા'ને સાંભળવા માત્રથી અકસ્માત તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયું હતું. આથી ચિત્તની વિશ્રાંતિ માટે આ વિવેક કરવો જોઈએ. આમ આ નાચવું તો પ્રસંગોચિત જ છે. એટલે કહેવામાં આવશે કે, આ વિવેક તો જ્ઞાન થયા પછી થાય છે, એટલે મલિન વાસનાની અનુવૃત્તિ (સંસર્ગ) હોતી નથી. તો પછી શુદ્ધ વાસનાના અભ્યાસની અપેક્ષા જ નથી, એમ પણ નથી; કારણ કે જનકને મલિન વાસનાની અનુવૃત્તિ નહોતી તોપણ યાજ્ઞવલ્ક્ય, ભગીરથ આદિમાં એ અનુવૃત્તિ દેખાઈ જ છે. યાજ્ઞવલ્ક્ય અને તેમના પ્રતિવાદી ઉષસ્ત, કહોલ વગેરેમાં અત્યંત વિદ્યામદ હતો જ; કારણ કે તે સર્વ પણ વિવાદમાં વિજય મેળવવા માટે શાસ્ત્રાર્થમાં મંડ્યા હતા. હવે જો એમ કહો કે, તેમની એ વિદ્યા બ્રહ્મવિદ્યા નહિ હોય, કોઈ બીજી જ હશે, તો એમ પણ નથી; કેમ કે શાસ્ત્રાર્થમાં થયેલા સવાલ-જવાબોનો વિષય બ્રહ્મ જ હતો. ત્યાં જો એમ કહો કે એમનો વિષય ભલે બ્રહ્મ હતો; છતાં તેમનું જ્ઞાન તો ઉપરછલ્લું હતું અને તે યથાર્થ નહોતું તો આ વાત પણ બરાબર નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેમ કે તેમ હોય તો તેમનાં વાક્યોથી આપણને ઉત્પન્ન થયેલી બ્રહ્મવિદ્યા પણ યથાર્થ ન હોવાનો પ્રસંગ આવે. હવે જો એમ કહો કે એ જ્ઞાન યથાર્થ તો હતું, પરંતુ પરોક્ષ હતું તો તે પણ યોગ્ય નથી; કારણ કે 'જે સાક્ષાત્ અપરોક્ષ બ્રહ્મ છે' એ મુખ્ય અપરોક્ષ વિષયથી જ ખાસ કરીને પ્રશ્ન થયેલો મળી આવે છે.

હવે શંકા કરવામાં આવે કે, આત્મજ્ઞાનીઓમાં વિદ્યાનો મદ હોય, એ વાતને આચાર્યોએ સ્વીકારી નથી. વળી 'ઉપદેશસાહસ્રી'માં કહ્યું છે: 'એ જ પ્રમાણે જેણે પોતાના બ્રહ્મજ્ઞાનીપણાનો વિચાર પણ તજી દીધો છે, તે જ આત્મજ્ઞાની છે, બીજો કોઈ આત્મજ્ઞાની નથી.' 'નૈષ્કર્મ્યસિદ્ધિ'માં પણ કહ્યું છે કે, 'જ્ઞાનીને જ્ઞાનીપણાનું અભિમાન હોતું નથી; કેમ કે એ અભિમાન તો અસુરભાવ છે. આમ જો જ્ઞાની પણ અસુર થાય, તો પછી બ્રહ્મદર્શન નિષ્ફળ જ માનવું.' પણ આ દોષ નથી ત્યાં જીવન્મુક્તિ સુધીના તત્ત્વજ્ઞાનનો ઉલ્લેખ છે. વળી અમે પણ જીવન્મુક્તોમાં વિદ્યામદ ન જ હોય, એમ માનીએ છીએ.

શાસ્ત્રાર્થમાં વિજયેચ્છા રાખનારાઓમાં આત્મબોધ છે જ નહિ, કેમ કે આચાર્યોએ કહ્યું છે: 'ચિત્તરૂપી વ્યાયામભૂમિ-(અખાડા)માં રાગ (ઇચ્છા, આસક્તિ) એ અજ્ઞાનનું ચિહ્ન છે. જે વૃક્ષની ખખોલમાં અગ્નિ હોય, તે વૃક્ષને હરિયાળી હોય જ ક્યાંથી?' આમ રાગીમાં જ્ઞાન હોય જ નહિ, એ શંકા આવી. પણ આમ કહેવું બરાબર નથી; કેમ કે તે આચાર્યોએ કહ્યું છે: 'તત્ત્વજ્ઞાનીને વિષે ભલે રાગ વગેરે હો. તેમનું હોવું તેને કાંઈ હાનિ કરતું નથી. ઉખેડી નાખેલી દાઢવાળા સરપના જેવી અવિદ્યા શું કરી શકશે?' આમ આચાર્યોએ રાગ વગેરેનો સ્વીકાર કર્યો છે, પણ એમાં પરસ્પર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિરોધ નથી; કેમ કે જ્ઞાની અને સ્થિતપ્રજ્ઞ એ બંનેના સંબંધમાં એ બેઉ વચનોની વ્યવસ્થા થઈ શકે છે. અહીં જો એમ કહેવામાં આવે કે, જો જ્ઞાનીને વિષે રાગ આદિ માની લેવામાં આવે, તો ધર્મ તથા અધર્મ દ્વારા તેને ફરી જન્મ ધરવાનો પ્રસંગ ઊભો થાય. તો એમ કહેવું બરાબર નથી; કારણ કે અવિદ્યા વડે જન્મેલા કામ વગેરે જ મુખ્ય રાગ વગેરે છે અને તે જ વણબળ્યા બીજની જેમ પુનર્જન્મના કારણરૂપ છે. જ્ઞાનીમાં તો આ રાગ વગેરે આભાસ માત્ર છે, તેથી તે બળેલા બીજ જેવા છે. આ અભિપ્રાયને ઉદ્દેશીને કહ્યું છે: 'જ્ઞાનીને જ્યારે જ્યારે રાગ વગેરે ઉત્પન્ન થાય છે, ત્યારે વિવેકજ્ઞાનરૂપી અગ્નિ તેમને બાળી નાખે છે એટલે પછી એ રાગ વગેરેને અંકુરમાં આવવાનું થાય જ ક્યાંથી?'

હવે જો કહેવામાં આવે કે તો સ્થિતપ્રજ્ઞમાં પણ એ રાગ વગેરે ભલે હો! તો ઉત્તર એ કે એમ ન હોય; કેમ કે સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં તો મુખ્ય જેવા જણાતા આભાસરૂપ રાગ વગેરે પણ બાધા કરે છે. જેમ કે દોરડીમાંનો સાપ પણ તે વખતે મુખ્ય સાપની જેમ બિવડાવતો જણાય છે. અહીં જો એમ કહો કે આ રાગ વગેરેના આભાસપણાનું ફરીફરીને ચિંતન કરવામાં આવે, તો કોઈ પણ બાધ નથી. તો તે એમ જ છે, તો તો ઘણું જીવો તમે. એ જ અમારા મત પ્રમાણેની જીવન્મુક્તિ છે.'

શાસ્ત્રાર્થમાં વિજયેચ્છા રાખી રહેલા યાજ્ઞવલ્ક્ય તે વખતે આવા સ્થિતપ્રજ્ઞ નહોતા, તેથી જ ચિત્તની વિશ્રાંતિને અર્થે તે વિદ્વત્સંન્યાસ લેવાની તૈયારીમાં હતા. તેમને કેવળ શાસ્ત્રાર્થમાં વિજય મેળવવાની જ ઇચ્છા હતી એમ નહોતું. તેમને તો જબરી ધનતૃષ્ણા સુદ્ધાં જાગી હતી. અનેક બ્રહ્મ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાનીઓની આગળ રાખવામાં આવેલી અને અલંકારોથી મઢેલી હજાર ગાયોને તે હરી ગયા હતા અને પોતે આ વચન બોલ્યા હતા: 'અમે બ્રહ્મનિષ્ઠોને નમન કરીએ છીએ, અમે તો માત્ર ગાયોની જ કામના કરીએ છીએ.' હવે જો આને બીજા બ્રહ્મવેત્તાઓની અવજ્ઞા કરવા માટેનો એક વચનભંગ ગણીએ, તો એ તો વળી એક બીજો દોષ થયો. હવે તે વખતે બીજા બ્રહ્મજ્ઞાનીઓ પણ 'આ યાજ્ઞવલ્ક્ય આપણું ધન હરી ગયો છે, એમ માનીને ક્રોધે ભરાયા. એટલે યાજ્ઞવલ્ક્યે પોતે પણ ક્રોધને પરવશ થઈને શાકલ્યને શાપથી મારી નાખ્યો. આ પ્રમાણે યાજ્ઞવલ્ક્યે બ્રહ્મહત્યા કરી, એટલે તેમને મોક્ષ ન મળ્યો એવી શંકા યોગ્ય નથી; કેમ કે કૌષિતકી ઉપનિષદમાં કહ્યું છે: 'તેનો લોક કોઈ પણ કર્મથી આથમતો નથી. પછી તે માતૃવધ હોય, પિતૃવધ હોય, ચોરી હોય કે ગર્ભહત્યા હોય.' શેષ પણ પોતાની રચેલી 'આર્યા પંચાશીતિ'માં આ પ્રમાણે કહે છે: 'પરમાત્માને જાણનારો પવિત્ર પુરુષ કદી એક લાખ અશ્વમેધ કરે કે એક લાખ બ્રહ્મહત્યા કરે, તોપણ તેને તેમનાં પુણ્યો કે પાપો લાગતાં જ નથી.'

તો વધુ શું કહેવું? યાજ્ઞવલ્ક્ય વગેરે બ્રહ્મવેત્તાઓમાં મલિન વાસનાનો સંચાર છે જ. ભગીરથને તત્ત્વનું જ્ઞાન થયું હતું, અને તે રાજ્યનું રક્ષણ કરતો હતો; આમ છતાં મલિન વાસનાઓને લીધે તેના ચિત્તને વિશ્રાંતિ નહોતી. આથી સર્વનો ત્યાગ કર્યા પછી તે વિશ્રાંતિ પામ્યો. આ આખ્યાન યોગવાસિષ્ઠમાં કહ્યું છે. આ કારણે પોતામાં રહેલા મલિન વાસનાના દોષને પારકાના દોષની જેમ સારી રીતે તપાસવો અને તેના પ્રતિકારનો અભ્યાસ કરવો. આ જ અભિપ્રાયથી સ્મૃતિમાં કહ્યું છે કે, 'અત્યંત નિપુણ મનુષ્ય પારકાના દોષને પકડી પાડવામાં સારી રીતે તત્પર રહે છે; પણ તે જો પોતાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દોષને પકડી પાડવામાં નિપુણ રહે, તો પછી બંધનમાંથી કોણ મુક્ત ન થાય ?'

'ત્યારે પ્રથમ તો વિદ્યાના મદને ટાળવાનો ઉપાય શો ?' આમ પૂછવામાં આવે, તો આ પ્રશ્ન પોતાનામાં રહેલા અને અન્યના વિષયરૂપ મદને અંગે છે, કે પછી પોતાના વિષયરૂપ અને અન્યમાં રહેલા મદનો સંબંધમાં છે ? જો પ્રથમના વિદ્યામદને અંગે આ પ્રશ્ન હોય, તો એ મદનો ક્યારેક પણ અવશ્ય ભંગ થશે જ એમ નિરંતર ભાવના કરવી. દાખલા તરીકે શ્વેતકેતુને વિદ્યાથી મદ ચડી ગયો હતો, તે પ્રવાહણ રાજાની સભામાં ગયો. રાજાએ તેને પંચાગ્નિ વિદ્યાના સંબંધમાં પ્રશ્ન કર્યો, પણ શ્વેતકેતુ એ વિદ્યાને જાણતો નહોતો, તેથી તે કશું બોલ્યો નહિ. હવે રાજાએ એને ઘણી રીતે હડધૂત કર્યો, એટલે પિતા પાસે આવીને તે પોતાનો ખેદ કહેવા લાગ્યો. પિતા તો મદરહિત હતો, એટલે તો તે જ રાજા પાસે ગયો અને તેની પાસેથી તે વિદ્યા પામ્યો. ગર્વિષ્ઠ બાલાકિને અજાતશત્રુ રાજાએ તિરસ્કાર્યો, ત્યારે ગર્વ તજીને તે એ રાજાને ચરણે બેઠો. ઉષસ્ત, કહોલ વગેરે પણ મદે ભરાઈ વિવાદ કરી પરાજય પામ્યા. હવે, જ્યારે પોતાના વિષયરૂપ અને અન્યમાં રહેલો મદ હોય, ત્યારે આવી ભાવના કરવી : 'આ તો મારાથી અળગો છે. તે ભલેને નિંદા કરો કે સ્તુતિ કરો. મને એથી જરાય હાનિ નથી.' વળી 'જેઓ આત્માને નિંદે છે, તેઓ તો પોતાને જ નિંદે છે. જેઓ શરીરને નિંદે છે, તેઓ તો મારે મન મારા સહાયકો છે. જે યોગીને નિંદા અને અપમાન અત્યંત ભૂષણરૂપ છે, તેનો બડબડિયાઓ કેવી રીતે બુદ્ધિવિક્ષેપ કરી શકે ?'

'નૈષ્કર્મ્યસિદ્ધિ'માં કહ્યું છે : 'દોષરૂપ નિશ્ચિત થયેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને ત્યજાયેલા મળમૂત્રને વિશે કોઈ દોષ કહે, તો તે મળ-મૂત્રના ત્યજનારને શી હાનિ થાય? તે જ પ્રમાણે વિવેકથી ત્યજી દેવામાં આવેલા સ્થૂળ તથા સૂક્ષ્મ શરીરને વિશે કોઈ દોષ કહે તો, તે દેહોના સંબંધમાં વિદ્વાનને શી હાનિ થાય? શોક, હર્ષ, ભય, ક્રોધ, લોભ, મોહ અને સ્પૃહા વગેરે તેમ જ જન્મ અને મૃત્યુ એ બધું અહંકારનું જ જોવામાં આવે છે— આત્માનું કશું જ નથી.' 'જ્ઞાનાંકુશ' નામના ગ્રંથમાં નિંદાના ભૂષણરૂપપણા વિશે કહ્યું છે: 'જો કોઈ માણસને મારી નિંદા કરવાથી સંતોષ થાય, તો એ તો મારા ઉપર વિનાપ્રયત્ને થયેલો સહજ અનુગ્રહ છે; કેમ કે કલ્યાણને ઇચ્છનારા પુરુષો અન્યને સંતોષ આપવાને માટે પોતે પરાણે મેળવેલાં ધન વગેરે પણ વાપરી નાખે છે. આ જીવલોક સુખરહિત છે અને તેમાં દીનતા તો સતત સુલભ છે. એમાં કોઈ મનુષ્ય જો મારી નિંદા કરીને પ્રીતિ પામતો હોય, તો ભલે તે મારી આંખ આગળ કે આંખ પાછળ પેટ ભરીને મારી નિંદા કરે; કેમ કે અનેક દુઃખથી ભરેલા જગતમાં પ્રીતિનો યોગ દુર્લભ છે.' અપમાનના ભૂષણરૂપપણા વિશે સ્મૃતિમાં કહ્યું છે: 'સત્પુરુષોના ધર્મને ઘૂંટી રહેલા યોગીએ એવું આચરણ રાખવું કે જેથી લોકો તેનું અપમાન કરે અને તેની સોબત કરવાનું ન કરે.'

યાજ્ઞવલ્ક્ય તથા ઉષસ્તિ વગેરેમાં સ્વનિષ્ઠ (પોતાને વિશે રહેલા) અને પરનિષ્ઠ (અન્યને વિશે રહેલા) એમ બે પ્રકાર-ના વિદ્યામદો હતા. જેમ એ વિદ્યામદો વિવેકથી ટાળી શકાય છે, તેમ ધનથી અભિલાષા(તૃષ્ણા)ને તથા ક્રોધને પણ વિવેકથી ટાળી શકાય છે, એમ સમજવું. ધનના સંબંધમાં આ રીતે વિવેક કરી શકાય: 'પૈસો મેળવવામાં ક્લેશ છે અને તેનું જતન કરવામાં પણ ક્લેશ છે. ધનનો નાશ થાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, તો દુઃખ થાય છે. તે ખર્ચાઈ જાય છે, તોપણ દુઃખ થાય છે; આમ સર્વ પ્રકારે ક્લેશ કરાવનારા એ ધન ઉપર પૂળો મૂકો!'

ક્રોધ પણ બે પ્રકારનો છે: એક પોતાનો બીજા ઉપર અને બીજો બીજાનો પોતા ઉપર. તેમાં પોતામાં રહેલા બીજા ઉપરના ક્રોધ વિશે કહ્યું છે: 'તને અપકારી ઉપર ક્રોધ છૂટે છે ને? તો તો ધર્મ, અર્થ, કામ તથા મોક્ષને બળપૂર્વક રંજાડનારા કોપના ઉપર જ તું કેમ ક્રોધ કરતો નથી? ક્રોધ કંઈ ફળ જ આપે છે, તો તે ક્રોધ કરનારના ધર્મ, યશ તથા અર્થનો નાશ કરનાર છે. તે જો કંઈ ફળ આપતો નથી, તો તે ક્રોધ કરનારના શરીરમાં સંતાપ કરનાર છે. આથી ક્રોધ આ લોકમાં કે પરલોકમાં ક્યાંય હિતકારી નથી, તો સત્પુરુષોના મનમાં તો તે કેવી રીતે આશ્રય પામી શકે?'

હવે બીજામાં રહેલા પોતા ઉપરના ક્રોધ વિશે આ પ્રમાણે કહ્યું છે: 'મેં કશો જ અપરાધ કર્યો નથી, છતાં માણસો મારા ઉપર શીદને અકારણ ક્રોધ કરતા હશે?' આવો વિચાર પણ કરવો નહિ, પણ મેં પૂર્વે સંસારરૂપી બંધનમાંથી છૂટવાનો ઉપાય કર્યો નથી, એ જ મોટામાં મોટો અપરાધ છે, એમ વિચાર કરવો. એ ક્રોધરૂપી દેવને નમસ્કાર હો! પોતાને આશ્રય આપનારને તે અત્યંત બાળી નાખે છે, એના વિષયરૂપ એવા મને તે વૈરાગ્ય આપે છે અને તે મારા દોષનો બોધ કરે છે.'

ધનનો અભિલાષ અને ક્રોધ એ બન્ને જેમ વિવેકથી દૂર કરી શકાય છે, તેમ સ્ત્રી વિષેનો અને પુત્ર વિષેનો અભિલાષ એ બેઉ પણ વિવેકથી ટાળવા યોગ્ય છે. આમાં વસિષ્ઠે સ્ત્રી સંબંધમાં આવો વિવેકવિચાર દર્શાવ્યો છે: 'માંસની પૂતળી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેવી યંત્રની જેમ હાલતા અંગરૂપી પિંજરવાળી અને સ્નાયુઓ તથા હાડકાંની ગાંઠોથી શોભતી આ સ્ત્રીમાં સુંદરતા શી છે? એની આંખમાંથી ચામડી, માંસ, લોહી અને ઊનાંઊનાં આંસુ જુદાં પાડી દે અને પછી જો એમાં કંઈ રમણીયતા છે કે? તું શીદને એમાં ફોગટ મોહ કરે છે? આ સ્ત્રીના સ્તન ઉપરના મુક્તાહારની ઉજ્જવળ શોભાને, મેરુશિખરના તટ ઉપર ઊછળતી ગંગાની જલધારાની ઉપમા અપાય છે. પણ જો કાળ જાય છે અને મસાણના કોઈ ફરફરના ભાગમાં લલનાના એ જ સ્તનને કૂતરાઓ ચોખાનો એક નાનો સરખો ગોળો કહીને હોંશભેર ખાઈ જાય છે! કેશરૂપી કાજળને ધારણ કરનારી, સ્પર્શ થતાં દુઃખ આપનારી અને આંખને લોભાવી મૂકનારી આ સ્ત્રીઓ પાપાગ્નિની શિખાઓ છે; માણસને તે ઘાસની જેમ બાળી નાખે છે. આ સ્ત્રીઓ રસભરી (લીલી) છે, છતાં રસહીન (સૂકી) છે; સાચે જ તેઓ ફરફર બળતા નરકાગ્નિઓ માટેનું મોહક છતાં ભયંકર એવું બળતણ છે. આ સ્ત્રીઓ મૂઢમતિમનવાળા નરરૂપી પક્ષીઓનાં અંગોને બંધનમાં નાખનારી જાળો છે અને કામદેવરૂપી કિરાતે તેમને બિછાવી છે. ચિત્તરૂપી કાદવમાં વિચરતા એવા જન્મરૂપી ખાબોચિયાનાં માછલાંઓરૂપ પુરુષો માટે આ સ્ત્રીઓ જાણે દુર્વાસનારૂપ દોરડીવાળો, માંસ વળગાડેલો એક કાંટો છે. સર્વ દોષરૂપી રત્નોની પેટી સમી અને દુઃખમાત્રની સાંકળી સમી આ સ્ત્રીઓને મારા નિત્ય નવ ગજના નમસ્કાર હો! અહીં માંસ છે, અહીં લોહી છે, ત્યાં હાડકાં છે; છતાં હે બ્રહ્મન્! કંઈ દિવસોથી સ્ત્રીરૂપી વિષ રમણીયતાને પામે છે! જેને સ્ત્રી છે, તેને ભોગની ઇચ્છા છે; પણ જેને સ્ત્રી નથી, તેને ભોગની ભૂમિ જ ક્યાં છે? જેણે સ્ત્રીનો ત્યાગ કર્યો છે, તેણે જગતનો ત્યાગ કર્યો છે. જેણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જગતનો ત્યાગ કર્યો છે, તેને સુખ સાંપડ્યું છે.'

'પંચદશી'ના બ્રહ્માનંદ નામના પ્રકરણમાં પુત્ર સંબંધી વિવેકવિચાર આ પ્રમાણે બતાવ્યો છે: 'ન સાંપડતો પુત્ર માતાપિતાને લાંબા કાળ સુધી ક્લેશ આપે છે અને ગર્ભમાં સાંપડેલો પુત્ર ગર્ભપાતથી તથા પ્રસવથી તેમને બાધા કરે છે. જન્મ્યા પછી એ પુત્રના ગ્રહ તથા રોગ વગેરે તેમને પીડા કરે છે અને કુમાર થયા પછી તેની મૂર્ખતા તેમને દુઃખ આપે છે. જનોઈ પામ્યા પછી તેની વિદ્યાવિહીનતા તેમને ક્લેશ આપે છે અને પંડિતાઈ પામ્યા પછી તેનું કુંવારાપણું તેમને ક્લેશ આપે છે. યુવાની આવ્યા પછી તેની પરાઈ સ્ત્રીઓ વિશેની આસક્તિ તેમને ક્લેશકારી છે, અને કુટુંબવાળો થયા પછી તેની દરિદ્રતા તેમને ક્લેશ કરનારી છે. વળી કદી તે ધનવાન થાય અને મરી જાય તો તેથીય તેમને કષ્ટ થાય. આમ માતપિતાનાં દુઃખનો કંઈ છેડો જ નથી.'

જેમ વિદ્યા, ધન, ક્રોધ, સ્ત્રી અને પુત્ર સંબંધી મલિન વાસનાઓને વિવેકથી દૂર કરી શકાય છે, તેમ શાસ્ત્રોથી તથા પોતાની યુક્તિથી અન્ય વાસનાઓના દોષ પણ વિવેકપૂર્વક ખોળી કાઢી તેમને યથાયોગ્ય રીતે દૂર કરવા. આ પ્રમાણે વાસનાઓની નિવૃત્તિ કરવામાં આવે છે, ત્યારે જીવન્મુક્તિરૂપ પરમપદ મળે છે. એ વિષે વસિષ્ઠે કહ્યું છે: 'તું જો વાસનાઓના પૂરા ત્યાગ સંબંધમાં પૂરો પ્રયત્ન કરશે, તો તારા સર્વ આધિ-વ્યાધિઓ તત્ક્ષણ શિથિલ થઈ જશે. જો તું બળપૂર્વક પુરુષ-પ્રયત્ન કરીને વાસનાઓને સારી રીતે ત્યજી દેશે અને જો (સ્વરૂપને વિષે) સ્થિતિ બાંધશે, તો તું પૂર્ણપદને પામશે જ.'

અહીં જે 'પુરુષપ્રયત્ન' કહ્યો છે, તે આગળ કહેલો વિષય-દોષનો વિવેક જ છે. એ વિવેક ફરીફરીને કરવામાં આવે, તો-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ ઇંદ્રિયોના પ્રબળ વ્યવહારથી તેને પાછા પડવાનું આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે તે સંબંધમાં કહ્યું છે કે, 'હે કુંતીનંદન! જાણકાર પુરુષ પ્રયત્નવાળો હોય છે, તોપણ તેની મથી નાખનારી ઇંદ્રિયો તેના મનને જોરપૂર્વક ઘસડી જાય છે; કેમ કે વિષયોમાં વિચરતી ઇંદ્રિયોમાંની જે કોઈ ઇંદ્રિયને મન અનુસરવા માંડે છે, તે એકેન્દ્રિયપણું, પવન જેમ પાણીમાં વહાણને ખેંચી જાય તેમ તેની બુદ્ધિને ખેંચી લે છે. આમ ઉત્પન્ન થયેલા વિવેકની રક્ષા માટે ઇંદ્રિયોનો નિરોધ કરવો જરૂરી છે. આ વાત પણ ઉપરના બે શ્લોકો પછીના નીચેના શ્લોકોમાં બતાવી છે:

'મારામાં પરાયણ રહેનારા પુરુષે એ સર્વ ઇંદ્રિયોને સંયમમાં રાખીને યોગયુક્ત થઈ રહેવું; કેમ કે જેણે ઇંદ્રિયોને વશમાં આણી છે, તેની પ્રજ્ઞા (બુદ્ધિ) સુસ્થિર છે.' બીજી સ્મૃતિમાં પણ કહ્યું છે કે, 'યતિએ હાથપગને ચપળ રાખવા નહિ, આંખને ચપળ રાખવી નહિ, તેમ વાણીને પણ ચપળ રાખવી નહિ. આ સર્વ શિષ્ટ પુરુષનાં લક્ષણ છે.'

આ જ વાતને નીચે સંક્ષેપથી અને કંઈક વિસ્તારથી સ્પષ્ટ કરી છે: 'જીભરહિત, ષંઢ, પાંગળો, આંધળો, બહેરો અને મૂઢ એવો ભિક્ષુ એ છ ગુણો (જીભરહિતતા વગેરે) વડે મુક્ત થાય છે, તેમાં સંશય નથી; જમતા છતાં જે 'આ મને ગમે છે અને આ મને નથી ગમતું,' એવી આસક્તિ રાખતો નથી તેમ જ જે હિતકારી, સત્ય અને પ્રમાણસરનું જ બોલે છે, તે જીભરહિત કહેવાય છે. સોળ વરસની સુંદરીને જોવા છતાં જે તેને વિશે અત્યારે જન્મેલી તથા સો વરસની ઘરડી થયેલી સ્ત્રીને જોયાની જેમ નિર્વિકાર રહે છે, તે ષંઢ છે. જેનું જવું માત્ર ભિક્ષાને અર્થે છે અને મળમૂત્રના ત્યાગને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્થે જ છે અને જે એક જોજનથી આઘો જતો નથી, તે સર્વથા પાંગળો જ છે. ઊભતાં કે ચાલતાં જેની આંખ સોળ હાથ ભૂમિથી દૂર જતી નથી, તે સંન્યાસી આંધળો કહેવાય છે. હિતકારી, પ્રમાણસરની, મનોહર અને શોકહારી વાણી સાંભળ્યા છતાં જે તે ન સાંભળ્યા જેવું કરે છે તેને બહેરો કહેવામાં આવે છે. પોતે સમર્થ અને અવિકળ ઇંદ્રિયોવાળો હોવા છતાં જે સામે રહેલા વિષયોને વિશે નિત્ય નિદ્રાવશની જેમ વર્તે છે તે ભિક્ષુ મૂઢ કહેવાય છે. ન કોઈની નિંદા કરવી, ન કોઈની સ્તુતિ કરવી, ન કોઈના મર્મને આઘાત કરવો અને બહુ બોલબોલ કર્યા કરવું નહિ; આમ સર્વત્ર સમભાવી થવું. કોઈ પણ સ્ત્રી સાથે સંભાષણ કરવું નહિ, અગાઉ જોયેલી કોઈ સ્ત્રીને સંભારવી પણ નહિ, સ્ત્રીના સંબંધમાં વાતચીત સરખીય કરવી નહિ અને ચિત્રમાં આલેખવામાં આવેલી સ્ત્રીને સુદ્ધાં જોવી નહિ.'

રાત્રે ખાવું, એક ટાણું રાખવું તથા મૌન સેવવું વગેરે વ્રતોનો સંકલ્પ કરીને, કોઈ વ્રતી મનુષ્ય સાવધાન રહે છે અને તેમાં જરાયે ગાબડું પાડ્યા સિવાય તે તે વ્રતોનું રૂડી રીતે પાલન કરે છે. તે જ પ્રમાણે જીભરહિતતા વગેરે વ્રતોમાં રહેલો મનુષ્ય સાવધાન રહે છે અને વિવેકનું પાલન કરે છે. આમ વિવેક અને ઇંદ્રિયનિરોધ એ બન્ને લાંબા કાળ સુધી અને નિરંતર રીતે સત્કારપૂર્વક સેવવામાં આવે છે, તેથી મૈત્રી વગેરે ભાવનાઓ સુસ્થિર થાય છે. પરિણામે આસુરી સંપત્તિરૂપ મલિન વાસનાઓ ક્ષય પામે છે. આમ થવાથી મૈત્રી વગેરે વાસનાઓ જાણે શ્વાસ લેવા-મૂકવાની જેમ અથવા આંખની ઉઘાડ-મીંચની જેમ પુરુષપ્રયત્ન વિના જ પ્રવર્તે રહે છે. પછી આ વાસનાઓથી વ્યવહાર કરતા છતાં તે એ વ્યવહાર-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ની સફળતાના સંબંધમાં ચિત્તમાં ચિંતા રાખતો નથી અને નિદ્રા, તંદ્રા તથા મનોરાજ્ય (મનના તરંગો) વગેરે રૂપની સર્વ ચેષ્ટાઓને પ્રયત્નપૂર્વક શાંત કરે છે. આ પ્રમાણે કરીને તેણે ચિન્માત્ર (ચૈતન્ય) વાસનાનો અભ્યાસ કરવો. આમ આપોઆપ તો, આ જગત જડ અને ચેતન એમ બન્ને સ્વરૂપે ભાસે છે. શ્રુતિ કહે છે : 'સ્વયંભૂ (બ્રહ્મા)એ ઇંદ્રિયોને વિષયાભિમુખ સર્જી છે.' આથી ઇંદ્રિયો શબ્દ, સ્પર્શ વગેરે જડ વસ્તુઓને પ્રકાશ કરવાને માટે જ સર્જાઈ છે. આમ છતાં ચૈતન્ય એ જડનું ઉપાદાનકારણ છે. તેથી જડને ચૈતન્યથી જુદું પાડવું અશક્ય છે. આમ હોવાથી જડ જગતનું જે ભાન થાય છે, તે ચૈતન્યપૂર્વક જ છે. શ્રુતિ પણ કહે છે : 'તેના જ ભાનપૂર્વક સર્વ કોઈ ભાસે છે અને આ સર્વ તેના જ પ્રકાશથી પ્રકાશે છે.' આમ છે, તેથી પાછળથી ભાસતા જડનું વાસ્તવરૂપ તો પ્રથમ ભાસતું ચૈતન્ય જ છે, એમ નિશ્ચય કરવો અને જડની ઉપેક્ષા કરીને ચિત્તમાં ચૈતન્યની વાસના કરવી. આ વાત બલિ તથા શુક્રાચાર્યના સવાલ–જવાબથી વિશેષ સ્પષ્ટ થાય છે : 'અહીં શું છે? આ શું રૂપ છે? આ વળી છે કોણ? તું કોણ? હું કોણ છું? અને વળી આ લોકો કોણ છે? આ તમે મને ઝટ કહો.' 'અહીં ચૈતન્ય છે, આ બધું ચૈતન્યરૂપ છે. આ ચૈતન્ય જ છે. તું ચૈતન્ય છે, હું ચૈતન્ય છું અને આ લોકો પણ ચૈતન્ય છે. આ ટૂંકમાં તને કહ્યું.' સોની સોનાનું કડું વેચાતું લેવા ઇચ્છે છે, ત્યારે તે કડાના આકારના ગુણદોષની ઉપેક્ષા કરે છે અને માત્ર તેના ભારેપણા ઉપર તથા તેના રંગ ઉપર જ મન પરોવવા ઇચ્છે છે. તે જ પ્રમાણે ચૈતન્યને વિશે જ મન લગાડવું. જ્યાં સુધી જડની સર્વથા ઉપેક્ષા થઈ ને મનની પ્રવૃત્તિ શ્વાસોચ્છ્વાસની જેમ કેવળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચૈતન્ય વિશે જ સ્વાભાવિક થઈ જાય ત્યાં સુધી ચૈતન્ય વિશે પ્રયત્ન કરવો. અહીં કહેવામાં આવશે કે પ્રથમ ચૈતન્યવાસનાનો જ પ્રયત્ન થવા દો અને એ ચૈતન્યવાસનાની મલિન વાસના દૂર થશે. આમ હોવાથી મૈત્રી આદિ ભાવનાઓના અભ્યાસને વચ્ચે નાખીને શું કરવું છે? પણ આમ કહેવું વાજબી નથી; કારણ કે મૈત્રી આદિનો અભ્યાસ ન થાય તો ચૈતન્યવાસનાને સ્થિર થવાને ઠામ રહે નહિ. દાખલા તરીકે, પાયો મજબૂત કર્યા વિના થાંભલા તથા ભીંતવાળું મકાન સ્થિર ઊભી શકતું નથી અને વિરેચનથી પ્રબળ દોષો કાઢ્યા વિના લેવામાં આવેલું ઔષધ આરોગ્યકર થતું નથી.

હવે કહેવામાં આવશે: 'પછી તેને પણ ત્યજી દેવી.' આમાં ચૈતન્યવાસનાને પણ ત્યજી દેવી એમ સમજાય છે. પણ આ સુદ્ધાં અયોગ્ય છે; કારણ કે ચૈતન્યનો પરિત્યાગ કર્યા પછી બીજું કાંઈ ઉપાદેય (ગ્રાહ્ય) રહેતું જ નથી. આ કહેવું વાસ્તવ નથી. ચૈતન્યવાસના બે પ્રકારની છે. એક મન અને બુદ્ધિ સાથેની છે, અને બીજી મન અને બુદ્ધિ વિનાની છે. મન એ કરણ (સાધન) છે અને બુદ્ધિ એ કર્તાપણાની ઉપાધિ છે. હવે 'હું સાવધાન રહીને એકાગ્ર મનથી ચૈતન્યની ભાવના કરીશ.' એવી કર્તા (બુદ્ધિ) અને કરણ (મન)ના અનુસંધાન સાથેની આરંભકાળની જે ચૈતન્યવાસના થાય છે, તે ધ્યાન શબ્દથી ઓળખાય છે અને તેનો ત્યાગ કરવો જરૂરી છે. પણ અભ્યાસની કુશળતાને લીધે જે ચૈતન્યવાસના કર્તા તથા કરણના અનુસંધાનના ચિંતનથી રહિત છે, તે 'સમાધિ' શબ્દથી કહેવાય છે અને તેનો સ્વીકાર કરવો જરૂરી છે. પતંજલિએ ધ્યાન અને સમાધિનું લક્ષણ આ સૂત્રોમાં કહ્યું છે: 'તેને વિશે મનની એકતાનતા એ ધ્યાન છે,' અને 'અર્થ માત્રને જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રકાશ કરનાર તથા સ્વરૂપથી શૂન્ય એવું તે જ ધ્યાન સમાધિ છે.' જ્યારે દીર્ઘકાળ સુધી નિરંતર સત્કારપૂર્વક સેવવામાં આવેલી આવી સમાધિને વિશે સ્થિરતા મળે, એ પછી કર્તા અને કરણના અનુસંધાનનો ત્યાગ કરવા માટેનો પ્રયત્ન સુદ્ધાં ત્યજી દેવો.

અહીં કહેવામાં આવશે કે આમ છે તો તો તે ત્યાગના પ્રયત્નનો પણ ત્યાગ કરવો જોઈએ. આમ અનવસ્થા આવી ઊભશે. પણ આ કહેવું બરાબર નથી; કેમ કે ત્યાગ માટેનો એ પ્રયત્ન તો નિર્મળીના ભૂકાની જેમ પોતાના તથા પારકાને પણ દૂર કરે છે. મેલા પાણીમાં નાખેલો નિર્મળીનો ભૂકો જેમ બીજા કચરાની સાથે પોતાને પણ દૂર કરે છે, તેમ 'ત્યાગ' માટેનો એ પ્રયત્ન કર્તા તથા કરણના અનુસંધાનને દૂર કરે છે, તેમ જ પોતાને પણ દૂર કરે છે. આ પ્રમાણે એ પ્રયત્ન દૂર થાય છે, એટલે મલિન વાસનાની જેમ શુદ્ધ વાસના પણ ક્ષીણ થાય છે અને પરિણામે મન વાસનાશૂન્ય થઈ રહે છે.

આવા જ અભિપ્રાયથી વસિષ્ઠ કહે છે: 'આથી મન વાસનાથી બંધાયેલું છે અને વાસનાથી રહિત થયેલું મન મુક્ત છે. તેથી હે રામ! તું વિવેકપૂર્વક ઝટ વાસનાથી રહિતપણું મેળવ. રૂડી રીતે સત્ય જોવાથી વાસના વિલય પામે છે અને વાસનાનો વિલય થતાં ચિત્ત પણ દીવાની જેમ હોલવાઈ જાય છે. સુષુપ્તિમાં હોવા છતાં એ જાગે છે, જેને જાગરણ નથી અને જેનું જ્ઞાન વાસનાથી મુક્ત છે તે જીવન્મુક્ત કહેવાય છે. જેમ સુષુપ્તિ અવસ્થામાં તેમ જાગ્રદવસ્થામાં પણ જે વિષયાકારની વૃત્તિથી રહિત થયેલા ચિત્તથી સ્થિર છે અને તેનું જ્ઞાન વાસનાથી મુક્ત છે તે જીવન્મુક્ત કહેવાય છે. જેમ સુષુપ્તિ અવસ્થામાં તેમ જાગ્રદવસ્થામાં પણ જે વિષયાકારની વૃત્તિથી રહિત થયેલા ચિત્તથી સ્થિર છે અને જેને જ્ઞાનીઓ કલાયુક્ત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચંદ્રની જેમ સેવે છે, તે અહીં મુક્ત કહેવાય છે. જે મહાબુદ્ધિમાન હૃદયમાંથી સર્વ કાંઈ ત્યજીને વ્યગ્રતારહિત થઈને રહે છે, તે મુક્ત પુરુષ પરમેશ્વર છે. જેણે સર્વ આશાઓને હૃદયથી ફગાવી દીધી છે, તે પુરુષ સમાધિ અને બીજાં સત્કર્મો કરો કે ન કરો; તે ઉત્તમ આશયવાળો પુરુષ તો મુક્ત જ છે. જેનું મન વાસનાશૂન્ય છે. તેને કર્મત્યાગનું કંઈ પ્રયોજન નથી, કર્મનું કંઈ પ્રયોજન નથી અને તેને સમાધિ તથા જપનુંય કંઈ પ્રયોજન નથી. શાસ્ત્રનો પૂરેપૂરો વિચાર કરો અને અંદરઅંદર તેનું પૂરતું રહસ્ય પ્રગટાવો, પણ વાસનાના ત્યાગરૂપી મૌન વિના ઉત્તમ પદ મળતું જ નથી.

અહીં એવી શંકા કરવી જોઈએ નહિ કે, જે મનુષ્યનું મન વાસનાશૂન્ય થયું છે, તેનો જીવનનિમિત્તનો વ્યવહાર લોપ પામે છે. શું તેનો આંખ વગેરેનો વ્યવહાર લોપ પામે છે? તો આંખ વગેરેના વ્યવહાર સંબંધમાં ઉદ્દાલક આવી સમજૂતી આપે છે: 'વાસનાહીન હોવા છતાં આ આંખ વગેરે ઇંદ્રિયો પોતાની મેળે જ પોતાના બહારના વિષયો તરફ જાય છે. આમાં વાસના કારણરૂપ જ નથી.' હવે મન વગેરેના વ્યવહાર સંબંધી વસિષ્ઠ સમજાવે છે: 'યત્ન વિના આવી પડેલ દિશાને તથા દ્રવ્યોને વિશે આંખ જેમ કશાય રાગ વિના પડે છે, તેમ જ ધીરપુરુષની બુદ્ધિ પોતાનાં કાર્યોમાં લાગે છે.' આવી બુદ્ધિથી તે પ્રારબ્ધના ભોગ પણ મેળવે છે. 'ભોગને સારી રીતે ઓળખીને ભોગવવામાં આવે તો તે સંતોષકારી જ થાય છે. દાખલા તરીકે, ચોરને બરાબર રીતે ઓળખીને સેવવામાં આવે, તો તે મૈત્રીને પામે છે અને ચોરપણાને પામતો નથી. જેમ વટેમાર્ગુઓ માર્ગમાં નિઃશંક રીતે આવેલાં એક પછી એક ગામોને જુએ છે, તે જ પ્રમાણે જ્ઞાનવાન માણસો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ ભોગના સૌંદર્યને જુએ છે.'

ભોગને સમયે પણ વાસનાવાળાઓ અને વાસના વિનાનાઓ વચ્ચે જે ભેદ છે, તે વિશે જણાવે છે: 'જેમ સુવર્ણકમળ રાતે પણ કરમાઈ જતું નથી, તેમ વાસના વિનાના પુરુષો આપત્તિમાં પણ ખેદ પામતા નથી. સ્વાભાવિકતાએ આવી પડેલા કાર્ય સિવાય તેઓ અન્ય કોઈ કાર્યની ઇચ્છા રાખતા નથી અને તેઓ શિષ્ટોને માર્ગે જ રમણ કર્યા કરે છે. ચંદ્ર જેમ શીતલતાને છોડતો નથી, તેમ આપત્તિમાં પણ તેઓ ચંદ્રના જેવી સુંદર, અંતરમાં વિકારરહિત અને નિત્ય એવી પોતાની પૂર્ણતાને ત્યજતા નથી. વાસનારહિત મહાન પુરુષો સમુદ્રની જેમ મર્યાદાને ધારણ કરી રાખે છે અને તેઓ સૂર્યની જેમ નિયતિને (ચોક્કસ નિયમને) છોડતા નથી.'

સમાધિમાંથી જાગ્યા પછી જનકનું આવું જ આવરણ વર્ણવવામાં આવ્યું છે: 'હવે લાંબો સમય ચૂપ રહ્યા પછી જનક સમાધિમાંથી જાગ્યો અને શાંતિયુક્ત ચિત્તથી તેણે મનુષ્યના જીવિત વિશે આવું ચિંતન કરવા માંડ્યું. આ સંસારમાં હું યત્ન કરીને સાધી શકું એવી કઈ સ્વીકારવા જેવી વસ્તુ છે? હું તો સ્વતઃસ્થિત શુદ્ધ ચૈતન્ય છું. મારે વળી કલ્પના શી? જે નથી મળ્યું, તેની મને વાંછના નથી જે મળ્યું છે, તેને હું ત્યજતો નથી. હું તો આત્મામાં સ્વસ્થ રહું છું. જે મારું છે, તે જ મારું હો. જનકે આ પ્રમાણે વિચાર કર્યો. પછી દિવસનો પતિ સૂર્ય જેમ દિવસને કરે છે, તેમ તે આસક્તિરહિત જનક આવી પડેલી ક્રિયા કરવાને ઊઠ્યો. તે ભવિષ્યને વિષે અનુસંધાન કરતો નથી, ભૂતને વિષે તે વિચાર કરતો નથી અને વર્તમાનની ક્ષણને તો જાણે હસતો હસતો અનુસરે છે.'

આમ કહ્યા પ્રમાણેના વાસનાક્ષયથી કહ્યા પ્રમાણેની જીવન્મુક્તિ થશે, એવું ઠર્યું.//

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ माँ ॥

૫ : મનોનાશ

હવે જીવન્મુક્તિના સાધનરૂપ મનોનાશનું નિરૂપણ કરીશું. આમ તો સંપૂર્ણ વાસનાક્ષય થતાં આપોઆપ મનનો નાશ થાય જ છે; છતાં પણ જો સ્વતંત્રપણે મનોનાશનો યથાવિધિ અભ્યાસ કરવામાં આવે છે, તો વાસનાક્ષય રક્ષિત થાય છે, અર્થાત્ વાસનાનો ફરીથી ઉદય થતો નથી. જીભરહિતતા મૌન, ષંઢત્વ વગેરેના અભ્યાસથી જ વાસનાના ક્ષયની રક્ષા સિદ્ધ છે, એમ અહીં કહી શકાય નહિ; કારણ કે મન નાશ પામ્યું હોય, ત્યારે મૌન વગેરેની અર્થસિદ્ધિ થઈ જાય છે, એટલે તેમના અભ્યાસને માટે પ્રયાસ કરવાનો રહેતો નથી. આ સ્થળે કહેવામાં આવશે કે, મૌન વગેરેમાં પણ મનોનાશના અભ્યાસ માટેનો પ્રયાસ છે જ, તો ભલે એમ હો. બાકી મનોનાશના અભ્યાસની આવશ્યકતા તો છે જ, કારણ કે સ્વતંત્રપણે મનોનાશનો અભ્યાસ કર્યા વિના મૌન વગેરે પણ સ્થિર થતાં નથી. આથી જ જનકે મનને નાશ કરવા યોગ્ય કહ્યું છે: 'હજારો અંકુરો, શાખાઓ, ફળો અને પલ્લવોથી શોભી રહેલા આ સંસારરૂપી વૃક્ષનું મન જ મૂળ છે. હું તો એ મનને સંકલ્પસ્વરૂપ જ માનું છું. સંકલ્પને શમાવી દઈને હું એ મૂળને સૂકવી નાખું, એટલે પછી આ સંસારરૂપી વૃક્ષ પણ સુકાઈ જાય. હવે હું જાગ્યો છું, મને જ્ઞાન મળ્યું છે. મેં મારા આત્માના ચોરને પકડી પાડ્યો છે. બસ, એ મનને હું મારી જ નાખું. બહુ કાળ સુધી એ મને જ મને માર્યો છે.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસિષ્ઠ પણ કહે છે: 'સર્વ જાતના ઉપદ્રવો કરનારા આ સંસારરૂપી વૃક્ષનો એક આ જ ઉપાય છે કે પોતાના મનનો નિગ્રહ કરવો. મનનો ઉદય એ પુરુષના નાશરૂપ છે અને મનનો નાશ એ તેના મહાન ઉદયરૂપ છે. જ્ઞાનીનું મન નાશ પામે છે અને અજ્ઞાનીનું મન બેડીરૂપ છે. જ્યાં સુધી એક તત્ત્વના દૃઢ અભ્યાસથી મનને જીતવામાં આવ્યું નથી, ત્યાં સુધી મધરાતની ડાકણો જેવી વાસનાઓ હૃદયમાં ઘુમરડી લીધા જ કરે છે. જેના ચિત્તનો ગર્વ ઓગળી ગયો છે અને જેણે ઇંદ્રિયોરૂપી શત્રુને કબજે કર્યા છે, તેની ભોગવાસનાઓ હેમંતમાં વિલાઈ જતી કમળવેલની જેમ કરમાઈ જાય છે. હાથથી હાથને પકડીને, દાંતથી દાંતને પીસીને અને અંગથી અંગને ભીડીને સૌથી પ્રથમ પોતાના મન ઉપર વિજય મેળવવો. જે પુરુષો પોતાના મનને હાથે હાર પામ્યા નથી, તે જ આ વિશાળ ભૂમંડળમાં બડભાગી છે, સાધુચિત્ત છે અને પુરુષોની કથામાં તેઓ જ ગણનાપાત્ર છે. હૃદયરૂપી દરમાં કૂંડાળું વળીને બેઠેલો અને સંકલ્પરૂપી બળબળતા વિષવાળો જેનો મનરૂપી સાપ ઉપશાંતિને પામ્યો છે, તે ચંદ્રની જેમ ઉદય પામેલા અવ્યય પુરુષને હું વંદન કરું છું. આ માયારૂપી ચક્રને આ ચિત્તરૂપી નાભિ છે. જે કોઈ તેના ઉપર સર્વ બાજુથી હલ્લો લઈ જઈને સ્થિર થાય છે, તેને કોઈ પણ પ્રકારની બાધા નડતર કરતી નથી.'

ગૌડપાદાચાર્યે પણ કહ્યું છે કે, 'સર્વ યોગીઓનું અભયપણું, તેમનાં દુઃખોનો ક્ષય, તેમનું જ્ઞાન અને તેમની અક્ષય શાંતિ એ બધું મનના નિગ્રહને જ અધીન છે.'

અર્જુને કહ્યું છે: 'સાચે જ મન ચંચળ છે, મથી નાખનારું છે, બળવાન છે અને દૃઢ છે. આથી હે કૃષ્ણ! મને લાગે છે કે એ મનને કબજે કરવું એ તો પવનને કબજે કરવા જેવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અતિ કઠણ છે.' પણ અર્જુનનું આ વચન હઠયોગના વિષયનું છે.

આથી જ વસિષ્ઠે કહ્યું છે: 'કોઈ મનુષ્ય દોષરહિત યુક્તિ મેળવ્યા વિના જ કોઈ સ્થળે વારંવાર એકત્રિત થઈ બેસે, તેથી જ તે કાંઈ મનને જીતી શકતો નથી. જેમ કોઈ ગાંડો થયેલો દુષ્ટ હાથી અંકુશ વિના જીતી શકાતો નથી, તેમ મન પણ યુક્તિ વિના જીતી શકાતું નથી. વસિષ્ઠે મનનો વિલય આણવા માટેની યુક્તિઓને સારી રીતે કહી છે. તેથી તે યુક્તિઓને સેવનારનું મન વશમાં રહે છે. નિગ્રહ બે પ્રકારનો મનાયો છે: એક ૧) હઠ દ્વારા અને બીજો યુક્તિ દ્વારા. ગોલકનો નિગ્રહ કરીને જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયોનો જે નિગ્રહ કરવામાં આવે છે, તે હઠ છે. આ રીતે ક્યારેક સફળતા મળે છે અને એથી કોઈક મન વિલય પામે છે. હવે અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ, સાધુઓનો સમાગમ, વાસનાનો ત્યાગ અને પ્રાણના સ્પંદ(ગતિ–વેગ)નો નિરોધ (પ્રાણાયામ) આ ચાર સમર્થ યુક્તિઓ ચિત્ત ઉપર વિજય અપાવનારી છે. આ યુક્તિઓ હોવા છતાં જેઓ હઠથી ચિત્તને નિયમમાં લાવવાનું કરે છે, તેઓ દીવાને છોડી દઈને કાજળથી અંધારું દૂર કરવાનું કરે છે! જે મૂર્ખાઓ ચિત્ત ઉપર હઠથી વિજય મેળવવાને તલપાપડ થઈ રહેલા છે, તેઓ તો ઉન્મત્ત થયેલા ગજરાજને જાણે કમળતંતુથી બાંધવાને નીકળ્યા છે!'

નિગ્રહ બે પ્રકારનો છે: એક હઠનિગ્રહ અને બીજો ક્રમનિગ્રહ છે. આંખ, કાન વગેરે જ્ઞાનેંદ્રિયોને તેમ જ વાણી, હાથ વગેરે કર્મેંદ્રિયોને, તેમના તેમના ગોલકો(ઇંદ્રિયને રહેવાનાં સ્થાન)ના રોકવા માત્રથી હઠથી નિરોધી શકાય છે. તે જ દૃષ્ટાંતથી હું મનને પણ નિરોધી શકીશ, એવી મૂઢ પુરુષને ભ્રાંતિ થાય છે, પણ મનને એ રીતે નિરોધી શકાતું જ નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કેમ કે તેના ગોલકરૂપ હૃદયકમળને રોકવું અશક્ય જ છે. આથી ક્રમનિગ્રહ જ યોગ્ય છે. ક્રમનિગ્રહમાં અધ્યાત્મવિદ્યાની પ્રાપ્તિ વગેરે જ ઉપાયો છે. તે અધ્યાત્મવિદ્યા દૃશ્યનું મિથ્યાપણું તથા દ્રષ્ટારૂપ વસ્તુનું સ્વયંપ્રકાશપણું બતાવે છે. આમ હોવાથી એ મન જાણી લે છે કે પોતાના વિષયરૂપ દૃશ્યોમાં જવાનું પ્રયોજન નથી અને દ્રષ્ટારૂપ વસ્તુમાં જવાનું પ્રયોજન છે તે તો તેને અગોચર (અર્થાત્ ન જાણી શકાય એવી) છે. આમ જેમ ઇંધણાં વિનાનો અગ્નિ પોતાની મેળે જ શાંત થઈ જાય છે, તેમ એ મન પણ આ પ્રમાણે સમજીને એમ ને એમ શાંત થઈ જાય છે. વળી શ્રુતિ કહે છે: 'જેમ ઇંધણાં વિનાનો અગ્નિ પોતાની યોનિ(અર્થાત્ લાકડાં)માં શાંત થઈ જાય છે, તેમ વૃત્તિનો ક્ષય થવાથી ચિત્ત પણ પોતાની યોનિમાં શાંત થઈ જાય છે.' અહીં 'યોનિ' એટલે 'આત્મા' છે.

હવે બોધ આપવામાં આવ્યો હોવા છતાં જેને આત્મતત્ત્વની સાચી સૂઝ મળતી નથી અને જે તેને ભૂલી જાય છે, તે બંનેને માટે સાધુઓનો સમાગમ જ ઉપાયરૂપ છે; કારણ કે સત્પુરુષો ફરીફરીને બોધ આપે છે અને તેનું સ્મરણ કરાવે છે. પણ જે મનુષ્ય વિદ્યાના મદ વગેરે દુર્વાસનાથી પીડાઈ રહ્યો છે, તે તો સત્પુરુષોને અનુસરવાનો ઉત્સાહ જ રાખતો નથી. એવાને માટે તો આગળ કહેલો વિવેકપૂર્વકનો વાસનાત્યાગ જ ઉપાય છે. હવે વાસનાઓનો ત્યાગ કરવો પણ અશક્ય હોય તો પ્રાણનાં સ્પંદનો નિરોધ (પ્રાણાયામ) એ ઉપાય છે. પ્રાણસ્પંદ અને વાસના એ બંને ચિત્તનાં પ્રેરક છે. તેથી જ્યારે એ બંનેનો નિરોધ કરવામાં આવે છે, ત્યારે ચિત્ત શાંતિને પામે છે. આ પ્રેરકપણા વિષે વસિષ્ઠે કહ્યું છે: 'વૃત્તિરૂપી વેલને ધારણ કરનારા ચિત્તરૂપી વૃક્ષનાં બે બીજો છે. એક પ્રાણનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરિસ્પંદ છે, અને બીજું દૃઢ વાસના છે. સંવિત્ (ચૈતન્ય) સર્વમાં વ્યાપક છે, તે પ્રાણના સ્પંદથી જાગ્રત થાય છે અને સંવેદનથી અર્થાત્ વૃત્તિઓના વિસ્તારથી ચિત્તમાં અનંત દુઃખો થાય છે.

લુહાર રાખથી ઢંકાયેલા અગ્નિને ધમણોથી ધમે છે, એટલે ત્યાં ધમણોમાંથી ઉત્પન્ન થયેલા પવનથી તે અગ્નિ જળવા લાગે છે; તે જ પ્રમાણે, બળતણને સ્થાને રહેલી અને ચિત્તના ઉપાદાનકારણરૂપ અજ્ઞાનથી ઢંકાઈ રહેલી સંવિત્ (ચૈતન્ય) પ્રાણના સ્પંદથી સ્ફુટ થઈને ચિત્તની વૃત્તિરૂપે જળવા લાગે છે. સંવિત્ની જ્વાલારૂપે તે ચિત્તવૃત્તિ નામના સંવેદનમાંથી દુઃખો ઉત્પન્ન થાય છે, પ્રાણના સ્પંદથી પ્રેરિત થયેલી ચિત્તની આ ઉત્પત્તિ થઈ.

હવે વાસનાજન્ય ચિત્તની ઉત્પત્તિ વિષે એ જ વસિષ્ઠ કહે છે: 'હે રઘુનંદન! ચિત્તની એક બીજી ઉત્પત્તિ છે, તે તું સાંભળ. તે વાસનાથી થઈ હોય છે, પદાર્થના જ્ઞાનથી પ્રકટ થયેલી હોય છે અને અનુભવમાં આવી હોય છે. કોઈ પદાર્થને વિષે દૃઢતાપૂર્વક એક ભાવનાનો અભ્યાસ કરવામાં આવે છે, તો તેથી અતિચંચળ અને જન્મ, જરા તથા મરણના કારણરૂપ ચિત્ત ઉત્પન્ન થાય છે.'

માત્ર પ્રાણ અને વાસના જ ચિત્તનાં પ્રેરક છે, એમ નથી. પણ તે બન્ને એકમેકને પ્રેરનારાં છે. તે વિષે વસિષ્ઠ કહે છે: વાસનાને વશ રહેવાથી પ્રાણનો સ્પંદ થાય છે અને પ્રાણના એ સ્પંદથી વાસના જાગે છે. આથી ચિત્તના બીજરૂપ વાસના તથા પ્રાણસ્પંદનો ક્રમ બીજ અને અંકુરના સરખો છે. ચિત્તરૂપી વૃક્ષનાં પ્રાણસ્પંદ અને વાસના એ બે બીજો છે. એમાંનું એક પણ ક્ષીણ થાય છે, તો બન્ને તરત જ નાશ પામે છે.

તેમના નાશના ઉપાય વિષે તેમજ એ નાશના ફળ વિષે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસિષ્ઠ કહે છે: પ્રાણાયામના દૃઢ અભ્યાસથી, ગુરુએ બતાવેલી યુક્તિથી અને આસનના તથા આહારના યોગથી પ્રાણનો સ્પંદ નિરોધી શકાય છે. અસંગ રીતે વ્યવહાર કરવાથી સંસાર વિષેની સત્યત્વની બુદ્ધિને તજવાથી અને શરીરનું નાશવંતપણું જાણવાથી વાસના પ્રવર્તતી નથી. વાસનાના ત્યાગથી તથા પ્રાણના સ્પંદના નિરોધથી ચિત્ત ચિત્તરહિતને પામે છે. માટે તને ગમે તેમ તું કર. હે રઘુનંદન! કોઈ પણ વસ્તુને સત્ય માનીને તેને પ્રેમપૂર્વક સેવવી–એટલું જ માત્ર હું ચિત્તનું રૂપ માનું છું. આ ત્યાજ્ય છે અને આ સ્વીકાર્ય છે, એવી જ્યારે કંઈ પણ ભાવના થતી નથી અને જ્યારે સકળ વસ્તુઓના ત્યાગપૂર્વક સ્થિર રહેવાય છે, ત્યારે ચિત્ત ઉત્પન્ન થતું નથી. વાસનારહિત થવાથી મન જ્યારે મનન કરતું નથી, ત્યારે પરમ શાંતિ આપનારી અમનસ્તા (મનનું ન હોવાપણું) ઉદય પામે છે.'

અમનસ્કતા ઉદય પામેલી હોય નહિ, તો શાંતિ પણ હોય નહિ, એમ વસિષ્ઠ કહે છે: 'જેને ચિત્તરૂપ યક્ષે દૃઢ રીતે દબાવ્યો છે, તેને મિત્રો, બાંધવો, ગુરુઓ અને માનવો પણ બચાવી શકતા નથી.'

આગળ 'આસનના તથા આહારના યોગથી' એમ કહ્યું છે. તેમાંના આસનનાં લક્ષણ, ઉપાય અને ફળ વિષે પતંજલિએ આ ત્રણ સૂત્રો કહ્યાં છે: 'સ્થિર અને સુખમય તે આસન.' 'પ્રયત્નની શિથિલતાથી અને અનંતમાં ધારણાથી તે સિદ્ધ થાય છે.' 'તેથી દ્વંદ્વોથી પીડા રહેતી નથી.' પદ્મ, સ્વતિક વગેરે જેવા દેહસ્થાપનરૂપ અભ્યાસથી જે પુરુષના અવયવોમાં વ્યથા ન ઉત્પન્ન થવારૂપ સુખ થાય છે તેમ જ તેને પોતાના દેહની ચલનરહિતતારૂપ સ્થિરતા સાંપડે છે, તે પુરુષને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માટે તે જ શ્રેષ્ઠ આસન છે. તેનો લૌકિક ઉપાય પ્રયત્નની શિથિલતા છે. આમ જવું-આવવું, ઘરકામ, તીર્થયાત્રા, સ્નાન, હોમ વગેરે તે વિષેનો જે પ્રયત્ન છે–એટલે કે જે માનસઉત્સાહ છે, તેને શિથિલ કરવો જોઈએ. નહિતર, તે ઉત્સાહ દેહને બળપૂર્વક ઉઠાડીને તેને ગમે ત્યાં ફેરે છે. 'આજે અનંત (શેષનાગ) હજાર ફેણોથી ધરણીને ધારણ કરીને સ્થિરતાથી રહ્યા છે; તે હું જ છું'–એ પ્રકારનું જે ધ્યાન છે, તે ચિત્તની અનંતમાં ધારણા છે અને તેનો અલૌકિક ઉપાય છે. આ રીતે ઉપર કહેલા આસનને–સિદ્ધ કરી આપનારું અદૃષ્ટ ઉત્પન્ન થાય છે. પછી આસન સિદ્ધ થાય છે, એટલે ટાઢ–તડકો, સુખ–દુઃખ અને માન–અપમાન વગેરે દ્વંદ્વોથી પહેલાંની જેમ પીડા રહેતી નથી. આ પ્રકારના આસન માટેના યોગ્ય સ્થળ વિષે શ્રુતિ કહે છે: 'પવિત્ર રહીને અને ડોક, માથું તથા શરીરને સીધાં રાખીને એકાંત સ્થાનમાં સુખમય આસન વાળીને બેસવું, તેણે ગુફાના કોઈ પવનહીન સ્થાનમાં યોગ સાધવો–તે સ્થાન સરખું હોય તથા પવિત્ર હોય; તે પથ્થર, અગ્નિ અને રેતીથી રહિત હોય, તે કોલાહલ આદિ શબ્દોથી તથા ખળખળ થતાં જળાશયોથી વેગળું હોય, તે મનને રુચિકર હોય, પણ આંખને પીડાકારી ન હોય' તો આ આસનયોગ થયો.

હવે આહારયોગ એટલે તો મિતાહારીપણું છે; કારણ કે શ્રુતિ કહે છે: 'યોગીએ અતિ આહારને તેમ જ અનાહારને નિત્ય ત્યજવાં.' ભગવાન શ્રીકૃષ્ણે પણ કહ્યું છે: 'હે અર્જુન! જે ખૂબ ખાય છે, તેને માટે કે જે બિલકુલ ખાતો નથી તેને માટે યોગ છે જ નહિ. વળી, જે અત્યંત ઊંઘે છે અથવા જે અત્યંત જાગ્યા કરે છે તેને માટે પણ યોગ નથી જ; યોગ તો તેને જ માટે દુઃખહારી થાય છે, કે જેનો આહાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને વિહાર નિયમિત છે, કર્મને વિશે જેની ચેષ્ટાઓ નિયમિત છે, તેમ જ જેની ઊંઘ અને જાગરણ પણ નિયમિત છે.'

જેણે આસનજય મેળવ્યો છે, તેનું મન પ્રાણાયામથી નાશ પામે છે, એમ શ્વેતાશ્વતર શાખાવાળાઓ કહે છે. મસ્તક, ડોક તથા છાતી એ ત્રણને એક હારમાં કરવાં, શરીરને ટટ્ટાર રાખવું અને ઇંદ્રિયોને મનની સાથે હૃદયમાં રોકવી; આ પ્રમાણે વિદ્વાને બ્રહ્મરૂપી નૌકાથી સર્વ ભયકારી જળવહેણોને તરી જવાં. પ્રાણોને પીડીને અહીં ચેષ્ટાવાળા થયેલા તે વિદ્વાને પ્રાણને ક્ષીણ કરવો. પછી પ્રાણક્ષીણતાને પામે, એટલે તેણે નાસિકા દ્વારા જ શ્વાસ લેવો. હવે જેમ સારથિ તોફાની ઘોડાવાળા રથને કાબૂમાં રાખે છે, તેમ તેણે જરાય ગાફેલ રહ્યા વિના એ મનને કાબૂમાં રાખવું.'

યોગી બે પ્રકારના છે: એક વિદ્યામદ આદિ આસુરી સંપત્તિ વિનાના છે અને બીજા તે આસુરી સંપત્તિવાળા છે. તેમાં વિદ્યામદ આદિ આસુરી સંપત્તિ વિનાના યોગીએ જ્યારે બ્રહ્મધ્યાનથી મનનો નિરોધ કર્યો હોય છે, ત્યારે તેની સાથે સાથે જ તેના પ્રાણનો પણ નિરોધ થઈ ગયેલો હોય છે. 'મસ્તક, ડોક તથા છાતી એ ત્રણને' વગેરે મંત્ર આ પ્રકારના યોગીને ઉદ્દેશીને કહેવામાં આવ્યો છે. બીજા પ્રકારનો યોગી પ્રાણાયામના અભ્યાસથી પ્રાણનો નિરોધ કરે છે, ત્યારે તેની સાથેસાથે જ તેના મનનો પણ નિરોધ થઈ જાય છે. 'પ્રાણોને પીડીને' વગેરે મંત્ર આ બીજા પ્રકારના યોગીને ઉદ્દેશીને કહેવામાં આવ્યો છે. પ્રાણના પીડન(પ્રાણાયામ)ના પ્રકાર વિષે આગળ કહેવામાં આવશે. તે પીડનથી અધિકારી મનુષ્ય નિયમિત ચેષ્ટાવાળો થાય છે; તેથી મનની ચેષ્ટા અને વિદ્યામદ વગેરે પણ નિરોધને પામે છે. પ્રાણના નિરોધથી ચિત્તના દોષો-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નો નિરોધ થાય છે, તે વિષે બીજી શ્રુતિમાં આ દૃષ્ટાંત છે: 'જેમ પર્વતની ધાતુઓ તપાવવાથી તેમના મળ બળી જાય છે, તેમ ઇંદ્રિયોએ કરેલા દોષો પ્રાણનો નિગ્રહ કરવાથી બળી જાય છે.'

આ સંબંધમાં વસિષ્ઠે આ યુક્તિ જણાવી છે: 'પ્રાણ-વાયુનો જે સ્પંદ છે, તે જ ચિત્તનો સ્પંદ છે. તેથી બુદ્ધિમાન પુરુષે એ પ્રાણસ્પંદના ક્ષય માટે અતિ ભારે પ્રયત્ન કરવો જોઈએ.'

મન, વાણી અને આંખ વગેરે ઇંદ્રિયોની દેવતાઓએ 'આપણે પોતપોતાનો વ્યાપાર નિરંતર કરીશું,' એવું વ્રત લેવા છતાં તેઓ અંતે શ્રમરૂપ મૃત્યુથી ઝડપાઈ ગયા, પણ તે મૃત્યુ પ્રાણને પહોંચી શક્યું નહિ. આથી નિરંતર શ્વાસો-ચ્છ્વાસ લેવા છતાં એ પ્રાણ થાક્યો નહિ. એટલે ઉપલી દેવતાઓએ વિચાર કરીને પ્રાણના રૂપમાં પ્રવેશ કર્યો. આ વાત વાજસનેયી શાખાવાળાઓએ (બૃહદારણ્યક ઉપનિષદમાં) કહી છે: 'આ (પ્રાણ) જ આપણામાં શ્રેષ્ઠ છે. સંચાર કરતાં કે ન કરતાં પણ તે વ્યથા પામતો નથી, તેમ જ તેનો નાશ સુદ્ધાં નથી. આથી આપણે સર્વે પ્રાણરૂપ થઈએ. પછી તે સર્વે એ પ્રાણરૂપ થઈ ગઈ, તેથી તે સર્વને 'પ્રાણો' કહેવામાં આવે છે.' આમ ઇંદ્રિયોની ચેષ્ટાઓ પ્રાણને અધીન છે, તેથી ઇંદ્રિયો પ્રાણરૂપ કહેવાય છે.

વળી (બૃહદારણ્યક ઉપનિષદના) અંતર્યામી બ્રાહ્મણમાં સૂત્રાત્માના વિષયમાં આ શ્રુતિ છે: 'હે ગૌતમ! વાયુ જ તે સૂત્ર છે. વળી હે ગૌતમ! વાયુરૂપી એ સૂત્રથી જ આ લોક, પરલોક અને સર્વ ભૂતો બંધાયેલાં રહે છે. તેથી હે ગૌતમ! મરણ પામેલા પુરુષને વિષે કહે છે કે આનાં અંગ શિથિલ થઈ ગયાં છે; કેમ કે હે ગૌતમ! વાયુરૂપી સૂત્રથી જ સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અંગો ગંઠાયેલાં હોય છે. આ પ્રમાણે પ્રાણનો અને મનનો સ્પંદ સાથે જ રહે છે, તેથી પ્રાણનો નિગ્રહ કરવામાં આવે છે, એટલે મનનો પણ નિગ્રહ થાય છે.

અહીં કહેવામાં આવશે કે પ્રાણનો અને મનનો સ્પંદ સાથે જ રહે છે એ વાત બરાબર નથી; કારણ કે સુષુપ્તિ અવસ્થામાં પ્રાણ ચેષ્ટાવાળો હોય છે, છતાં મન તો ત્યારે ચેષ્ટારહિત હોય છે. પણ આ કહેવું યોગ્ય નથી; કારણ કે ત્યારે તો મન લય પામ્યું હોવાથી મનનો ત્યારે અભાવ જ છે.

ત્યારે કહેવામાં આવશે કે, 'પ્રાણ ક્ષીણતાને પામે એટલે તેણે નાસિકા દ્વારા જ શ્વાસ લેવો,' એ વાત પરસ્પર વિરોધી છે. કારણ કે એના પ્રાણ ઊડી ગયા હોય, એટલે કે જે મરણ પામ્યો હોય, તેનામાં આપણે ક્યારેય શ્વાસ જોતા નથી. વળી શ્વાસ લેતા એટલે જીવતા મનુષ્યના પ્રાણનો ક્ષય થતો નથી પરંતુ આ કહેવું બરાબર નથી; કારણ કે અહીં વેગની અતિ મંદતાને જ ક્ષય શબ્દથી સમજાવી છે. દાખલા તરીકે ખોદવાના, કાપવાના વગેરે કામમાં લાગેલા, પર્વત ઉપર ચડતા અને ઉતાવળે દોડતા મનુષ્યના શ્વાસનો જેટલો વેગ હોય છે, તેટલો વેગ ઊભા રહેલા, બેસી રહેલા અને નિદ્રામાં રહેલા મનુષ્યના શ્વાસનો હોતો નથી. વળી પ્રાણાયામમાં કુશળતા પામેલા મનુષ્યના શ્વાસનો વેગ તો એથીયે ઓછો હોય છે. આ જ અભિપ્રાયથી શ્રુતિ કહે છે: 'ત્યાં પ્રાણને ખેંચીને ધીરેધીરે શ્વાસ બહાર કાઢવો.'

દુષ્ટ ઘોડાઓવાળો રથ માર્ગ ચૂકીને ગમે ત્યાં ખેંચાઈ જાય છે, છતાં સારથિ તે ઘોડાઓને લગામથી પકડીને બળપૂર્વક ખેંચે છે અને તે રથને ફરી સુખભર્યા માર્ગે મૂકે છે. તે જ પ્રમાણે ઇંદ્રિયો અને વાસનાઓથી ચિત્ત ગમે ત્યાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઘસડાઈ જાય છે, છતાં જો પ્રાણરૂપી લગામને દૃઢ રીતે ખેંચી રાખવામાં આવે તો તે ચિત્ત રોકાઈ રહે છે. 'પ્રાણને પીડીને' એમ જે કહ્યું છે, તેમાં પ્રાણપીડનના પ્રકારને વિષે અન્ય શ્રુતિ આ પ્રમાણે કહે છે : 'પ્રાણને બરાબર વિસ્તારીને વ્યાહૃતિ સાથે, પ્રણવ સાથે અને શિરોભાગ સાથે ત્રણ વાર ગાયત્રી ભણવી તેને પ્રાણાયામ કહે છે. પ્રાણાયામ ત્રણ પ્રકારના કહ્યા છે. એક રેચક, બીજો પૂરક અને ત્રીજો કુંભક. વાયુને બહાર કાઢીને તથા આકાશને નિરાત્મક શૂન્ય કરીને શૂન્ય ભાવથી અભ્યાસ કરવો—આ રેચક પ્રાણાયામનું લક્ષણ છે. જે પ્રમાણે મનુષ્ય મોંમાં રાખેલી કમળનાળથી પાણીને ખેંચે છે, તે પ્રમાણે વાયુને ખેંચવો—એ પૂરક પ્રાણાયામનું લક્ષણ છે; ન શ્વાસ લેવો, ન શ્વાસ મૂકવો અને ન શરીરનાં ગાત્રોને હલાવવાં, એમ રહેવાય ત્યાં સુધી અભ્યાસ કરવો—આ કુંભક પ્રાણાયામનું લક્ષણ છે. અહીં શરીરમાં રહેલા વાયુને બહાર કાઢવા સારુ તેને ઊંચે ચડાવવામાં આવે છે. પછી શરીરના આકાશને શૂન્ય અને નિરાત્મક એટલે સંપૂર્ણ વાયુરહિત કરવામાં આવે છે. એ પછી જરા સરખો પણ વાયુ પેસવા દીધા વિના આ શૂન્ય ભાવથી જ નિયમન કરવું. આમ, આ રેચક પ્રાણાયામ થાય છે. કુંભક બે જાતનો છે : એક આંતરકુંભક, અને બીજો બાહ્યકુંભક. તે બન્ને વિષે વસિષ્ઠ કહે છે : 'અપાનવાયુ અસ્ત પામ્યો હોય, ત્યારે જ્યાં સુધી પ્રાણવાયુ હૃદયમાં ઉદય પામતો નથી, ત્યાં સુધી આંતરકુંભક અવસ્થા હોય છે અને યોગીઓ તે અનુભવે છે. જ્યારે પ્રાણવાયુ બહારના ભાગમાં અસ્ત પામ્યો હોય ત્યારે જ્યાં સુધી અપાનવાયુ ઉદય પામતો નથી, ત્યાં સુધી પ્રાણની અવસ્થા પૂર્ણ સમ (નિઃશ્વાસ—ઉચ્છ્વાસરૂપ વ્યાપારથી રહિત) હોય છે. આને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાહ્ય કુંભક જાણવામાં આવે છે.'

તેમાં ઉચ્છ્વાસ (શ્વાસ બહાર કાઢવો) એ આંતર-કુંભકનો વિરોધી છે અને ગાત્રોનું હાલવું એ બન્નેનું વિરોધી છે; કારણ કે જો ગાત્ર હાલે છે, તો નિઃશ્વાસ અને ઉચ્છ્વાસ એ બેમાંથી એક તો અવશ્ય થાય જ છે. પતંજલિએ પણ આસન-જય પછી વનમાં પ્રાણાયામ વિષે આ સૂત્ર આપ્યું છે: 'તે (આસનજય) થયા પછી નિઃશ્વાસ અને પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ (ભંગ) તે પ્રાણાયામ છે.' અહીં જો કહેવામાં આવે કે કુંભકમાં જો કે ગતિ નથી, છતાં રેચક તથા પૂરક તો ઉચ્છ્વાસ તથા નિઃશ્વાસની ગતિ છે, તો એ કહેવું બરાબર નથી; કારણ કે વિશેષ માત્રામાં અભ્યાસ કરવામાં આવે છે, તો સ્વભાવ-માત્રથી સિદ્ધ થયેલી પ્રાણની સમગતિનો વિચ્છેદ થાય છે. તે જ અભ્યાસને વિષે આ સૂત્ર છે: 'બાહ્ય વૃત્તિ, આભ્યંતર-વૃત્તિ અને સ્તંભવૃત્તિ એ દેશ, કાલ તથા માત્રાની સંખ્યાથી દીર્ઘ કે સૂક્ષ્મ દેખાય છે.' આમાં બાહ્ય વૃત્તિ એ રેચક પ્રાણાયામ છે, અભ્યંતર (અંતર) વૃત્તિ એ પૂરક પ્રાણાયામ છે અને સ્તંભવૃત્તિ એ કુંભક પ્રાણાયામ છે. એ એકેએકની દેશ વગેરેથી પરીક્ષા કરવી જોઈએ. તે પરીક્ષા નીચે પ્રમાણે થાય. સ્વાભાવિક રીતે સિદ્ધ થયેલા રેચકમાં શ્વાસ હૃદયમાંથી ઊઠીને નાસિકાની સામે બહાર આવે છે અને ત્યાંથી બાર આંગળ જેટલો દૂર જઈને શમી જાય છે. પણ અભ્યાસ કર-વામાં આવે છે, તો તે શ્વાસ ક્રમપૂર્વક નાભિમાંથી અથવા મૂલાધારમાંથી ઊઠીને નાસિકાની સામે બહાર આવે છે અને ત્યાંથી ચોવીસ આંગળ કે છત્રીસ આંગળ જેટલો દૂર જઈને શમી જાય છે. હવે રેચકમાં અતિશય પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે નાભિ વગેરે પ્રદેશમાં થયેલા ક્ષોભ ઉપરથી અંદરનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિશ્ચય કહી શકાય છે. વળી, રૂનું નાનું સરખું પૂમડું ધરી રાખવામાં આવે, તો તેના હાલવા ઉપરથી બહારનો નિશ્ચય કહી શકાય છે. આ દેશપરીક્ષા છે. રેચકકાલે પ્રણવની દસ, વીસ, ત્રીસ વગેરે જે આવૃત્તિઓ થાય, તે કાલપરીક્ષા છે. પછી આ માસમાં રોજ દસ રેચક કરવા, પછીના માસમાં વીસ રેચક કરવા અને તે પછીના માસમાં ત્રીસ રેચક કરવા વગેરે કાલપરીક્ષાથી સંખ્યાપરીક્ષા થાય છે. આ પ્રમાણે, પ્રાણાયામો દેશ અને કાળથી વિશિષ્ટ છે. રોજ આવા દસ, વીસ અને ત્રીસ વગેરે જે પ્રાણાયામો થાય છે, તે ઉપરથી સંખ્યાપરીક્ષા થાય છે. પૂરક પ્રાણાયામના સંબંધમાં પણ આ જ પ્રમાણે પરીક્ષા યોજવી. જો કે કુંભકમાં દેશનો ખાસ પ્રસાર જોવામાં આવતો નથી, છતાં તેમાં કાળ અને સંખ્યાનો પ્રસાર તો જોવામાં આવે જ છે, એટલે રૂના ઘાટા પિંડાને પ્રસારવામાં આવે, તો તે વિરલ રીતે સૂક્ષ્મ થાય છે; તે જ પ્રમાણે દેશ, કાલ તથા સંખ્યાની અધિકતાથી પ્રાણનો પણ જો અભ્યાસ કરવામાં આવે, તો તે લાંબો અને માંડ જોઈ શકાય તેવો સૂક્ષ્મ થાય છે.

રેચક વગેરે ત્રણ પ્રકારના પ્રાણાયામો ઉપરાંત એક બીજો પ્રાણાયામ પણ પતંજલિએ સૂચવ્યો છે: 'બાહ્ય અને અભ્યંતર વિષયની અપેક્ષાથી રહિત એક ચોથો છે.' શક્તિ પ્રમાણે સર્વ વાયુને બહાર કાઢયા પછી જે કરવામાં આવે છે, તે બાહ્ય કુંભક છે; અને શક્તિ પ્રમાણે સર્વ વાયુને પૂર્યા પછી જે કરવામાં આવે છે, તે અંતઃકુંભક છે. હવે રેચક તથા પૂરક એ બન્નેનો અનાદર કરીને જેનો અભ્યાસ કરવામાં આવે છે, તે કેવળ કુંભક કહેવાય છે. આગળ કહેલા ત્રણ પ્રાણાયામોની અપેક્ષાએ આ ચોથો છે. જેઓ નિદ્રા તથા તંદ્રા વગેરે પ્રબળ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દોષોવાળા છે, તેમને માટે રેચક વગેરે ત્રણ પ્રાણાયામો છે, પણ જેઓ તેવા દોષો વિનાના છે, તેમને માટે આ ચોથો પ્રાણાયામ છે. આ પ્રમાણે એ પ્રાણાયામોનો વિવેક છે. હવે પ્રાણાયામના ફળનું સૂત્ર આપે છે: 'તેથી પ્રકાશનું આવરણ ઓગળી જાય છે.' પ્રકાશ એટલે સત્ત્વ. એનું આવરણ એટલે તમ (તમોગુણ). એ તમ નિદ્રા, આળસ વગેરેનું કારણ છે. પ્રાણાયામથી તે તમ ઓગળી જાય છે. આ પ્રમાણે તમ ઓગળી જાય છે, ત્યારે એક બીજું ફળ સાંપડે છે. તે વિશે આ સૂત્ર છે: 'ધારણાને વિશે મનની યોગ્યતા થાય છે.' મૂલાધાર, નાભિચક્ર, હૃદય, ભ્રૂમધ્ય, બ્રહ્મરંધ્ર વગેરે દેશ વિશે ચિત્તને લાવીને સ્થાપવું–તે ધારણા છે; કારણ કે પતંજલિએ સૂત્રમાં કહ્યું છે: 'ચિત્તને અમુક સ્થાનમાં રોકવું તે ધારણા.'

શ્રુતિ પણ કહે છે: 'સંકલ્પ કરનારા મનનું ધ્યાન ધરીને બુદ્ધિમાને તેને આત્મામાં લગાડવું અને એ પ્રમાણે આત્માને ધારણ કરવો–આનું નામ ધારણા કહેવાયું છે.'

રજોગુણથી ઉત્પન્ન થયેલી ચંચળતામાંથી તેમ જ તમોગુણથી ઉત્પન્ન થયેલા આળસ વગેરેમાંથી મનને પ્રાણાયામથી વારવામાં આવ્યું હોય છે, ત્યારે તે એ ધારણા કરવા માટે યોગ્ય થાય છે.

'પ્રાણાયામના દૃઢ અભ્યાસથી અને ગુરુએ બતાવેલી યુક્તિથી' એમ જે ઉપર કહ્યું છે, તેમાં યુક્તિ શબ્દથી યોગીજનોમાં પ્રસિદ્ધ એવી નીચેની ક્રિયાઓ સમજવી: મસ્તકરૂપ મેરુને ઘુમાવવો, જીભના ટેરવાથી ઘંટિકા (લાળી)ને ભમાવવી, નાભિચક્ર અને હૃદયમાં જ્યોતિનું ધ્યાન કરવું અને વિસ્મૃતિ કરાવે એવાં ઔષધોનું સેવન કરવું વગેરે.

આ પ્રમાણે અધ્યાત્મવિદ્યા, સંતસમાગમ, વાસનાક્ષય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને પ્રાણનિરોધ એ ચિત્તનાશના ઉપાયો બતાવ્યા. હવે મનના નાશના ઉપાયરૂપ સમાધિ વિશે અમે કહીશું. ચિત્તની પાંચ ભૂમિકા છે. તેમાં પહેલી ત્રણ ભૂમિકાઓને ત્યજીને પાછલી જે બે ભૂમિકાઓ રહે છે, તે સમાધિ છે. એ ભૂમિકાઓ વિશે યોગભાષ્યકાર વ્યાસજીએ આ પ્રમાણે કહ્યું છે: 'ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એમ ચિત્તની પાંચ ભૂમિકાઓ છે.' આસુરી સંપત્તિ, લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનામાં પ્રવર્તતું ચિત્ત 'ક્ષિપ્ત' હોય છે. નિદ્રા તથા તંદ્રા આદિથી ઝડપાયેલું ચિત્ત મૂઢ હોય છે. કદી ક્યારેક ધ્યાનથી યુક્ત થયેલું ચિત્ત 'ક્ષિપ્ત' કરતાં વિશેષ છે, તેથી તે 'વિક્ષિપ્ત' છે. આમાં ક્ષિપ્ત અને મૂઢ એ બે ભૂમિકાઓમાં સમાધિની શંકા પણ હોઈ શકતી નથી. ચિત્તની વિક્ષિપ્ત ભૂમિકામાં વિક્ષેપની પ્રધાનતા છે અને સમાધિ ગૌણ છે. તેથી તે સમાધિ યોગપક્ષમાં વર્તતી નથી. એ સમાધિ વિક્ષેપની વચમાં રહેલી હોવાથી અગ્નિની વચમાં રહેલા બીજની જેમ તે તરત જ નાશ પામે છે. પણ જે એકાગ્ર ચિત્તમાં અદ્ભુત અર્થનો પ્રકાશ કરે છે, ક્લેશોને ક્ષીણ કરે છે, કર્મનાં બંધનોને ઢીલાં કરે છે અને નિરોધને સંમુખ કરે છે, તે સંપ્રજ્ઞાત યોગ કહેવાય છે. જ્યારે સર્વ વૃત્તિઓનો નિરોધ થાય છે, ત્યારે તો અસંપ્રજ્ઞાત સમાધિ થાય છે. ત્યાં સંપ્રજ્ઞાત સમાધિની ભૂમિકારૂપ એકાગ્રતા વિશે પતંજલિ આ સૂત્ર કહે છે: 'શાંત અને ઉદિત એ બન્ને તુલ્ય પ્રત્યય થાય ત્યારે ચિત્તની એકાગ્રતારૂપ પરિણામ થાય. અહીં શાંત એટલે અતીત (ભૂત), ઉદિત એટલે વર્તમાન, અને પ્રત્યય એટલે ચિત્તની વૃત્તિ. હવે ભૂતકાળની ચિત્તવૃત્તિ જે પદાર્થને પકડે છે, તે જ પદાર્થને જ્યારે (વર્તમાન) ચિત્તવૃત્તિ પકડે અર્થાત્ સ્વીકારે ત્યારે બન્ને તુલ્ય (એક વિષય) થાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. ચિત્તના આવા પરિણામને એકાગ્રતા કહેવામાં આવે છે. આ એકાગ્રતાની અભિવૃદ્ધિરૂપ સમાધિ વિશે નીચેનું સૂત્ર છે: 'સર્વાર્થતાનો ક્ષય અને એકાગ્રતાનો ઉદય એ ચિત્તનું સમાધિરૂપ પરિણામ છે.' રજોગુણને પરિણામે ચંચળતાને પામેલું ચિત્ત ક્રમપૂર્વક સર્વ પદાર્થોને પકડે છે. તે રજોગુણના અટકાવ માટે યોગી ખાસ પ્રયત્ન કરે છે. આ પ્રયત્ને કરીને તેની સર્વાર્થતા-(સર્વ વિષયોને પકડવાનો ધર્મ)નો રોજરોજ ક્ષય થાય છે. વળી ત્યારે તેની એકાગ્રતાનો ઉદય થાય છે. ચિત્તના આવા પરિણામને સમાધિ કહેવામાં આવે છે. તે સમાધિનાં આઠ અંગો છે. તેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર એ પાંચ બાહ્ય અંગો છે. એ બાહ્ય અંગોમાંના યમો વિશે આ સૂત્ર છે: 'અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી તે), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ (મિલકત ન રાખવી તે) એ યમો છે.' હિંસા વગેરે નિષિદ્ધ ધર્મોમાંથી યોગીઓને જે યમન કરે છે—વારણ કરે છે, તે યમ છે. નિયમો વિશે સૂત્રમાં કહ્યું છે: 'શૌચ (બહાર અને અંદરની પવિત્રતા), સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન (ઈશ્વરને અર્પણ) એ નિયમો છે. જન્મના હેતુરૂપ કામ્ય ધર્મોમાંથી નિવૃત્ત કરીને યોગીને મોક્ષના હેતુરૂપ નિષ્કામ ધર્મમાં નિયમે છે, પ્રેરે છે, તે નિયમ છે. યમ તથા નિયમ એ બન્નેના અનુષ્ઠાનની વિલક્ષણતા વિશે સ્મૃતિમાં આ પ્રમાણે કહ્યું છે: 'શાણા માણસે યમોનું સતત જ સેવન કરવું; નિયમોનું એવું સેવન ન કરવું; કારણ કે જે માણસ યમોને સેવતો નથી અને કેવળ નિયમોને જ સેવ્યા કરે છે, તે પતનને જ પામે છે. જે માણસ નિયમવાળો છે, છતાં યમોમાં આસક્તિ વિનાનો છે, તે પડે જ છે; પરંતુ જે યમવાળો છે, છતાં નિયમોમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આળસુ છે તે ખેદ પામતો નથી. આ પ્રમાણે યમ તથા નિયમ વિશે બુદ્ધિપૂર્વક સમજણ મેળવીને બુદ્ધિને અનેકાનેક યમોમાં જ પરોવવી.' હવે યમનિયમનાં ફળ વિશે પતંજલિ આ સૂત્રો આપે છે: 'તે(અહિંસા)ની આગળ વેરનો ત્યાગ થાય છે. (સત્યથી) કેવળ વાણી વડે અન્યને ક્રિયા તથા તેનું ફળ આપવાનું સામર્થ્ય સાંપડે છે. (અસ્તેયથી) સર્વ રત્નો પાસે આવીને ઊભાં રહે છે. (બ્રહ્મચર્યથી) વીર્યલાભ થાય છે તથા જનન આદિના ભયનો અભાવ પ્રાપ્ત થાય છે. (અપરિગ્રહથી) જન્મ કેવી રીતે થયો તેનું જ્ઞાન લાધે છે. (બાહ્ય) શૌચથી પોતાના દેહ વિશે જુગુપ્સા થાય છે અને બીજાઓના દેહ તરફ અસંગ ઉત્પન્ન થાય છે. (અંતઃશૌચથી) સત્ત્વ(અંતઃકરણ)ની શુદ્ધિ, મનની પ્રસન્નતા, એકાગ્રતા, ઇંદ્રિયો ઉપરનો જય અને આત્મદર્શન માટેની યોગ્યતા એટલી વસ્તુઓ થાય છે. સંતોષથી ઉત્તમોત્તમ સુખનો લાભ થાય છે. તપથી અશુદ્ધિનો ક્ષય થાય છે, તેથી (અણિમા વગેરે) કાયાની સિદ્ધિઓ અને (દૂરનું સાંભળવું તથા દૂરનું જોવું વગેરે) ઇંદ્રિયની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. સ્વાધ્યાયથી ઇષ્ટદેવતા સાથે સંપ્રયોગ (તેનું દર્શન અને તેની સાથે ભાષણ) સાંપડે છે. ઈશ્વરપ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થાય છે.' આસન અને પ્રાણાયામ એ બેને વિશે આગળ કહી ગયા. યોગસૂત્રમાં પ્રત્યાહારનું નીચે પ્રમાણે વર્ણન છે: 'પોતાના વિષયથી વિમુખતા થતાં ઇંદ્રિયો ચિત્તના સ્વરૂપનું જે અનુકરણ કરતી લાગે છે, તે પ્રત્યાહાર છે.' શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયો છે, તેમનાથી વિમુખ થયેલી કાન વગેરે ઇંદ્રિયો ચિત્તના સ્વરૂપનું જાણે અનુકરણ કરતી હોય એમ લાગે છે. શ્રુતિ પણ કહે છે: 'જેમને શબ્દ આદિ વિષયો છે, એવી પાંચ ઇંદ્રિયોનું તથા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અતિ ચંચળ મનનું આત્માના કિરણરૂપે ચિંતન કરવું, એને પ્રત્યાહાર કહે છે.' જેમને શબ્દ આદિ વિષયો છે, તે કાન વગેરે ઇંદ્રિયો છે. તે ઇંદ્રિયો પાંચ છે, છઠ્ઠું મન છે. એ છને અનાત્મરૂપ શબ્દાદિ વિષયોમાંથી વારવાં અને તેમનું આત્માના કિરણરૂપે ચિંતન કરવું–તે પ્રત્યાહાર છે. આ એ શ્રુતિનો અર્થ છે. આ પ્રત્યાહારના ફળ વિષે આ પ્રમાણે સૂત્ર છે: 'તેથી (પ્રત્યાહારથી) ઇંદ્રિયો અત્યંત વશમાં આવે છે.' //

હવે ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણેને વિશે આ ત્રણ સૂત્રો છે: 'ચિત્તનો દેશબંધ (મૂલાધાર વગેરે અમુક ભાગમાં ચિત્તને સ્થિર બાંધવું) તે ધારણા છે. તેમાં વૃત્તિની એકતાનતા તે ધ્યાન છે. તે જ ધ્યાન જ્યારે માત્ર ધ્યેયાકાર હોય અને જાણે સ્વરૂપથી શૂન્ય હોય, ત્યારે સમાધિ છે.' મૂલાધાર વગેરે દેશો વિશે આ પહેલાં કહ્યું છે. બીજા દેશ વિશે શ્રુતિમાં કહ્યું છે: 'સંકલ્પ કરનારા મનનું ધ્યાન ધરીને બુદ્ધિમાને તેને આત્મામાં લગાડવું અને એ પ્રમાણે આત્માને ધારણ કરવો– એ ધારણા કહેવાય છે.' મન સર્વ વસ્તુ ઓનો સંકલ્પ કરનારું છે, તેનું ધ્યાન ધરવું. પછી એ મન આત્માનો જ સંકલ્પ કરો, બીજી કોઈ વસ્તુનો તે સંકલ્પ ન કરો–એવો પ્રયત્ન કરવો. આ પ્રયત્ન તે 'તેને આત્મામાં લગાડવું' છે. વૃત્તિની એકતાનતા એટલે કેવળ એક તત્ત્વને જ વિષયરૂપ કરનારો પ્રવાહ. તે પ્રવાહ બે પ્રકારનો છે: એક તૂટકતૂટક થતો પ્રવાહ છે અને બીજો એકધારો રહેતો પ્રવાહ છે. તે બન્ને અનુક્રમે ધ્યાનરૂપ અને સમાધિરૂપ થાય છે. સર્વાનુભવ યોગીએ તે બન્નેને આ રીતે બતાવ્યા છે: 'આગળ કહેવામાં આવેલું જ્ઞાન ચિત્તની એકાગ્રતામાંથી ઉત્પન્ન થાય છે. તેથી તે એકાગ્રતાના સાધનરૂપ ધ્યાનને યથાર્થ રીતે ઉપદેશવામાં આવે છે. ઉત્પત્તિક્રમથી

ધા.પ.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઊલટા ક્રમે (કાર્યોનો કારણમાં લય કરીને) સમગ્ર વિકૃતિને દૂર કરતાં કરતાં શેષ રહેલા સન્માત્ર ચિદાનંદનું જ ચિંતન કરવું.' 'અહંકાર વિનાની, બ્રહ્માકાર થયેલી મનોવૃત્તિનો પ્રવાહ સંપ્રજ્ઞાત સમાધિ છે અને તે ધ્યાનના અભ્યાસની દૃઢતાથી સિદ્ધ થાય છે.' આ સમાધિનું સ્વરૂપ ભગવાન શંકરાચાર્ય આ પ્રમાણે વર્ણવે છે: 'તે જ હું છું–હું સદૈવ વિમુક્ત ઊંકાર-રૂપ છું. ચૈતન્ય તેનું સ્વરૂપ છે અને ગગન તેની ઉપમા છે. તે સર્વથી શ્રેષ્ઠ છે અને સદાસર્વદા પ્રકાશરૂપ છે. તેને જન્મ નથી અને તેને મરણ નથી. તે એક છે અને અક્ષર છે. તે નિર્લેપ છે, સર્વગત છે અને અદ્વિતીય છે. હું શુદ્ધ અને નિર્વિકાર એવું ચૈતન્ય છું. સ્વાભાવિક રીતે જ મારો કોઈ વિષય નથી. અજન્મા, સંપૂર્ણ, ભૂમા (વ્યાપક બ્રહ્મ) આગળ ને પાછળ, ઉપર ને નીચે સર્વત્ર છે અને તે આત્મામાં રહેલ છે. હું જન્મરહિત છું અને અમર છું : હું જરારહિત છું અને અમૃત છું. હું સ્વયંપ્રકાશ છું, સર્વમાં વ્યાપેલો છું અને હું અદ્વૈત છું. કાર્ય તથા કારણથી હું પર છું. હું અત્યંત નિર્મળ છું અને હું નિત્યતૃપ્ત છું. આથી હું વિમુક્ત ઊંકારરૂપ છું.'

અહીં આવો પ્રશ્ન ઊઠી શકે–સંપ્રજ્ઞાત સમાધિ પોતે જ એક ગૌણ સમાધિ છે, તો ધ્યાન પછી આવતી અને આઠમા અંગરૂપ ગણાતી સમાધિને સ્થાને તેને કેમ ગણવામાં આવે? પણ આમ ગણવામાં દોષ નથી; કારણ કે એ બેમાં કોઈ અત્યંત ભેદ નથી. વેદને ભણતો નવોસવો શિષ્ય ડગલેડગલે લથડી પડે છે; છતાં ફરીફરીને ભૂલને સુધારે છે. તે વેદ ભણી રહે છે એટલે સાવધાન થાય છે અને લથડિયું ખાતો નથી. પછી તે અધ્યાપક થાય છે, ત્યારે તે ધ્યાન ન રાખે કે અધીં ઊંઘમાં રહે, તોપણ તે લથડતો નથી. એ જ પ્રમાણે ધ્યાન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમાધિ અને સંપ્રજ્ઞાત સમાધિનો વિષય એક છે; છતાં તેમની પૂર્ણતામાં ઓછાવત્તાપણાનો ભેદ રહે છે. આ ભેદ ઉપરથી તેમનો અવાંતર ભેદ જાણી લેવો.

ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણ મનના વિષય છે. તેથી તેઓ સંપ્રજ્ઞાત સમાધિનું અંતરંગ છે. યમ વગેરે પાંચ તો તેના બહિરંગ છે. તે વિશે આ સૂત્ર છે: 'આગળનાઓની અપેક્ષાએ એ ત્રણ અંતરંગ છે.' એટલે કોઈ પુણ્યના યોગથી જો આ અંતરંગ પ્રથમથી સિદ્ધ થયું હોય, તો બહિરંગને મેળવવા માટે અતિપ્રયાસ કરવાની જરૂર રહેતી નથી. પતંજલિએ તો અનેક પ્રકારની સંપ્રજ્ઞાત તથા વિકલ્પ સમાધિ વર્ણવી છે. એ સમાધિમાં કેટલીકના વિષય ભૌતિક છે, કેટલીકના પંચમહાભૂતો છે, કેટલીકના તન્માત્રાઓ છે, કેટલીકના ઇંદ્રિયો છે અને કેટલીકના અહંકાર વગેરે છે. આ બધી સમાધિઓનો હેતુ અંતર્ધાન વગેરે સિદ્ધિઓના હેતુરૂપ છે અને તેઓ મુક્તિના હેતુરૂપ સમાધિમાં વિરોધકારી છે. આથી અમે ત્યાં કહેલી તે સમાધિઓનો આદર કર્યો નથી. પતંજલિ સૂત્ર આપે છે: 'તેઓ (આગળ કહેલા વિકારો) સમાધિકાળમાં વિઘ્નરૂપ છે અને વ્યુત્થાનકાળમાં સિદ્ધિરૂપ છે.' 'સ્થાનીને આમંત્રવામાં આસક્તિ તથા આશ્ચર્ય કરવાં નહિ; કેમ કે તેથી ફરી અનિષ્ટનો પ્રસંગ આવી પડે છે.' અહીં સ્થાની એટલે દેવો. દેવોએ આમંત્ર્યા છતાં ઉદ્દાલકે દેવોની અવજ્ઞા કરી અને પોતે નિર્વિકલ્પ સમાધિ જ કરી એવું ઉપાખ્યાન છે. નીચેના પ્રશ્નોત્તરથી પણ એ જ વાત સમજાય છે:

શ્રીરામ કહે છે: હે શ્રેષ્ઠ આત્મજ્ઞાની! અહીં જીવન્મુક્ત શરીરોમાં આકાશગમન વગેરે સિદ્ધિઓ કેમ જોવામાં આવતી નથી?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસિષ્ઠ કહે છે : આત્માને ન જાણનારો મનુષ્ય મુક્ત ન હોતાં પણ આકાશમાં વિહરવા આદિની તથા અણિમા આદિ આઠ સિદ્ધિઓની સિદ્ધિજાળની ઇચ્છા કરે છે. હે રઘુનંદન ! દ્રવ્ય, મંત્ર, ક્રિયા અને કાળની શક્તિથી મનુષ્ય એ સિદ્ધિઓને મેળવે છે; પણ એ સિદ્ધિઓ મેળવવી એ કાંઈ આત્મજ્ઞાનીનો વિષય નથી. આત્મજ્ઞાની તો માત્ર આત્મામાં જ દૃષ્ટિ રાખે છે. તે આત્માથી આત્મામાં સંતુષ્ટ હોય છે અને અવિદ્યા તરફ જતો જ નથી. આ જગતના આ જે કાંઈ પદાર્થ છે, તે સર્વને તે અવિદ્યામય જાણે છે. એટલે જેણે અવિદ્યાને ત્યજી દીધી છે, એવો તે આત્મજ્ઞાની પુરુષ તે પદાર્થોને વિશે ક્યાંથી ઝબોળાય ? દ્રવ્ય, મંત્ર, ક્રિયા અને કાલની શક્તિઓ સારી રીતે સિદ્ધિ આપનારી છે, પણ તેમાંની કોઈ પણ શક્તિ પરમાત્મપદની પ્રાપ્તિમાં સહાય કરતી નથી. ઇચ્છારૂપી સઘળી જાળો શમી જતાં આત્માના જે લાભનો ઉદય થાય છે, તે લાભ સિદ્ધિની ઇચ્છામાં ડૂબી ગયેલા ચિત્તવાળા પુરુષને ક્યાંથી મળે એમ છે ? જેમ ભૂંડા ગામડાની ગોરી નગરનિવાસિની નારીના નગરનિવાસી રમણને રીઝવી શકતી નથી, તેમ જગતના આ કોઈ પણ પદાર્થો એ તત્ત્વજ્ઞને રંજન કરી શકતા નથી. કદી સૂર્યનાં કિરણ શીતળ થઈ જાય, કદી ચંદ્રનું મંડળ અતિ ઉગ્ર થઈ જાય અને કદી અગ્નિની શિખા નીચે પ્રસરતી થઈ જાય, તોપણ જીવન્મુક્ત વિસ્મય પામતો નથી. આ તો અહીં ચિદાત્માની શક્તિઓ જ આ પ્રમાણે સ્ફુરી રહી છે; એમ સમજીને તેને આશ્ચર્યજાળોમાં કંઈ જ કુતૂહલ થતું નથી. પણ ભાવનાયુક્ત આત્માવાળો હોવા છતાં જે માણસ સિદ્ધિની જાળોની ઇચ્છા કરે છે, તે માણસ સિદ્ધિ આપનારાં દ્રવ્યો વડે તે સિદ્ધિઓને ક્રમપૂર્વક સાધે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંપ્રજ્ઞાત સમાધિ તો આત્માને વિષય કરનારી છે અને તે વાસનાક્ષય તથા નિરોધસમાધિનો હેતુ છે. આથી અમે તેનો અહીં આદર કર્યો છે. હવે પાંચમી ભૂમિકારૂપ નિરોધ-સમાધિનું નિરૂપણ કરવામાં આવે છે. તે નિરોધ વિશે આ સૂત્ર છે : 'વ્યુત્થાન અને નિરોધ એ બે સંસ્કારોનો અનુક્રમે અભિભવ (દબાવું તે) અને પ્રાદુર્ભાવ (ઉપર આવવું) થાય છે, ત્યારે નિરોધની ક્ષણને ચિત્તનું જે અનુસરવું થાય છે, તે નિરોધપરિણામ છે.' ચિત્તના વ્યુત્થાન સંસ્કારો સમાધિમાં વિરોધી છે અને તે ઉદ્દાલકની સમાધિ(યો. વા. ઉ. પ્ર. સર્ગ ૫૧, શ્લોક ૧૮ થી ૩૦)માં બતાવ્યા છે : 'જેમ મેરુના શિખર ઉપર મેઘ વિશ્રાંતિ પામે છે, તેમ હું ક્યારે મનનથી મુક્ત એવા પરમ પાવન પદમાં ચિર વિશ્રાંતિ પામીશ ?' આવી ચિંતાથી ઉદ્દાલક બ્રાહ્મણ પરવશ થઈ ગયા હતા અને ફરી-ફરીને બેસીને ધ્યાનનો અભ્યાસ કરતા હતા, પણ તેમનું વાંદરા જેવું ચંચળ ચિત્ત વિષયોમાં ઘસડાયા કરતું હતું, તેથી તેમને સમાધિમાં પ્રીતિદાયિની પ્રતિષ્ઠા–સ્થિરતા પ્રાપ્ત થઈ નહિ. કોઈક વાર તેમનો ચિત્તરૂપી વાંદરો બાહ્ય વિષયોનો સંગ છોડીને આંતર વિષયોને અડતો હતો, તો કોઈક વાર તે આંતર વિષયોનો સ્પર્શ ત્યજીને બાહ્ય વિષયોને પકડતો હતો. આમ ગભરાયેલા પંખીની જેમ તેમનું મન એક ઉપરથી બીજા ઉપર ઊડી જતું હતું. ક્યારેક તે મુનિ ઉદય પામેલા બાલસૂર્યનું વિસ્તૃત તેજ જુએ છે, ક્યારેક તે કેવળ આકાશને જુએ છે અને ક્યારેક તે ઘન અહંકારને જ જુએ છે. જેમ કોઈ શૂર-વીર પુરુષ તલવાર વડે રિપુઓને રણમાં રોળી નાખે છે, તેમ તે મુનિએ ત્યારે મન વડે યથેચ્છ આવતા પ્રતિભાસોને ફરી-ફરી છેદી નાખ્યા. પછી તેમણે સંકલ્પના સમૂહમાં લીન થઈ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગયેલા હૃદયરૂપી આકાશમાં તમોગુણથી ઢંકાયેલા વિવેકરૂપી સૂર્યને કાજળના હાલતા અંધારપટવાળો જોયો. તેને પણ તેમણે યથાર્થ જ્ઞાનરૂપી સૂર્યથી દૂર કરી દીધો. આમ અંધકાર શમી ગયો, ત્યારે તેમણે પોતાને વિશે તેજનો પુંજ (સમૂહ) જોયો. બાળકહાથી જેમ સ્થળક મળના વનને કાપી નાખે, તેમ તેમણે તેજના એ પુંજને પણ વેરી નાખ્યો. આમ તેજ ઉપરતિ (શાંતિ) પામ્યું, એટલે એ મુનિનું મન ડોલવા લાગ્યું–રાત્રિકમળની જેમ તે પણ ઊંઘમાં પડી ગયું. પણ મુનિએ તેને ઝટ ઢંઢોળી મૂક્યું. હવે નિદ્રા દૂર થઈ એટલે તેમને આકાશની સંવિત્ (ભાન) ઊગી આવી. પછી તે આકાશની સંવિત્ પણ નાશ પામી, ત્યારે તેમનું મન મૂઢ થઈ ગયું. તે મહાશયે મનના તે મોહને પણ ધોઈ નાખ્યો, એટલે તેમનું મન ક્ષણ વાર કોઈ અકથ્ય અવસ્થાને પામી વિશ્રાંત થયું અને તે અવસ્થા તમ, નિદ્રા, મોહ વગેરેથી રહિત હતી.'

યોગી નિરોધના હેતુરૂપ જે પ્રયત્ન કરે છે, તેથી આ સર્વ વ્યુત્થાન સંસ્કારો રોજરોજ તથા ક્ષણેક્ષણે દબાયા કરે છે. અને તેમના વિરોધી એવા નિરોધસંસ્કાર ઉપર આવ્યા કરે છે. આમ થતાં નિરોધ એકએક ક્ષણે ચિત્તને અનુકૂળ થતો જાય છે. ચિત્તનું આવું આ નિરોધપરિણામ થાય છે.

અહીં કહેવામાં આવશે: 'એક ચિતિશક્તિ (ચૈતન્યશક્તિ) સિવાય સર્વ પદાર્થો પ્રતિક્ષણ પરિણામ પામનારા છે.' એ ન્યાયે ચિત્તનો સદા પરિણામપ્રવાહ કહેવો જોઈએ. આ ઠીક કહ્યું. ત્યાં વ્યુત્થિત (સમાધિમાંથી જાગેલા) ચિત્તનો વૃત્તિપ્રવાહ તો સ્પષ્ટ છે જ, પણ નિરુદ્ધ (નિરોધ પમાડેલા) ચિત્તના વૃત્તિપ્રવાહ વિશે શું? આ શંકાના ઉત્તરમાં પતંજલિ આ સૂત્ર કહે છે: 'ત્યારે (નિરોધ) સંસ્કારથી (ચિત્તની)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશાંતવાહિતા થાય છે.' દાખલા તરીકે સમિધ, ઘી વગેરેની આહુતિઓ નાખવાથી અગ્નિ ઉત્તરોત્તર અધિકતાથી બળે છે; પણ સમિધ, ઘી વગેરે ક્ષય પામવાથી તે અગ્નિ પહેલી ક્ષણે કંઈક શાંત થાય છે અને પછીપછીની ક્ષણે તે વધારે ને વધારે શાંતિ પામે છે. તે જ પ્રમાણે નિરુદ્ધ ચિત્તનો ઉત્તરોત્તર અધિક શાંતિપ્રવાહ વહે છે, તેમાં આગળઆગળની શાંતિથી ઊપજેલા સંસ્કારો જ પાછળપાછળની શાંતિના કારણરૂપ છે. ચિત્તની આ પ્રશાંતવાહિતાને ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં આ પ્રમાણે સ્પષ્ટ કરી ગાઈ છે: 'જ્યારે નિયમમાં આણવામાં આવેલું મન આત્મામાં જ સ્થિર રહે છે, ત્યારે સર્વ કામનાઓથી નિઃસ્પૃહ થયેલો તે પુરુષ યોગયુક્ત થયેલો કહેવાય છે. પવનવિહોણા સ્થાનમાં રહેલો દીવો જેમ હાલતો નથી, તે જ આત્માનો યોગ જોડતા યોગીના નિયમમાં આણેલા ચિત્તની ઉપમા કહી છે. તે અવસ્થાને યોગના નામથી ઓળખાતી જાણવી. યોગસેવનથી નિરોધેલું ચિત્ત તેને વિશે ઉપરામ પામે છે અને તેને વિશે જ આત્માને આત્માથી જોતાં આત્મામાં સંતોષ થાય છે. તેમાં બુદ્ધિથી ગ્રાહ્ય પણ ઇંદ્રિયોથી અતીત એવા આત્યંતિક સુખને તે જાણે છે અને તેમાં રહેલો એ પુરુષ તત્ત્વથી ચળતો નથી. તે પામીને તે બીજા કોઈ પણ લાભને અધિક માનતો નથી. તેમાં રહીને તે ભારે દુઃખથી પણ વિચલિત થતો નથી. તે અવસ્થા દુઃખના સંયોગના વિયોગવાળી છે. આ યોગ નિશ્ચયપૂર્વક અને ચિત્તમાં કાયર થયા વિના સાધવો જોઈએ.

નિરોધસમાધિના સાધનનું સૂત્ર કહે છે: 'વિરામના પ્રત્યયના અભ્યાસપૂર્વક રહેલો સંસ્કાર શેષ તે અન્ય (અસંપ્રજ્ઞાત સમાધિ) છે.' વિરામ એટલે વૃત્તિનો ઉપરામ, પ્રત્યય એટલે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કારણ, અભ્યાસ એટલે પુરુષપ્રયત્ન. આમ, વૃત્તિના ઉપરામને અર્થે ફરીફરીને કરવામાં આવતા પુરુષપ્રયત્નને પરિણામે થયેલો એટલો 'અભ્યાસપૂર્વક' સુધીના ભાગનો અર્થ છે. એ પછી સૂત્રને છેડે 'અન્ય' શબ્દ છે. આગળ સંપ્રજ્ઞાત સમાધિ કહી છે, તેની અપેક્ષાએ આ સમાધિમાં વૃત્તિરહિત થઈ ગયેલું ચિત્ત માંડમાંડ જોઈ શકાય છે. તેથી તે ચિત્ત સંસ્કારરૂપે જ શેષ રહેલું હોય છે. આ અસંપ્રજ્ઞાત સમાધિ, વૃત્તિના ઉપરામને અર્થે કરવામાં આવેલા પુરુષપ્રયત્નથી થાય છે. એ વિશે ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં આ સ્પષ્ટતા કરે છે: 'સંકલ્પથી જન્મેલાં સર્વ કોઈ કામો(કામનાઓ)ને અશેષે ત્યજી દેવાં અને ઇંદ્રિયોના સમૂહને મન વડે ચોમેરથી નિયમમાં લાવવો. પછી ધૈર્યપૂર્વક પકડેલી બુદ્ધિ વડે મનને ધીરેધીરે ઉપરામ પમાડવું (વૃત્તિરહિત કરવું) અને છેલ્લે મનને આત્મામાં સ્થિર કરવું. આમ કર્યા પછી તેણે કશું ય ચિંતન કરવું નહિ. ચંચળ અને અસ્થિર એવું મન જ્યાં જ્યાંથી બહાર જાય ત્યાં ત્યાંથી તેને નિયમમાં લાવવું અને આત્મામાં જ વશ વર્તાવવું.

ફૂલમાળા, ચંદન, વનિતા, પુત્ર, મિત્ર, ઘર, ખેતર વગેરેની કામના કરવામાં આવે છે. મોક્ષશાસ્ત્રમાં કુશળ એવા વિવેકી જનોએ પ્રસિદ્ધ કરેલા અનેકાનેક દોષોથી તેઓ ભરેલા છે. આમ છતાં અનાદિ અવિદ્યાને લીધે મનુષ્યો તે દોષોને ઢાંકી દે છે અને પછી તે વિષયોને વિશે શ્રેષ્ઠતા કલ્પી લે છે. આ પ્રમાણે શ્રેષ્ઠતાનો સંકલ્પ કર્યાથી 'આ બધું મારું હો' એ પ્રકારનાં કામો (કામનાઓ) ઉત્પન્ન થાય છે. સ્મૃતિમાં પણ કહ્યું છે: 'સંકલ્પ એ કામનું મૂળ છે, અને યજ્ઞો પણ સંકલ્પ-રૂપી મૂળવાળા છે. અલ્યા કામ! હું તારું મૂળ જાણું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તું સાચે જ સંકલ્પમાંથી જન્મે છે. હું તારે વિશે સંકલ્પ જ કરીશ નહિ, એટલે પછી તું મૂળ સાથે વિનાશ પામશે.'

જેમ કૂતરાએ ઓકી કાઢેલી ખીરને વિશે કામના રહેતી નથી, તેમ આ વિષયોમાં રહેલા દોષોને વિવેકપૂર્વક બરાબર જોવામાં આવે, તો તેમને વિશે પણ કામ રહેતો નથી. ફૂલમાળા, ચંદન, વનિતા વગેરે વિષયો વિશેનો કામ જેમ ત્યજવો જોઈએ, તેમ બ્રહ્મલોક વગેરે વિશેનો તેમ જ અણિમા વગેરે ઐશ્વર્યો વિશેનો કામ પણ ત્યજવો યોગ્ય છે. આ અભિપ્રાયને ઉદ્દેશીને 'સર્વ કોઈ'* શબ્દો કહ્યા છે. એક માસના ઉપવાસનું વ્રત રાખનારે તે માસમાં અન્નનો ત્યાગ કર્યો છે, છતાં તેને અન્નને માટે ફરીફરીને કામ ઊપડી આવે છે. 'આવું રખે થાઓ' એ સૂચવવા 'અશેષે' શબ્દ કહ્યો છે. હવે કામનો ત્યાગ થાય છે, ત્યારે મનપૂર્વકની પ્રવૃત્તિ થતી નથી. આમ છતાં, આંખ વગેરે ઇંદ્રિયોની રૂપ વગેરેમાં સ્વભાવસિદ્ધ પ્રવૃત્તિ થાય છે. આ પ્રવૃત્તિને પણ પ્રયત્નયુક્ત મનથી નિયમમાં લાવવી. દેવદર્શન વગેરે માટેની પ્રવૃત્તિ પણ ન કરવી, એ સૂચવવા 'ચોમેરથી' શબ્દ કહ્યો છે. ક્રમપૂર્વક ભૂમિકાઓ ઉપર જય મેળવીને મનને ઉપરામ પમાડવું એ સમજાવવા માટે 'ધીરે ધીરે' કહ્યું છે. તે ભૂમિકાઓ ચાર છે, એમ કઠવલ્લીમાં શ્રુતિ છે: 'વિદ્વાને વાણીને મનમાં લય પમાડવી, મનને જ્ઞાનરૂપ આત્મા(બુદ્ધિ)માં લય પમાડવું, જ્ઞાનરૂપ આત્મા (બુદ્ધિ)-ને મહાન આત્મામાં લય પમાડવો અને મહાન આત્માને શાંત આત્મામાં લય પમાડવો.' વાણીનો વ્યાપાર બે પ્રકારનો છે: એક લૌકિક અને બીજો વૈદિક છે. તેમાં બોલવું વગેરે લૌકિક વ્યાપાર છે અને જપ વગેરે કરવા તે વૈદિક વ્યાપાર

* જુઓ પાનું ૧૨૫.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. આમાં લૌકિક વ્યાપાર અત્યંત વિક્ષેપકારી છે, તેથી યોગીએ વ્યુત્થાનકાળમાં પણ તેનો ત્યાગ કરવો. આથી સ્મૃતિ કહે છે: 'મૌન, યોગાસન, યોગ, તિતિક્ષા (ટાઢ–તડકો વગેરે સહન કરવું), એકાંતશીલતા, નિઃસ્પૃહતા અને સમતા (સમદૃષ્ટિ) એ સાત એક દંડને ધારણ કરનારા સંન્યાસીનાં લક્ષણ છે.' દંડી સંન્યાસીએ નિરોધસમાધિમાં જપ વગેરે વૈદિક વ્યાપારનો પણ ત્યાગ કરવો. આ પ્રથમ વાણીરૂપ ભૂમિકા થઈ. એ ભૂમિકાને તેણે પ્રયત્નપૂર્વક થોડા દિવસમાં, માસમાં કે વર્ષમાં દૃઢ રીતે જીતી લેવી. પછી તેણે બીજી મનરૂપ ભૂમિકામાં પ્રયત્ન કરવો. નહિ તો અનેક ભૂમિકાવાળા મહેલની જેમ પ્રથમ ભૂમિકાના પડવાથી તે ઉપરની ભૂમિકાઓ પણ વિનાશ પામશે. જો કે આંખ વગેરેનો નિરોધ કરવો જરૂરી છે. છતાં તેમનો પણ વાણીરૂપી ભૂમિકામાં અથવા મનરૂપી ભૂમિકામાં અંતર્ભાવ સમજી જ લેવો.

અહીં કહેવામાં આવશે: વાણીને મનમાં લય પમાડવી એમ જે કહ્યું છે, તે યોગ્ય નથી; કારણ કે એક ઇંદ્રિયનો બીજી ઇંદ્રિયમાં પ્રવેશ થઈ શકતો નથી. પણ આ કહેવું બરાબર નથી; કારણ કે અહીં પ્રવેશની વાત કરી જ નથી. અહીં આટલું જ કહ્યું છે. મન અને વાણી જાતજાતના વિક્ષેપ કરનારાં છે: તે બેમાંથી પ્રથમ વાણીના વ્યાપારને નિયમમાં આણીને માત્ર મનના વ્યાપારને શેષ રહેવા દેવો. બળદ, પાડા અને ઘોડા વગેરેમાં બને છે, તેમ જ્યારે વાણીનો નિયમ (જય) સ્વાભાવિક સિદ્ધ થાય, ત્યારે મનને જ્ઞાનાત્મા (જ્ઞાન આત્મા)માં લય પમાડવું. હવે જ્ઞાનાત્મા, મહાત્મા (મહાન આત્મા)માં અને શાંતાત્મા (શાંત આત્મા)–એમ ત્રણ પ્રકારનો આત્મા છે. 'હું જાણું છું–અહીં આત્મા રહ્યો છું'–એવી જ્ઞાતાપણાની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપાધિરૂપ જે અહંકાર છે, તે અહીં (જ્ઞાન આત્મામાં) 'ज्ञान' શબ્દથી સમજાવ્યો છે. જેનો નિગ્રહ કરવાનું જણાવ્યું છે, તે કરણરૂપ મન તો જુદી જ ઉપાધિ છે. હવે એ અહંકાર પણ બે પ્રકારનો છે: એક વિશેષરૂપ છે અને બીજો સામાન્યરૂપ છે. 'આ હું આનો પુત્ર છું'–એમ વ્યક્તિવિષયક અભિમાનવાળો અહંકાર વિશેષરૂપ છે અને 'હું છું' એવો જ માત્ર અભિમાનવાળો અહંકાર સામાન્યરૂપ છે. તે સર્વ વ્યક્તિઓમાં વ્યાપેલો છે, તેથી તેને 'મહાન' કહેવામાં આવે છે. આત્મા (બન્ને આત્મા જ્ઞાનાત્મા અને મહાત્મા) આ બે પ્રકારના અહંકારોથી અનુક્રમે ઉપાધિયુક્ત છે. શાંતાત્મા તો નિરુપાધિક (ઉપાધિરહિત) છે. તે આ સર્વમાં અંતર્ભાવથી અને બહિર્ભાવથી વર્તે છે. એ શાંતાત્મા સર્વાંતર અને ચિદેકરસ છે. તેમાં જડ શક્તિરૂપ અવ્યક્ત આશ્રય કરીને રહ્યું છે. તે અવ્યક્ત મૂળપ્રકૃતિ છે. એ મૂળપ્રકૃતિ પ્રથમ સામાન્ય અહંકારરૂપ મહત્તત્ત્વનું નામ ધારણ કરીને વ્યક્ત થાય છે. આ અભિપ્રાયને લક્ષમાં રાખીને શ્રુતિ તેના ઉત્તરોત્તર આંતરત્વને સ્પષ્ટ કરે છે: 'વિષયો ઇંદ્રિયોથી પર (શ્રેષ્ઠ) છે, મન વિષયોથી પર છે. બુદ્ધિ મનથી પર છે, મહાન આત્મા બુદ્ધિથી પર છે, અવ્યક્ત મહત્‌થી (મહાન આત્માથી) મહત્તત્ત્વથી પર છે અને પુરુષ અવ્યક્તથી પર છે. એ પુરુષથી કશું પણ પર નથી–તે જ પરાકાષ્ઠા છે અને તે જ પરમ ગતિ છે.

આમ છે તો જાતજાતના સંકલ્પો અને વિકલ્પોના સાધન અને કરણરૂપ મનને અહંકારમાં લય પમાડવું જોઈએ; એટલે કે મનના વ્યાપારોને તજીને અહંકારમાત્રને જ શેષ રાખવો જોઈએ. આ અશક્ય છે, એમ કહેવું જોઈએ નહિ. જ્યારે 'હું તેના (મનના) નિગ્રહને વાયુનો નિગ્રહ કરવા જેવો અતિ દુષ્કર માનું છું' એવું અર્જુને કહ્યું, ત્યારે ભગવાને તેને આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉત્તર આપ્યો: 'હે મહાબાહુ! મનનો નિગ્રહ અતિ દુષ્કર છે એમાં સંશય નથી; કારણ કે તે ચંચળ છે. પણ હે કુંતીનંદન! અભ્યાસથી અને વૈરાગ્યથી તે પકડી શકાય છે. હું માનું છું કે જે અસંયતાત્મા (જેને આત્મા વશ નથી) છે, તેને યોગ પ્રાપ્ત થવો અત્યંત મુશ્કેલ છે. પણ જે વશ્યાત્મા છે અને જે પ્રયત્નવાન છે, તેને એ યોગની ઉપાયપૂર્વક પ્રાપ્તિ થઈ શકે છે.'

અભ્યાસ અને વૈરાગ્યનું વિવેચન આગળ ઉપર પતંજલિના સૂત્રના ઉદાહરણથી કરવામાં આવશે. જે આગલી આગલી ભૂમિકાઓને વિશે દૃઢતારહિત છે, તે અસંયતાત્મા (અસંયમી મનવાળો) છે અને જે તે ભૂમિકાઓને વિશે દૃઢતાવાળો છે, તે વશ્યાત્મા (સંયમી મનવાળો) છે. ઉપાયપૂર્વકની પ્રાપ્તિ વિશે ગૌડપાદાચાર્ય દૃષ્ટાંત સાથે આ પ્રમાણે કહે છે: 'દર્ભની અણીથી એકએક ટીપું લઈને સમુદ્રને ઉલેચી શકાય છે, તે જ પ્રમાણે કાયર થયા વિના મનનો નિગ્રહ કરી શકાય છે. પોતે બળવાન હોય, તોપણ તેણે એકલાએ ઘણાની સાથે વિરોધ કરવો નહિ. સમુદ્ર જેમ ટિટોડીઓથી પરાભવ પામ્યો હતો, તેમ તે પરાભવ પામે છે.' અહીં સંપ્રદાયવેત્તાઓ નીચેની આખ્યાયિકા કહે છે: 'પૂર્વે કોઈ એક પંખીનાં ઈંડાં સમુદ્રના તીરને સ્થાને હતાં. સમુદ્ર તે ઈંડાંને ઓટમાં તાણી ગયો. આથી તે પક્ષીએ નિશ્ચય કર્યો: 'હું એ સમુદ્રને શોષી નાખીશ.' ત્યાં તે પક્ષી પોતાની ચાંચથી પાણીનું એકએક ટીપું લઈને બહાર કાઢવા મંડ્યો. તે વખતે અનેક પક્ષીઓએ અને બંધુવર્ગોએ તેને આમ કરતો વાર્યો, પણ તે થોભ્યો જ નહિ. એટલે પછી તેઓ પણ તેને સહકાર આપવા લાગ્યા. હવે વારેવારે પડવાથી અને ઊડવાથી તે સર્વને ક્લેશ થયો. આ જોઈને નારદને દયા આવી. તેમણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગરુડને પોતાની પાસે બોલાવ્યો. એટલે ગરુડે સમુદ્રને પાંખના ફફડાટથી શોષવા માંડ્યો. આથી સમુદ્ર ગભરાઈ ગયો અને તેણે ઈંડાં આણીને તે પક્ષીને સોંપી દીધાં.'

જે યોગી મનના નિરોધરૂપ પરમ ધર્મમાં લાગી રહે છે, તેની ઉપર ઈશ્વર આ જ પ્રમાણે કૃપા કરે છે. આ નિરોધ કાયર થયા વિના કરવાનો છે અને વચમાં વચમાં તેની સાથે યોગને અનુકૂળ વ્યાપારો ભેળવવાના છે. ભાત ખાતા હોઈએ, ત્યારે તેના કોળિયાના ગાળામાં ચૂસવા, ચાટવા વગેરેના પદાર્થોનો સ્વાદ લેવામાં આવે છે, તે જ પ્રમાણે આ સમજવું. આ જ અભિપ્રાયને લક્ષમાં રાખીને વસિષ્ઠે કહ્યું છે: 'ચિત્તના બે ભાગ ભોગથી ભરવા, એક ભાગ શાસ્ત્રથી ભરવો અને વળી એક ભાગ ગુરુસેવાથી ભરવો. આ ક્રમ અવ્યુત્પન્નનો (યોગમાં માત્ર પ્રવેશ પામેલાનો) છે. પછી જેને યોગમાં કંઈક વ્યુત્પત્તિ (કુશળતા) થઈ છે, તેને માટે નીચે પ્રમાણેનો ક્રમ છે: તેણે ચિત્તનો એક ભાગ ભોગથી ભરવો, બે ભાગ ગુરુસેવાથી ભરવા અને વળી એક ભાગ શાસ્ત્રાર્થના ચિંતનથી ભરવો. પણ જેણે યોગમાં વ્યુત્પત્તિ મેળવી છે, તેણે તો રોજ ને રોજ ચિત્તના બે ભાગોને શાસ્ત્ર તથા વૈરાગ્યથી ભરવા અને બીજા બે ભાગોને ધ્યાન તથા ગુરુપૂજાથી ભરવા.' અહીં 'ભોગ' શબ્દથી જીવનના હેતુરૂપ ભિક્ષાનો વ્યાપાર તથા વર્ણાશ્રમને યોગ્ય વ્યાપાર કહ્યો છે. માત્ર એક ઘડી, માત્ર એક મુહૂર્ત અથવા શક્તિ પ્રમાણે યોગનો અભ્યાસ કરવો. પછી એક મુહૂર્ત ગુરુ પાસે જઈ શાસ્ત્રનું શ્રવણ કરવું અથવા તેમની સેવા કરવી. એ પછી એક મુહૂર્ત પોતાના દેહની અનુકૂળ ક્રિયાઓ કરવી. આ પછી એક મુહૂર્ત યોગશાસ્ત્રનું અવલોકન કરવું અને તે પછી એક મુહૂર્ત ફરી યોગનો અભ્યાસ કરવો. આ પ્રમાણે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યોગને મુખ્ય રાખીને તેની સાથે બીજા વ્યાપારોને મેળવતા રહી અભ્યાસ કરવો. પછી સૂવાનો વખત થાય તે પહેલાં તે દિવસમાં યોગના કેટલા મુહૂર્ત થયા, તેની ગણતરી કરવી. હવે બીજે દિવસે અથવા બીજે પખવાડિયે અથવા બીજે માસે યોગના મુહૂર્ત વધારતા જવા. આમ એકએક મહિને એક-એક ક્ષણ પણ યોગ કરવામાં આવે છે, તો વરસ થતાંમાં યોગકાળ ઘણો વધી જાય છે. અહીં એવી શંકા કરવી નહિ કે આ પ્રમાણે માત્ર યોગને જ શરણે જતાં બીજાં કાર્યો લુપ્ત થાય છે. કેમ કે જેના બીજા સર્વ વ્યાપારો લુપ્ત થયા છે, તેને જ યોગમાં અધિકાર છે. આથી જ વિદ્વત્સંન્યાસની અપેક્ષા રહે છે.× તેથી જ એકનિષ્ઠ પુરુષ વિદ્યાર્થી, વેપારી વગેરેની જેમ ક્રમપૂર્વક યોગારૂઢ થાય છે. વિદ્યાર્થી માણવક પ્રથમ પાદનો કંઈક ભાગ, પછી પાદ, પછી અર્ધી ઋચા, પછી બે ઋચા અને પછી વર્ગ એમ ક્રમપૂર્વક ભણીને દશ વર્ષે અધ્યાપક થાય છે. વળી વેપારી પ્રથમ એક સોનામહોર અને પછી બે સોના-મહોર એમ ક્રમપૂર્વક લક્ષાધિપતિ કે કરોડાધિપતિ થાય છે. તો આ વિદ્યાર્થી અને આ વેપારીની પેઠે જાણે મત્સરથી ઝડપાઈને પણ કાંઈ ક્રમપૂર્વક યોગ કરે, તો તે તેટલા સમય-માં કેમ યોગમાં આરૂઢ ન થાય? તેથી ફરીફરીને ઊઠી આવતા સંકલ્પવિકલ્પોને, ઉદ્દાલકમુનિના જેવા પુરુષપ્રયત્નથી તજી દેવા અને મનને વિશેષ અહંકારરૂપ જ્ઞાનાત્મામાં લય પમાડવું. આ પ્રમાણે તે બીજી ભૂમિકા ઉપર જય મેળવીને બાળક તથા મૂંગા વગેરેની જેમ સ્વાભાવિક નિર્મનસ્કતા (અમ-નસ્કતા–મનની રહિતતા) મેળવવી. આમ થતાં વિસ્પષ્ટ એવા અહંકારરૂપ જ્ઞાનાત્માને અસ્પષ્ટ એવા સામાન્ય અહંકારરૂપ

× જેનું વર્ણન પાછળ પરિશિષ્ટમાં આપેલું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહત્તત્ત્વમાં લય પમાડવો. જેમ સ્વલ્પ તંદ્રાને પામતા પુરુષનો વિશેષ અહંકાર એની મેળે જ સંકોચ પામે છે, તેમ જ તેના વિસ્મરણને વિશે પ્રયત્ન કરી રહેલા પુરુષનો અહંકાર તંદ્રા વિના જ સંકોચ પામે છે. આ ત્રીજી ભૂમિકા છે. એ અવસ્થા લોકપ્રસિદ્ધ તંદ્રા જેવી છે, અથવા તાર્કિકોએ સ્વીકારેલા નિર્વિકલ્પ જ્ઞાન સરખી છે. તેમાં સામાન્ય અહંકારરૂપ મહત્તત્ત્વ જ માત્ર શેષ રહે છે. અભ્યાસની કુશળતાથી આ ભૂમિકા ઉપર પણ જય મેળવવો અને પછી સામાન્ય અહંકારરૂપે એ મહાન આત્માને (મહાત્માને) ઉપાધિરહિતતાથી શાંત એવા ચિદેકરસ સ્વભાવવાળા આત્મામાં (શાંતાત્મામાં) લય પમાડવો. 'મહત્તત્ત્વને તિરસ્કારીને ચિન્માત્ર(ચૈતન્ય)ને જ શેષ રાખવું.' અહીં પણ આગળ કહેલો વિસ્મૃતિનો પ્રયત્ન જ એથીય વિશેષ ઉપાયરૂપતાને પામે છે. શાસ્ત્રના અભ્યાસમાં લાગેલા મનુષ્યને જ્યાં સુધી વ્યુત્પત્તિ (કુશળતા) મળી નથી, ત્યાં સુધી તેને પ્રત્યેક ગ્રંથના વ્યાખ્યાનની અપેક્ષા રહે છે. પણ તેને જ્યારે વ્યુત્પત્તિ થાય છે, ત્યારે તેને પછીના ગ્રંથનો અર્થ પોતાની મેળે જ ઊગી આવે છે. તે જ પ્રમાણે જે યોગીએ આગલી ભૂમિકાને યોગ્ય રીતે જીતી છે, તે યોગીને પછીની ભૂમિકાને જીતવાના ઉપાય આપમેળે જ સૂઝી આવે છે. આ જ વાત યોગભાષ્યકારે કહી છે: '(આગલી ભૂમિકાવાળા) યોગથી (પછીની ભૂમિકાવાળા) યોગને જાણવો. યોગ યોગથી પ્રવર્તે છે. જે યોગી પ્રમાદરહિત છે, તે તો યોગથી (ઉત્તરોત્તર ભૂમિકાના જયથી) ચિરકાળ સુધી રમણ કરે છે.'

અહીં કહેવામાં આવશે: 'મહત્તત્ત્વ અને શાંતાત્માની વચ્ચે મહત્તત્ત્વનું ઉપાદાન એવું 'અવ્યક્ત' (પ્રકૃતિ) નામનું તત્ત્વ છે, એમ શ્રુતિએ કહ્યું છે. તો મહત્તત્ત્વને અવ્યક્તમાં લય પમાડ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વાનું કેમ કહ્યું નહિ ? તો અમે કહીએ છીએ કે એથી તો લય-(નિદ્રા)નો પ્રસંગ આવી પડે. જેમ ઘડો તેના ઉપાદાનરૂપ નહિ એવા જળમાં નિરોધ પામવા છતાં લય પામતો નથી, પણ ઉપાદાનરૂપ માટીમાં લય પામે છે, તેમ મહત્તત્ત્વ (શુદ્ધ) આત્મામાં લય પામતું નથી, પણ અવ્યક્તમાં લય પામે છે. વળી સ્વરૂપનો લય (નિદ્રામાં અવ્યક્ત અજ્ઞાનની સાથે એકરૂપ થઈ જવું) એ કંઈ પુરુષાર્થ નથી; કેમ કે આત્મદર્શનમાં તે ઉપયોગી છે. વળી એ સૂક્ષ્મદર્શીઓ એનું (આત્માનું) દર્શન અગ્ર અને સૂક્ષ્મબુદ્ધિથી કરે છે. આમ–પૂર્વવાક્યમાં આત્મદર્શનનું વિધાન કર્યું છે અને સૂક્ષ્મતાની સિદ્ધિ માટે નિરોધ કહ્યો છે. બાકી આ લય તો સુષુપ્તિ સમયે રોજ ને રોજ આપોઆપ થાય છે, એટલે તેનો પ્રયત્ન કરવો વ્યર્થ છે.

હવે કહેવામાં આવશે કે ધારણા, ધ્યાન અને સમાધિથી સાધી શકાતી સંપ્રજ્ઞાત સમાધિ એકાગ્રવૃત્તિરૂપ છે, તેથી તે આત્મદર્શનનો હેતુ છે. છતાં પણ શાંતાત્મામાં નિરોધાયેલું અને અસંપ્રજ્ઞાત સમાધિને પામેલું ચિત્ત તો વૃત્તિરહિત છે, તેથી સુષુપ્તિની જેમ તે આત્મદર્શનનો હેતુ હોઈ શકતું નથી. પરંતુ આમ કહેવું બરાબર નથી; કારણ કે આત્મદર્શન તો સ્વતઃસિદ્ધ છે, તેથી તેને નિવારવું અશક્ય છે. બ્રહ્માથી 'શ્રેયોમાર્ગ' માં કહ્યું છે : 'સ્વભાવથી જ ચિત્ત સદા આત્માકાર કે અનાત્માકાર રહ્યું છે. તેથી અનાત્મદૃષ્ટિનો તિરસ્કાર કરીને તેને આત્મામાં એકાકારપણાથી રાખવું.' ઘડો જ્યારે તૈયાર કરવામાં આવે છે, ત્યારે તે આપોઆપ આકાશથી પૂર્ણ થઈને ઉત્પન્ન થાય છે. પછી તે ઉત્પન્ન થયેલા ઘડાને પુરુષપ્રયત્નથી જળ તથા ચોખાથી ભરવામાં આવે છે. હવે તેમાંથી જળ વગેરે કાઢી નાખવામાં આવે, તોપણ તેમાંથી આકાશને દૂર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરી શકાય એમ છે જ નહિ. ઘડાના મોં ઉપર ઢાંકણું હોય, તોપણ ઘડાની અંદર આકાશ તો રહે જ છે. તે જ પ્રમાણે જ્યારે ચિત્ત ઉત્પન્ન થવા માંડે છે, ત્યારે તે ચૈતન્યથી પૂર્ણ થઈને ઉત્પન્ન થાય છે. પછી જેમ મૂસમાં (ઢાળામાં) રેડેલી તાંબા વગેરેની ગાળેલી ધાતુ તે મૂસ(ઢાળા)ના આકારની થઈ જાય છે, તેમ જ એ ઉત્પન્ન થયેલું ચિત્ત ભોગના કારણરૂપ ધર્મ તથા અધર્મ વગેરેને વશ થઈને ઘટ, પટ, રૂપ, રસ, સુખ, દુઃખ વગેરે વૃત્તિરૂપ થઈ જાય છે. તેમાં રૂપ તથા રસ વગેરે અનાત્માકાર છે. એમને નિવારવામાં આવે, તોપણ અનિમિત્તરૂપ(સ્વાભાવિક) ચિદાત્માકાર(ચૈતન્યાકાર)ને નિવારી શકાય તેમ નથી. આમ નિરોધસમાધિથી વૃત્તિરહિત સંસ્કાર માત્ર શેષ રહેવાથી, સૂક્ષ્મ બનવાથી અને માત્ર ચિદાત્મા પ્રત્યે જ મુખ રાખી રહેવાથી એકાગ્ર થયેલું ચિત્ત નિર્વિઘ્ને આત્માનો અનુભવ કરે છે. આ જ અભિપ્રાયથી વાર્તિકકાર તથા સર્વાનુભવ યોગી કહે છે: 'ધર્મ વગેરે કારણને લીધે બુદ્ધિ (ચિત્ત) સુખ-દુઃખ વગેરેના રૂપને પામે છે. પણ તેનું આત્મજ્ઞાનરૂપ તો વસ્તુની સ્વાભાવિકતાથી કારણ વિના જ થાય છે. શમી ગયેલી વૃત્તિવાળું ચિત્ત પરમાનંદના દીપકરૂપ છે. આ અસંપ્રજ્ઞાત નામની સમાધિ છે અને તે યોગીઓને પ્રિય છે.'

આત્મદર્શન સ્વતઃસિદ્ધ છે, છતાં અનાત્મનું વારણ કરવા માટે નિરોધનો અભ્યાસ જરૂરી છે. આથી જ કહ્યું છે: 'મનને આત્મામાં સ્થિર કરવું અને પછી તેણે કશુંય ચિંતન કરવું નહિ.'

યોગશાસ્ત્રની પ્રવૃત્તિ માત્ર ચિત્તની ચિકિત્સા કરનારી સમાધિને વિશે જ છે. તેથી ત્યાં નિરોધસમાધિને વિશે આત્મદર્શનની વાત સીધી કહેવામાં આવી નથી. આમ છતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બીજી રીતે તેનું સૂચન કરવામાં આવ્યું જ છે. 'યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ.' એ સૂત્ર કહ્યા પછી તેમાં આવું સૂત્ર કહ્યું છે: 'ત્યારે (સમાધિમાં) દ્રષ્ટાનું સ્વરૂપમાં અવસ્થાન (સ્થિતિ) હોય છે.' આમ તો નિર્વિકાર દ્રષ્ટા સદા સ્વરૂપમાં જ સ્થિતિ કરી રહ્યો હોય છે, છતાં જ્યારે વૃત્તિઓ ઉત્પન્ન થયા કરે છે અને તેમને વિષે ચૈતન્યનું પ્રતિબિંબ પડ્યા કરે છે, ત્યારે તેના અવિવેકને કારણે દ્રષ્ટા પણ અસ્વસ્થ (વિકારી) જેવો થઈ જાય છે. આ વાત પણ બીજા સૂત્રથી કહેવામાં આવી છે: 'અન્ય અવસ્થામાં વૃત્તિનું સારૂપ્ય હોય છે' (એટલે કે યોગ વિનાની બીજી અવસ્થામાં આત્મા વૃત્તિની સાથે એકરૂપ થયેલો જણાય છે.) વળી બીજું સૂત્ર છે: 'અત્યંત ભિન્ન એવા સત્ત્વ (બુદ્ધિ) તથા પુરુષ(આત્મા)ને એક ગણવારૂપ અવિવેક તે ભોગ છે.' તે ભોગ પરાર્થે (પુરુષને માટે) છે. વળી 'ચિતિ-શક્તિ(પુરુષ)નું અન્યત્ર જવું થતું નથી. તે જ્યારે બુદ્ધિના આકારને પામે છે, ત્યારે સ્વબુદ્ધિનું સંવેદન (સ્ફુરણ) થાય છે.'

નિરોધસમાધિથી 'ત્વં' (તું) પદાર્થને શોધ્યા છતાં અને તેનો સાક્ષાત્કાર કર્યા છતાં, તેનું બ્રહ્મત્વ અનુભવવા માટે 'બ્રહ્મવિદ્યા' નામની એક બીજી વૃત્તિ મહાવાક્ય દ્વારા ઉત્પન્ન થાય છે. વળી શુદ્ધ 'ત્વં' પદાર્થનો સાક્ષાત્કાર કરવામાં નિરોધ-સમાધિ એ કંઈ એક જ ઉપાય નથી; કેમ કે ચૈતન્ય અને જડના વિવેકથી એ બંનેનું પૃથક્કરણ કરીને પણ તે સાક્ષાત્કાર સંભવી શકે છે. આથી જ વસિષ્ઠે કહ્યું છે: 'હે રઘુનંદન! ચિત્તના નાશ માટે બે ક્રમ છે. એક યોગ છે અને બીજું જ્ઞાન છે. યોગ એ ચિત્તની વૃત્તિઓનો નિરોધ છે અને જ્ઞાન (વિવેક) એ યથાર્થ અવેક્ષણ (દર્શન) છે. કોઈકને યોગ અસાધ્ય હોય છે, તો કોઈને જ્ઞાનનો નિશ્ચય અસાધ્ય હોય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આથી પરમેશ્વર મહાદેવે એ બંને પ્રકારો કહ્યા છે.'

અહીં કહેવામાં આવશે : વિવેક પણ યોગમાં સમાઈ જાય છે; કારણ કે દર્શનની વેળાએ કેવળ આત્મામાં જ વિચરતી એકાગ્ર વૃત્તિ પણ ક્ષણિક સંપ્રજ્ઞાત સમાધિરૂપ છે. આમ કહેવું ઠીક છે. તેમ હોવા છતાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એ બંને સમાધિઓના સ્વરૂપમાં તથા સાધનમાં મોટો ભેદ છે. વૃત્તિથી અને અવૃત્તિથી એમનો સ્વરૂપભેદ સ્પષ્ટ તરી આવે છે. (સંપ્રજ્ઞાત સમાધિમાં વૃત્તિ હોય છે અને અસંપ્રજ્ઞાત સમાધિમાં વૃત્તિ હોતી નથી. આ એ બંનેના સ્વરૂપમાં ભેદ છે.) સજાતીય અર્થાત્ સમાન પ્રકારના હોવાને લીધે ધારણા, ધ્યાન અને સમાધિ સંપ્રજ્ઞાત સમાધિનાં અંતરંગ સાધનો છે; પરંતુ અસંપ્રજ્ઞાત સમાધિ વૃત્તિ વિનાની હોવાથી, એ ત્રણ તેનાથી જુદા પ્રકારનાં અર્થાત્ વિજાતીય બને છે અને તેથી તેનાં (અસંપ્રજ્ઞાત સમાધિનાં) બહિરંગ સાધન જ થાય છે. આ વાત પતંજલિસૂત્રમાં કહે છે : 'તે (ધારણા વગેરે ત્રણ) પણ નિર્બીજ(વૃત્તિરહિત–અસંપ્રજ્ઞાત સમાધિ)નું બહિરંગ (સાધન) છે.' આ ધારણા આદિ અંગો અસંપ્રજ્ઞાત સમાધિનાં વિજાતીય છે, તોપણ તેઓ અનેક પ્રકારની અનાત્મ વૃત્તિઓનું નિવારણ કરવામાં ઉપયોગી છે. તેથી તેમને બહિરંગ સાધન માનવામાં કોઈ વિરોધ નથી. તેમનું ઉપકારકપણું સ્પષ્ટ કરવા માટે પતંજલિ આ સૂત્ર આપે છે : 'બીજાઓને (એ સંપ્રજ્ઞાત સમાધિ) શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ (એકાગ્રતા) અને પ્રજ્ઞા (વિવેક) દ્વારા સિદ્ધ થાય છે.' આની આગળના સૂત્રમાં કહ્યું છે કે કેટલાક દેવો વગેરેને જન્મથી જ સમાધિ સિદ્ધ હોય છે, તેથી આ સૂત્ર મનુષ્યોને ઉદ્દેશીને કહ્યું છે. મારે માટે તો આ યોગ જ પરમ પુરુષાર્થનું સાધન છે, એવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે પ્રતીતિ તે શ્રદ્ધા છે. તે શ્રદ્ધા યોગનો ઉત્કર્ષ (શ્રેષ્ઠતા) સાંભળવાથી ઉત્પન્ન થાય છે. તે ઉત્કર્ષ વિશે આ સ્મૃતિ છે : 'યોગી તપસ્વીઓ કરતાં અધિક છે અને જ્ઞાનીઓ કરતાં પણ અધિક મનાયો છે. હે અર્જુન! યોગી તો કર્મીઓ કરતાં પણ અધિક છે. તેથી તું યોગી થા.' યોગ ઉત્તમ લોકનું સાધન છે, તેથી તે કૃચ્છ્રચાંદ્રાયણ વગેરે તપો કરતાં અને જ્યોતિષ્ટોમ વગેરે કર્મો કરતાં પણ અધિક છે. વળી એ યોગ ચિત્તની વિશ્રાંતિનો હેતુ છે અને જ્ઞાનનું અંતરંગ સાધન છે, તેથી તે જ્ઞાનથી પણ અધિક છે. આ પ્રમાણે જાણનારને યોગમાં શ્રદ્ધા જન્મે છે. જ્યારે તે શ્રદ્ધાનો વાસ થાય છે, ત્યારે તેને આવું વીર્ય એટલે કે આવો ઉત્સાહ થાય છે : 'હું સર્વથા યોગનું જ સંપાદન કરીશ.' આવો ઉત્સાહ આવે છે, ત્યારે યોગનાં અવશ્ય સેવવા યોગ્ય અંગોની સ્મૃતિ થાય છે. એ સ્મૃતિ થતાં સમાધિ (એકાગ્રતા) થાય છે. એ સમાધિનું સુયોગ્ય રીતે અનુષ્ઠાન કરવામાં આવે છે, ત્યારે અધ્યાત્મપ્રસાદ (સર્વ પદાર્થોને એક કાળે ગ્રહણ કરનારો બુદ્ધિનો પ્રકાશ) થાય છે, એ અધ્યાત્મપ્રસાદ થાય છે ત્યારે ઋતંભરા પ્રજ્ઞા ઉદય પામે છે. આ પ્રજ્ઞા જ અસંપ્રજ્ઞાત સમાધિમાં કારણરૂપ છે. એટલે જ્યારે આ પ્રજ્ઞા સિદ્ધ થાય છે, ત્યારે દેવો વગેરેથી બીજા એવા અર્વાચીન મનુષ્યોને તે અસંપ્રજ્ઞાત સમાધિ સિદ્ધ થાય છે. આ પ્રજ્ઞા વિશે આવું સૂત્ર છે : 'ત્યાં ઋતંભરા પ્રજ્ઞા છે.' ઋત એટલે સત્ય વસ્તુનું યથાર્થ સ્વરૂપ જે પ્રજ્ઞા તેનું ધારણ કરે છે—પ્રકાશે છે, તે ઋતંભરા પ્રજ્ઞા છે. ત્યાં એટલે સમાધિ(એકાગ્રતા)ની શ્રેષ્ઠતાથી ઉત્પન્ન થતો અધ્યાત્મપ્રસાદ હોય છે ત્યારે. હવે ઋતંભરા પ્રજ્ઞાની યોગ્યતા વિશે સૂત્ર કહે છે : 'તેનો (ઋતંભરા પ્રજ્ઞાનો) વિષય સાંભળેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને અનુમાન કરેલા વિષયોથી જુદો છે; કેમ કે તે વિશેષ અર્થની છે.' જે યોગી નથી, તેને સૂક્ષ્મ, અંતરાયવાળી અને દૂર પડેલી વસ્તુઓને વિશે પ્રત્યક્ષ પ્રવૃત્તિ હોતી નથી, તે અયોગી પુરુષ તે તે વસ્તુઓને આગમ(શાસ્ત્ર)પ્રમાણથી અને અનુમાનપ્રમાણથી જાણે છે. આમ તે અયોગીઓ શાસ્ત્ર-પ્રમાણ તથા અનુમાનપ્રમાણથી ઉત્પન્ન થયેલી પ્રજ્ઞામાં વસ્તુનું સામાન્ય જ્ઞાન જ મેળવી શકે છે. પણ યોગીનું જ્ઞાન તો પ્રત્યક્ષ છે. અને તે વસ્તુના વિશેષને પકડનારું છે, આથી તેની પ્રજ્ઞા ઋતંભરા છે. તેથી યોગીનું પ્રત્યક્ષ જ્ઞાન અસંપ્રજ્ઞાત સમાધિમાં બહિરંગ સાધન છે. આ વાતને સિદ્ધ કરવા માટે તે સાધનની તે સમાધિમાં શી ઉપકારકતા છે, તે પતંજલિ આ સૂત્રમાં બતાવે છે: 'તેનાથી (સમાધિપ્રજ્ઞાથી) ઉત્પન્ન થયેલો સંસ્કાર અન્ય (વ્યુત્થાન) સંસ્કારને પ્રતિબંધકારી થાય છે.' આમ અસંપ્રજ્ઞાત સમાધિનું બહિરંગ સાધન કહીને તેના નિરોધ માટેના પ્રયત્નનું અંતરંગ સાધનપણું સૂત્રમાં સમજાવે છે: 'તેનો (સંપ્રજ્ઞાત સમાધિના સંસ્કારનો) પણ નિરોધ કરવામાં આવે છે, તો સર્વ વૃત્તિઓનો નિરોધ થાય છે અને તેથી નિર્બીજ (વૃત્તિરહિત) સમાધિ થાય છે.' આમ આ સમાધિ સુષુપ્તિ સમાન છે અને સાક્ષીચૈતન્ય જ તેને અનુભવી શકે છે, ત્યારે તે સમાધિ સર્વ બુદ્ધિવૃત્તિઓથી રહિત હોય છે. પણ તેથી શંકા કરવી જોઈએ નહિ કે આ સમાધિ તે સુષુપ્તિ જ છે; કારણ કે આ સમાધિ અને સુષુપ્તિ વચ્ચે મનના સ્વરૂપના હોવા ન હોવાનો વિશિષ્ટ ભેદ છે. આ વાત ગૌડપાદાચાર્યે આમ કહી છે: 'બુદ્ધિમાન પુરુષના નિરોધ પમાડેલા નિર્વિકલ્પ મનનો જે પ્રચાર છે, તે તો સુષુપ્તિથી ભિન્ન છે અને સુષુપ્તિના જેવો નથી એમ જાણવું; કેમ કે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુષુપ્તિમાં મન લય પામે છે અને નિરોધ પમાડેલું મન લય પામતું નથી. તે તો ત્યારે સર્વ બાજુએ જ્ઞાનના પ્રકાશરૂપ નિર્ભય બ્રહ્મ જ છે.' માંડૂક્ય શાખામાં પણ શ્રુતિ છે : 'પ્રજ્ઞાવસ્થા (સુષુપ્તિ) અને તુર્યાવસ્થા (ચોથી અવસ્થા) એ બન્નેમાં દ્વૈતનું અગ્રહણ (પ્રતીતિ ન હોવી તે) એકસરખું છે. પણ પ્રજ્ઞાવસ્થા બીજરૂપ નિદ્રાથી યુક્ત છે, ત્યારે તુર્યાવસ્થામાં એ નિદ્રા જ હોતી નથી. આગળની બે અવસ્થાઓ (વિશ્વ અને તૈજસ) સ્વપ્ન તથા નિદ્રાથી યુક્ત છે, પણ પ્રજ્ઞાવસ્થામાં સ્વપ્નરહિત છે અને કેવળ નિદ્રાયુક્ત છે; પરંતુ તુર્યાવસ્થામાં સ્થિત થયેલા પુરુષો તો નથી નિદ્રાને જોતા કે નથી સ્વપ્નને જોતા. જે અન્યથા ગ્રહણ કરે છે, તેને સ્વપ્ન છે અને જે તત્ત્વને જાણતો નથી, તેને નિદ્રા છે, પણ જ્યારે એ બંનેનો વિપર્યાસ (ઊલટી ભ્રાંતિ) ક્ષય પામે છે, ત્યારે પુરુષ તુરીયપદને ભોગવે છે.' આમાં આગળની બે અવસ્થાઓ એટલે વિશ્વ અને તૈજસ અવસ્થાઓ. અદ્વૈત વસ્તુનું અન્યથા ગ્રહણ એટલે દ્વૈતરૂપે પ્રતીતિ. દ્વૈતની એ પ્રતીતિ વિશ્વ અને તૈજસ એ બંનેમાં છે, તેથી તેને સ્વપ્ન સંજ્ઞાથી કહેવામાં આવી છે. તત્ત્વોનું જે અજ્ઞાન તે નિદ્રા. તે વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એમ ત્રણે અવસ્થાઓમાં છે. 'એ બંનેનો' એટલે કે સ્વરૂપભૂત બનેલા એવા સ્વપ્ન અને નિદ્રાનો વિપર્યાસ એટલે મિથ્યાજ્ઞાન. જ્યારે વિદ્યાથી એ મિથ્યાજ્ઞાન ક્ષય પામે છે, ત્યારે પુરુષ તુરિયપદને પામે છે. એટલે કે અદ્વૈત વસ્તુને અનુભવે છે. આ ઉપરના શ્લોકોનો અર્થ છે.

અહીં કહેવામાં આવશે : 'ભલે આ રીતે અસંપ્રજ્ઞાત સમાધિ અને સુષુપ્તિ એ બે વચ્ચે મહાન ભેદ રહો. ત્યાં તત્ત્વદર્શનની ઇચ્છાવાળાને દર્શનના સાધનરૂપ સમાધિની અપેક્ષા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય, તોપણ તત્ત્વદર્શન પામેલા જીવન્મુક્તને તેની અપેક્ષા હોતી નથી; કારણ કે સુષુપ્તિમાં પણ રાગ, દ્વેષ અને ક્લેશ આદિ બંધોની નિવૃત્તિ થાય છે.' પણ આ કહેવું બરાબર નથી. રોજ રોજ આપમેળે આવતી કોઈક કાળની સુષુપ્તિ શું બંધને નિવૃત્ત કરનારી છે? અથવા શું અભ્યાસે કરીને નિરંતર રહેનારી સુષુપ્તિ બંધને નિવૃત્ત કરનારી છે? પહેલા વિકલ્પમાં શું તે સુષુપ્તિકાળના ક્લેશબંધને દૂર કરે છે કે અન્ય કાળના ક્લેશબંધને પણ દૂર કરે છે? તે સુષુપ્તિકાળના ક્લેશબંધને દૂર કરે છે, એમ તો નથી જ; કારણ કે સુષુપ્તિકાળમાં તો ક્લેશનો પ્રસંગ જ નથી. વળી મૂઢ પુરુષોને પણ સુષુપ્તિમાં ક્લેશબંધ હોતો નથી. જો બંધ હોય તો તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો પડે. હવે જો એમ કહેવામાં આવે કે તે અન્ય કાળના ક્લેશબંધને દૂર કરે છે, તો તે પણ બને એમ નથી; કારણ કે અન્ય કાળમાં રહેલી સુષુપ્તિથી કોઈ બીજા કાળમાં રહેલા ક્લેશનો ક્ષય થાય, એ સંભવિત નથી. જો તેમ ક્ષય થતો જ હોય, તો તો મૂઢ માણસોના જાગરણ તથા સ્વપ્ન એ બન્નેના ક્લેશોનો પણ ક્ષય થઈ શકે. વળી હમેશની સુષુપ્તિનો અભ્યાસ પણ કરી શકાય એમ નથી; કારણ કે સુષુપ્તિનું કારણ કર્મનો ક્ષય છે. આથી કરીને ક્લેશનો ક્ષય કરવા માટે તત્ત્વવેત્તાને પણ અસંપ્રજ્ઞાત સમાધિની અપેક્ષા રહે છે. જેમ ગાય, ઘોડા વગેરેને સ્વતઃસિદ્ધ વાણીનિરોધ છે, તે પ્રકારનો વાણીનિરોધ થવો એ અસંપ્રજ્ઞાત સમાધિની પ્રથમ ભૂમિકા છે; બાળક તથા મૂંગા વગેરેમાં હોય છે, તેવી નિર્મનસ્કતા (મનરહિતપણું) એ તેની બીજી ભૂમિકા છે. તંદ્રામાં હોય તે નવી અહંકારરહિતતા એ તેની ત્રીજી ભૂમિકા છે અને સુષુપ્તિમાં હોય છે તેવી મહત્તત્ત્વની રહિતતા એ તેની ચોથી ભૂમિકા છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ ચાર ભૂમિકાઓને લક્ષમાં રાખીને 'ધીરે ધીરે ઉપરામ પામવું' એમ કહ્યું છે. આમ ઉપરામ પામવામાં 'ધૈર્યપૂર્વક પકડેલી બુદ્ધિ' એક સાધન છે. જેમ તીવ્ર વેગે બન્ને કાંઠાઓને ધોઈ નાખતી નદીનો નિરોધ કરવામાં મહાન ધૈર્યની જરૂર છે, તેમ આપોઆપ બહાર વિષયો તરફ તીવ્ર વેગે વહી રહેલા મહત્, અહંકાર, મન અને વાણી વગેરેનો નિરોધ કરવામાં મહાન ધૈર્યની અપેક્ષા છે. અહીં બુદ્ધિ એટલે 'વિવેક' છે. પહેલી ભૂમિકા ઉપર જય મેળવ્યો છે કે નહિ, તેની પરીક્ષા કરવી. જો એ પ્રથમ ભૂમિકા ઉપર વિજય મેળવ્યો હોય તો એ પછીની બીજી ભૂમિકા માટે પ્રયત્ન કરવો. પણ જો પ્રથમની ભૂમિકા જિતાઈ ન હોય, તો તે જ ભૂમિકા ઉપર જય મેળવવા માટે ફરીફરીને અભ્યાસ કરવો. આમ તે સમયે વિવેકપૂર્વક કરવાનું હોય છે. 'મનને આત્મામાં સ્થિર કરવું.' એ ચરણથી આરંભીને દોઢ શ્લોક વડે ચોથી ભૂમિકાનો અભ્યાસ પણ કહેવામાં આવ્યો છે. ગૌડપાદાચાર્ય કહે છે : 'કામ અને ભોગમાં વિક્ષિપ્ત થયેલા મનને ઉપાયપૂર્વક નિગ્રહમાં આવવું. વળી લય(સુષુપ્તિ)માં સુપ્રસન્ન (અયાસરહિત) રહેલા મનનો પણ નિગ્રહ કરવો; કારણ કે જેમ કામ અનર્થકારી છે, તેમ લય પણ અનર્થકારી છે. આ બધું દુઃખરૂપ છે, એમ ઘૂંટી ઘૂંટીને મનને કામભોગમાંથી નિવૃત્ત કરવું. આ બધું અજ (બ્રહ્મ) છે, એમ ઘૂંટી ઘૂંટીને યોગી ઉત્પન્ન થયેલા દૃશ્યને જોતો જ નથી. સુષુપ્તિમાં લય પામેલા ચિત્તને જાગ્રત કરવું અને વિક્ષેપ પામેલા ચિત્તને ફરીથી શાંત કરવું. કષાય(રાગદ્વેષ)વાળા ચિત્તને બરાબર ઓળખી લેવું અને સમતાને પામેલા ચિત્તને ચળાવવું નહિ. ત્યાં(સમાધિમાં)ના રસનો ચટકો રાખવો નહિ, પણ પ્રજ્ઞા(વિવેક)પૂર્વક તેમાં અસંગ થવું. બહાર નીકળતા તે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચિત્તને પ્રયત્નપૂર્વક આત્મા સાથે એકરૂપ અને નિશ્ચળ કરવું. જ્યારે ચિત્ત ફરી સુષુપ્તિને પામતું નથી, વિક્ષેપને પામતું નથી, અનિંગન (ઇંગન–કષાય–રાગદ્વેષ વિનાનું) રહે છે અને અનાભાસ (આભાસ=રસાસ્વાદ વિનાનું) રહે છે, ત્યારે તે બ્રહ્મરૂપને પામે છે.'

લય, વિક્ષેપ, કષાય અને સમપ્રાપ્તિ (સમતાની પ્રાપ્તિ) એ ચિત્તની ચાર અવસ્થાઓ છે. તેમાંથી નિરોધવામાં આવતું ચિત્ત વિષયોથી જુદું પડે છે, ત્યારે જો તે પૂર્વના અભ્યાસને લીધે લયની એટલે કે સુષુપ્તિની તરફ મુખ કરે, તો તે ચિત્તને જગાડવાના પ્રયત્નથી અથવા લયનાં કારણોનું નિવારણ કરીને સારી રીતે જાગ્રત કરવું. અધૂરી નિદ્રા, અજીર્ણ, અત્યંત આહાર અને શ્રમ એ લયનાં કારણો છે. આથી જ કહ્યું છે: 'તેણે પૂરતી નિદ્રા લેવી, સારી રીતે પચે એવો હળવો ખોરાક લેવો, શ્રમનો ત્યાગ કરવો અને બાધા વિનાના એકાંત પ્રદેશમાં તૃષ્ણાથી તથા પ્રયત્નથી રહિત થઈને સદા બેસવું; અથવા તેણે પોતાના અભ્યાસના માર્ગ પ્રમાણે પ્રાણનો નિરોધ (પ્રાણાયામ) કરવો.' હવે જો લયમાંથી ઢંઢોળવામાં આવેલું ચિત્ત રોજરોજના જાગ્રત થવાના અભ્યાસથી કદી કામ તથા ભોગ વડે વિક્ષેપ પામે તો, વિવેકી જનોમાં પ્રસિદ્ધ છે તેમ, સર્વ ભોગ્ય વસ્તુઓમાં માત્ર દુઃખ જ છે એમ ઘૂંટ્યા કરવું અને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, તેમ જન્માદિથી રહિત એવું અદ્વિતીય બ્રહ્મતત્ત્વ જ સર્વત્ર છે એમ ઘૂંટઘૂંટ કરવું. ભોગ્ય વસ્તુઓ પ્રત્યે આ પ્રમાણે દૃષ્ટિ રાખીને તે ચિત્તને વિક્ષેપમાંથી ફરી-ફરીને શાંત કરવું. કષાય એ ચિત્તનો તીવ્ર દોષ છે–રાગદ્વેષ વગેરેની વાસના છે. જ્યારે ચિત્ત તે વાસનાથી ઝડપાઈ ગયું હોય છે, ત્યારે લય તથા વિક્ષેપથી રહિત એવું તે ચિત્ત ક્યારેક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જાણે સમાહિત (સમાધિ પામેલું) હોય એમ લાગે છે. બાકી ખરી રીતે તો તે દુઃખમાં જ એકાગ્ર થયેલું હોય છે. આવા તે ચિત્તને ઓળખી કાઢવું અને વિવેકપૂર્વક તેને સમાહિત ચિત્તથી જુદું સમજી લેવું. હવે આ ચિત્ત કંઈ સમાહિત નથી, એમ સમજી લઈને કષાયને પણ લય અને વિક્ષેપની જેમ દૂર કરવો. 'સમ' શબ્દ બ્રહ્મનો વાચક છે; કારણ કે સ્મૃતિમાં કહ્યું છે: 'સર્વ ભૂતોમાં સમ(બ્રહ્મ)રૂપે રહેતા પરમેશ્વરને.' આમ લય, વિક્ષેપ અને કષાયને દૂર કરવામાં આવે છે, એટલે પછી ચિત્ત સમને–બ્રહ્મને પામે છે. આ પ્રમાણે બ્રહ્મને પામેલા તે ચિત્તને કષાય તથા લયની ભ્રાંતિથી ચળાવવું નહિ. સૂક્ષ્મ બુદ્ધિથી લય તથા કષાયના સ્વરૂપનો વિવેક કરવો અને અતિ પ્રયત્ન સાથે ચિત્તને તે સમ(બ્રહ્મ)પ્રાપ્તિમાં સ્થાપવું. ચિત્તને આ પ્રમાણે સ્થાપવામાં આવે છે, ત્યારે બ્રહ્મસ્વરૂપરૂપ પરમાનંદ સુયોગ્ય રીતે આવિર્ભાવ (ઉદય) પામે છે. વળી આ ઉદાહરણ છે: 'જે આત્યંતિક (અંતિમ) સુખ છે તે બુદ્ધિગ્રાહ્ય છે અને ઇંદ્રિયોથી અતીત છે.' અને શ્રુતિ કહે છે: 'સમાધિથી જેના મળમાત્ર ધોવાઈ ગયા છે અને જે આત્મામાં સ્થિર વાસ પામ્યું છે, તે ચિત્તને જે સુખ થાય છે, તેને વાણી વર્ણવી શકતી નથી–તેને તો માત્ર અંતઃકરણ જ અનુભવે છે.'

હવે સમાધિમાં ઉત્પન્ન થયેલો બ્રહ્માનંદ બુદ્ધિગ્રાહ્ય છે એમ શ્રુતિ અને સ્મૃતિએ કહ્યું છે. તો ગૌડપાદાચાર્ય કહે છે: 'તેમાં(સમાધિમાં)ના સુખનો ચટકો રાખવો નહિ.' આમ આચાર્યનું વચન એ સમાધિસુખ બુદ્ધિથી ગ્રાહ્ય છે, એનો નિષેધ કરે છે; પરંતુ આ શંકા બરાબર નથી; કારણ કે આચાર્યે જે નિષેધ કર્યો છે તે બુદ્ધિગ્રાહ્ય એવા સમાધિસુખનો નથી, પણ સમાધિમાંથી જાગ્યા પછી સમાધિસુખનો જે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચટકો રાખવામાં આવે, તેનો જ છે; કેમ કે આવો ચટકો રાખવો તે સમાધિનો વિરોધ કરનારો છે. ઉનાળાના દિવસોમાં મધ્યબપોરે ગંગાના ઝરામાં ડૂબીને શીતળતાનું જે સુખ અનુભવાય છે, તે તે વખતે કહી શકાતું જ નથી. એ તો ઝરામાંથી બહાર આવ્યા પછી જ કહી શકાય એમ છે. અથવા તો સુષુપ્તિમાં રહેલો પુરુષ જ્યારે અવિદ્યારૂપ અતિસૂક્ષ્મ વૃત્તિઓથી સ્વરૂપસુખને અનુભવી રહ્યો હોય છે, ત્યારે સવિકલ્પ એવી અંતઃકરણની વૃત્તિના જ્ઞાનથી તે સુખને પકડી જ શકતો નથી. માત્ર જાગ્યા પછી જ તે તે સુખને સ્પષ્ટતાથી સંભારી શકે છે. એ જ પ્રમાણે સમાધિમાંના સુખ વિશે છે. સમાધિમાં ચિત્ત વૃત્તિરહિત હોય છે, અથવા તો સંસ્કાર માત્ર શેષ રહ્યા હોવાથી તે અતિસૂક્ષ્મ હોય છે. આવું ચિત્ત તે સુખનો અનુભવ કરે છે, એમ શ્રુતિ તથા સ્મૃતિનું કહેવું છે. હવે સમાધિમાંથી જાગ્યા પછી આવી સ્મૃતિ થઈ આવે એમ છે: 'અહા! મેં આ મહાન સમાધિસુખ અનુભવ્યું.' આ એ સુખનો ચટકો છે અને આચાર્યે તેનો જ નિષેધ કર્યો છે. પોતાના આ જ અભિપ્રાયને સ્પષ્ટ કરવા માટે તેમણે કહ્યું છે: 'પ્રજ્ઞા(વિવેક)પૂર્વક તેમાં અસંગ થવું.' પ્રજ્ઞા એટલે પ્રકૃષ્ટ (અત્યંત) સવિકલ્પ જ્ઞાન. તે પ્રજ્ઞાપૂર્વક સંગનો ત્યાગ કરવો. અથવા તો આગળ કહેલી 'ધૈર્યપૂર્વક પકડેલી બુદ્ધિ' તે પ્રજ્ઞા છે. તે પ્રજ્ઞારૂપ સાધનથી તે સુખના ચટકા, તેના વર્ણન વગેરે રૂપની આસક્તિ ત્યજવી. હવે સમાધિને વિષે બ્રહ્માનંદમાં બૂડેલું ચિત્ત કદી તે સુખનો ચટકો લેવા માટે બહાર નીકળી પડે અથવા તો ટાઢ, પવન અને મચ્છર વગેરેના ઉપદ્રવને લીધે બહાર નીકળી પડે, તો 'બહાર નીકળતા તે ચિત્તને ફરીફરીને નિશ્ચળ કરવું—એટલે કે તેને પ્રયત્નપૂર્વક પરબ્રહ્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથે એકરૂપ કરવું. ચિત્તને આમ આત્મા સાથે એકરૂપ કરવામાં નિરોધરૂપ પ્રયત્ન એ સાધન છે. 'જ્યારે ચિત્ત ફરી સુષુપ્તિને પામતું નથી.' એ શ્લોકથી એકીભાવને જ સ્પષ્ટ કર્યો છે. ત્યાં અનિંગન અને અનાભાસ એ બે શબ્દોથી કષાય અને સુખાસ્વાદ એ બેનો નિષેધ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે લય (સુષુપ્તિ), વિક્ષેપ, કષાય અને સુખાસ્વાદ (રસનો ચટકો) એ ચારથી રહિત થયેલું ચિત્ત નિર્વિઘ્ને બ્રહ્મમાં સ્થિતિ પામે છે. આ જ અભિપ્રાયથી કઠવલ્લીમાં કહ્યું છે: 'જ્યારે મન સાથે પાંચ જ્ઞાનેંદ્રિયો સ્થિરતાને પામે છે અને બુદ્ધિ ચેષ્ટા કરતી નથી, ત્યારે તેને પરમગતિ કહેવામાં આવે છે. આ પ્રમાણે તેઓ સ્થિર ઇંદ્રિયધારણાને યોગ માને છે. ત્યારે પુરુષ પ્રમાદરહિત થાય છે; કારણ કે યોગ જ (વૃત્તિઓના) જન્મ અને લયરૂપ છે.' છોડી દેવાયેલો યોગ ઇંદ્રિયોની વૃત્તિઓને જન્મ આપે છે અને સાધેલો યોગ તે વૃત્તિઓને લય પમાડે છે.'

આથી જ પતંજલિ યોગનું સ્વરૂપલક્ષણ બતાવતાં આ સૂત્ર કહે છે: 'યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ.' વૃત્તિઓ અનંત છે તેથી તેમનો નિરોધ કરવો અશક્ય છે. આવી શંકાને દૂર કરવા માટે પતંજલિ એ વૃત્તિઓનું પરિમાણ આપે છે: 'ક્લિષ્ટ અને અક્લિષ્ટ એવી પાંચ પ્રકારની વૃત્તિઓ છે.' રાગ, દ્વેષ વગેરે ક્લેશરૂપ આસુરી વૃત્તિઓ ક્લિષ્ટ છે અને રાગ વગેરેથી રહિત દૈવી વૃત્તિઓ અક્લિષ્ટ છે. ક્લિષ્ટ અને અક્લિષ્ટ સર્વ વૃત્તિઓનો પાંચ વૃત્તિઓમાં અંતરભાવ (સમાસ) છે જ. છતાં મંદબુદ્ધિવાળાઓ માને છે કે આમાંથી માત્ર ક્લિષ્ટ વૃત્તિઓનો જ નિરોધ કરવો. માટે અહીં ક્લિષ્ટ વૃત્તિઓની સાથે અક્લિષ્ટ વૃત્તિઓ પણ કહી છે. હવે પતંજલિ નામ અને લક્ષણ આપીને છ સૂત્રોમાં તે વૃત્તિઓને વિશેષ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્પષ્ટ કરે છે: 'પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ એ પાંચ પ્રકારની વૃત્તિ છે.' તેમાં પ્રત્યક્ષ, અનુમાન અને આગમ (શાસ્ત્ર) એ ત્રણ પ્રમાણવૃત્તિઓ છે.' વાસ્તવરૂપમાં ન રહેલું મિથ્યાજ્ઞાન એ વિપર્યય છે.' 'માત્ર શબ્દજ્ઞાન ઉપરથી જ કલ્પાયેલી અને વાસ્તવિકતા વિનાની કલ્પના એ વિકલ્પ છે.' 'અભાવના પ્રત્યયને અવલંબનારી વૃત્તિ નિદ્રા છે.' 'અનુભૂત (અનુભવેલ) વિષયનો અસંપ્રમોષ એ સ્મૃતિ છે.' તેમનું આવરણ હોતાં જેને વિશે વસ્તુનો અભાવ પ્રતીત થાય છે, તે તમ અભાવ પ્રત્યય છે. એ તમોગુણને વિષય કરનારી વૃત્તિ નિદ્રા કહેવાય છે. અનુભવેલા વિષયનો અસંપ્રમોષ એટલે તે વિષયનું અનુભવજન્ય અનુસંધાન. હવે એ પાંચ પ્રકારની વૃત્તિઓના નિરોધનાં સાધન વિષે આ સૂત્રમાં કહે છે: 'અભ્યાસ અને વૈરાગ્ય એ બેથી તેમનો નિરોધ થાય છે.' તીવ્ર વેગવાળા નદીના પ્રવાહને પુલ બાંધીને રોકી શકાય છે અને નહેર કાઢીને તેમાંથી ખેતર તરફ વહેતો એક બીજો આડપ્રવાહ ઉત્પન્ન કરી શકાય છે. તે જ પ્રમાણે ચિત્તરૂપી નદીના વિષયપ્રવાહને વૈરાગ્યથી રોકી શકાય છે અને સમાધિના અભ્યાસથી તેનો પ્રશાંત પ્રવાહ ઉત્પન્ન કરી શકાય છે. અહીં કહેવામાં આવશે– મંત્ર, જપ અને દેવતાનું ધ્યાન વગેરે તો ક્રિયાઓ છે. આથી તેમનો આવૃત્તિ(ફરીફરીને કહેવું તે)રૂપ અભ્યાસ સંભવી શકે છે, પણ સમાધિમાં તો સર્વ વ્યાપારો શમી ગયા હોય છે, તો સાધક તે સમાધિનો અભ્યાસ કેવી રીતે કરી શકે? આના ઉત્તરમાં નીચેનું સૂત્ર છે: 'ત્યાં તે સ્થિતિમાં યત્ન એ અભ્યાસ છે.' અહીં સ્થિતિ એટલે નિશ્ચળતા અર્થાત્ નિરોધ છે; યત્ન એટલે માનસ ઉત્સાહ છે અને બહાર વહેવાના સ્વભાવવાળા ચિત્તને હું મારી મેળે જ સર્વ રીતે નિરોધીશ.'

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એવો ફરીફરીને આવતો ઉત્સાહ તે અભ્યાસ કહેવાય છે. અહીં શંકા થાય કે આ અભ્યાસ તો હમણાં જ શરૂ થયો છે અને પોતે અદ્દઢ છે. તો અનાદિકાળથી ચાલતી આવેલી વ્યુત્થાનની વાસનાઓને તે કેવી રીતે દબાવી શકે? આના નિવારણ માટે આ સૂત્ર છે: 'તે(અભ્યાસ)ને દીર્ઘકાળ સુધી નિરંતર સત્કારપૂર્વક સેવવામાં આવે, તો તે પણ દઢ ભૂમિ (દઢ સ્થિતિવાળો) થાય છે. આ સંબંધમાં લોકો કોઈ મૂર્ખ મનુષ્યનું આ વચન ઉદાહરણરૂપે આપે છે: 'વેદ તો ચાર છે; અને તેમને ભણવા ગયેલા માણવકને તો દિવસ પાંચ થઈ ગયા છે, છતાં તે હજુ પાછો આવ્યો નથી.' તો અમુક દિવસમાં અથવા અમુક માસમાં જે યોગની સિદ્ધિને ઇચ્છતો હોય, તો તે યોગીને પણ પેલા મૂર્ખ જેવો જ જાણવો. આથી વર્ષો સુધી અને જન્મો સુધી દીર્ઘકાળ સુધી યોગનો અભ્યાસ કરવો ઘટે છે. વળી સ્મૃતિ કહે છે: 'પછી અનેક જન્મોના અભ્યાસથી સિદ્ધિને પામેલો પુરુષ પરમ ગતિને પામે છે.'

હવે કોઈ માણસ ખાંચા પાડીને ટુકડેટુકડે યોગનું સેવન કરે છે. આમ તે લાંબા સમય સુધી યોગને સેવે છે, પણ વચલા ગાળાઓમાં વ્યુત્થાનના સમયે જે સંસ્કારો ઊઠે છે, તે વિચ્છેદ કરનારા હોય છે. આથી તેના યોગ(નિરોધ)ના સંસ્કારો દબાઈ જાય છે. આમ થતાં તેને ખંડનકારે કહેલો ન્યાય લાગુ પડી જાય છે: 'આગળ દોડ અને પાછળ છોડ કરતા ભૂલકણા વિદ્યાર્થીને શું હાથ આવે?' તેથી યોગનું સેવન નિરંતર કરવું જોઈએ. સત્કાર એટલે આદર. જો યોગને અનાદરપૂર્વક સેવવામાં આવે છે, તો વસિષ્ઠે કહેલો ન્યાય આવી લાગે છે: 'જેમ કથા સાંભળવા ગયેલા મનુષ્યનું મન જો બહાર ચાલી ગયું હોય, તો તે સાંભળ્યા છતાં કંઈ જ સાંભળતો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નથી; તેમ જો ચિત્ત વાસનારહિત થઈ ગયું હોય, તો તે વ્યવહાર કરતાં છતાં કંઈ જ કરતું નથી.' લય, વિક્ષેપ, કષાય અને સુખાસ્વાદનો પરિહાર (ત્યાગ) ન કરવો, એ યોગનો અનાદર છે. યોગને આદરપૂર્વક સેવવો જોઈએ. દીર્ઘકાળ સુધી, નિરંતર અને સત્કારપૂર્વક એમ ત્રિવિધ રીતે સેવવામાં આવેલી સમાધિ દૃઢ ભૂમિ થાય જ છે. વિષયસુખની વાસનાથી કે દુઃખની વાસનાથી એ દૃઢભૂમિપણાને ચળાવી શકાય એમ જ નથી. એ વાત ભગવાને ગીતામાં કહી જ છે: 'તે લાભને પામ્યા પછી બીજા તેથી અધિક એવા કોઈ લાભને માનવામાં આવતો નથી અને તેમાં રહેલો ભારે દુઃખથી પણ ચળતો નથી.' બીજા લાભની અનધિકતાને વસિષ્ઠે કચના વૃત્તાંતથી આ પ્રમાણે સમજાવી છે: 'શાંત મનવાળો કચ એક વખતે સમાધિમાંથી ઊઠ્યો અને એકાંતમાં એકલો ગદ્‌ગદ વાણીથી આ વચનો બોલ્યો: 'હું શું કરું? હું ક્યાં જાઉં? હું શું પકડું? હું શું છોડું? આ બધું વિશ્વ તો જાણે મહાપ્રલયના વખતના પાણીથી પૂર્ણ હોય તેમ આત્માથી પૂર્ણ છે. બહાર અને અંદર દેહમાં, નીચે, ઉપર અને દિશાઓમાં અહીં અને ત્યાં સર્વત્ર આત્મા જ આત્મા છે. આ આત્મા વિનાનું જગત છે જ નહિ. જેમાં હું નથી તે છે જ નહિ—જે મારામાં નથી તે પણ છે જ નહિ. સર્વ ચૈતન્યમય છે તો હું બીજી શી ઇચ્છા રાખું? આ સર્વે કુલાચલો (પર્વતો) નિઃસીમ અને નિર્મળ એવા બ્રહ્મસાગરનાં ફીણ છે અને આ જગતની લક્ષ્મી તો ચૈતન્યરૂપી સૂર્યના મહાન તેજમાં ઝળકતી મૃગતૃષ્ણા (ઝાંઝવાનું જળ) છે.' યોગીને ભારે દુઃખ સુદ્ધાં ચળાવી શકતું નથી—એ વાત વસિષ્ઠે શિખિધ્વજની ત્રણ વર્ષની સમાધિનું વૃત્તાંત આપી સ્પષ્ટ કરી છે.' ત્યાં ચૂડાલાએ પોતાના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પતિ શિખિધ્વજરાજને નિર્વિકલ્પ સમાધિમાં રહેલો જોયો. હવે હું એમને આ પરમપદમાંથી જગાડું તો ઠીક–એમ વિચાર કરીને તેણે એ સમર્થ રાજાની આગળ ફરીફરીને સિંહનાદ કરવા માંડ્યો. હે રામ! તે સિંહનાદ વનમાં વિચરતા પ્રાણીને પણ થથરાવી મૂકે એવો હતો, છતાં તે નાદથી પણ ચૂડાલા એ શિખિધ્વજને ચળાવી શકી નહિ. આમ વારંવાર કર્યા છતાં પણ જ્યારે તે તેને ચલિત કરી શકી નહીં, ત્યારે તેણે તેને સારી રીતે ઢંઢોળ્યો અને તેને નીચે પાડી નાખ્યો. આમ છતાં તે જ્ઞાની જાગ્યો જ નહિ.' પ્રહ્લાદની કથા પણ આ જ વાત બતાવે છે: 'શત્રુવીરને સંહારનારો પ્રહ્લાદ આ પ્રમાણે વિચાર કરતાં જ પરમ આનંદરૂપ નિર્વિકલ્પ સમાધિને પામી ગયો. આમ નિર્વિકલ્પ સમાધિમાં રહેલો તે પ્રહ્લાદ જાણે ચિત્રમાં આલેખેલો હોય તેમ દેખાવા લાગ્યો. તે પાંચ હજાર વર્ષ સુધી આ સમાધિમાં રહ્યો, તોપણ તેનું શરીર હૃષ્ટપુષ્ટ રહ્યું હતું અને તેની દૃષ્ટિ એક આત્મામાં જ સ્થિર રહી હતી. પછી વિષ્ણુએ તેને કહ્યું: 'હે મહાત્મા! તમે હવે જાગ્રત થાઓ.' વળી તેમણે ત્યારે દિશાઓના સમૂહને ગજવી મૂકતો પાંચજન્ય શંખ વગાડ્યો. એટલે વિષ્ણુના શ્વાસથી જન્મેલો તે મહાન શબ્દ સાંભળી તે દાનવપતિ પ્રહ્લાદ ધીરેધીરે જાગ્રત આત્માવાળો થયો.' આ પ્રમાણે વીતહવ્ય વગેરેની સમાધિ પણ દાખલારૂપ છે.

વૈરાગ્ય બે પ્રકારનો છે: એક પર છે અને બીજો અપર છે. આ અપર વૈરાગ્યના વળી ચાર ભેદ છે: એક યતમાન છે, બીજો વ્યતિરેક છે, ત્રીજો એકેન્દ્રિય છે અને ચોથો વશીકાર છે. નીચેના સૂત્રમાં એ ચારમાંના પહેલા ત્રણ વિશે તાત્પર્યથી સૂચન છે અને છેલ્લાને વિશે સાક્ષાત્ કથન છે: 'જોયેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને સાંભળેલા વિષયોની તૃષ્ણાથી રહિત થયેલા પુરુષનો વૈરાગ્ય વશીકાર નામનો છે.' આમાં ફૂલમાળા, ચંદન, વનિતા, પુત્ર, મિત્ર, ક્ષેત્ર અને ધન વગેરે એ જોયેલા વિષયો છે અને વેદોમાં કહેલા સ્વર્ગ વગેરે એ સાંભળેલા વિષયો છે. હવે આ બેઉ પ્રકારના વિષયોને વિશે તૃષ્ણા હોય, છતાં વિવેકના ઓછાવત્તાપણાથી તેમને વિશે યતમાન વગેરે ત્રણ જાતના વૈરાગ્ય થાય છે: 'આ જગતમાં સાર શો છે અને અસાર શો છે? આ હું ગુરુ પાસેથી તથા શાસ્ત્રો દ્વારા જાણી લઈશ'– આ પ્રકારનો ઉદ્યોગ તે યતમાન વૈરાગ્ય છે.' 'પૂર્વથી મારા ચિત્તમાં આ દોષો રહેતા આવ્યા છે, વિવેકના અભ્યાસથી તેમાંના આટલા દોષો પાકીને ખરી પડ્યા છે અને આટલા હજી બાકી રહ્યા છે.' આવું વિવેચન તે વ્યતિરેક વૈરાગ્ય છે. જોયેલા તથા સાંભળેલા વિષયો વિશેની પ્રવૃત્તિ દુઃખરૂપ છે. એવું જ્ઞાન થાય અને તે પ્રવૃત્તિઓને છોડી દઈને મનનું એકમાત્ર ઔત્સુક્ય (કુતૂહલ) જ રહે, એ પ્રકારની તૃષ્ણા-રહિત અવસ્થા તે એકેંદ્રિય વૈરાગ્ય છે. વિતૃષ્ણતા (સંપૂર્ણ તૃષ્ણારહિતતા) એ વશીકાર વૈરાગ્ય છે. હવે આ ચાર પ્રકારનો અપર વૈરાગ્ય અષ્ટાંગ યોગને પ્રવર્તાવનારો છે. તેથી તે સંપ્રજ્ઞાત સમાધિનું અંતરંગ સાધન છે અને અસંપ્રજ્ઞાત સમાધિનું બહિરંગ સાધન છે. હવે પરવૈરાગ્ય એ અસંપ્રજ્ઞાત સમાધિનું બહિરંગ સાધન છે. તે વિશે આ સૂત્ર છે: 'પુરુષની ખ્યાતિ થતાં ગુણોને વિષે જે વિતૃષ્ણતા હોવી, તે પરવૈરાગ્ય છે.' સંપ્રજ્ઞાત સમાધિની કુશળતાથી ત્રણ ગુણાત્મક પ્રધાન-(પ્રકૃતિ)થી વિરક્ત થયેલા પુરુષને ખ્યાતિ એટલે સાક્ષાત્કાર થાય છે. તે સાક્ષાત્કાર થતાં ત્રણે ગુણોના વ્યવહારોને વિશે જે વિતૃષ્ણતા થાય છે, તે પરવૈરાગ્ય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે એ વૈરાગ્યમાં ઓછાવત્તાપણું હોવાથી સમાધિની શીઘ્રતામાં જે ભેદ પડે છે, તે નીચેના સૂત્રમાં કહેવામાં આવે છે: 'તીવ્ર સંવેગવાળાઓને સમાધિનો લાભ સહેજે પ્રાપ્ત થયેલો છે.' અહીં સંવેગ એટલે વૈરાગ્ય છે. એ સંવેગના ભેદને લીધે યોગીઓ ત્રણ પ્રકારના છે: એક મૃદુ સંવેગવાળો છે, બીજો મધ્ય સંવેગવાળો છે અને ત્રીજો તીવ્ર સંવેગવાળો છે. 'સમાધિનો લાભ સહેજે પ્રાપ્ત છે' એટલે થોડા જ કાળમાં તેને સમાધિનો લાભ થાય છે. તીવ્ર સંવેગવાળાઓમાં પણ સમાધિનું ઓછાવત્તાપણું છે. તે વિષે સૂત્ર કહે છે: 'મૃદુ, મધ્ય અને અધિમાત્ર હોવાથી એકએકથી વિશેષ છે.' અહીં મૃદુ એટલે મૃદુ તીવ્ર વૈરાગ્યવાળો છે, મધ્ય એટલે મધ્ય તીવ્ર વૈરાગ્યવાળો છે અને અધિમાત્ર એટલે અધિકતમ તીવ્ર વૈરાગ્યવાળો છે. આમાં જે પાછળ છે, તેને આગળ નાના કરતાં વિશેષ ત્વરાથી સમાધિની સિદ્ધિ મળે છે. જનક, પ્રહ્લાદ વગેરે ઉત્તમોત્તમ યોગીઓ અધિમાત્ર તીવ્ર વૈરાગ્યવાળા હતા; કારણ કે મુહૂર્તમાત્ર વિચાર કરવાથી તેમને દૃઢ સમાધિનો લાભ થયો હતો. ઉદ્દાલક વગેરે અધમાધમ યોગીઓ મૃદુ વૈરાગ્યવાળા હતા; કારણ કે તેમને તે સમાધિનો લાભ લાંબા પ્રયાસથી થયો હતો. આ જ પ્રમાણે અન્યને વિષે પણ યથાયોગ્ય સમજી લેવું. આમ અધિમાત્ર તીવ્ર વૈરાગ્યવાળાને દૃઢ ભૂમિવાળી અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થાય છે, ત્યારે મન ફરી વ્યુત્થાન (જાગૃતિ) પામવાને અશક્ત થયેલું હોય છે, એટલે તે નાશ પામે છે. આ પ્રમાણે મનના નાશથી વાસનાક્ષયની રક્ષા થાય છે, એટલે પછી જીવન્મુક્તિ સુસ્થિર થાય છે. અહીં એવી શંકા કરવી જ નહિ કે મનોનાશથી તો વિદેહમુક્તિ જ આવે અને જીવન્મુક્તિ તો આવે જ નહિ; કારણ કે નીચેના પ્રશ્નોત્તરમાં તેનો નિર્ણય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરવામાં આવ્યો છે.

શ્રીરામ બોલ્યા : 'હે મુનિ! વિવેકનો ઉદય થવાથી ચિત્તનું સ્વરૂપ તો અંતર્ધાન પામે છે, તો પછી યોગીઓને મૈત્રી વગેરે ગુણો ક્યાં જન્મે છે, આ તમે કહો.'

વસિષ્ઠ બોલ્યા : 'ચિત્તનો નાશ બે પ્રકારનો છે. એક સરૂપ ચિત્તનાશ છે અને બીજો અરૂપ ચિત્તનાશ છે. (સરૂપ ચિત્તનાશ એટલે ચિત્ત જેમાં સૂક્ષ્મ સ્વરૂપે રહે છે તે અને અરૂપ ચિત્તનાશ એટલે ચિત્ત જેમાં નિઃશેષ નાશ પામે છે.) જીવન્મુક્તિમાં સરૂપ ચિત્તનાશ હોય છે અને વિદેહમુક્તિમાં અરૂપ ચિત્તનાશ હોય છે. મન જ્યારે પ્રકૃતિનાં ગુણકાર્યને અત્યંત મમતાપૂર્વક માને છે અને એમ જ્યારે તે સુખદુઃખ વગેરેને વળગી રહે છે, ત્યારે તે 'છે' એમ જાણવું. હે રઘુકુળમાં શ્રેષ્ઠ! આ મેં તને ચિત્તના હોવાપણા વિશે કહ્યું. હવે હે પ્રશ્ન પૂછનારાઓમાં શ્રેષ્ઠ! તું એ ચિત્તના નાશ વિશે સાંભળ. જેમ નિસાસાઓ ગિરિરાજને ડોલાવી શકતા નથી, તેમ જે ધીર પુરુષને સુખદુઃખની દિશાઓ સમતામાંથી ડોલાવી શકતી નથી, તે પુરુષનું ચિત્ત મૃત્યુ પામ્યું છે એમ જાણવું. આપત્તિ, કૃપણતા, ઉત્સાહ, મદ, મંદતા અને મહોત્સવ, એ બધાં જેને વિરૂપ કરતાં નથી, તે પુરુષનું મન નાશ પામ્યું છે એમ જાણવું. ચિત્ત એ જ આશાનો આધાર છે. હે રાઘવ! તે જ્યારે નાશ પામે છે, ત્યારે જ મૈત્રી આદિ ગુણવાળું સત્ત્વ ઉદય પામે છે. જીવન્મુક્તનું તે મન પુનર્જન્મથી રહિત થાય છે. આમ જીવન્મુક્તનો તે મનોનાશ સરૂપ હોય છે. હે રઘુધુરંધર! મેં જે અરૂપ મનોનાશ કહ્યો છે, તે વિદેહમુક્તિમાં જ હોય છે અને ત્યારે ચિત્તનો કંઈ પણ અવશેષ હોતો નથી. સત્ત્વ જોકે સમગ્ર ઉત્તમ ગુણોનો આધાર છે, તોપણ તે નિર્મળ અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમ પવિત્ર એવા વિદેહમુક્તિના પદમાં લય પામી જાય છે. તે પદમાં દુઃખમાત્ર શમી ગયાં છે અને તે એકમાત્ર ચૈતન્ય-સ્વરૂપ છે. તે આનંદઘન છે અને તે રજોગુણ તથા તમોગુણથી રહિત છે. આકાશના કોશ જેવા સૂક્ષ્મ છતાં શરીરની ઉપાધિ વિનાના મહાન પુરુષો તે પદમાં વસે છે–તેમની ચિત્તની (છેલ્લી) કણિકામાત્ર પણ ઓગળી ગઈ છે. સુખદુઃખરૂપી રસની સ્થિતિમાં જીવન્મુક્તો મોહ પામતા જ નથી. પ્રાકૃત અર્થને કારણે તેઓ કંઈ કરે છે કે નથી પણ કરતા.'

આથી સરૂપ મનોનાશ એ જીવન્મુક્તિનું સાધન છે. આમ આ જીવન્મુક્તિના સાધનરૂપ મનોનાશનું પ્રકરણ સમાપ્ત થયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

૬ : સ્વરૂપસિદ્ધિનું પ્રયોજન

તે જીવન્મુક્તિ શું છે? તેમાં પ્રમાણ શું છે? અને શી રીતે તેની સિદ્ધિ થાય છે? આ ત્રણ પ્રશ્નોના ઉત્તરનું નિરૂપણ થઈ ગયું. હવે ચોથો પ્રશ્ન આ રહ્યો: તેની સિદ્ધિનું પ્રયોજન શું છે? એનો ઉત્તર આપવામાં આવે છે. જ્ઞાનની રક્ષા, તપ, વિસંવાદ(વિવાહ)નો અભાવ, દુઃખનો નાશ અને સુખનો આવિર્ભાવ–એ પાંચ જીવન્મુક્તિનાં પ્રયોજન છે. અહીં પૂછવામાં આવશે–પ્રમાણપૂર્વક ઉત્પન્ન થયેલા તત્ત્વજ્ઞાનને બાધ થવાનો પ્રસંગ જ નથી, તો પછી જીવન્મુક્તિથી તે જ્ઞાનની રક્ષા થાય એવી અપેક્ષા જ શા કામની? પણ આમ કહેવું ઘટારત નથી, કારણ કે જ્યાં સુધી ચિત્ત વિશ્રાંતિને પામ્યું હોતું નથી, ત્યાં સુધી સંશય અને વિપર્યય (મિથ્યા જ્ઞાન) થઈ આવવાનો સંભવ રહે છે. તત્ત્વજ્ઞાની રામને ચિત્તની વિશ્રાંતિ થઈ તે પહેલાં આવો જ સંશય થયો હતો. વિશ્વામિત્રે તેનું આ ઉદાહરણ આપ્યું છે: 'હે જ્ઞાનવાનોમાં શ્રેષ્ઠ! હે રઘુનંદન! તારે હવે બીજું કશુંય જાણવાનું રહ્યું નથી. તેં તારી સૂક્ષ્મ બુદ્ધિથી સર્વ કંઈ બરાબર જાણ્યું છે. તારી બુદ્ધિ ભગવાન વ્યાસના પુત્ર શુકના જેવી જ છે. આમ તેં જ્ઞેયને જાણ્યું જ છે અને હવે તારે ચિત્તની વિશ્રાંતિ માત્રની જ જરૂર છે.' શુક તો પોતાની મેળે જ પ્રથમ તત્ત્વજ્ઞાન પામ્યા હતા. પછી સંશય થવાથી તેમણે પોતાના પિતા વ્યાસને પૂછ્યું હતું. પિતાએ પણ તેમને તે જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રમાણે ઉપદેશ આપ્યો; એટલે શુકને વળી સંશય થયો. તે જનક પાસે ગયા અને જનકે પણ તેમને તે જ પ્રમાણે ઉપદેશ આપ્યો. આથી તેમણે જનકને નીચે પ્રમાણે કહ્યું. શ્રીશુક બોલ્યા: 'આ તો મેં પોતે જ પૂર્વે વિવેકપૂર્વક જાણ્યું છે. મેં આ વિષે પિતાજીને પૂછ્યું હતું, તો તેમણે પણ મને આ જ પ્રમાણે કહ્યું હતું. હે શ્રેષ્ઠ વાગ્વેત્તા! તમે પણ એ જ વાત કહી છે. વળી આ જ વાક્યાર્થ શાસ્ત્રોમાં પણ જોવામાં આવે છે. આ બળ્યોજળ્યો સંસાર પોતાના વિકલ્પથી ઊભો છે, અને તે પોતાના વિકલ્પના ક્ષયથી ક્ષય પામે છે તે નિઃસાર છે. આવો નિશ્ચય છે, તો હે મહાબાહુ! તે શું છે? મને અવિચળ સત્ય કહો. હું તો ચિત્તે કરીને જગતમાં ભમ્યા કરું છું. હું તમારી પાસેથી વિશ્રાંતિ પામીશ.'

જનક બોલ્યા: 'હે મુનિ! આથી શ્રેષ્ઠ એવો બીજો કોઈ જ નિશ્ચય નથી. તમે પોતે જ તે જાણ્યો છે, તેમ જ વ્યાસ ગુરુ પાસેથી પણ તમે તે સાંભળ્યો છે. અહીં પરિચ્છેદરહિત (અખંડ) ચિદાત્મારૂપ પુરુષ એક જ છે–બીજું કાંઈ પણ નથી. જીવ પોતાના સંકલ્પથી જ બંધાય છે અને સંકલ્પથી રહિત થઈને તે મુક્ત થાય છે. હે મુનિ! તું તો મહાત્મા છે. તેં જ્ઞેયને સ્પષ્ટ રીતે જાણ્યું છે. તને અહીં ભોગોથી અથવા સકળ દૃશ્યથી પણ અરતિ (અપ્રીતિ) જન્મી છે. તું પૂર્ણ ચિત્તવાળો છે અને તું સમગ્ર પ્રાપ્તવ્યને (પામવા યોગ્ય વસ્તુને) પામ્યો છે. દૃશ્યને વિષે તું યત્ન જ કરતો નથી. હે બ્રહ્મન્! તું મુક્ત છે, તું ભ્રાંતિને મૂકી દે.' મહાત્મા જનકે શુકદેવને આ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે તે શાંત થયા અને સ્વસ્થ પરમપદમાં વિશ્રાંતિ પામ્યા. તે શોક, ભય અને આયાસ(શ્રમ)રહિત થયા, ઇચ્છાથી મુક્ત થયા અને તેમના સંશયો છેદાઈ ગયા. પછી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમાધિને અર્થે તે મેરુના અનિંદિત શિખર ઉપર ગયા. ત્યાં તે દશ હજાર વર્ષો સુધી નિર્વિકલ્પ સમાધિમાં રહ્યા અને પછી તેલ વિનાના દીવાની જેમ તે પોતાના આત્મામાં શમી ગયા.'

આમ તત્ત્વ જાણ્યા છતાં પણ જેને ચિત્તવિશ્રાંતિ થઈ ન હોય તેને શુકદેવ અને રામચંદ્રની જેમ સંશય ઉત્પન્ન થાય છે. અજ્ઞાનની પેઠે જ એ સંશય મોક્ષને પ્રતિબંધ કરનારો છે. આથી જ ભગવાને કહ્યું છે: 'અજ્ઞાની, અશ્રદ્ધાવાળો અને મનમાં સંશયવાળો એવો પુરુષ વિનાશ પામે છે. જે મનમાં સંશયવાળો છે, તેને માટે આ લોક નથી, પરલોક નથી અને સુખ પણ નથી.' અહીં અશ્રદ્ધા એટલે વિપર્યય (મિથ્યાજ્ઞાન) છે. એ વિપર્યય વિષે આગળ ઉપર ઉદાહરણ આપવામાં આવશે. અજ્ઞાન અને વિપર્યય એ બંને મોક્ષનાં જ વિરોધી છે. પણ સંશય તો ભોગ તથા મોક્ષ એ બંનેનો વિરોધી છે; કારણ કે એ સંશય તો પરસ્પર વિરુદ્ધ એવી બે કોટિને અવલંબીને ઉદય પામે છે. જ્યારે સંસારસુખને માટે પ્રવૃત્તિ હોય છે, ત્યારે મોક્ષમાર્ગમાં રહેલી બુદ્ધિ તે પ્રવૃત્તિને આડ કરે છે. જ્યારે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ હોય છે, ત્યારે સંસારબુદ્ધિ તે પ્રવૃત્તિને પ્રતિબંધ કરે છે. આથી મનમાં જે સંશયવાળો છે, તેને જ કશું જ સુખ નથી. મોક્ષની ઇચ્છાવાળાએ તો સંશયને સર્વથા છેદી નાખવો જોઈએ. આથી જ શ્રુતિ કહે છે: 'સર્વ સંશયો છેદાઈ જાય છે.' હવે વિપર્યયનું ઉદાહરણ નિદાઘ છે. પરમ કરુણાથી ઋભુ નિદાઘને ઘેર આવ્યા અને તેને અનેક રીતે બોધ આપ્યા પછી ત્યાંથી પાછા ગયા. આમ તે પરમાત્મ વસ્તુનો નિદાઘને ઉપદેશ આપવામાં આવ્યો હતો; છતાં તેને તે વિષે શ્રદ્ધા જ ન થઈ. તે તો કર્મ જ પરમ પુરુષાર્થના હેતુરૂપ છે, એવા વિપર્યયને સેવી રહ્યો અને પહેલાંની જેમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મના અનુષ્ઠાનમાં જ મચ્યો રહ્યો. આથી ગુરુ ઋભુને થયું કે મારો શિષ્ય, નિદાઘ પરમ પુરુષાર્થ અર્થાત્ મોક્ષને છોડી ન દે તો સારું.' તે કૃપા કરીને ફરી ત્યાં આવ્યા અને નિદાઘને ઉપદેશ આપવા લાગ્યા. આમ છતાં નિદાઘે વિપર્યયને છોડ્યો જ નહિ. પછી ગુરુએ ત્રીજીવાર ઉપદેશ આપ્યો, ત્યારે વિપર્યયને ત્યજીને તે વિશ્રાંતિને પામ્યો. હવે સંશય તે અસંભાવના છે અને વિપર્યય તે વિપરીત ભાવના છે. આ બંને તત્ત્વજ્ઞાનના ફળ(ચિત્તની વિશ્રાંતિ)ને પ્રતિબંધ કરે છે. તે વાત પરાશરે કહી છે : 'ભભડતા બળતા અગ્નિને પણ જો મણિ, મંત્ર અને ઔષધિથી પ્રતિબંધ કરવામાં આવ્યો હોય, તો તે ઇંધણાંને બાળી શકતો નથી. તે જ પ્રમાણે જ્ઞાનરૂપી અગ્નિ ભલે અત્યંત દૃઢ અને અત્યંત પ્રકાશિત હોય, છતાં જો તેને પ્રતિબંધ કરવામાં આવ્યો હોય, તો તે મળને બાળી શકતો નથી. હે શુક ! જે અસંભાવના છે અને જે વિપરીત ભાવના છે, તે જ તત્ત્વજ્ઞાનને પ્રતિબંધ કરે છે– બીજું કોઈ તેને આડ કરતું નથી.'

આથી જેનું ચિત્ત વિશ્રાંતિને પામ્યું નથી, તેને સંશય અને વિપર્યયના કારણથી તત્ત્વજ્ઞાનના ફળમાં પ્રતિબંધ થાય છે. આ પ્રતિબંધરૂપ બાધાથી તત્ત્વજ્ઞાનના ફળની રક્ષા કરવાની અપેક્ષા રહે છે, પણ જેનું ચિત્ત વિશ્રાંતિને પામ્યું છે, તેનો તો મનોનાશ થયેલો છે. આથી એને માટે જગત જ પ્રલય પામ્યું છે. એટલે તેને સંશય અને વિપર્યયનો પ્રસંગ જ શો હોય ? બ્રહ્મવેત્તાને તો જગતનો ઓળો સરખોય હોતો નથી. તેના દેહનો વ્યવહાર પણ પોતાના કશા જ પ્રયત્ન વિના, માત્ર પરમેશ્વરે પ્રેરેલા પ્રાણવાયુથી જ ચાલ્યા કરે છે. આથી જ છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે : 'પોતાના આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉપજન (પાસે રહેલા) શરીરને સંભારતો જ નથી. એ તો જેવી રીતે પ્રયોગ્ય (ઘોડા અથવા બળદ) ચાલવા માટે જોડાય છે, તેવી રીતે આ શરીરમાં પ્રાણ જોડાયેલો છે.' એનો અર્થ આ પ્રમાણે થાય : 'બ્રહ્મવેત્તાને આ ઉપજન–જનોની પાસે રહેલું શરીર છે જ નહિ; પડખે રહેલા માણસો જ તત્ત્વવેત્તાના એ શરીરને જુએ છે. પોતે તો નિર્મનસ્ક ભાવને (મનની રહિતતાને) પામ્યો છે. તેથી આ મારું શરીર છે, એવું તે સંભારતો જ નથી. પ્રયોગ્ય એટલે રથ તથા ગાડું વગેરેને વહેવાને માટે જોડાવાને યોગ્ય એવો કેળવાયેલો ઘોડો તથા બળદ વગેરે. તેને સારથિ વારેવારે માર્ગના આચરણમાં–મજલમાં પ્રેર્યા કરે છે, એટલે પછી સારથિના પ્રયત્ન વિના પણ તે પોતે જ રથ તથા ગાડા વગેરેને આગળ રહેલા ગામે લઈ જાય છે. તે જ પ્રમાણે પરમેશ્વરે પ્રાણવાયુને આ શરીરમાં જોડ્યો છે અને તે પ્રાણ જીવનો પ્રયત્ન હોય કે ન હોય તોપણ વ્યવહારને ચલાવ્યે રાખે છે. ભાગવતમાં પણ આવી સ્મૃતિ છે : 'મદિરાના મદથી આંધળો થયેલો મનુષ્ય જોતો નથી કે તેનું કેડ ઉપરનું વસ્ત્ર દૈવયોગે સરી પડ્યું છે કે ત્યાંનું ત્યાં રહ્યું છે. તે જ પ્રમાણે સિદ્ધ પુરુષ જોતો નથી કે તેનું નાશવંત શરીર સમાધિમાં રહ્યું છે કે તેમાંથી જાગી ગયું છે; કારણ કે એ સિદ્ધ પુરુષ તો સ્વરૂપને પામી ચૂક્યો છે.' વસિષ્ઠ પણ કહે છે : 'જેમ ઊંઘીને જાગેલા મનુષ્યો પોતાનો આચાર પહેલાંની માફક કરે છે, તેમ પાસે રહેલા મનુષ્યોએ જગાડેલા સંતપુરુષો પણ અક્ષત રહીને પૂર્વના આચારક્રમથી આવેલા આચારને આચરે જ છે.'

પહેલા શ્લોકમાં કહ્યું છે કે સિદ્ધ પુરુષ પોતાના શરીરને 'જોતો નથી' અને પછીના શ્લોકમાં કહ્યું છે કે તે 'આચાર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આચરે છે.' આ બે વાત પરસ્પર વિરોધી છે, એમ કદાચ અહીં કહેવામાં આવશે, પણ એવું નથી; કારણ કે વિશ્રાંતિના ઓછાવત્તાપણા ઉપરથી આનો નિર્ણય કરી શકાય એમ છે. એ ઓછાવત્તાપણા વિશે જ લક્ષ રાખીને શ્રુતિ કહે છે : 'એ આત્મા જ ક્રિયા કરનારો, આત્મામાં જ પ્રીતિ રાખનારો, ક્રિયાવાન અને બ્રહ્મવિદોમાં વરિષ્ઠ છે.' આમ અહીં ચાર પ્રકારના યોગીઓ જોવામાં આવે છે : ૧ એક બ્રહ્મવિદ્ (બ્રહ્મને જાણનાર) છે, બીજો બ્રહ્મવિદ્વર (બ્રહ્મને જાણનારાઓમાં ઉત્તમ) છે, ત્રીજો બ્રહ્મવિદ્વરીયાન (બ્રહ્મને જાણનારાઓમાં વધારે ઉત્તમ) છે અને ચોથો બ્રહ્મવિદ્વરિષ્ઠ (બ્રહ્મને જાણનારાઓમાં સર્વશ્રેષ્ઠ) છે. આ યોગીઓ યોગની સાત ભૂમિકાઓ-પૈકી ચોથી યોગભૂમિકાથી માંડીને ક્રમપૂર્વક ચાર ભૂમિકાઓને પામ્યા છે એમ સમજવું. એ સાત ભૂમિકાઓ વિશે વસિષ્ઠે આ પ્રમાણે કહ્યું છે : 'પહેલી જ્ઞાનભૂમિકા એ શુભેચ્છા છે એમ કહેવાયું છે. બીજી ભૂમિકા વિચારણા છે અને ત્રીજી ભૂમિકા તનુમાનસા છે. સત્ત્વાપત્તિ એ ચોથી ભૂમિકા છે અને અસંસક્તિ નામની ભૂમિકા પાંચમી છે. છઠ્ઠી ભૂમિકા પદાર્થભાવિની છે અને સાતમી ભૂમિકાને તુર્યગા કહી છે.' હું કેમ મૂઢની જેમ પડ્યો રહ્યો છું ? શાસ્ત્રો અને સજ્જનો દ્વારા હું સ્વરૂપને જોઉં તો સારું '—આમ વૈરાગ્ય પૂર્વક શુભની જે ઇચ્છા થાય છે, તેને પંડિતો 'શુભેચ્છા' નામની પ્રથમ ભૂમિકા કહે છે. શાસ્ત્રોથી, સજ્જનોના સમાગમથી અને વૈરાગ્યના અભ્યાસથી સદ્વિચારને વિશે જે પ્રવૃત્તિ થાય છે, તે 'વિચારણા' નામની બીજી ભૂમિકા છે. શુભેચ્છા અને વિચારણા એ બેયે કરીને ઇંદ્રિયોના વિષયોને વિશે જે અસક્તતા થાય છે—એટલે જેમાં મનની આસક્તિ અત્યંત તનુતા(સૂક્ષ્મતા)ને પામે છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે 'તનુમાનસા' નામની ત્રીજી ભૂમિકા છે. આ ત્રણ ભૂમિકાઓના અભ્યાસથી બાહ્ય વિષયોની જે વિરતિ (વૈરાગ્ય) થાય છે, તેના બળથી શુદ્ધ (માયા અને તેના કારણરહિત) સત્ત્વાત્મામાં (સત્ત્વસ્વરૂપ આત્મામાં) ચિત્તની જે સ્થિતિ થાય છે, તે 'સત્ત્વાપત્તિ' નામની ચોથી ભૂમિકા કહેવાઈ છે. આ ચાર ભૂમિકાઓના અભ્યાસથી અસંસર્ગ (અસંગ) રૂપી ફળવાળી અને રૂઢ સત્ત્વના ચમત્કારવાળી જે અવસ્થા પ્રાપ્ત થાય છે, તે 'અસંસક્તિ' નામની પાંચમી ભૂમિકા કહેવાય છે. આ પાંચ ભૂમિકાઓના અભ્યાસથી પોતાના આત્માને વિષે જ અત્યંત રતિ થાય છે, એટલે બહારના તથા અંદરના પદાર્થોનું ભાન મરી જાય છે. પરિણામે કોઈ બીજો લાંબા કાળ સુધી ઢંઢોળ્યા કરે છે, તો તેને તે પદાર્થોનું ભાન થાય છે. આ અવસ્થા 'પદાર્થભાવિની' નામની છઠ્ઠી ભૂમિકા છે. આ છ ભૂમિકાઓનો ચિરકાળ સુધી અભ્યાસ કરવામાં આવે અને ભેદ માત્રનો ઓળો પણ ન રહે, તેથી સ્વભાવ (આત્મા)ને વિશે જે એકનિષ્ઠતા રહે છે, તેને 'તુર્યગા' નામની સાતમી ભૂમિકા જાણવી.'

આ સાત ભૂમિકાઓમાંની પહેલી ત્રણ ભૂમિકાઓ બ્રહ્મવિદ્યાના સાધનરૂપ છે અને તે વિદ્યાકોટિમાં છે જ નહિ; કારણ કે એ ત્રણ ભૂમિકાઓમાં ભેદના સત્યત્વની બુદ્ધિ દૂર થયેલી હોતી નથી. આથી જ એ ત્રણ ભૂમિકાઓને 'જાગરણ' કહેવામાં આવે છે. આ વિશે વસિષ્ઠ કહે છે: 'હે રામ! આ ત્રણ ભૂમિકાઓ તો જાગ્રત અવસ્થા છે; કેમ કે આ જેવું છે તેવું જગત ભેદબુદ્ધિથી જ જાગ્રત અવસ્થામાં દેખાય છે.' એ પછી વેદાંતવાક્યથી બ્રહ્મ અને આત્માના ઐક્યનો નિર્વિકલ્પ સાક્ષાત્કાર થાય છે. આ ચોથી ભૂમિકા ફળરૂપ છે અને તેને સત્ત્વાપત્તિ કહે છે. આ ચોથી ભૂમિકામાં સર્વ જગતના ઉપા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દાનરૂપ બ્રહ્મના વાસ્તવિક અને અદ્વિતીય એવા સત્તાસ્વભાવનો નિશ્ચય કરવામાં આવે છે અને પછી તે બ્રહ્મને વિશે આરોપવામાં આવેલા તથા 'જગત' શબ્દથી કહેવાતા નામરૂપનું મિથ્યાપણું જાણવામાં આવે છે. આગળ મુમુક્ષુની જે 'જાગરણ' અવસ્થા કહી છે, તેની અપેક્ષાએ આ ભૂમિકા સ્વપ્નરૂપ છે. તે વિશે વસિષ્ઠ કહે છે: 'જ્યારે અદ્વૈતમાં સ્થિરતા આવી છે અને જ્યારે દ્વૈત શમી ગયું છે, ત્યારે ચોથી ભૂમિકાને પામેલા યોગીઓ આ લોકને સ્વપ્નવત્ જુએ છે. શરદઋતુના વીખરાઈ ગયેલા વાદળાના ટુકડાની જેમ તેમનું દ્વૈત વિલાઈ ગયેલું હોય છે. આ ચોથી ભૂમિકાને પામેલા યોગી તો કેવળ સત્તારૂપ જ શેષ રહે છે. યોગીઓ જેના જ્ઞાનથી સર્વ પ્રાણીઓને વિશે પોતે પોતાને તથા અન્યને સન્માત્રરૂપે ઉપાસે છે, તે સદ્રૂપ હરિને મારાં નમન હો! ચોથી ભૂમિકાને પામેલો યોગી તો કેવળ સત્તારૂપ જ શેષ રહે છે.'

ત્યારે આ ચોથી ભૂમિકાને પામેલો યોગી બ્રહ્મવિદ્ કહેવાય છે. પાંચમી, છઠ્ઠી અને સાતમી એ ત્રણ ભૂમિકાઓ જીવન્મુક્તિના પેટાભેદો છે. નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ કરવાથી જે વિશ્રાંતિ થાય છે, તેના ઓછાવત્તાપણા પ્રમાણે આ ત્રણ ભૂમિકાઓ મેળવાય છે. પાંચમી ભૂમિકામાં નિર્વિકલ્પ સમાધિમાંથી યોગી પોતે જાતે જ જાગે છે. આ યોગી બ્રહ્મવિદ્વર છે. છઠ્ઠી ભૂમિકામાં એ યોગીને પાસે રહેલા માણસો જગાડે છે. આ યોગી બ્રહ્મવિદ્વરીયાન છે. આ બે ભૂમિકાઓને અનુક્રમે સુષુપ્તિ અને ગાઢ સુષુપ્તિ કહેવામાં આવે છે. તે વિશે તે કહે છે: 'સુષુપ્તિપદ નામની પાંચમી ભૂમિકાને પામીને યોગીના ભેદમાત્ર શમી ગયા હોય છે અને તે એક અદ્વૈતને વિશે જ રહે છે. બહાર વૃત્તિપરાયણ હોવા છતાં નિત્ય અંતર્મુખ રહેતો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોઈ, તે જાણે થાકી જઈને નિત્ય નિદ્રાળુ હોય તેવો જોવામાં આવે છે. આ ભૂમિકામાં અભ્યાસ કરતાં કરતાં તે વાસના-રહિત થાય છે અને પછી તે ક્રમપૂર્વક ગાઢ સુષુપ્તિ નામની છઠ્ઠી ભૂમિકામાં આવે છે. તેમાં તે સત્‌રૂપ નથી, તેમ અસત્-રૂપ નથી; તેમાં તે અહંકારરૂપ નથી, તેમ અનહંકારરૂપ નથી. તેમાં તો તેનું મનનમાત્ર ક્ષીણ થઈ ગયું છે અને તે દ્વૈત તથા ઐક્યથી અળગો થઈને રહ્યો છે. આકાશના ખાલી ઘડાની જેમ તે અંદર શૂન્ય છે અને બહાર પણ શૂન્ય છે; તેમ જ સમુદ્રમાંના ભરેલા ઘડાની જેમ તે અંદર પૂર્ણ છે અને બહાર પણ પૂર્ણ છે.

ગાઢ નિર્વિકલ્પ સમાધિને પામેલું ચિત્ત માત્ર સંસ્કારરૂપે શેષ રહેલું હોય છે. તે ચિત્ત મનોરાજ્ય કરવાને અથવા તો બહારના પદાર્થોને પકડવાને સમર્થ હોતું નથી. આથી આકાશ-માં રહેલા ઘડાની જેમ તે અંદર અને બહાર શૂન્ય (ખાલી) છે, ત્યારે તે ચિત્ત સ્વયંપ્રકાશ, સચ્ચિદાનંદ અને એકરસ એવા બ્રહ્મમાં ડૂબેલું હોય છે અને બહાર સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ હોય છે. આથી સમુદ્રની વચમાં સ્થાપવામાં આવેલા જળભર્યા ઘડાની જેમ તે અંદર અને બહાર પૂર્ણ (ભરેલું) છે. તુરીયા નામની સાતમી ભૂમિકાને પામેલા યોગીને પોતાની મેળે કે બીજાના પ્રયત્નથી પણ વ્યુત્થાન (સમાધિમાંથી જાગવાનું) હોતું જ નથી. આવાને જ ઉદ્દેશીને ભાગવતમાં કહ્યું છે કે, 'સિદ્ધ પુરુષ જોતો નથી કે તેનું નાશવંત શરીર સમાધિમાં રહેલું છે કે તેમાંથી જાગી ગયું છે.' અસંપ્રજ્ઞાત સમાધિનું પ્રતિપાદન કર-નારાં યોગશાસ્ત્રો અહીં જ (આ ભૂમિકામાં જ) વિરમે છે. આવા જ યોગીને આગળ કહેલી શ્રુતિમાં બ્રહ્મવિદ્વરિષ્ઠ કહ્યો છે. આમ 'પાસે રહેલા મનુષ્યોએ જગાડેલા સંત પુરુષો વગેરે' અને 'સિદ્ધ પુરુષ જોતો નથી વગેરે' એ બંને વચનો અનુક્રમે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છઠ્ઠી અને સાતમી ભૂમિકામાં રહેલા યોગીના સ્વરૂપનો નિર્ણય આપે છે. આથી એ બન્ને વચ્ચે કશો વિરોધ નથી. હવે આ ઉપસંહાર કરીએ. પાંચમી, છઠ્ઠી અને સાતમી એ ત્રણ ભૂમિકાઓરૂપ જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે દ્વૈતનો ઓળો સરખો પણ હોતો નથી, એટલે સંશય અને વિપર્યયનો પ્રસંગ જ આવતો નથી. આમ ઉત્પન્ન થયેલું તત્ત્વજ્ઞાન નિર્બાધ રીતે રક્ષિત રહે છે. તો આ જ્ઞાનરક્ષા એ જીવન્મુક્તિનું પ્રથમ પ્રયોજન છે.

તપ તેનું બીજું પ્રયોજન છે. દેવત્વ વગેરેની પ્રાપ્તિ એ યોગભૂમિકાઓનો હેતુ છે. આથી તેમની તપરૂપતા જાણવી જોઈએ. અર્જુન અને ભગવાન શ્રીકૃષ્ણ વચ્ચે તેમ જ રામ અને વસિષ્ઠ વચ્ચે જે પ્રશ્નોત્તરો થયા છે, તે ઉપરથી યોગભૂમિકાઓનું એ હેતુપણું જાણી શકાય છે.

અર્જુન બોલ્યો : 'શ્રદ્ધાથી યુક્ત છતાં અયોગી (યોગમાં અપ્રયત્નશીલ) એવા પુરુષનું મન યોગમાંથી ચળી જાય અને એ એમ યોગની સંસિદ્ધિને પામ્યા વિના મરણ પામે, તો હે કૃષ્ણ! તે કઈ ગતિને પામે છે? હે મહાબાહુ! તે તો બ્રહ્મના માર્ગમાં અત્યંત મૂઢ છે અને તેને કશું દૃઢ અવલંબન નથી. આમ તે બેઉ રીતે ભ્રષ્ટ થયો છે, તો શું તે વિખૂટા પડેલા વાદળની જેમ નાશ પામે છે? હે કૃષ્ણ! તમે મારો આ સંશય પૂરેપૂરો છેદવાને યોગ્ય છો; કારણ કે તમારા સિવાય બીજો કોઈ પણ આ સંશયને છેદી શકવાને યોગ્ય નથી.'

શ્રી ભગવાન બોલ્યા : 'હે પૃથાનંદન! આ લોકમાં કે પરલોકમાં તેનો વિનાશ થતો જ નથી. કેમ કે હે તાત! કોઈ પણ કલ્યાણ કરનારો દુર્ગતિને પામતો નથી. યોગથી ભ્રષ્ટ થયેલો તે મનુષ્ય પુણ્ય કરનારાઓના લોકોને પામે છે અને ત્યાં અનેક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વર્ષો સુધી રહ્યા પછી તે પાછો પવિત્ર શ્રીમાનોને ઘેર જન્મ પામે છે. અથવા તે કોઈ બુદ્ધિમાન યોગીઓના કુળમાં જન્મે છે. સાચે જ લોકમાં આવો જન્મ થવો, એ અત્યંત દુર્લભ છે. હે કુરુનંદન ! એ જન્મમાં તેને પૂર્વદેહની બુદ્ધિનો સંયોગ થાય છે, એટલે તે ફરીથી સંસિદ્ધિ માટે પ્રયત્ન કરે છે.'

શ્રી રામ બોલ્યા : 'હે ભગવન્ ! જે યોગી પહેલી, બીજી કે ત્રીજી ભૂમિકામાં રહીને મૃત્યુ પામે છે, તેની શી ગતિ થાય છે ?'

શ્રી વસિષ્ઠ બોલ્યા : 'યોગની ભૂમિકામાં રહીને જેનું જીવિત ઓસરી ગયું છે, તે શરીરધારીનાં પૂર્વનાં પાપ યોગની તે તે ભૂમિકાના અંશ પ્રમાણે ક્ષય પામે છે. પછી તે રમણીઓનો સખા થઈને દેવોનાં વિમાનોમાં, લોકપાલોનાં નગરોમાં અને મેરુપર્વતની ઉપવનકુંજોમાં રમણ કરે છે. ત્યાં તે સત્કર્મોના ફળને ભોગવે છે અને દુષ્કૃતોને દૂર કરે છે. આમ ભોગ અને ક્ષય ખૂટી જાય છે, ત્યારે તે યોગીઓ પૃથ્વી ઉપર પવિત્ર, શ્રીમાન અને ગુણવાન એવા સત્પુરુષોના સુરક્ષિત ગૃહે જન્મ પામે છે. એ જન્મમાં એ જ્ઞાનીઓ પૂર્વજન્મમાં અભ્યાસ વડે મેળવેલી યોગની ત્રણ ભૂમિકાઓને સ્પર્શે છે અને પછી ઊંચેની ઉત્તમ ભૂમિકાના ક્રમમાં ઊંચે ચઢે છે.'

અહીં કહેવામાં આવે કે ભલે, યોગની ભૂમિકાઓ દેવલોકની પ્રાપ્તિમાં હેતુરૂપ હો, પણ તેઓ તપરૂપ ક્યાંથી છે ? તો અમારો ઉત્તર એ છે કે શ્રુતિએ તેમ કહ્યું છે. તૈત્તિરીય શાખામાં કહ્યું છે : 'પૂર્વે દેવો તપથી જ દેવત્વને પામ્યા છે અને તપથી જ ઋષિઓએ સ્વર્ગને મેળવ્યું છે.'

તત્ત્વજ્ઞાનની પહેલાંની ત્રણ ભૂમિકાઓ જ્યારે તપરૂપ છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્યારે તત્ત્વજ્ઞાન પછીની નિર્વિકલ્પ સમાધિરૂપ પાંચમી, છઠ્ઠી અને સાતમી એ ત્રણ ભૂમિકાઓ પણ તપરૂપ જ હોય તેમાં કહેવાનું શું ? આથી જ સ્મૃતિ કહે છે : 'મન અને ઇંદ્રિયોની એકાગ્રતા એ પરમ તપ છે, તે તપ સર્વ ધર્મોથી ચડિયાતું છે અને તે જ પરમધર્મ કહેવાય છે.' આ ન્યાયે તપથી પામવા યોગ્ય એવો બીજો જન્મ નથી છતાં લોકસંગ્રહ(લોક-સેવા)ને માટે એકાગ્રતાને તપ કહેવામાં આવે છે. આથી જ ભગવાને કહ્યું છે : 'લોકસંગ્રહને જોતા રહીને પણ તારે કર્મ કરવું જોઈએ.'

શિષ્ય, ભક્ત અને તટસ્થ એમ ત્રણ પ્રકારના સંગ્રાહ્ય (પાળવા યોગ્ય) લોક છે. આમાં શિષ્ય પોતાના અંતર્મુખ યોગી ગુરુને વિશે અતિશય પ્રમાણિકતાની બુદ્ધિ રાખે છે અને તે ગુરુએ ઉપદેશેલા તત્ત્વમાં પરમ વિશ્વાસ રાખ-વાથી તેનું ચિત્ત એકાએક વિશ્રાંતિને પામે છે. આથી જ શ્રુતિ કહે છે : જેને દેવને (પરમાત્માને) વિશે પરમ ભક્તિ છે અને એ દેવ ઉપરના જ જેવી જેને ગુરુને વિશે પરમ ભક્તિ છે, તે મહાત્માને આ કહેલા અર્થો સાક્ષાત્ થાય છે.' સ્મૃતિમાં પણ કહ્યું છે : 'શ્રદ્ધાવાન, જ્ઞાનપરાયણ અને જિતેંદ્રિય પુરુષ જ્ઞાન પામે છે. જ્ઞાન પામ્યા પછી તે થોડા જ વખતમાં પરમ શાંતિને પ્રાપ્ત કરે છે.'

અન્નદાન તથા નિવાસસ્થાન વગેરે આપીને ભક્ત પુરુષ યોગીની સેવા કરે છે અને એમ તે યોગીનું તપ તે પોતે જ મેળવી લે છે. વળી શ્રુતિ કહે છે : 'તેના પુત્રો તેનો દાય (વારસો) લે છે, તેના મિત્રો તેનાં સત્કૃત્યો લે છે અને તેના દ્વેષીઓ તેનાં પાપકૃત્યો લે છે.'

તટસ્થ પણ બે પ્રકારના છે : એક આસ્તિક છે અને બીજો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નાસ્તિક. તેમાં જે આસ્તિક છે, તે યોગીનું સન્માર્ગે આચરણ જોઈને પોતે પણ સન્માર્ગે જાય છે. વળી સ્મૃતિ કહે છે: 'શ્રેષ્ઠ પુરુષ જેવું જેવું આચરણ કરે છે, તેવું તેવું આચરણ બીજા જન પણ કરે છે. તે જે પ્રમાણે કરે છે તેને લોક અનુસરે છે.' નાસ્તિક પણ યોગીની દૃષ્ટિ પડવાથી પાપમુક્ત થાય છે. તે વિશે કહ્યું છે: 'જેની બુદ્ધિ તત્ત્વને વિશે છેક સાક્ષાત્કાર સુધી પ્રવર્તે છે, તેની દૃષ્ટિમાં આવેલા સર્વ કોઈ સર્વ પાપોથી મુક્ત થાય છે.'

આ રીતે યોગીઓ સર્વ પ્રાણીઓને ઉપકારી છે. આ વાત નીચે કહેવામાં આવે છે: 'જેનું મન એક ક્ષણ પણ બ્રહ્મની વિચારણામાં સ્થિરતાને પામે છે, તેણે સમસ્ત તીર્થોનાં જળમાં સ્નાન કર્યું છે, તેણે સમસ્ત પૃથ્વીનું દાન આપ્યું છે, તેણે હજારો યજ્ઞોનું યજન કર્યું છે, તેણે દેવમાત્રને રૂડી રીતે પૂજ્યા છે, તેણે તેના પિતૃઓને સંસારમાંથી તાર્યા છે અને તે ત્રણે લોકમાં પૂજ્ય છે. જેનું મન આ અપાર જ્ઞાનસુખના સાગરરૂપ પરબ્રહ્મને વિશે લીન થયું છે, તેનું કુળ પવિત્ર છે, તેની માતા કૃતાર્થ છે અને વિશ્વંભરા પૃથ્વી તેનાથી પુણ્યવાળી છે.'

યોગીનો શાસ્ત્રીય વ્યવહાર જ તપરૂપ છે એમ નથી, તેનો સર્વ લૌકિક વ્યવહાર પણ તપરૂપ છે. વળી તૈત્તિરીય શાખા ભણનારાઓ પોતાની શાખાના નારાયણ ઉપનિષદના અંતિમ અનુવાકમાં જ્ઞાનીનો આ પ્રમાણે મહિમા ગાય છે: 'આમ જાણનારા જ્ઞાનીના યજ્ઞમાં આત્મા યજમાન છે, શ્રદ્ધા તેની પત્ની છે અને શરીર સમીધ છે. વક્ષઃસ્થલ વેદિ છે અને રૂંવાડાંઓ દર્ભ છે, શિખા વેદ છે અને હૃદય યૂપ (યજ્ઞનો થાંભલો) છે. કામ આજ્ય (ઘી) છે અને ક્રોધ પશુ છે. તપ અગ્નિ છે અને દમ શમયિતા (પશુનો વધ કરનાર પુરુષ) છે. દાન તેની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દક્ષિણા છે અને વાણી તેનો હોતા* છે. પ્રાણ તેનો ઉદ્ગાતા છે અને ચક્ષુ તેનો અધ્વર્યુ છે. મન બ્રહ્મા છે અને શ્રોત્ર અગ્નીત્ છે.' આ પાઠમાં 'દક્ષિણા'ની પહેલાં જે 'દાન' શબ્દ છે, તે અધ્યાહાર લઈને મૂકવો; કારણ કે છાંદોગ્ય ઉપનિષદમાં કહ્યું છે : 'હવે તેનું જે તપ છે, દાન છે અને આર્જવ (સરળતા) છે, તેની જે અહિંસા છે તેમજ તેનું જે સત્ય વચન છે, તે સઘળું તેની દક્ષિણા છે.' આગળ કહેલા અનુવાકના વચલા ભાગમાં યોગીના વ્યવહારો—અરે! તેના સમસ્ત જીવનકાલો જ્યોતિષ્ટોમ યજ્ઞની અવયવક્રિયારૂપે વર્ણવ્યા છે અને છેવટના ભાગમાં તેમને સર્વ યજ્ઞની અવયવક્રિયારૂપે કહેવામાં આવ્યા છે : 'તે જે જીવે છે, તે દીક્ષા છે. તે જે ખાય છે, તે હવિષ છે. તે જે પીએ છે, તે સોમપાન છે. તે જે રમે છે, તે ઉપસદહોમ છે. તે જે ફરે છે, બેસે છે અને ઊભો રહે છે, તે પ્રવર્ગ્ય છે. તેનું જે મુખ છે, તે આહવનીય અગ્નિ છે. તેનું જે બોલવું છે, તે આહુતિ છે. તેનું જે વિજ્ઞાન છે, તે હોમ છે. તે સાંજે અને સવારે જે ખાય છે, તે સમિધ છે. તેનાં જે સાંજ, સવાર તથા બપોર છે તે સવનો છે; તેનાં જે દિવસ—રાત છે, તે દર્શ (પૂનમ) અને પૂર્ણમાસ (અમાસ) યાગો છે. તેનાં જે પખવાડિયાં અને માસો છે, તે ચાતુર્માસ્ય યજ્ઞ છે. તેની જે ઋતુઓ છે, તે પશુ—બંધ નામનો યાગ છે.

* હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ, બ્રહ્મા અને અગ્નીત્ એ પાંચ યજ્ઞમાં જુદાજુદા અધિકારીઓ છે. હોતા ઋગ્વેદનો, ઉદ્ગાતા યજુર્વેદનો, અધ્વર્યુ સામવેદનો અને બ્રહ્મા અથર્વવેદનો છે. આમાં હોતા આહુતિ આપે છે, ઉદ્ગાતા ક્રિયાઓ ઉપર દેખરેખ રાખે છે, અધ્વર્યુ દેવોનું આવાહન કરે છે અને બ્રહ્મા સર્વનો અધ્યક્ષ રહે છે. પાંચમો અગ્નીત્ કોઈ પણ વેદનો નથી. છતાં સામાન્ય રીતે ઋગ્વેદી હોય છે. તેનું કામ વેદિમાંના અગ્નિની સ્તુતિ કરવાનું છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને તેના જે સંવત્સરો તથા પરિવત્સરો (સૂર્યની ગતિ પ્રમાણેનાં વર્ષો) છે, તે અહર્ગણો (દિવસોનો સમૂહ) છે. આ તેનું જે સર્વવેદસ છે, તે સત્ર છે. અને તેનું જે મરણ છે, તે અવભૃથસ્નાન છે, અહીં 'સર્વવેદસ' એટલે જેમાં સર્વસ્વ દક્ષિણારૂપ છે તે. 'આ' શબ્દથી અહોરાત્રથી માંડીને પરિવત્સર સુધીના સર્વ કાળને સૂચવતું યોગીનું આયુષ્ય સમજાવ્યું છે. આમ 'જે આયુષ્ય છે, તે સર્વસ્વની દક્ષિણાવાળું સત્ર છે' એવો અહીં અર્થ છે.//

હવે સર્વયજ્ઞરૂપ યોગીને ઉપાસનારાને ક્રમમુક્તિરૂપ ફળ મળે છે. આ ફળ કાર્યબ્રહ્મ અને કારણબ્રહ્મરૂપ સૂર્યચંદ્રના એકત્વરૂપે છે. આ વાત ઉપલા અનુવાકના છેવટના ભાગમાં કહેવામાં આવી છે: 'આ જરામરણ છે, તે તો અગ્નિહોત્રરૂપ સત્ર જ છે—એમ જાણીને જે ઉદ્દગયન(ઉત્તરાયણ)માં અવસાન પામે છે તે દેવોના જ મહિમાને પામીને સૂર્યનું સાયુજ્ય પામે છે, તે વિદ્વાન (જ્ઞાની) જો દક્ષિણાયનમાં અવસાન પામે છે, તો તે પિતૃઓનો જ મહિમા પામીને ચંદ્રસાયુજ્ય એટલે ચંદ્રની સલોકતાને પામે છે. આ પ્રમાણે વિદ્વાન (જ્ઞાની) બ્રાહ્મણ સૂર્ય અને ચંદ્રના મહિમાઓને જીતે છે. તેથી તે બ્રહ્મના મહિમાને પામે છે.—આવું ઉપનિષદ છે.' જરામરણની અવધિ સુધીનું યોગીનું જે ચરિત છે. તે વેદોક્ત અગ્નિહોત્રાદિથી માંડીને સંવત્સરસત્ર સુધીનું કર્મસ્વરૂપ છે. આ પ્રમાણે જે ભાવનાની દૃઢતાથી ઉપાસે છે, તે સૂર્ય અને ચંદ્રનું સાયુજ્ય એટલે તાદાત્મ્ય પામે છે. પણ જો આ ભાવનાની મંદતા હોય, તો તે ઉપાસક સૂર્યચંદ્રની સલોકતા (સમાનલોકતા) પામે છે. તે લોકમાં તે સૂર્યચંદ્રની વિભૂતિને અનુભવે છે. પછી તેથી ઊંચે સત્યલોકમાં તે ચતુર્મુખ બ્રહ્માનો મહિમા પામે છે. ત્યાં તેને તત્ત્વ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ પછી તે સચ્ચિદાનંદસ્વરૂપ પરબ્રહ્મનો મહિમા પામે છે, એટલે કે તે કૈવલ્યને પામે છે. આવું ઉપનિષદ છે,' એ વચનથી આગળ કહેલી વિદ્યાનું પ્રતિપાદન કરનાર ગ્રંથનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

તો આમ જીવન્મુક્તિનું તપોરૂપ બીજું પ્રયોજન સિદ્ધ થયું.

3) હવે વિસંવાદ(વિવાદ)નો અભાવ એ જીવન્મુક્તિનું બીજું પ્રયોજન છે. અંતર્મુખ થયેલા અને બાહ્ય વ્યવહારને ન જોનારા યોગીશ્વરને વિશે લૌકિક કે સાંપ્રદાયિક કોઈ પણ જાતનો વિસંવાદ હોતો નથી. લૌકિક વિસંવાદ બે જાતનો છે: એક કલહ(કજિયા)રૂપ છે અને બીજો નિંદારૂપ છે. હવે યોગી તો કલહરહિત છે. તો લૌકિક મનુષ્ય તેની સાથે કેવી રીતે કજિયો કરે? યોગી કલહરહિત હોય છે, એ વાત સ્મૃતિમાં આ પ્રમાણે કહી છે: 'ક્રોધ કરનારાની સામે તેણે સામો ક્રોધ કરવો નહિ. કકલાણ કરી મૂકનારાને તેણે 'તારું કુશળ થાઓ.' એમ કહેવું અને ખૂબ બડબડ કર્યાની તેણે પરવા કરવી નહિ. તેણે કોઈનું પણ અપમાન કરવું નહિ.'

અહીં આવું પૂછવામાં આવે કે, 'વિદ્વત્સંન્યાસ જીવન્મુક્તિની પહેલાં છે, તેની પહેલાં તત્ત્વજ્ઞાન છે અને તેની પણ પહેલાં વિવિદિષાસંન્યાસ છે. તો એ વિવિદિષાસંન્યાસમાં જ ક્રોધરહિતતા વગેરે ધર્મો કહેવા જોઈએ, તેને બદલે અહીં જીવન્મુક્તિમાં તે કેમ કહ્યા છે? તો આ પૂછ્યું બરાબર છે. આથી જ તો જીવન્મુક્તને વિષે ક્રોધ વગેરેની શંકા કરવી એ પણ અશક્ય છે. જો સર્વથી પહેલાં એવા વિવિદિષાસંન્યાસમાં ક્રોધ વગેરે હોતા નથી, તો ઉત્તમ એવા તત્ત્વજ્ઞાનના પદમાં તો તે ક્યાંથી જ હોય? વિદ્વત્સંન્યાસમાં એથીય તે ઓછા હોય અને જીવન્મુક્તિમાં તો એમનો ઓળો સરખો પણ ન જ હોય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આથી લૌકિક મનુષ્યને યોગીની સાથે કલહ સંભવતો જ નથી. એ યોગીની સાથે નિંદારૂપ વિસંવાદની પણ શંકા ન રાખવી જોઈએ; કારણ કે એના નિંદ્યત્વનો નિશ્ચય નથી. સ્મૃતિ કહે છે: 'જેને કોઈ સંત તરીકે કે અસંત તરીકે જાણતું નથી, જેને કોઈ અજ્ઞાની તરીકે કે બહુજ્ઞાની તરીકે જાણતું નથી અને જેને કોઈ સદાચારી તરીકે કે દુરાચારી તરીકે જાણતું નથી, તે જ યતિ છે.' સંત અને અસંત એટલે ઉત્તમ કે અધમ જાતિ.

સાંપ્રદાયિક મનુષ્ય પણ શું શાસ્ત્રના પ્રમેય(પ્રતિપાદ્ય)ને વિશે વિવાદ કરે કે યોગીના ચરિતને વિશે વિવાદ કરે? તે શાસ્ત્રના પ્રમેય વિશે તો વિવાદ કરતો નથી; કારણ કે યોગી અન્યના શાસ્ત્રના પ્રમેયને દૂષણ આપતો નથી. વળી શ્રુતિઓની આવી આજ્ઞા છે: 'તે એક આત્માને જ જાણ—બીજી વાત પડતી મૂક. ઘણાઘણા શબ્દોનું ધ્યાન ન ધરીશ—એ તો વાણીનો વ્યર્થ શ્રમ છે.' અને વળી તે તો પોતાના શાસ્ત્રના પ્રમેયનું પણ પ્રતિવાદીની આગળ સમર્થન કરતો નથી. તે તો આ શ્રુતિના અર્થમાં જ પરાયણ હોય છે: 'ધાન્યની ઇચ્છાવાળો જેમ ફૂસકાને ત્યજી દે છે, તેમ ગ્રંથને અશેષે ત્યજી દેવો. આમ પરબ્રહ્મને જાણ્યા પછી એ ગ્રંથોને ઊંબાડિયાંની જેમ ત્યજી જ દેવા.' હવે યોગી પ્રતિવાદીને પણ પોતાના આત્મારૂપ જુએ છે, તો પછી તેના ઉપર વિજય મેળવવાની ઇચ્છાની તો વાત જ ક્યાંથી હોય? એક લોકાયતિક (ચાર્વાક) વિના સર્વ કોઈ સાંપ્રદાયિકો મોક્ષનો અંગીકાર કરે છે, તેથી તેઓ યોગીના ચરિતને વિશે પણ વિવાદ કરે એમ નથી; કેમ કે આર્હત (જૈન), બૌદ્ધ, વૈશેષિક, નૈયાયિક, શૈવ, વૈષ્ણવ, શાક્ત, સાંખ્ય અને યોગ વગેરે મોક્ષશાસ્ત્રોમાં પ્રતિપાદ્ય પ્રમેયનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભેદ છે, છતાં મોક્ષના સાધનરૂપ યમ, નિયમ વગેરે આઠ અંગવાળા યોગના સંબંધમાં તેમનામાં અભેદ છે. આમ યોગીને કોઈની સાથે વિસંવાદ નથી, તેથી તે યોગીશ્વર સર્વને સંમત છે. આ જ અભિપ્રાયથી વસિષ્ઠે કહ્યું છે : 'હે મહામતિમાન! જેમ મોતીઓ ઉત્તમ વાંસમાં પ્રવેશે તેમ જેનો આ જન્મ છેલ્લો છે, તેને વિષે નિર્મળ વિદ્યાઓ એકદમ પ્રવેશ પામે છે. જેમ સ્ત્રીઓ અંતઃપુરને આશ્રયે રહે છે તેમ આર્યતા, મનોહરતા, મૈત્રી, સૌમ્યતા, મુક્તતા અને જ્ઞાનીપણું એ સઘળાં નિત્ય તેને આશ્રયે રહે છે. જેમ વનના મૃગો વનમાં મધુરા સુરવાળી વાંસળીને ઇચ્છે છે, તેમ સર્વ મનુષ્યો સુંદર આચારવાળા તે મધુર યોગીને ઇચ્છે છે. જાણે સુષુપ્તિમાં હોય તેમ ભાવવૃત્તિ શમી ગયા છતાં જે ચિત્તથી સદા જાગ્રત રહ્યો છે અને પંડિતો જેને કલાયુક્ત ચંદ્રની જેમ સેવે છે, તે જ આ સંસારમાં મુક્ત કહેવાય છે.' 'જેમ માતામાં તેમ અહીં શમથી શોભતા પુરુષમાં સર્વ મૃદુ અને ક્રૂર પ્રાણીઓ શાંતિ પામે છે તથા વિશ્વાસ કરે છે. તપસ્વીઓમાં, બહુ જ્ઞાનીઓમાં, યાજકોમાં, રાજાઓમાં, બળવાનોમાં અને ગુણસમૃદ્ધોમાં શમવાન (શાંતિવાળો) જ સૌથી વધુ શોભે છે.'

તો આમ જીવન્મુક્તિનું વિસંવાદના અભાવરૂપે ત્રીજું પ્રયોજન બાધ વિના સિદ્ધ થયું.

દુઃખનો નાશ અને સુખનો આવિર્ભાવ એ અનુક્રમે જીવન્મુક્તિનું ચોથું અને પાંચમું પ્રયોજન છે. આ બન્ને વિશે પંચદશીના બ્રહ્માનંદ વિશેના વિદ્યાનંદ નામના ચોથા અધ્યાયમાં નિરૂપણ કર્યું છે. અહીં એ બન્નેને સંક્ષેપથી કહેવામાં આવે છે. શ્રુતિ કહે છે : 'જો આત્માને વિશે જાણવામાં આવે કે આ પુરુષ (આત્મા) હું જ છું, તો પછી તે શાની ઇચ્છા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરે અને શી કામનાને માટે શરીરની પાછળ સંતાપ કરે?' આ શ્રુતિથી આ લોકના દુઃખનો વિનાશ કહ્યો છે. હવે નીચેની શ્રુતિથી પરલોકના હેતુ એવા પુણ્યપાપની ચિંતારૂપી દુઃખનો નાશ કહે છે: 'તે વિદ્વાન (જ્ઞાની) મેં કેમ શુભ કામ ન કર્યું? મેં કેમ પાપ કર્યું? એવો સંતાપ કરતો જ નથી.' સુખનો આવિર્ભાવ ત્રણ પ્રકારનો છે: એક સર્વ કામોની પ્રાપ્તિ છે, બીજો કૃતકૃત્યતા છે અને ત્રીજો પામવા યોગ્યને પામ્યાપણું છે. આમાં સર્વનું સાક્ષીપણું, સર્વત્ર કામના વડે ન હણાવાપણું અને સર્વનુ ભોક્તાપણું એમ સર્વ કામોની પ્રાપ્તિ ત્રણ પ્રકારની છે. હિરણ્યગર્ભથી માંડીને સર્વ સ્થાવર દેહોને વિશે જે સાક્ષીચૈતન્યરૂપ બ્રહ્મ છે, તે જ હું છું એમ જાણનારને પોતાના દેહમાં તેમ જ પારકાના દેહમાં પણ સર્વ કામ(ભોગ)નું સાક્ષીપણું છે. આ જ અભિપ્રાયથી શ્રુતિ કહે છે: 'સર્વજ્ઞ બ્રહ્મની સાથે તે સર્વ કામોને ભોગવે છે.' દુનિયામાં ભોગવેલા ભોગોને વિશે કામના હણાઈ જવી તે કામની પ્રાપ્તિ કહેવાય છે. આમ સર્વ ભોગોમાં દોષો જોનારા તત્ત્વવેત્તાને કશે પણ કામથી હણાવાપણું જ નથી, તેથી તેને સર્વ કામોની પ્રાપ્તિ જ છે. આથી જ ચક્રવર્તી રાજેન્દ્રથી માંડીને હિરણ્યગર્ભ સુધી ઉત્તરોત્તર સોસોગણા આનંદોના સંબંધમાં 'કામનાથી ન હણાયેલા શ્રોત્રિયને' એની શ્રુતિ છે. (એટલે કે કામનાથી ન હણાયેલા શ્રોત્રિયને સર્વ આનંદ પ્રાપ્ત જ છે.) સત્‌રૂપે, ચિત્‌રૂપે અને આનંદરૂપે સર્વત્ર રહેલા પોતાના આત્માનું અનુસંધાન રાખનારને સર્વથી ભોક્તાપણું છે. આ અભિપ્રાયથી શ્રુતિ કહે છે: 'હું અન્ન છું, હું અન્ન છું, હું અન્ન છું. હું અન્નાદ (અન્ન ખાનારો) છું, હું અન્નાદ છું, હું અન્નાદ છું.' કૃતકૃત્યતા વિશે સ્મૃતિમાં આમ કહ્યું છે: 'જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃતકૃત્ય યોગીને કશું જ કર્તવ્ય નથી. જો તેને કંઈ કર્તવ્ય હોય તો તે તત્ત્ववેત્તા નથી. જેને આત્માને વિશે જ પ્રીતિ છે, જે આત્માને વિશે જ તૃપ્ત છે અને જે આત્માને વિશે જ સંતુષ્ટ છે, તેને કર્તવ્ય છે જ નહિ.' પ્રાપ્તપ્રાપ્તવ્યતા (પામવા યોગ્યને પામ્યાપણું) વિશે પણ આ શ્રુતિ છે : 'હે જનક! તું અભયને પામ્યો છે.' તેથી તે સર્વરૂપ થયું. 'જે બ્રહ્મને જાણે છે, તે બ્રહ્મરૂપ જ થાય છે.'

અહીં કહેવામાં આવશે કે દુઃખનો વિનાશ અને સુખનો આવિર્ભાવ એ બંને તત્ત્વજ્ઞાનથી જ સિદ્ધ થાય છે; તેથી તેઓ જીવન્મુક્તિનાં પ્રયોજન હોઈ શકતાં નથી પણ આ કહેવું બરાબર નથી; કારણ કે અહીં તો તે બંને સુરક્ષિત રહે છે, એવો અભિપ્રાય છે. જેમ આગળથી જ ઉત્પન્ન થયેલું તત્ત્વજ્ઞાન પણ જીવન્મુક્તિમાં સુરક્ષિત થાય છે, તેમ આ બંને પણ તેમાં સુરક્ષિત રહે છે.

અહીં આમ શંકા થાય કે, જો જીવન્મુક્તિનાં પાંચ પ્રયોજન છે, તો સમાધિનિષ્ઠ યોગીશ્વર, લોકવ્યવહાર કરનારા તત્ત્વજ્ઞાની કરતાં શ્રેષ્ઠ છે એમ કહેવું જોઈએ. પણ રામ અને વસિષ્ઠના નીચેના પ્રશ્નોત્તરમાં તો આ શ્રેષ્ઠતાનું ખંડન કરવામાં આવ્યું છે. શ્રીરામ બોલ્યા : 'હે ભગવન્! હે ભૂત અને ભાવિના સ્વામી! કોઈક જ્ઞાની તો વ્યવહારપરાયણ હોવા છતાં સમાધિનિષ્ઠની જેમ વિશ્રાંતિને પામ્યા હોય છે, તો કોઈક એકાંતમાં રહીને સમાધિના નિયમમાં બેઠો હોય છે. હે ભગવન્! આ બેમાં શ્રેષ્ઠ કોણ છે, તે તમે મને કહો.'

શ્રી વસિષ્ઠ બોલ્યા : 'આ ગુણસમૂહને અનાત્મરૂપે જોનારાને અંતરમાં જે શીતલતા છે, તેને સમાધિ કહેવામાં આવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. દૃશ્યોની સાથે મારે સંબંધ જ નથી, એવો નિશ્ચય કરીને શીતળ થયેલો કોઈ પુરુષ વ્યવહારમાં રહે છે અને કોઈ ધ્યાન-પરાયણ રહે છે. હે રામ! એ બન્ને જો અંતઃકરણમાં પૂરી શીતળતાને પામ્યા હોય છે, તો તેઓ સમાન જ છે. અંતઃ-કરણની જે શીતળતા છે, તે અનંત તપનું ફળ છે.'

પણ આ શંકા યોગ્ય નથી. અહીં તો વસિષ્ઠે એટલું જ સૂચવ્યું છે કે, અંતરની શીતળતા એ વાસનાના ક્ષયરૂપે છે, તેથી તે શીતળતાને અવશ્ય મેળવવી જોઈએ. આથી કંઈ વાસનાક્ષય પછી થતા મનોનાશની શ્રેષ્ઠતાને બાધ થતો નથી. શીતળતા એટલે તૃષ્ણાનું પ્રશમન (શાંતિ) એવી સમજૂતી વસિષ્ઠે પોતે જ સ્પષ્ટ રીતે આપી છે: 'અંતરમાં શીતળતા સાંપડે છે, ત્યારે જગત શીતળ થાય છે. પણ જેઓ અંતરમાં તૃષ્ણાથી ધગી રહ્યા છે, તેમને માટે તો આ જગત વનના દાવાનળ જેવું છે.'

અહીં કહેવામાં આવશે કે વસિષ્ઠનાં આ વચનોમાં તો સમાધિની નિંદા છે અને વ્યવહારની પ્રશંસા પણ મળી આવે છે: 'સમાધિની અવસ્થામાં રહેલા પુરુષનું ચિત્ત જો વૃત્તિથી ચંચળ હોય, તો તેની સમાધિ ઉન્મત્ત(ગાંડા)ના તાંડવ (નૃત્ય) જેવી છે. પણ ઉન્મત્તના તાંડવમાં રહેલા પુરુષનું ચિત્ત જો ક્ષીણ વાસનાવાળું હોય, તો તેનું ઉન્મત્ત તાંડવ સુદ્ધાં બ્રહ્મ-સમાધિ સમાન છે.' પણ આ કહેવું યોગ્ય નથી. અહીં તો સમાધિની શ્રેષ્ઠતા સ્વીકારીને વાસનાની જ નિંદા કરી છે. ઉપલાં વચનોની સમજૂતી તો આ છે: સમાધિ વ્યવહાર કરતાં શ્રેષ્ઠ તો છે જ, પણ જો એ સમાધિ વાસનાયુક્ત હોય, તો વાસનારહિત વ્યવહાર કરતાં પણ તે અધમ છે. હવે જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમાધિસ્થ અને વ્યવહાર કરનાર એ બંનેય અતત્ત્વજ્ઞ (તત્ત્વના અજ્ઞાની) તથા વાસનાયુક્ત હોય તો સમાધિની શ્રેષ્ઠતા છે; કારણ કે સમાધિ ઉત્તમ લોકની પ્રાપ્તિના હેતુરૂપ છે અને પુણ્યરૂપ છે. પણ જો સમાધિસ્થ અને વ્યવહાર કરનાર એ બંને જ્ઞાનનિષ્ઠ તથા વાસનારહિત હોય, તોપણ વાસનાક્ષયરૂપ જીવન્મુક્તિનું રક્ષણ કરનારી એવી આ મનોનાશરૂપ સમાધિ જ શ્રેષ્ઠ છે; આથી યોગીશ્વર શ્રેષ્ઠ છે; એટલે પાંચ પ્રયોજનવાળી જીવન્મુક્તિને પણ વિઘ્ન નથી, એમ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે જીવન્મુક્તિવિવેકના પ્રકરણમાં સ્વરૂપ, પ્રમાણ, સાધન અને પ્રયોજનોથી જીવન્મુક્તિનું નિરૂપણ થયું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ माँ ॥

૭ : વિદ્વત્સંન્યાસ

આગળ સ્વરૂપ, પ્રમાણ, સાધન અને પ્રયોજનોથી જીવન્મુક્તિનું નિરૂપણ થયું છે. હવે અમે જીવન્મુક્તિને ઉપકારક એવા વિદ્વત્સંન્યાસનું નિરૂપણ કરીશું. 'પરમહંસ ઉપનિષદ'માં વિદ્વત્સંન્યાસનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ ઉપનિષદને ઉતારીને અમે વ્યાખ્યાન કરીશું. તેમાં પ્રથમ વિદ્વત્સંન્યાસને યોગ્ય એવો પ્રશ્ન ઉતારવામાં આવ્યો છે: 'નારદે ભગવાન બ્રહ્માની પાસે જઈ પૂછ્યું: 'પછી પરમહંસ યોગીઓનો એ માર્ગ કયો છે? એ યોગીઓની સ્થિતિ શી છે?' અહીં પછી (અથ) શબ્દ છે, તેથી પછીની પહેલાંનો કોઈ શબ્દ અપેક્ષિત છે, પણ તે અહીં જણાતો નથી. આમ છતાં અહીં પૂછવાનો વિષય વિદ્વત્સંન્યાસ છે. જેણે તત્ત્વને જાણ્યું છે અને જે લોકવ્યવહારથી વિક્ષેપ પામતાં મનની વિશ્રાંતિની કામના રાખે છે, તે આ વિદ્વત્સંન્યાસમાં અધિકારી છે. એટલે આવી અધિકારસંપત્તિની પછી—એમ 'પછી' શબ્દનો અર્થ છે. કેવળ યોગીનું અને કેવળ પરમહંસનું વારણ કરવા માટે અહીં પરમહંસ યોગી એમ બે પદ એકસાથે કહ્યાં છે. કેવળ યોગીમાં તત્ત્વજ્ઞાનનો અભાવ હોય છે, તેથી તે ત્રિકાળજ્ઞાન તથા આકાશગમન વગેરે યોગૈશ્વર્યના ચમત્કારભર્યા વ્યવહારોમાં આસક્ત થાય છે. તે ખાસ ખાસ સંયમોથી (ધારણા, ધ્યાન વગેરેથી) તે વ્યવહારોમાં લાગી રહે છે. આમ તે પરમપુરુષાર્થથી ભ્રષ્ટ થાય છે. આ સંબંધમાં આની પહેલાં આ સૂત્ર આપેલું જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે: 'સમાધિમાં તેઓ બાધારૂપ છે અને વ્યુત્થાનમાં તેઓ સિદ્ધિઓ છે.' પણ કેવળ પરમહંસ તો તત્ત્વના વિવેક વડે એ (સિદ્ધિરૂપ) ઐશ્વર્યોની અસારતાને જાણે છે અને તેથી વિરક્ત રહે છે. આ વાત પણ આની પહેલાં કહી જ છે: 'ચિદાત્માની આ શક્તિઓ જ આ રીતે સ્ફુરી રહે છે, એમ જાણીને તેને આશ્ચર્યોની જાળોને વિશે કુતૂહલ ઊપડી આવતું નથી.' એ કેવલપરમહંસ વિરક્ત છે, છતાં તે બ્રહ્મવિદ્યાને જોરે વિધિ–નિષેધોનું ઉલ્લંઘન કરે છે. તે વિશે કહ્યું: 'ત્રણ ગુણથી રહિત એવા પંથે વિચરનારાને વિધિ શો અને નિષેધ શો?' શ્રદ્ધાળુ, શિષ્ટો તેને પણ આ પ્રમાણે નિંદે છે: 'હે મૈત્રેય! જ્યારે કલિયુગ બેસશે, ત્યારે બધા જ લોકો બ્રહ્મની વાતો કરશે. છતાં તેઓ ત્યારે માત્ર જનનેંદ્રિય અને પેટ પૂરણમાં જ પરાયણ રહેશે અને કશી શુભ ક્રિયા કરશે નહિ.'

પણ પરમહંસ યોગીમાં આ બેમાંનો એકે દોષ નથી. તેની બીજી વિશેષતા પણ નીચેના પ્રશ્નોત્તરથી બતાવવામાં આવી છે. શ્રીરામ બોલ્યા: 'આમ છે, તોપણ હે ભગવાન! સન્મતિવાળા જીવન્મુક્તમાં કોઈ અપૂર્વ અતિશયતા હોય છે. તો હે શ્રેષ્ઠ આત્મજ્ઞાની! તે શી છે?'

વસિષ્ઠ બોલ્યા: 'હે રામ! જ્ઞાનવાન પુરુષની એ બુદ્ધિ કોઈ પણ શ્રેષ્ઠ વસ્તુમાં મોહ પામતી નથી. તે તો નિત્યતૃપ્ત હોય છે, પ્રશાંત મનવાળો હોય છે અને આત્મામાં જ રહેલો હોય છે. મંત્રસિદ્ધા, તપઃસિદ્ધા અને તંત્રસિદ્ધા આકાશગમન આદિ અનેક સિદ્ધિઓ મેળવે છે; પણ તેમાં અપૂર્વતા શી છે? જ્ઞાનીમાં એક જ વિશેષતા છે. તે એ કે તે મૂઢ બુદ્ધિવાળાઓ જેવો નથી. તેણે સર્વત્ર આસ્થાનો પરિત્યાગ કર્યો છે, તેથી તેનું મન રાગરહિત અને નિર્મળ છે. સંસાર વિશેનો ચિર-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાલનો ભ્રમ દૂર થવાથી શાંત થયેલા અને ચિહ્નરહિત સ્વરૂપવાળા તે જ્ઞાનીનું આ આટલું જ ચિહ્ન છે:—કામ, ક્રોધ, વિષાદ, મોહ, લોભ તથા આપત્તિ વગેરેની તેનામાં રોજ-રોજ અત્યંત ક્ષીણતા થાય છે.'

હવે આવી વિશેષતાવાળા અને બંને પ્રકારના દોષોથી રહિત એવા તે યોગીના માર્ગ વિષે તથા તેની સ્થિતિ વિષે પૂછવામાં આવે છે. વેશ, ભાષા વગેરે રૂપનો વ્યવહાર તે જ માર્ગ છે અને ચિત્તના ઉપશમ (શાંતિ)રૂપ આંતર ધર્મ તે સ્થિતિ છે. ભગવાન ચતુર્મુખ બ્રહ્મા આગળ પૂછેલા પ્રશ્નનો 'તેમને (નારદને) ભગવાન બ્રહ્માએ કહ્યું' એ વાક્યથી ઉત્તર આપે છે. હવે પછી જે માર્ગ કહેવામાં આવશે, તેમાં ખાસ શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે તે માર્ગની પ્રશંસા કરે છે: 'તે આ પરમ-હંસનો માર્ગ લોકમાં અત્યંત દુર્લભ છે, તે કાંઈ ઊભરાતો નથી.' 'તે' એટલે જેને વિશે પૂછવામાં આવ્યું છે, તે સમજવું. 'આ' એટલે હવે પછીના ભાગમાં જે કહેવાશે, જે આચ્છાદન આદિ પોતાના શરીરના ઉપભોગથી તેમ જ લોકોપકારથી નિરપેક્ષ છે તે મુખ્ય માર્ગ સમજવો. આ જાતનો વૈરાગ્ય પરાકાષ્ઠાને પામેલો હોય છે અને તે પૂર્વે જોવામાં આવ્યો હોતો નથી, તેથી તે માર્ગ અત્યંત દુર્લભ છે. પણ આથી તેનો અત્યંત અભાવ હશે એવી શંકા ન કરવી. આ અભિપ્રાયથી એની બહુલતા(વધારેપણા)નો નિષેધ કર્યો છે. 'તે કાંઈ ઊભરાતો નથી.' મૂળમાં 'બાહુલ્ય' શબ્દને નાન્યતર જાતિને બદલે નરજાતિનો ગણ્યો છે, તે તો વૈદિક પ્રયોગ છે.

હવે જો આ માર્ગ સાચે જ અત્યંત દુર્લભ છે, તો તેને માટે પ્રયાસ જ ન કરવો જોઈએ. અને એથી તે માર્ગનું કાંઈ પ્રયોજન જ નથી. આવી શંકાનો ઉત્તર આપતાં કહે છે: 'જો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એવો એક પણ હોય તો તે નિત્ય પૂતસ્થ છે અને તે જ વેદપુરુષ છે, એમ વિદ્વાન માને છે.' 'હજારો મનુષ્યોમાંથી કોઈક જ સિદ્ધિને માટે પ્રયત્ન કરે છે અને એવા યત્ન કરનારા સિદ્ધોમાં પણ કોઈક જ મને તત્ત્વપૂર્વક જાણે છે.' આ ન્યાયે જો કોઈ પણ સ્થાને અને કોઈ પણ સમયે જો કોઈ યોગી પરમહંસ મળી આવે તો તે જ નિત્યપૂતસ્થ છે. નિત્યપૂત (સદા પવિત્ર) એટલે પરમાત્મા; કેમકે શ્રુતિ કહે છે: 'એ આત્મા નિષ્પાપ છે.' ઉપર 'જો એક પણ' વગેરેમાં જે 'પણ' શબ્દ છે, તેથી કેવલયોગી અને કેવલપરમહંસનો નિષેધ કર્યો છે. કેવલ યોગી નિત્યપૂત(પરમાત્મા)ને જાણતો નથી. કેવલપરમહંસ તેને જાણે છે, છતાં ચિત્તમાં વિશ્રાંતિ ન થયેલી હોવાથી તે બહિર્મુખ હોય છે. આથી તે બ્રહ્મને વિષે સ્થિત રહેલો નથી. વેદે પ્રતિપાદન કરવા યોગ્ય પુરુષ તે વેદપુરુષ છે. વિદ્વાન એટલે બ્રહ્મના સાક્ષાત્કારનું તથા ચિત્તની વિશ્રાંતિનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં પારંગત થયેલો યોગી. પરમહંસ યોગીના બ્રહ્મનિષ્ઠપણાને સર્વ જનો માને છે. આગળ કહેલા વિદ્વાનો તો તેને પણ નહિ સાંખતાં માત્ર બ્રહ્મરૂપતાને જ માને છે. વળી સ્મૃતિમાં કહ્યું છે: 'બ્રહ્મન્! જે દર્શન અને અદર્શનને ત્યજીને પોતે કેવળ પોતાના સ્વરૂપમાં જ રહે છે, તે તો પોતે બ્રહ્મ જ છે, બ્રહ્મવેત્તા નથી.' આમ પ્રયોજનના અભાવની શંકા કરવી પણ શક્ય નથી. હવે નિત્યપૂતમાં રહેવું અને વેદપુરુષમાં એ બંનેને વાણીથી સ્પષ્ટ કરીને 'તે યોગીઓની શી સ્થિતિ છે?' એ પ્રશ્નનો ઉત્તર સૂત્રમાં આપે છે: 'તે મહાપુરુષ (યોગી) પોતાનું જે ચિત્ત છે, તેને સદા મારામાં જ સ્થાપે છે, તેથી હું પણ તેને વિષે જ રહ્યો છું.' વૈદિક જ્ઞાન અને કર્મના અધિકારી પુરુષોમાં યોગી પરમહંસ અત્યંત ઉત્તમ છે, તેથી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેને મહાપુરુષ કહ્યો છે. તે મહાપુરુષ પોતાનું જે ચિત્ત છે, તેને સદા મારામાં જ સ્થાપે છે; કારણ કે સંસારમાં જતી તેની ચિત્તવૃત્તિઓનો તેણે અભ્યાસ અને વૈરાગ્યથી નિરોધ કર્યો છે. અહીં ભગવાન પ્રજાપતિ (બ્રહ્મા) શાસ્ત્રસિદ્ધ પરમાત્માને પોતાના અનુભવથી વર્ણવતાં 'મારામાં' એમ કહે છે. આમ યોગી મારામાં જ ચિત્તને સ્થાપે છે, તેથી પરમાત્મસ્વરૂપથી હું પણ તે જ યોગીમાં પ્રકટ રહ્યો છું. હું બીજા અજ્ઞાનીઓમાં પ્રકટ રહ્યો નથી, કેમ કે તેઓ અવિદ્યાથી ઢંકાયેલા છે. તત્ત્વવેત્તા છતાં જેઓ યોગી નથી, તેમને વિષે પણ મારો આવિર્ભાવ (પ્રકટપણું) નથી; કેમ કે તેમનામાં બાહ્ય ચિત્તવૃત્તિઓનાં આવરણ હોવાથી મારું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. હવે 'એ માર્ગ કયો છે?' એ પ્રશ્નનો ઉત્તરમાં માર્ગ બતાવે છે: 'તે (યોગી પરમહંસ) પોતાના પુત્ર, મિત્ર, પત્ની, બંધુઓ વગેરેને, શિખાને, યજ્ઞોપવીતને, સ્વાધ્યાયને અને સર્વ કર્મોને ત્યજી દે છે અને આ બ્રહ્માંડને પણ ત્યજી દે છે અને પોતાના શરીરના ઉપભોગને માટે તેમ જ લોકોપકારને અર્થે જ તે કૌપીન, દંડ અને આચ્છાદન(વસ્ત્ર)ને ગ્રહણ કરે છે.'

કોઈ ગૃહસ્થ પૂર્વજન્મના સંચિત પુણ્યસમૂહનો પરિપાક થતાં, માતપિતા તથા જાતિ વગેરેના નિમિત્તને લીધે વિવિદિષા–સંન્યાસરૂપ પરમહંસ આશ્રમને સ્વીકારતો નથી અને સીધો શ્રવણ, મનન વગેરે સાધનોનું અનુષ્ઠાન કરીને તત્ત્વને રૂડી રીતે પામે છે. પછી હજારો વૈદિક ને લૌકિક વ્યવહારો આવી પડ્યાથી તે ગૃહસ્થનું ચિત્ત વિક્ષેપ પામે છે. એટલે તે ચિત્તવિશ્રાંતિને માટે વિદ્વત્સંન્યાસને ધારણ કરવા ઇચ્છે છે. આવા ગૃહસ્થને માટે પોતાનાં પુત્ર, મિત્ર વગેરેના ત્યાગનો ઉપદેશ કરવામાં આવ્યો છે; કારણ કે જેણે આગળથી વિવિ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

દિષા સંન્યાસ લીધો છે, તેમ જ તત્ત્વને જાણ્યું છે અને પછી જે વિદ્વત્સંન્યાસી ઇચ્છા રાખે છે તેને માટે પુત્ર તથા પત્ની વગેરેનો પ્રસંગ જ હોતો નથી. અહીં શંકા થશે કે આ વિદ્વત્સંન્યાસ શું બીજા સંન્યાસની જેમ પ્રૈષમંત્રના ઉચ્ચારણ આદિ વિધિથી કહેલા પ્રકારે સંપાદન કરવો ? કે પછી જીર્ણ વસ્ત્ર કે ઉપદ્રવવાળા ગામ વગેરેના ત્યાગની જેમ શું તે લૌકિક ત્યાગરૂપ જ છે ? પહેલી વાત તો નથી; કારણ કે તત્ત્વવેત્તા કર્તાપણાથી રહિત છે, તેથી તેને વિધિનિષેધ લાગતા નથી. આથી સ્મૃતિ કહે છે : 'જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલા કૃતકૃત્ય યોગીને કશું જ કર્તવ્ય નથી. તેને જો કંઈ કર્તવ્ય હોય, તો તે તત્ત્વવેત્તા નથી.' હવે બીજી વાત પણ નથી; કારણ કે કૌપીન તથા દંડ આદિ આશ્રમચિહ્નોનું વિધાન સાંભળવામાં આવ્યું છે, પરંતુ આ શંકા વાસ્તવિક નથી; કારણ કે, પ્રતિપત્તિ કર્મની જેમ આ વિદ્વત્સંન્યાસ પણ લૌકિક અને વૈદિક એમ બન્ને રૂપ છે. દાખલા તરીકે જ્યોતિષ્ટોમ યજ્ઞની જેણે દીક્ષા લીધી હોય, તેને દીક્ષાના અંગભૂત નિયમોનું અનુષ્ઠાન કરતી વેળાએ હાથથી ખંજવાળવાનો નિષેધ કરવામાં આવ્યો છે અને કાળિયારના શિંગડાંથી ખંજવાળવાનું વિધાન કરાયું છે; કારણ કે, કહ્યું છે : 'જે હાથથી ખંજવાળે છે, તેની પ્રજા ખસ રોગવાળી થાય છે. જે હાથથી ખંજવાળવાનું સ્મરણ કરે છે, તેની પ્રજા લાજવિહોણી થાય છે. આથી કાળિયારના શિંગડાંથી ખંજવાળવું.' હવે નિયમ પૂરો થાય એટલે કાળિયારનાં શિંગડાંનું કંઈ જ પ્રયોજન નથી તેમ જ તેને રાખી મૂકવું એ પણ શક્ય નથી. આથી એનો ત્યાગ આપોઆપ પ્રાપ્ત થાય છે. એ ત્યાગના પ્રકાર વિષે વેદનું આવું વિધાન છે : 'દક્ષિણા અપાઈ જાય, એટલે કાળિયારના શિંગડાંને ચાત્વાલ(જ્યોતિષ્ટોમ યજ્ઞમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરવામાં આવતો એક ખાસ ખાડો)માં પધરાવી દેવું.' આમ આ પ્રતિપત્તિકર્મ લૌકિક તથા વૈદિક એમ બન્ને રૂપ છે. આ જ પ્રમાણે વિદ્વત્સંન્યાસ પણ બંને રૂપનો છે. વળી તત્ત્વવેત્તાને વિષે કર્તાપણાનો અત્યંત અભાવ છે, એવી શંકા કરવી નહિ. કારણ એ છે કે ચિદાત્મામાં (ચૈતન્યસ્વરૂપ આત્મામાં) આરોપવામાં આવેલા કર્તાપણાને જ્ઞાન વડે દૂર કરવામાં આવ્યું છે, છતાં ચિદાભાસવાળી અંતઃકરણરૂપી ઉપાધિ હજારો વિકારોથી યુક્ત છે અને તેમાં સ્વતઃસિદ્ધ કર્તાપણું રહેલું છે. એટલે જ્યાં સુધી દ્રવ્યભાવિતા (અંતઃકરણ) છે, ત્યાં સુધી તત્ત્વવેત્તાનું કર્તાપણું ટળ્યું જ નથી. આથી 'જ્ઞાનામૃતથી વગેરે' સ્મૃતિવચન સાથે કશો વિરોધ આવતો નથી. તેને જ્ઞાન થયું છે, છતાં ચિત્તવિશ્રાંતિ થઈ નથી. આથી તેને તૃપ્તિ સાંપડી નથી. આ કારણે તેને હજી ચિત્તવિશ્રાંતિ મેળવવા રૂપનું કર્તવ્ય બાકી છે. આથી તે હજુ કૃતકૃત્ય થયો નથી.

હવે અહીં કહેવામાં આવશે કે જો તત્ત્વવેત્તાને માટે પણ વિધિનો અંગીકાર કરીએ, તો તેથી થયેલા અપૂર્વથી (નવા કર્મસંસ્કારથી) તેને બીજા દેહનો આરંભ થાય; પણ આમ કહેવું બરાબર નથી; કારણ કે ચિત્તની વિશ્રાંતિના પ્રતિબંધનું નિવારણ કરવું, એ તે અપૂર્વનું પ્રત્યક્ષ ફળ હોઈ શકે છે. આથી અદૃષ્ટ ફળની કલ્પના કરવી એ ન્યાયસંમત નથી. જો જોમ ન હોય, તો શ્રવણ વગેરે વિધિઓમાં પણ બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિનું નિવારણ કરવારૂપ જે પ્રત્યક્ષ ફળ છે, તેની ઉપેક્ષા કરીને તે શ્રવણ વગેરે અન્ય જન્મના કારણરૂપ છે એવી કલ્પના કરવી પડે. આમ તત્ત્વવેત્તાને માટે વિધિનો અંગીકાર માનવામાં કંઈ પણ દોષ નથી. આથી કરીને વિવિદિષુ(જ્ઞાનની ઇચ્છાવાળા)ની જેમ વિદ્વાન (જ્ઞાની) ગૃહસ્થ પણ નાંદીમુખ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રાદ્ધ, ઉપવાસ અને જાગરણ વગેરે વિધિઓને અનુસરીને પણ સંન્યાસ લઈ શકે છે. અહીં શ્રાદ્ધ વગેરેનો ઉપદેશ આપવામાં આવ્યો નથી, છતાં આ વિદ્વત્સંન્યાસ વિવિદિષા સંન્યાસની વિકૃતિ (ફેરફાર વિકાર) છે, એટલે 'પ્રકૃતિ પ્રમાણે વિકૃતિ કરવી' એ ન્યાયે વિવિદિષા સંન્યાસના સર્વ ધર્મો વિદ્વત્સંન્યાસમાં પણ પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે અતિરાત્ર આદિ યજ્ઞો અગ્નિષ્ટોમયજ્ઞની વિકૃતિ છે. તેથી તેમને વિષે અગ્નિષ્ટોમયજ્ઞના સર્વ ધર્મો આવી મળે છે. આથી જેમ બીજા સંન્યાસોમાં તેમ આ સંન્યાસમાં પણ પ્રૈષમંત્રના ઉચ્ચારણપૂર્વક પુત્ર તથા મિત્ર વગેરેનો ત્યાગ કરવો. 'બંધુઓ વગેરેને' એમ જે કહ્યું છે, તેમાં 'વગેરે' શબ્દથી નોકર, પશુ, ગૃહ, ક્ષેત્ર વગેરે લૌકિક પરિગ્રહોનો ત્યાગ સમજવો. 'સ્વાધ્યાય અને' એમ જે કહ્યું છે, તેમાં 'અને' શબ્દથી એ સ્વાધ્યાયના અર્થનિર્ણયમાં ઉપયોગી એવાં પદ, વાક્ય તથા પ્રમાણશાસ્ત્રોનો અને વેદને વિસ્તારનારાં પુરાણો તથા ઇતિહાસોનો સમાવેશ કર્યો છે. પછી સિદ્ધ જ થાય છે કે માત્ર ઉત્સુકતાની નિવૃત્તિ કરવાનું પ્રયોજન રાખનારાં કાવ્યો તથા નાટકો વગેરેનો ત્યાગ કરવા વિશે તો પૂછવાનું જ શું છે? 'સર્વ કર્મોને' એમ જે કહ્યું છે, તેમાં 'સર્વ' શબ્દથી લૌકિક, વૈદિક, નિત્યનૈમિત્તિક, નિષિદ્ધ અને કામ્ય કર્મો લેવામાં આવ્યાં છે. પુત્ર વગેરેના ત્યાગથી ઐહિક ભોગનો ત્યાગ કરવામાં આવ્યો છે. ચિત્તને વિક્ષેપ કરનારી પરલોકના ભોગની આશાનો ત્યાગ સર્વ કર્મોના ત્યાગથી કરવામાં આવ્યો છે. મૂળમાં अहम् (આ) એવો પ્રયોગ છે, તે વેદની છાંદસ વિભક્તિ છે. એને બદલે 'इदम्' (આ) ब्रह्मांडम् એમ યોજવું જોઈએ. બ્રહ્માંડનો ત્યાગ એટલે બ્રહ્માંડની પ્રાપ્તિનું કારણ એવી વિરાટની ઉપાસનાનો ત્યાગ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમજવો અને 'બ્રહ્માંડને' એમ જે કહ્યું છે, તેમાં 'અને' શબ્દથી સૂત્રાત્માની પ્રાપ્તિના કારણરૂપ હિરણ્યગર્ભની ઉપાસનાનો તેમ જ તત્ત્વજ્ઞાનનો હેતુરૂપ શ્રવણ વગેરેનો સમાસ કરવામાં આવ્યો છે. આમ પોતાના પુત્ર વગેરેથી માંડીને હિરણ્યગર્ભની ઉપાસના સુધીનાં આ લોકનાં તેમ જ પરલોકનાં સર્વ સુખસાધનોનો પ્રૈષમંત્રોના ઉચ્ચારણપૂર્વક ત્યાગ કરવો અને પછી કૌપીન વગેરે ગ્રહણ કરવાં. 'અને આચ્છાદનને' એમ જે કહ્યું છે, તેમાં 'અને' શબ્દથી પાદુકા વગેરેનો સમાવેશ કર્યો છે. વળી સ્મૃતિ કહે છે : 'એક જોડ કૌપીન વસ્ત્ર, ટાઢને ખાળનારી એક કંથા અને બે પાદુકા એટલું જ ગ્રહણ કરવું, બીજું કશું લેવું નહિ.' કૌપીનથી લાજ ઢંકાય છે, દંડથી ગાય તથા સર્પ વગેરેના ઉપદ્રવો દૂર કરાય છે અને આચ્છાદનથી ટાઢ વગેરેને ખાળવામાં આવે છે. શ્લોકમાં જે 'અને' શબ્દ છે તેથી પાદુકા દ્વારા ઉચ્છિષ્ટ (એઠા) ભાગોનો સ્પર્શ વારવામાં આવે છે. પોતાના શરીરનો ઉપભોગ માટેનો અર્થ ઉપર પ્રમાણે છે. દંડ વગેરે ચિહ્ન ઉપરથી આ આશ્રમ ઉત્તમ છે એમ જાણીને લોકો તેને યોગ્ય વંદન કરે છે, ભિક્ષા આપે છે. આ પ્રવૃત્તિથી એ લોકોને પુણ્યની સિદ્ધિ થાય છે. આવો 'લોકોપકાર અર્થે' નો અર્થ છે. વચ્ચે મૂળમાં 'અને' તથા 'તેમ' નો જે પ્રયોગ છે, તેથી શિષ્ટાચારથી સાંપડેલી આશ્રમમર્યાદાનું પાલન કરવું એમ સૂચવ્યું છે.

કૌપીન વગેરે પરિગ્રહની અનુકૂળતાને ઉદ્દેશીને તેની મુખ્યતાનો નિષેધ કરવામાં આવે છે. 'તે (કૌપીન આદિ લેવાં) કાંઈ મુખ્ય નથી.' એટલે કે યોગી પરમહંસ જે કૌપીન વગેરે લે છે, તે કાંઈ મુખ્ય વિધિ નથી, એ તો ગૌણ વિધિ જ છે. વિવિદિષા સંન્યાસીને માટે તો દંડ ધારણ કરવો એ મુખ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસ્તુ છે. આથી જ સ્મૃતિમાં દંડનો ત્યાગ કરવાનો નિષેધ કર્યો છે: 'દંડ અને શરીરનો સંબંધ સર્વદા જ રાખવો ઘટે છે. જાણુકારે ત્રણ બાણ પડે તેટલી ભૂમિ પણ દંડ વિના કાપવી નહિ.' દંડનો નાશ થાય, ત્યારે પ્રાયશ્ચિત્તરૂપે સો પ્રાણાયામ કરવા એમ આ સ્મૃતિ કહે છે: 'દંડનો ત્યાગ થઈ જાય, તો સો પ્રાણાયામ કરવા.'

હવે બ્રહ્મદેવ પ્રશ્નોત્તરથી યોગી પરમહંસની મુખ્ય વિધિ બતાવે છે: 'ત્યારે એ મુખ્ય વિધિ શી? તો આ મુખ્ય છે: પરમહંસ દંડ રાખતો નથી, શિખા રાખતો નથી, યજ્ઞોપવીત રાખતો નથી, આચ્છાદન રાખતો નથી.' મૂળમાં 'न शिखम्' છે, તે છાંદસ પ્રયોગ છે. (ત્યાં 'न शिखाम्' જોઈએ) જેમ વિવિદિષુ પરમહંસ (વિવિદિષાસંન્યાસી) શિખા તથા યજ્ઞોપવીતથી રહિત હોઈને મુખ્ય છે, તેમ યોગી દંડ તથા આચ્છાદનથી રહિત હોઈને મુખ્ય હોય છે. દંડ વાંસનો છે કે કોઈ બીજાનો? આચ્છાદન કંથારૂપ છે કે કંઈ બીજારૂપ છે? આમ દંડ તથા આચ્છાદનના સંબંધમાં પરીક્ષા કરવાની હોય છે. વળી તે દંડ વગેરેને મેળવવાનાં તથા સાચવવાનાં હોય છે. આ કારણે ચિત્ત ઘેરાઈ જાય છે, એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધરૂપ એવો યોગ સિદ્ધ થતો નથી. આ પણ બરાબર નથી; કેમ કે કન્યાનું લગ્ન કંઈ વરને મારી નાખવા માટે કરવામાં આવતું નથી.' હવે આચ્છાદનનો અભાવ હોય, ત્યારે ટાઢ વગેરે પીડાનો શો પ્રતિકાર કરવો? આવી શંકા થાય તેથી બ્રહ્મદેવ કહે છે: 'તેને નથી ટાઢ કે નથી તડકો; તેને નથી દુઃખ કે નથી સુખ; નથી માન કે નથી અપમાન; તે છ ઊર્મિઓથી રહિત છે.'

જેણે ચિત્તવૃત્તિઓને અશેષે નિરોધી છે, તે યોગીને ટાઢ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ નથી; કારણ કે તેની તેને પ્રતીતિ થતી જ નથી. જેમ બાળકનું ચિત્ત રમતમાં લાગી રહ્યું હોય છે, તો તેણે વસ્ત્ર વગેરે કશું ઓઢયું ન હોય, તોપણ તેને હેમંત અને શિશિરના પરોઢિયામાં પણ ટાઢ લાગતી નથી. આ જ પ્રમાણે પરમાત્મામાં લાગી રહેલા યોગીને પણ ટાઢ હોતી જ નથી. એ જ રીતે તેને ઉનાળામાં ગરમી હોતી નથી, એમ સમજવું. જે 'અને' શબ્દ મૂકવામાં આવ્યો છે, તેથી ચોમાસામાં તેને વરસાદ પણ લાગતો નથી, એમ માનવું. આમ તેને ટાઢ-તડકાની પ્રતીતિ નથી, એટલે એ ટાઢ–તડકાથી થતાં સુખદુઃખનો પણ તેનામાં અભાવ થયેલો હોય છે. ઠંડી ઉનાળામાં સુખ આપનારી છે, તો હેમંતમાં તે દુઃખ આપનારી છે. આવી જ ઊલટસૂલટ ગરમીને વિશે પણ સમજવી. માન એટલે બીજા પુરુષે આપેલો સત્કાર અને અપમાન એટલે બીજા પુરુષે કરેલો તિરસ્કાર. યોગી તો પોતાના આત્માથી જુદો એવો કોઈ બીજો પુરુષ જોતો જ નથી. એટલે પછી માન તથા અપમાન તેનાથી દૂરદૂર જ હોય. પછી જે 'અને' શબ્દ આવે છે, તેમાં શત્રુમિત્ર અને રાગદ્વેષ વગેરે દ્વંદ્વોનો અભાવ સૂચવ્યો છે. છ ઊર્મિઓ આ પ્રમાણે છે: ભૂખ, તરસ, શોક, મોહ, જરા અને મરણ. આ બધ્ધેને સાથે લઈએ તો ત્રણ દ્વંદ્વો (જોડકાં) થાય. આમાં ભૂખતરસનું જોડકું પ્રાણનો ધર્મ છે, શોક–મોહનું જોડકું મનનો ધર્મ છે અને જરા–મરણનું જોડકું દેહનો ધર્મ છે. આથી આત્મા તરફ મુખ રાખી રહેલા યોગીએ એ છ ઊર્મિઓનો ત્યાગ કરવો જોઈએ.

હવે સમાધિદશામાં ટાઢ વગેરેનો અભાવ હોય છે, પણ વ્યુત્થાનદશામાં (સમાધિમાંથી જાગ્યા પછી) તો એ યોગીને સંસારીની જેમ જ નિંદા વગેરે ક્લેશો પીડા કરે છે ને? આ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શંકાથી બ્રહ્મદેવ કહે છે: 'નિંદા, ગર્વ, મત્સર, દંભ, દર્પ, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, કામ, ક્રોધ, લોભ, મોહ, હર્ષ, અસૂયા અને અહંકાર વગેરેને ત્યજીને.' જુદા જુદા પુરુષોએ પોતાને વિષે કહેલા દોષોનું કથન તે નિંદા છે. 'હું બીજાઓ કરતાં અધિક છું'–એવી ચિત્તની જે વૃત્તિ છે, તે ગર્વ છે. 'વિદ્યા તથા ધન વગેરેમાં હું બીજાઓ જેવો થાઉં'–એવી જે બુદ્ધિ છે, તે મત્સર છે. અન્યની આગળ જપ તથા ધ્યાન વગેરે દેખાડવાં તે દંભ છે. તિરસ્કાર કરવા વગેરેમાં દૃઢ બુદ્ધિ રાખવી તે દર્પ છે. ધન વગેરેની અભિલાષા રાખવી તે ઇચ્છા છે. શત્રુવધ વગેરેમાં બુદ્ધિ રાખવી તે દ્વેષ છે. અનુકૂળ દ્રવ્યાદિના લાભથી બુદ્ધિને સ્વસ્થતા થવી તે સુખ છે, તેથી ઊલટું દુઃખ છે. સ્ત્રી વગેરેની અભિલાષા રાખવી તે કામ છે. ઇચ્છેલા પદાર્થનો નાશ થવાથી બુદ્ધિને જે ક્ષોભ થાય, તે ક્રોધ છે. મેળવેલા ધનનો ત્યાગ સહન ન થાય તે લોભ છે. હિતમાં અહિતબુદ્ધિ હોય અને અહિતમાં હિતબુદ્ધિ હોય તે મોહ છે. ચિત્તમાં રહેલા સુખને વ્યક્ત કરનારી તથા મુખના વિકાસ (સ્મિત) વગેરેમાં હેતુરૂપ એવી જે બુદ્ધિવૃત્તિ છે, તે હર્ષ છે. પારકાના ગુણોને વિષે દોષનું આરોપણ કરવું તે અસૂયા છે. દેહ તથા ઇંદ્રિયોના સમુદાયને વિષે આત્મતત્ત્વનો ભ્રમ રાખવો, તે અહંકાર છે. 'વગેરે' શબ્દથી ભોગ્ય વસ્તુઓને વિષે મમતા તથા અનુકૂળતા વગેરે બુદ્ધિઓનો પણ ત્યાગ સમજવો. મૂળમાં જે 'અને' શબ્દ છે તેથી ઉપર કહેલા નિંદા વગેરેથી ઊલટાં એવાં સ્તુતિ વગેરે પણ સમજવાં. નિંદા વગેરે આ સર્વને 'ત્યજીને'–એટલે કે આગળ કહેલા વાસનાક્ષયના અભ્યાસથી એ સર્વનો ત્યાગ કરીને રહેવું–એવો અર્થ છે.

પણ પોતાનો દેહ હોય ત્યારે તેનો ત્યાગ સંભવતો નથી,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આ શંકાથી બ્રહ્મદેવ કહે છે : 'તેને પોતાનું શરીર મુડદા જેવું જણાય છે; કારણ કે તેનું શરીર તો નાશ પામી ગયું છે.' પૂર્વે જે શરીર પોતાનું હતું, તે અત્યારે યોગીને પોતાના આત્મચૈતન્યથી જુદું લાગે છે, તેથી તે તેને મુડદા જેવું જણાય છે. જેમ કોઈ શ્રદ્ધાળુ માણસ સ્પર્શના ભયથી મૃત શરીરને દૂર રહીને જુએ છે, તેમ આ યોગી પણ એ દેહમાં રખેને આત્માની ભ્રાંતિ થઈ આવે એ ભયથી તેને સાવધાન રહીને તપાસે છે–તેને ચિદાત્માથી નિરંતર નિરાળું તારવ્યા કરે છે; કારણ કે આચાર્યના ઉપદેશોથી, શાસ્ત્રપ્રમાણોથી અને અનુભવોથી તેનું એ શરીર તો ચિદાત્મા(ચૈતન્યસ્વરૂપ)થી નિરાળું થઈ ગયું છે. આમ ચૈતન્યથી અળગો પડેલો દેહ શબ જેવો જણાય છે. એટલે એ દેહ હોવા છતાં યોગીને નિંદા વગેરેનો ત્યાગ ઘટે છે, એવો અભિપ્રાય છે.

હવે દિશાઓ વિષે ઉત્પન્ન થયેલો ભ્રમ સૂર્યોદયનું દર્શન થતાં નાશ પામે છે, છતાં તે ભ્રમ ક્યારેક પાછો ઊપડી આવે છે. તે જ પ્રમાણે ચૈતન્યરૂપ આત્માને વિષે ક્યારેક દેહના આત્માપણા વિશેનો સંશય થાય તો નિંદા વગેરે ક્લેશો પણ ફરી ફરીને ઊપડી આવે. આ શંકાથી બ્રહ્મદેવ કહે છે : 'સંશયજ્ઞાન, વિપરીત જ્ઞાન અને મિથ્યા જ્ઞાનનો જે હેતુ છે, તેથી તે નિત્ય નિવૃત્ત છે.' આત્મા કર્તાપણું વગેરે ધર્મવાળો છે કે તેવા ધર્મ વિનાનો છે ? વગેરે રૂપનું સંશયજ્ઞાન છે. આત્મા દેહાદિરૂપ જ છે એ રૂપનું જ્ઞાન વિપરીત જ્ઞાન છે. આ બન્ને જ્ઞાનો કર્તાપણાને તથા ભોક્તાપણાને વિષય કરનારાં છે, પણ મિથ્યા જ્ઞાન તો ભોગ્યને જ વિષય કરનારું છે એમ સમજાવ્યું છે. એ મિથ્યા જ્ઞાન અનેક પ્રકારનું છે. એ વિશે 'સંકલ્પથી ઉત્પન્ન થયેલાં કામો' વાળા શ્લોકમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંશય વગેરે જ્ઞાનોનો હેતુ ચાર પ્રકારનો છે; કારણ કે સૂત્ર કહે છે: 'અનિત્ય, અશુચિ (અપવિત્ર), દુઃખ અને અનાત્માને વિશે જે નિત્ય શુચિ, સુખ અને આત્માની ખ્યાતિ (કલ્પના–ભ્રાંતિ) છે, તે અવિદ્યા છે. પર્વત, નદી અને સમુદ્ર વગેરે અનિત્ય છે. તેમને વિશે નિત્યતાની ભ્રાંતિ એ પ્રથમ પ્રકારની અવિદ્યા છે. પુત્ર, પત્ની વગેરેનાં શરીર અશુચિ છે. તેમને વિશે શુચિતા(પવિત્રતા)ની ભ્રાંતિ હોવી, એ બીજા પ્રકારની અવિદ્યા છે. ખેતી તથા વણજ વગેરે દુઃખરૂપ છે. તેમને વિશે સુખરૂપતાની ભ્રાંતિ હોવી, એ ત્રીજા પ્રકારની અવિદ્યા છે. પુત્ર તથા પત્ની વગેરે ગૌણ મિથ્યાત્મા છે. તેમના અન્નમય વગેરે દેહો અનાત્મા છે. એમને વિશે મુખ્ય આત્મતાની ભ્રાંતિ હોવી એ ચોથા પ્રકારની અવિદ્યા છે. અદ્વિતીય બ્રહ્મરૂપ આત્મતત્ત્વને આવરણ કરનારું અજ્ઞાન તથા તેની વાસના એ સંશયજ્ઞાન વગેરેનો હેતુ છે. યોગી પરમહંસમાં તે અજ્ઞાન મહાવાક્યના અર્થબોધથી દૂર થયેલું હોય છે અને એ અજ્ઞાનની વાસના તેનામાં યોગાભ્યાસથી નિવૃત્તિને પામી હોય છે. દિશાઓ વિશે ઉત્પન્ન થયેલા ભ્રમના ઉદાહરણમાં અજ્ઞાન દૂર થયા છતાં વાસના રહી છે, તેથી આગળની જેમ ત્યાં ફરીથી ભ્રમ થઈ આવે છે. પણ યોગીમાં તો ભ્રાંતિનાં બન્ને કારણ (અજ્ઞાન અને વાસના રહ્યાં જ નથી; તેથી તેને સંશય વગેરે ફરીથી ઊપડે જ ક્યાંથી? આ અનુવૃત્તિ(ફરી ઊપડવું)ના અભાવને લક્ષીને 'યોગી આ બે હેતુઓથી નિત્ય નિવૃત્ત છે' એમ કહ્યું છે. આમ અજ્ઞાન તથા વાસનાની નિવૃત્તિ થયેલી હોય છે, છતાં તે નિવૃત્તિનો વિનાશ થતો જ નથી. તેથી તે નિવૃત્તિની નિત્યતા જાણવી તે નિવૃત્તિની નિત્યતાને વિશે કારણ કહે છે: '(જેને) તેનો નિત્ય બોધ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હોય છે. આ 'તે (तत्)' સર્વનામ છે અને તે પ્રસિદ્ધ અર્થનો વાચક છે. અહીં 'તેનો' એટલે સર્વ વેદાંતમાં પ્રસિદ્ધ એવા 'પરમાત્માનો' એ અર્થ છે. તે પરમાત્માને વિષે જે યોગીને નિત્ય બોધ હોય છે, તે એ પરમાત્માના નિત્ય બોધવાળો હોય છે. શ્રુતિ કહે છે: 'ધીર બ્રાહ્મણ તેને જ વિશેષે જાણીને પ્રજ્ઞા કરે છે.' યોગી જ એ શ્રુતિને અનુસરીને યોગપૂર્વક ચિત્તના વિક્ષેપોને દૂર કરે છે, અને નિરંતરતા (સતતપણા)થી પોતાની પ્રજ્ઞાને પરમાત્માના વિષયરૂપ કરે છે. આ પ્રમાણે બોધની નિત્યતા છે. એટલે બોધથી વિનાશ પામવા યોગ્ય એવાં અજ્ઞાન તથા તેની વાસના એ બન્નેની નિવૃત્તિ પણ નિત્ય છે, આવો અર્થ છે.

તો અનુભવમાં આવતો પરમાત્મા શું તાર્કિકોના ઈશ્વરની જેમ તટસ્થ હશે? આ શંકાનું નિવારણ કરતાં કહે છે: 'તે પોતે જ અવસ્થિતિ છે.' એટલે કે, વેદાંતથી જાણી શકાય એવો જે પરાત્મા છે, તે હું પોતે જ છું—તે મારાથી અન્ય નથી—એવા નિશ્ચયપૂર્વક યોગીની બ્રહ્મને વિષે સ્થિતિ (અવસ્થિતિ) થાય છે. તે યોગીનો બ્રહ્માનુભવ કેવા પ્રકારનો હોય છે, તે બતાવે છે: 'શાંત, અચળ, અદ્વિતીય, આનંદરૂપ અને વિજ્ઞાનઘન એવું તે હું જ છું—તે જ મારું પરમધામ છે.' મૂળમાં 'तं' વગેરે ત્રણ પદોમાં બીજી વિભક્તિ છે, તે પહેલી વિભક્તિના અર્થમાં સમજવી. જે પરમાત્મા શાંત છે, એટલે કે ક્રોધ વગેરે વિક્ષેપોથી રહિત છે, જે અચલ છે, એટલે કે જવુંઆવવું વગેરે ક્રિયાઓથી રહિત છે, જે સ્વગત, સજાતીય અને વિજાતીય એવા ભેદોથી શૂન્ય છે, જે એકરસ સચ્ચિદાનંદરૂપ છે, તે જ હું છું. તે બ્રહ્મતત્ત્વ જ મારું એટલે યોગીનું પરમધામ એટલે ખરું સ્વરૂપ છે. જે કર્તાપણું તથા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભોક્તાપણું વગેરે છે, તે મારા સ્વરૂપ વિષે ઘટતું નથી; કારણ કે એ કર્તાપણું વગેરે તો માયાથી કલ્પિત છે.

અહીં શંકા થાય કે, આત્મા પરબ્રહ્મ છે, તો આનંદની પ્રાપ્તિ અત્યારે જ શા માટે નહિ ? તો એ આનંદની પ્રાપ્તિ વિષે વિદ્વાનોએ દૃષ્ટાંત સાથે આ પ્રમાણે કહ્યું છે. માખણ તો ગાયના શરીરમાં જ રહ્યું છે, છતાં તે ગાયનાં અંગોનું પોષણ કરતું નથી. એ જ માખણને વલોવવાં વગેરે કર્મથી કાઢવામાં આવ્યું હોય છે, તો તે પાછું ગાયને જ ઓસડરૂપ થાય છે. એ જ પ્રમાણે પરમેશ્વર પણ માખણની જેમ સર્વ શરીરોમાં રહ્યો છે; પણ ઉપાસના વિના તે દેવ–મનુષ્યોનું હિત કરતો નથી.'

હવે જો યોગીને પૂર્વાશ્રમના આચાર્ય, પિતા, ભાઈ વગેરે સંબંધીઓ હોય, તે સંબંધીઓ કર્મઠ તથા શાસ્ત્રજડ હોય અને તેઓ તે યોગીને શિખા, યજ્ઞોપવીત તથા સંધ્યાવંદન વગેરે નથી તેથી તેના ઉપર પાખંડીપણાનો આરોપ કરતા હોય અને એમ તેને ભ્રમમાં નાખતા હોય. તો એ ભ્રમને હઠાવવા માટે શ્રુતિ યોગીનો આ ચાલુ નિશ્ચય જણાવે છે : 'તે જ શિખા છે અને તે જ યજ્ઞોપવીત છે; અને એકત્વના જ્ઞાનથી આત્મા તથા પરમાત્મા એ બન્નેનો જે ભેદ વિશેષે ભાંગી જ ગયો છે તે જ સંધ્યા છે.'

વેદાંતથી જાણવા યોગ્ય પરબ્રહ્મનું જે જ્ઞાન છે, તે જ કર્મના અંગરૂપ એવાં બહારનાં શિખા–યજ્ઞોપવીતને સ્થાને છે. મંત્ર, દ્રવ્ય અને લક્ષણ એવાં કર્મનાં બીજાં જે અંગભૂત છે, તેમનો અહીં બે વાર 'અને' નો ઉપયોગ કરી સમાવેશ કર્યો છે. શિખા વગેરે અંગોથી સાધવા યોગ્ય કર્મોથી જે સ્વર્ગાદિ સુખ ઊપજ્યું હોય છે, તે સર્વ બ્રહ્મજ્ઞાનથી જ સાંપડે છે; કારણ કે સર્વ વિષયાનંદ બ્રહ્માનંદની એક કણિકારૂપ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રુતિ કહે છે : 'આ જ આનંદની માત્રાને અન્ય ભૂતો ભોગવે છે.' બ્રાહ્મોપનિષદમાં આથર્વણિકો આ જ અભિપ્રાયથી કહે છે : 'જ્ઞાની પુરુષે શિખા સહિત મુંડન કરાવવું અને બહારનું સૂત્ર (જનોઈ) ફગાવી દેવું. જે અક્ષર(અવિનાશી)પરબ્રહ્મ છે, તે સૂત્ર છે, તેથી તેણે તેને ધારણ કરવું એવું (વેદાંત દ્વારા એનું) સૂચન છે, તેથી (એને) સૂત્ર કહેવામાં આવે છે. સૂત્ર જ પદ (બ્રહ્મ) છે. જેણે એ સૂત્રને જાણ્યું છે, તે વેદનો પારગામી (રહસ્ય જાણનારો) વિપ્ર છે. સૂત્ર(દોરા)માં પરોવાયેલા મણકાઓની જેમ જેના વડે આ સર્વ દૃશ્ય પરોવાયેલું છે, તે સૂત્રને યોગને જાણનારા તત્ત્વદર્શી યોગીએ ધારણ કરવું. ઉત્તમ યોગમાં રહેલા વિદ્વાને બહારના સૂત્ર(જનોઈ)ને કાઢી નાખવું. જે પુરુષ આ બ્રહ્મભાવરૂપી સૂત્રને ધારણ કરે છે, તે ચેતન (જ્ઞાનવાન) છે. તે સૂત્રને ધારણ કરનારો હોઈ ઉચ્છિષ્ટ (એઠો) થતો નથી કે અપવિત્ર થતો નથી. જ્ઞાનરૂપી યજ્ઞોપવીતવાળા જે પુરુષોના અંતરમાં આ સૂત્ર રહ્યું છે, તેઓ જ લોકમાં સૂત્રને જાણનારા છે અને તેઓ જ યજ્ઞોપવીતવાળા છે. જેમને જ્ઞાનરૂપી શિખા છે, જેમને જ્ઞાનમાં જ નિષ્ઠા જ છે અને જેમને જ્ઞાનરૂપી યજ્ઞોપવીત છે, તેમનું જ્ઞાન જ ઉત્તમ છે, તેમનું જ્ઞાન જ પવિત્ર કહેવાય છે. અગ્નિની શિખાની જેમ જેને પોતાથી અભિન્ન એવી જ્ઞાનમયી શિખા છે, તે શિખાવાળો જ વિદ્વાન કહેવાય છે; બીજા વાળ રાખનારાઓ વિદ્વાન કહેવાતા નથી. જેઓ વૈદિક કર્મમાં અધિકારી છે, તે બ્રાહ્મણ વગેરેએ બાહ્ય સૂત્રને ધારણ કરવું. કારણ કે એ બાહ્ય સૂત્ર તે કર્મનું અંગ કહેવાયું છે. જેની શિખા જ્ઞાનમયી છે અને જેનું ઉપવીત જ્ઞાનમય છે, તેને સંપૂર્ણ બ્રાહ્મણભાવ છે એમ બ્રહ્મવેત્તાઓ જાણે છે. આ યજ્ઞોપવીત પરમ આશ્રયરૂપ છે અને પરમ શ્રેષ્ઠ છે. જે આ જાણે છે, તે જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

યજ્ઞોપવીતવાળો છે. જ્ઞાનીઓ તેને જ યજ્ઞ કરનારો કહે છે.

તેથી યોગીના સંબંધમાં જેવાં શિખા–યજ્ઞોપવીત છે, તેવી સંધ્યા પણ છે. હવે પરમાત્મા શાસ્ત્રથી જાણવામાં આવે છે અને જીવાત્મા 'હું'ની પ્રતીતિથી સમજવામાં આવે છે. બંને વિષેની ભ્રાંતિની પ્રતીતિ–એટલે કે એ બંને વિષેનો ભેદ–મહાવાક્યથી થયેલા એકત્વના જ્ઞાનથી તદ્દન ભાંગી ગયો છે. 'તદ્દન' એટલે કે ફરી એ ભ્રાંતિ ઉદય જ પામતી નથી. આ જે એકત્વની બુદ્ધિ છે, તે એ બંને આત્માઓની સંધિમાં થાય છે, તેથી એને 'સંધ્યા' કહેવામાં આવે છે. દિવસરાતની સંધિઓ વખતે કરવા જેવી ક્રિયા 'સંધ્યા' કહેવાય છે, તેમ આ પણ સંધ્યા જ ગણાય છે. આમ હોવાથી શ્રદ્ધાજડો યોગીને ભ્રમમાં નાખી શકે એમ નથી.

આ પ્રમાણે 'એ માર્ગ શો?' એ પ્રશ્નનો ઉત્તર 'પોતાના પુત્ર વગેરે'થી આપ્યો છે. વળી 'તેની સ્થિતિ શી?' એ પ્રશ્નનો ઉત્તર 'મહાપુરુષ વગેરે'થી સંક્ષેપમાં કહ્યો છે. પછી 'સંશય-જ્ઞાન વગેરે'થી તેનો જ અર્થ વિસ્તારથી આપ્યો છે. હવે તે ઉપસંહાર કરે છે: 'સર્વ કામોનો પરિત્યાગ કરીને અદ્વૈતમાં તેની પરમ સ્થિતિ હોય છે.' ક્રોધ તથા લોભ વગેરે કામને પૂરનારા છે. તેથી કામનો પરિત્યાગ કરીને ચિત્તના સર્વ દોષો પણ ત્યજવામાં આવે છે. આ જ અભિપ્રાયથી વાજસનેયી શાખાવાળાઓ કહે છે: 'હવે ખરેખર કહીએ તો આ પુરુષ કામમય જ છે.' આથી યોગીના નિષ્કામ ચિત્તની અદ્વૈતમાં અબાધ સ્થિતિ ઘટે છે.

હવે દંડગ્રહણની વિધિની વાસનાવાળા વિવિદિષા સંન્યાસીઓ દંડ વિનાના યોગીને પરમહંસ માનતા નથી. આ શંકાથી કહે છે: 'જેણે જ્ઞાનદંડ ધારણ કર્યો છે, તે એકદંડી કહેવાય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. જેણે કાષ્ઠનો દંડ ધારણ કર્યો છે, જે સર્વનું જમે છે અને જે જ્ઞાનથી રહિત છે, તે તો મહારૌરવ નામના ઘોર નરકોમાં જાય છે. તિતિક્ષા, જ્ઞાન, વૈરાગ્ય તથા શમ વગેરે ગુણોથી જે રહિત છે અને જે ભિક્ષા માત્રથી જીવી રહ્યો છે, તેવો પુરુષ યતિઓની વૃત્તિને હણનારો પાપિયો છે. આ ભેદને જાણવાથી તે સાચા પરમહંસને જાણી શકાશે.' પરમહંસનો આ એક દંડ છે, તે બે પ્રકારનો છે: એક જ્ઞાનદંડ છે અને બીજો કાષ્ઠદંડ છે. ત્રિદંડી સંન્યાસીને જેમ વાગ્દંડ, મનોદંડ અને કાર્યદંડ હોય છે, તેમ હંસને એક જ્ઞાનદંડ હોય છે. વાગ્દંડ વગેરે વિષે મનુએ સ્મૃતિમાં આ પ્રમાણે કહ્યું છે: 'વાગ્દંડ, મનોદંડ અને કર્મદંડ એ ત્રણ જેની બુદ્ધિમાં નિયમપૂર્વક રહ્યા છે, તે ત્રિદંડી છે એમ કહેવાય છે. મનુષ્ય આ ત્રણે દંડોને પ્રાણી માત્રમાં રાખીને અને પછી કામક્રોધનો સંયમ કરીને સિદ્ધિને પામે છે.' એ દંડોના સ્વરૂપ વિષે દક્ષ આ સ્મૃતિવચન આપે છે: હવે 'વાગ્દંડ, મનોદંડ તેમ જ કર્મદંડ એ ત્રણે દંડોને જેણે નિયમપૂર્વક રાખ્યા છે, તે ત્રિદંડી કહેવાય છે. વાગ્દંડમાં મૌન રાખવું, કર્મદંડમાં ક્રિયારહિત રહેવું અને માનસદંડ(મનોદંડ)ને સ્થાને પ્રાણાયામ કરવા.' બીજી સ્મૃતિ કહે છે: 'અલ્પ ભોજન કરવું તે કર્મદંડ છે.' આ ત્રિદંડીપણું પરમહંસને પણ હોય છે. આ અભિપ્રાયને ઉદ્દેશીને પિતામહ બ્રહ્મા કહે છે: 'શ્રુતિએ પરમહંસ યતિને તો તુર્ય નામથી કહ્યો છે. વળી યમનિયમોવાળો ત્રિદંડધારી સંન્યાસી વિષ્ણુરૂપ છે.' આમ હોવાથી મૌન વગેરે એ વાણી વગેરેના દમનનું કારણ છે, તેથી તે દંડરૂપ છે; તે જ પ્રમાણે અજ્ઞાન તથા તેના કાર્યનું દમન એ જ્ઞાનનો હેતુ છે, તેથી તે દંડરૂપ છે. જે પરમહંસે આ જ્ઞાનદંડને ધારણ કર્યો છે, તે જ મુખ્ય એકદંડી કહેવાય છે. ક્યારેક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચિત્તના વિક્ષેપને લીધે આ માનસ જ્ઞાનદંડની વિસ્મૃતિ થઈ જવાનો પ્રસંગ આવી પડે. તેથી તેનું નિવારણ કરવા માટે તેને સંભારી આપનારા કાષ્ઠદંડને ધારણ કરવામાં આવે છે. શાસ્ત્રના અર્થનું આ રહસ્ય જાણ્યા વિના જે પરમહંસે વેશમાત્રથી પુરુષાર્થની સિદ્ધિ છે એવું માનીને કાષ્ઠનો દંડ ધારણ કર્યો છે, તે પુરુષ જાતજાતના સંતાપોથી ભરેલો હોઈને મહારૌરવ નામનાં નરકોમાં જાય છે. આનું કારણ બતાવે છે: 'પરમહંસનો વેષ જોઈને સૌ મનુષ્યો તેને ભ્રાંતિથી (ભૂલથી) જ્ઞાની માની બેસે છે. અને પોતપોતાને ઘેર તેને જમાડે છે. પછી એ જીભનો લંપટ વર્જ્યાવર્જ્યનો વિવેક કર્યા વિના બધું જ ખાય છે. આથી તેને પ્રત્યવાય (અડચણ–પાપ) લાગે છે.' 'સંન્યાસીને અન્નનો દોષ લાગતો નથી' તથા 'તેણે ચાર વર્ણની ભિક્ષા લેવી' વગેરે જે વાક્યો છે, તે તો જ્ઞાનીના સંબંધમાં છે. આ તો જ્ઞાનરહિત છે, તેથી એને માટે નરક જ યોગ્ય છે. આ જ કારણે, મનુએ જ્ઞાનહીન સંન્યાસી માટે ભિક્ષાનો નિયમ કહ્યો છે: 'ઉત્પાતો કહીને, નિમિત્તો બતાવીને, નક્ષત્રો અંગેની વિદ્યાથી, ઉપદેશથી અને વાદો કરીને સંન્યાસીએ કદી ભિક્ષા મેળવવાની લાલસા રાખવી નહિ. તેણે એક વેળા જ ભિક્ષા માગવી, વારંવાર તે માગ્યા કરવી નહિ; કારણ કે ભિક્ષામાં આસક્ત થયેલો યોગી વિષયોમાં પણ આસક્ત થાય છે.' હવે જ્ઞાનના અભ્યાસી સંન્યાસી વિષે સ્મૃતિ આ પ્રમાણે કહે છે: 'પરમહંસે એક વેળા કે બે વેળા ભોજન કરવું. કોઈ પણ પ્રકારે તેણે સદા જ્ઞાનના અભ્યાસી રહેવું.'

આમ હોવાથી જ્ઞાનદંડ અને કાષ્ઠદંડ એ બંનેમાં ભેદ છે. તેમાં પહેલો ઉત્તમ છે અને બીજો અધમ છે. આ પ્રમાણે સમજીને જે ઉત્તમ જ્ઞાનદંડને ધારણ કરે છે, તે જ મુખ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમહંસ છે એમ જાણવું. પરમહંસને ભલે જ્ઞાનદંડ રહે. ભલે તેને કાષ્ઠદંડનો આગ્રહ ન હોય, તોપણ તેની બીજી ચર્યા (વર્તણુક) કેવી હોય છે? તો આ શંકાના ઉત્તરમાં શ્રુતિ કહે છે: 'તે ભિક્ષુ (સંન્યાસી) આશાંબર (દિગંબર) હોય, નમસ્કારથી પર હોય અને સ્વધાકાર(શ્રાદ્ધ વગેરે)થી રહિત હોય; તેને નિંદા ન હોય, સ્તુતિ ન હોય અને તે ફાવે તેમ વર્તનારો હોય, તેને આવાહન ન હોય, વિસર્જન ન હોય, મંત્ર ન હોય, ધ્યાન ન હોય અને ઉપાસના પણ ન હોય. તેને લક્ષ્ય ન હોય અને અલક્ષ્ય ન હોય, તેને ભિન્ન (જુદું) ન હોય અને અભિન્ન ન હોય અને વળી તેને હું, તું તથા સર્વ ન હોય: તે ભિક્ષુ એક સ્થાને સ્થિતિ ન રાખે અને તે સોના વગેરેનો પરિગ્રહ ન કરે. તે લોકને ન રાખે અને તેને જુએ પણ નહિ.'

આશા એટલે દિશા. તે દિશાઓ જ જેનું અંબર એટલે વસ્ત્ર એટલે આચ્છાદન છે તે આશાંબર છે. સ્મૃતિમાં તો આ વચન છે: 'ગોઠણની ઉપર અને ડૂંટીની નીચે રહે એવું એક વસ્ત્ર પહેરવું અને બીજું ઉપરણાનું વસ્ત્ર ધારણ કરવું. એ પછી તેણે ઘેરઘેર જવું.' આ વચન તો અયોગી સંન્યાસીના સંબંધમાં છે. આથી પહેલાં કહ્યું છે કે 'અને તે મુખ્ય નથી.' વળી સ્મૃતિમાં કહ્યું છે: 'જે આગળનો સંન્યાસી હોય, તે જો ધર્મપૂર્વક સમાન હોય, તો તેને પ્રણામ કરવા, બીજાને કદીય પ્રણામ ન કરવા.' આ વચન પણ અયોગી સંન્યાસીને લગતું છે; તેથી યોગી સંન્યાસીએ નમસ્કાર કરવા જોઈએ નહિ. આથી જ આગળ બ્રાહ્મણના લક્ષણમાં 'નમસ્કારરહિત અને સ્તુતિ-રહિત' વગેરે કહ્યું છે. ગયા તથા પ્રયાગ વગેરે તીર્થોમાં શ્રદ્ધાની જડતાને લીધે જે સ્વધાકાર (શ્રાદ્ધ આદિ) કરવામાં આવે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેનો પણ અહીં નિષેધ કર્યો છે. પહેલાં નિંદા તથા ગર્વ વગેરેના વાક્યમાં પારકાઓએ કરેલી પોતાની નિંદાથી થતા ક્લેશને નિવારવામાં આવ્યો છે; પણ અહીં તો પારકાને વિશે પોતે જ કરેલી પારકાની નિંદા તથા સ્તુતિનો નિષેધ કર્યો છે. 'ફાવે તેમ વર્તવું' એટલે કશાય આગ્રહ વિના વર્તવું. સ્મૃતિ કહે છે: 'ભિક્ષાટન (ભિક્ષા માટે ફરવું તે), જપ, શૌચ, સ્નાન, ધ્યાન અને દેવપૂજન એ છ કર્તવ્યો તેણે સર્વથા રાજદંડની જેમ કરવાં.' પણ આ વચન સુદ્ધાં અયોગી સંન્યાસીના સંબંધનું છે. આ અભિપ્રાયને ઉદ્દેશીને 'તેને આવાહન ન હોય' એવું વેદવાક્ય કહ્યું છે. એક વાર સ્મરણ તે ધ્યાન છે અને નિરંતર અનુસ્મરણ (ફરીફરી સ્મરણ) તે ઉપાસના છે. આ ધ્યાન અને ઉપાસના વચ્ચેનો ભેદ છે. આમ યોગીમાં નિંદા તથા સ્તુતિ વગેરે લૌકિક વ્યવહાર હોતો નથી, તેમ જ તેનામાં દેવપૂજા વગેરે ધર્મશાસ્ત્રનો વ્યવહાર પણ હોતો નથી. તે જ પ્રમાણે તેનામાં લક્ષ્યત્વ અને અલક્ષ્યત્વ વગેરે જ્ઞાનશાસ્ત્રનો વ્યવહાર સુદ્ધાં હોતો નથી. જે સાક્ષીચૈતન્ય છે, તે 'तत्त्वमसि' (તે તું છે) એ વાક્યમાં त्वं (તું) પદથી લક્ષ્ય (લક્ષમાં લેવા યોગ્ય) છે. એમાં દેહ વગેરે ઉપાધિવાળું ચૈતન્ય त्वं પદનું લક્ષ્ય નથી પણ તેનું વાચ્ય છે. તે વાચ્ય तत् (તે) પદના અર્થથી ભિન્ન છે, પણ તે લક્ષ્ય તો અભિન્ન છે. હવે પોતાના દેહમાં રહેલો વાચ્ય અર્થ 'अहं' (હું) શબ્દથી વ્યવહારયોગ્ય છે અને અન્ય દેહમાં રહેલો વાચ્ય અર્થ त्वं (તું) પદથી વ્યવહારયોગ્ય છે. લક્ષ્ય તથા વાચ્ય એમ બે પ્રકારના ચેતનવાળું અન્ય જડ જગત 'સર્વ' એ શબ્દથી વ્યવહારયોગ્ય છે. યોગીને આવો કોઈ વિકલ્પ હોતો નથી; કારણ કે તેનું ચિત્ત તો બ્રહ્મને વિશે વિશ્રાંતિ પામેલું હોય છે. આથી જ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તે ભિક્ષુ 'એક સ્થાને સ્થિતિ ન રાખે.' જો તે ચોક્કસ નિવાસને માટે કોઈ મઠ મેળવે, તો તેને તે મઠ વિશે મમતા બંધાઈ જાય. પરિણામે તેની હાનિ તથા વૃદ્ધિથી તેના ચિત્તને વિક્ષેપ થાય. આ સર્વને ધ્યાનમાં લઈ ને ગૌડપાદાચાર્યે કહ્યું છે: 'યતિ સ્તુતિથી રહિત હોય, નમસ્કારથી રહિત હોય અને સ્વધાકાર(શ્રાદ્ધ)થી રહિત હોય. તે ચળ (શરીર) તથા અચળ(આત્મા)રૂપ સ્થાનવાળો હોય અને તે ફાવે તેમ વર્તનારો હોય.' તેણે જેમ મઠનો પરિગ્રહ કરવો યોગ્ય નથી, તેમ તેણે ભિક્ષા માટે સોનારૂપા વગેરેનાં કોઈ આચમન આદિ પાત્રો પણ લેવાનાં નથી. તે વિશે (સ્મૃતિકાર) યમ કહે છે: 'સોનાનાં પાત્રો તથા લોઢાનાં પાત્રો યતિઓને માટે અપાત્ર-રૂપ છે માટે ભિક્ષુકે તેમનો ત્યાગ જ કરવો.' મનુ પણ કહે છે: 'તે સંન્યાસીનાં પાત્ર ધાતુનાં ન હોય તેમ ભાંગ્યાંતૂટ્યાં ન હોય. યજ્ઞમાં જેમ ચમસ વગેરેની શુદ્ધિ થાય છે, તેમ એ પાત્રોની શુદ્ધિ પણ માટીથી થાય. સ્વાયંભુવ મનુએ કહ્યું છે કે યતિનાં પાત્રો માત્ર તૂંબડાનાં હોય, લાકડાનાં હોય, માટીનાં હોય કે વાંસનાં હોય.' બોધાયને પણ કહ્યું છે: 'યતિએ પોતે આણેલાં અથવા તો પોતાની મેળે ખરી પડેલાં પાંદડાંમાં ભોજન કરવું; પણ તેણે વડ, પીપળો કે કરંજનાં પાનમાં જમવું નહિ. આપત્તિ આવી પડી હોય, તોપણ તેણે કાંસાના વાસણમાં ભોજન કરવું નહિ. કાંસાના પાત્રમાં ભોજન કરનારો તો મળનું જ ભોજન કરે છે. વળી તેણે સોનાના, ચાંદીના, તાંબાના, માટીના, કલાઈના કે સીસાના વાસણમાં પણ જમવું નહિ.' હવે 'તે લોકને–એટલે માણસને–શિષ્ય-વર્ગને ન રાખે.' આ સંબંધમાં મનુએ કહ્યું છે: 'સિદ્ધિને અર્થે તે નિત્ય સહાય વિના એકલો જ વિચરે. તે એક(પર-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માત્મા) ની સિદ્ધિ જોતો હોઈને તે નથી કોઈનો ત્યાગ કરતો કે નથી કોઈ તેનો ત્યાગ કરતું.' મેધાતિથિ પણ કહે છે: 'આસન, પાત્રનો લોભ, સંચય, શિષ્યનો સંગ્રહ, દિવસે ઊંઘવું અને ખાલી બડબડાટ એ છ વસ્તુઓ યતિને બંધન કરનારી છે. ગામમાં એક દિવસથી વધારે રહેવું, શહેરમાં પાંચ દિવસથી વધારે રહેવું અને ચોમાસા સિવાય કોઈ એક જ સ્થળે સ્થિર રહેવું—આને આસન કહેવામાં આવ્યું છે. ભિક્ષા જમનારો ભિક્ષુ તૂંબડાં વગેરેનાં જે પાત્રો કહ્યાં છે, તેમાંના એક પાત્રનો પણ સંગ્રહ કરે, તેને પાત્રનો લોભ કહેવાય છે. પોતે જે દંડ વગેરે લીધાં હોય, તેથી બીજો કોઈ પણ પરિગ્રહ કોઈ કાળે ઉપયોગમાં આવશે એમ સમજીને કરવામાં આવે તેને સંચય કહેવામાં આવે છે. સેવાને માટે, લાભને માટે, પૂજાને માટે, યશને માટે અથવા કરુણાને કારણે પણ શિષ્યોનો પરિગ્રહ કરવામાં આવે, તે શિષ્યોનો સંગ્રહ જાણવો. પ્રકાશરૂપ હોવાથી વિદ્યા એ દિવસ કહેવાય છે અને અવિદ્યા એ રાત્રિ કહેવાય છે. વિદ્યાના અભ્યાસમાં જે પ્રમાદ (આળસ—ગફલત) રખાય, તે દિવસે ઊંઘવું છે. આધ્યાત્મિક કથાને, ભિક્ષાટનને અને દેવપૂજાને છોડીને માર્ગમાં કોઈને કૃપાપૂર્વક કુશળ પ્રશ્ન પૂછવો તે ખાલી બડબડાટ કહેવાય છે. માત્ર તે શિષ્યજનરૂપ લોકને ન રાખે, એટલું જ નહિ પણ તે તે લોકને જુએ સુદ્ધાં નહિ; કારણ કે એ અવલોકન બંધનના કારણરૂપ છે. મૂળમાં ન ચ (અને નહિ) એમ કહ્યું છે. તેથી સ્મૃતિએ જેની મના કરી હોય તેવું બીજું પણ ન કરવું એવો અભિપ્રાય છે. તે મના કરેલી વસ્તુઓ મેધાતિથિ આ પ્રમાણે બતાવે છે: 'યતિએ સ્થાવર, જંગમ, બીજ, તૈજસ પદાર્થ, (ધાતુ) વિષ અને આયુધ એ છ વસ્તુઓને મૂત્ર તથા પરુની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેમ ત્યજવી. વળી રસાયન, કર્મકાંડનો વાદ, જ્યોતિષ, ખરીદીવેચાણ તેમજ વિવિધ શિલ્પો એટલાંને તેણે પરસ્ત્રીની જેમ ત્યજવાં. લૌકિક તથા વૈદિક વ્યવહારમાં યોગીને જે જે વસ્તુઓ બાધક છે, તેમને ત્યજવાનું કહ્યું છે. હવે પ્રશ્નોત્તરથી અત્યંત બાધક વસ્તુ બતાવીને તેનો ત્યાગ કહેવામાં આવ્યો છે: શું અત્યંત બાધક (આ બાધા) છે? હા, અત્યંત બાધક (આ બાધા) છે જ; કારણ કે ભિક્ષુ સોનાને રસપૂર્વક જુએ છે, તો તે બ્રહ્મહત્યારો થાય છે; કારણ કે ભિક્ષુ સોનાને રસપૂર્વક સ્પર્શે છે, તો તે ચાંડાલ થાય છે; કારણ કે ભિક્ષુ સોનાને રસપૂર્વક લે છે, તો તે આત્મઘાતી થાય છે. તેથી ભિક્ષુએ સોનાને રસપૂર્વક જોવું નહિ, સ્પર્શવું નહિ અને લેવું નહિ.' અહીં મૂળમાં 'આ બાધક' છે. તેમાં 'આ'કાર અભિવ્યક્તિના અર્થમાં છે; કેમ કે કહ્યું છે: 'આક્' અલ્પ અર્થમાં અથવા અત્યંત અર્થમાં હોય છે. અભિવ્યાપ્ત બાધક છે એટલે અત્યંત બાધક છે. તેનું હોવાપણું કહીને સોનાનું તો અત્યંત બાધકપણું કહેવામાં આવ્યું છે, રસ(પ્રીતિ)પૂર્વક એટલે અભિલાષા સાથે એટલે આદરપૂર્વક જો સોનાને જોવામાં આવે છે, તો તે જોનાર ભિક્ષુ બ્રહ્મહત્યારો થાય છે. સોનાની આસક્તિને લીધે તે ભિક્ષુ તે સોનું મેળવવાને તથા સાચવવાને પ્રયત્ન કરે છે. પછી તે એ સોનાની વ્યર્થતાને દૂર કરવા માટે દૃશ્ય પ્રપંચને મિથ્યા ઠેરવનારા વેદાંતગ્રંથોને દૂષણ લગાડે છે અને સોનાના સત્યપણાને વળગી રહે છે. આમ થતાં શાસ્ત્રસિદ્ધ બ્રહ્મ તે ભિક્ષુને હાથે હત્યા જ પામે છે. આથી તે ભિક્ષુ બ્રહ્મહત્યારો થાય છે. વળી સ્મૃતિમાં કહ્યું છે: 'જે કહે છે કે બ્રહ્મ નથી, જે બ્રહ્મવેત્તાનો દ્વેષ કરે છે અને જે ખાલી બ્રહ્મવાદી છે, તે ત્રણે જણ બ્રહ્મના ઘાતક છે.' 'જે સર્વ ધર્મોથી બહિષ્કાર પામ્યો છે, તેને તો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બ્રહ્મહત્યારો જાણવો.' જો સોનાને અભિલાષાપૂર્વક અડવામાં આવે છે, તો તે અડનાર ભિક્ષુ પતિત થવાથી ચાંડાલ થાય છે, એટલે કે તે મ્લેચ્છ જેવો થાય છે. પતિતતાના સંબંધમાં સ્મૃતિ આ પ્રમાણે કહે છે: બુદ્ધિપૂર્વક વીર્યનું પતન કરવું અને દ્રવ્યનો સંગ્રહ કરવો એ બે વસ્તુઓ જે ભિક્ષુ કરે છે, તે ભિક્ષુ નક્કી પતિત થાય છે. અભિલાષાપૂર્વક સોનાને લેવું જ નહિ. જો કદી લેવામાં આવે, તો તે ભિક્ષુ દેહ તથા ઇંદ્રિય વગેરેના સાક્ષીરૂપ અસંગ ચિદાત્માનો ઘાત કરે છે; કારણ કે પોતાના આત્માનું અસંગપણું ત્યજીને તેણે તેને સોના વગેરે દ્રવ્યનો ભોક્તા ઠરાવ્યો છે. આત્મા વિશે આવું ભ્રાંતિજ્ઞાન સર્વ પાપરૂપ છે, એમ સ્મૃતિ કહે છે: 'જે અન્યથા સ્વરૂપવાળા (અસંગ) આત્માને અન્યથારૂપ (કર્તાભોક્તારૂપ સંગવાળો) માને છે, તે આત્મઘાતી ચોરે કયું પાપ કર્યું નથી?'

વળી તે આત્મઘાતીને માટે શ્રુતિમાં સુખના છાંટા વિનાના તથા અનેક પ્રકારના દુઃખથી ઘેરાયેલા લોકો કહ્યા છે: 'જે મનુષ્યો આત્મઘાતી છે, તેઓ મૃત્યુ પછી અંધ અંધકારથી વીંટાયેલા અસુર્ય (પ્રકાશહીન અથવા અસુર સંબંધી) નામના લોકોને પામે છે.' શ્રુતિમાં 'અને સોનાને જુએ' એમ કહ્યું છે. એમાં 'અને' શબ્દથી તો 'સાંભળવામાં આવે' એ પણ લેવાનું છે. ત્યાં 'અને સોનાને અડે' એમ કહેવામાં આવ્યું છે. એમાં 'અને' શબ્દથી 'કહેવામાં આવે' એમ પણ સમજવાનું છે. તે જ પ્રમાણે શ્રુતિમાં 'અને સોનાને લે' એમ કહ્યું છે. એમાં 'અને' શબ્દથી 'એનો વ્યવહાર કરે' એમ પણ ગણવાનું છે. અભિલાષપૂર્વક સોનાને જોવું, તેને અડવું, તેને લેવું એ જેમ પાપના કારણરૂપ છે, તેમ અભિલાષપૂર્વક સોનાની વાત સાંભળવી, તેના ગુણો કહેવા અને તેનો વ્યવહાર કરવો એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પણ પાપના કારણરૂપ છે એ અર્થ છે. આમ અભિલાષાપૂર્વક સોનાને જોવું વગેરે દોષકારી છે. તેથી ભિક્ષુએ સોનાના દર્શન વગેરેનો ત્યાગ કરવો એવો અર્થ છે.

સોનાના ત્યાગનું ફળ કહે છે: 'તેના મનમાં રહેલાં સર્વ કામો પાછાં વળે છે. તે દુઃખમાં ઉદ્વેગ પામતો નથી અને સુખમાં સ્પૃહા રાખતો નથી. તેને રાગમાં ત્યાગ હોય છે અને શુભ તથા અશુભમાં તે સર્વત્ર સ્નેહરહિત હોય છે. તે દ્વેષ કરતો નથી અને હરખ કરતો નથી. તે આત્મામાં જ સ્થિતિ રાખે છે, તેની સર્વ ઇંદ્રિયોની ગતિ ઉપરામ પામે છે.' પુત્ર, પત્ની, ગૃહ અને ક્ષેત્ર વગેરે કામો છે. તે સર્વનું મૂળ સોનું (દ્રવ્ય) છે. સોનાનો ત્યાગ કરવામાં આવે એટલે પછી મનમાં રહેલાં તે કામો મનના સ્થાનમાંથી પાછાં વળે છે. આમ કામની નિવૃત્તિ થાય છે, એટલે કર્મથી આવી મળતાં દુઃખમાં કે સુખમાં ઉદ્વેગ કે સ્પૃહા થતી નથી. આ વાત સ્થિતપ્રજ્ઞના પ્રકરણમાં વિસ્તારથી ચર્ચી છે. હવે આ લોકનાં સુખદુઃખનો અનાદર થયાથી પરલોકના વિષયોની આસક્તિનો પણ ત્યાગ થાય છે. જે આ લોકના સુખની સ્પૃહાવાળો મનુષ્ય જ ઐહિક સુખ ઉપરથી અનુમાન કરેલા પરલોકના સુખમાં રાગવાન થાય છે, તેથી જેને આ લોકના સુખને વિશે સ્પૃહા નથી, તે જ પરલોકના સુખ પ્રત્યે રાગરહિત હોઈ શકે છે. આમ સર્વત્ર એટલે બન્ને લોકમાં જે શુભ તથા અશુભ, અનુકૂળ તથા પ્રતિકૂળ વિષયો છે, તેમને વિશે તે રાગદ્વેષરહિત હોય છે. વળી આ જ લક્ષણ દ્વેષરહિતતાનું પણ છે. આવો વિદ્વાન (જ્ઞાની) કોઈ અશુભકારી પુરુષનો દ્વેષ કરતો નથી અને કોઈ શુભકારી પુરુષને જોઈ હરખ પામતો નથી. દ્વેષ અને હરખથી રહિત થયેલો જે પુરુષ સર્વદા આત્મામાં જ સ્થિતિ રાખે છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેની સર્વ ઇંદ્રિયોની ગતિ એટલે પ્રવૃત્તિ ઉપરામ પામે છે–અટકી જાય છે. આમ ઇંદ્રિયો ઉપરામ પામે છે, એટલે નિર્વિકલ્પ સમાધિમાં ક્યારેય વિઘ્ન થતું નથી. પહેલાં 'તેમની સ્થિતિ શી?' એ પ્રશ્નનો સંક્ષેપથી તથા વિસ્તારથી જે ઉત્તર આપ્યો છે, તે જ અહીં સોનાના નિષેધના પ્રસંગથી ફરીથી સ્પષ્ટ કરીને કહ્યો છે.

હવે બ્રહ્મદેવ વિદ્વત્સંન્યાસનો ઉપસંહાર કરે છે: 'જે પૂર્ણાનંદરૂપ અને અખંડ જ્ઞાનસ્વરૂપ છે, તે બ્રહ્મ હું છું–એમ અનુભવીને તે કૃતકૃત્ય થાય છે, કૃતાર્થ થાય છે.' વેદાંતમાં જે બ્રહ્મનું પૂર્ણ આનંદરૂપ અને અખંડ જ્ઞાનસ્વરૂપ પરમાત્મા તરીકે નિરૂપણ કરવામાં આવ્યું છે, તે બ્રહ્મ હું છું, એવું સર્વદા અનુભવનારો આ યોગી પરમહંસ કૃતકૃત્ય થાય છે. વળી સ્મૃતિમાં કહ્યું છે: 'જ્ઞાનામૃતથી તૃપ્ત થયેલા કૃતકૃત્ય યોગીને કશું જ કર્તવ્ય નથી, જો હોય તો તે તત્ત્વજ્ઞ નથી.'

જીવન્મુક્તિવિવેકથી હૃદયના બંધને દૂર કરતા એ વિદ્યાતીર્થ મહેશ્વર સંપૂર્ણ પુરુષાર્થ આપો!

પલકવારમાં ભેદ ને અભેદ ઓગળી ગયા છે, પુણ્ય ને પાપ ચોરાઈ ગયાં છે. માયા ને મોહ મરી ગયાં છે, સંદેહની વૃત્તિ આથમી ગઈ છે અને શબ્દથી અતીત તથા ત્રિગુણથી રહિત એવા તત્ત્વનું જ્ઞાન થયું છે. એવા ત્રિગુણાતીત માર્ગે વિચરનારાને વિધિ શો ને નિષેધ શો? આત્મજ્ઞાનમાં પરાયણ રહેનારા યોગીઓ, પાણીથી ભરેલાં તીર્થોને અને માટી તથા પથ્થરના બનેલા દેવોને શરણે જતા નથી. દ્વિજોનો દેવ અગ્નિ છે, મુનિઓનું દૈવત હૃદયમાં છે, અલ્પ બુદ્ધિવાળાઓનો દેવ મૂર્તિ છે અને આત્મજ્ઞાનીઓનો દેવ સર્વત્ર છે. આંધળો માણસ ઉદય પામેલા સૂર્યને જોતો નથી, તેમ જે જ્ઞાનચક્ષુ વિનાનો છે તે સર્વત્ર રહેલા શાંત જનાર્દનને પામતો નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ माँ ॥

પરિશિષ્ટ

૧ : જીવન્મુક્તિનું પ્રમાણ

વેદો જેના નિઃશ્વાસરૂપ છે અને વેદોમાંથી જેણે અખિલ જગતને નિર્માણ કર્યું છે, તે વિદ્યાતીર્થ (સકળ વિદ્યાઓને પાવન કરનાર) મહેશ્વરને હું વંદન કરું છું.[૧]

હું વિવિદિષા સંન્યાસ (સાધક સંન્યાસ) અને વિદ્વત્સંન્યાસ (સિદ્ધ સંન્યાસ) એ બન્ને ભેદો વિષે કહીશ. આમાં વિવિદિષા સંન્યાસ વિદેહમુક્તિ (મૃત્યુ પછી મળતી મુક્તિ)-નો હેતુ છે અને વિદ્વત્સંન્યાસ જીવન્મુક્તિ(જીવતાજીવત મુક્તિ)નો હેતુ છે.[×૨]

શ્રુતિ કહે છે કે 'જે ક્ષણે વૈરાગ્ય ઊગી આવે, તે જ ક્ષણે સંન્યાસ લેવો.' આમ સંન્યાસનો હેતુ વૈરાગ્ય છે અને તેના પ્રકારો તો પુરાણોમાં પ્રસિદ્ધ છે.[૩]

× સંન્યાસીઓ ચાર પ્રકારના છે: કુટીચક સંન્યાસી યાત્રા આદિ કરવાને અશક્ત હોઈને કુટી (ઝૂંપડી) બાંધીને રહે છે, રોજ બાર હજાર પ્રણવજાપ કરે છે અને યોગ્ય સમયે ભિક્ષા માગી આવી પોતાના આશ્રમમાં રહી બ્રહ્મધ્યાન કરે છે. બહૂદક સંન્યાસી તીર્થે-તીર્થે યાત્રા કરનારો હોય છે. હંસ સંન્યાસી હંસની જેમ સાતમા લોક સુધી ઊડે છે અને પરમહંસ સંન્યાસી આ જીવનમાં પણ મુક્તિનો આનંદ અનુભવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૈરાગ્ય બે પ્રકારનો કહેવામાં આવ્યો છે: એક તીવ્ર વૈરાગ્ય છે અને બીજો તીવ્રતર વૈરાગ્ય છે. આમાં તીવ્ર વૈરાગ્ય થતાં કુટીચક સંન્યાસ લેવો અને એ લેનાર શક્તિમાન હોય તો તેણે બહૂદક સંન્યાસ લેવો. તીવ્રતર વૈરાગ્ય થતાં હંસ નામનો સંન્યાસ લેવો અને એ તીવ્રતર વૈરાગ્યવાળો જો મુમુક્ષુ (મોક્ષની ઇચ્છાવાળો) હોય, તો તેણે આત્મજ્ઞાનના સાધનરૂપ એવો 'પરમહંસ' નામનો સંન્યાસ લેવો.[૪,૫]

પુત્ર, પત્ની અને ગૃહ આદિનો નાશ થાય છે, ત્યારે 'આ સંસારમાં ધૂળ પડો' એવી તેટલા વખત પૂરતી બુદ્ધિ થાય છે. આને મંદ વૈરાગ્ય કહેવામાં આવે છે.[૬]

'આ જન્મમાં મને પુત્ર, પત્ની અને એવું બીજું ન જ હો.' એવી જે સુસ્થિર બુદ્ધિ છે, તે તીવ્ર વૈરાગ્ય છે.[૭]

'જ્યાંથી ફરી પાછા આવવાનું થાય એવો કોઈ પણ લોક મને ન હો.' એવી જે વૃત્તિ છે, તે તીવ્રતર વૈરાગ્ય છે. મંદ વૈરાગ્યમાં કોઈ પણ સંન્યાસ હોઈ જ શકે નહિ.[૮]

તીવ્ર વૈરાગ્યમાં ક્રમ પ્રમાણે બે પ્રકારના સંન્યાસ લઈ શકાય છે: યાત્રા આદિની અશક્તિ હોય, તો કુટીચક સંન્યાસ લેવો અને એ યાત્રા આદિની શક્તિ હોય, તો બહૂદક સંન્યાસ લેવો. એ બન્ને પ્રકારના સંન્યાસીઓ ત્રિદંડી× હોય છે.[૯]

તીવ્રતર વૈરાગ્યમાં ક્રમપૂર્વક બે પ્રકારના સંન્યાસ ધારણ કરી શકાય છે: જેને બ્રહ્મલોકની ઇચ્છા છે, તેણે હંસ નામનો સંન્યાસ ધારણ કરવો; અને જેને કેવળ મોક્ષની જ

× આ સંન્યાસીઓ ત્રણ ગાંઠવાળો એક લાંબો વાંસનો દંડ રાખે છે. આ ત્રણ ગાંઠ તન, મન અને વાણી સાથે સંકળાયેલી સૌ કોઈ વસ્તુનો વિવિધ ત્યાગ સૂચવે છે અને એ ક્ષણથી પર એવા 'तत्' માં નિત્ય મગ્ન હોવાનું બતાવે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઇચ્છા છે, તેણે પરમહંસ નામનો સંન્યાસ ધારણ કરવો. તત્ત્વને જાણનારો હંસ સંન્યાસી બ્રહ્મલોકમાં આત્મસાક્ષાત્કાર પામી મુક્તિ પામે છે અને પરમહંસ સંન્યાસી આ જ દેહે આત્મસાક્ષાત્કાર સાધે છે.[૧૦]

આ સર્વ સંન્યાસીઓના સદાચારો વિષે પારાશર-સ્મૃતિમાં કહેવામાં આવ્યું છે. અહીં તો અમે માત્ર પરમહંસ સંન્યાસીઓ વિષે જ વિવેચન કરીશું.[૧૧]

પરમહંસ વળી બે પ્રકારના મનાયા છે: એક જિજ્ઞાસુ (જ્ઞાનની ઇચ્છાવાળો) છે અને બીજો જ્ઞાનવાન (સિદ્ધ) છે. વાજસનેયી શાખાનું અધ્યયન કરનારાઓએ (બૃહદારણ્યક ઉપનિષદમાં) કહ્યું છે કે, જિજ્ઞાસુએ પણ જ્ઞાનને અર્થે પરમહંસ સંન્યાસ લેવો.[૧૨]

શ્રુતિ કહે છે: 'એ લોકને ઇચ્છતા સંન્યાસીઓ સંસારનો ત્યાગ કરે છે.' મંદ બુદ્ધિવાળાની સમજ માટે હું એ શ્રુતિનો અર્થ ગદ્યમાં સમજાવીશ.

લોક બે પ્રકારના છે: એક આત્મલોક છે અને બીજો અનાત્મલોક છે. આ અનાત્મલોક ત્રણ પ્રકારના છે. એમ બૃહદારણ્યકના ત્રીજા અધ્યાયમાં શ્રુતિ છે: 'ત્યારે અહીં મનુષ્ય-લોક, પિતૃલોક અને દેવલોક એમ ત્રણ લોકો છે. એમાં જે મનુષ્યલોક છે, તે પુત્રોત્પત્તિથી જ જિતાય છે—બીજા કોઈ કર્મથી જિતાતો જ નથી. જે પિતૃલોક છે, તે (નિત્ય) કર્મથી જ જિતાય છે અને જે દેવલોક છે, તે (દહરાદિ) વિદ્યાથી જિતાય છે.' એમાં જ 'આત્મલોક વિષે પણ આ શ્રુતિ છે: 'જો કોઈ પુરુષ સ્વલોકને જાણ્યા વિના જ આ લોકમાંથી ચાલ્યો જાય છે, તો અજ્ઞાત આત્મારૂપ લોક તે પુરુષને પાળતો નથી.' વળી 'આત્મારૂપ લોકની જ ઉપાસના કરવી. જે કોઈ આત્મા-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રૂપ લોકની જ ઉપાસના કરે છે, તેનું કર્મ ક્ષય પામતું જ નથી.' એટલે કે જો કોઈ મનુષ્ય પરમાત્મા નામના સ્વલોકને 'હું બ્રહ્મ છું' એમ જાણ્યા વિના જ માંસ વગેરેના પિંડરૂપ શરીરથી મરી જાય છે, તો અજ્ઞાત રહેલો તે પરમાત્મા નામનો સ્વલોક અવિદ્યાથી ઢંકાઈ ગયેલો હોવાથી પેલા અજ્ઞાની પ્રેતનું એટલે કે મુડદાનું રક્ષણ કરતો નથી, તેને બચાવતો નથી; એટલે કે તે શોક, મોહ આદિ દોષો દૂર કરીને તેનું રક્ષણ કરતો નથી. પરંતુ આત્માના ઉપાસકનું કર્મ ક્ષય પામતું જ નથી, એટલે કે ચોક્કસ તેનું કર્મ, માત્ર એક ફળ આપીને જ નાશ પામતું નથી, તે તો સર્વ ઇષ્ટ ફળો આપે છે અને મોક્ષ પણ આપે છે.

વળી એના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે: 'અમારે માટે આ આત્મારૂપી લોક છે, તો પછી અમારે શા માટે અધ્યયન કરવું જોઈએ? શા પ્રયોજને અમારે યજન કરવું જોઈએ? અને પ્રજાને (સંતતિને) અમે કરીશું શું? જેઓ પ્રજાની ઇચ્છા રાખે છે, તેઓ સ્મશાનમાં સૂએ છે: અને જેઓ પ્રજાની ઇચ્છાનો ત્યાગ કરે છે, તેઓ અમૃતત્વ પામે છે.'

આથી 'એ લોકને ઇચ્છતા સંન્યાસીઓ આ સંસારનો ત્યાગ કરે છે.' એ શ્રુતિમાં આત્મલોકની જ વાત છે, એમ સમજાય છે; કારણ કે 'આ તે આત્મા મહાન અને અજન્મા છે.' એ શ્રુતિમાં જે 'આત્મા' શબ્દ છે તે આગલી શ્રુતિમાં 'એ' શબ્દથી ઉલ્લેખાયેલો છે. લોક એટલે જેનાથી જોવાય છે, અનુભવાય તે. આથી આત્માનુભવને ઇચ્છતા સંન્યાસીઓ સંસારનો ત્યાગ કરે છે, એવો એ શ્રુતિનો ભાવાર્થ છે. સ્મૃતિ પણ કહે છે: 'પરમહંસ સંન્યાસ બ્રહ્મના સાક્ષાત્કારરૂપી લાભને માટે છે. તેથી પરમહંસે શમ અને દમ આદિ સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાધનોથી યુક્ત હોવું જોઈએ.'

આ જન્મમાં કે જન્માંતરમાં વિધિપૂર્વક આચરવામાં આવેલાં વેદાધ્યયન આદિ શુભ નિત્યકર્મોથી વિવિદિષા (જ્ઞાનની તીવ્ર ઇચ્છા) ઉત્પન્ન થાય છે. આ સંન્યાસ એ વિવિદિષાનું પરિણામ છે. તેથી આને વિવિદિષા સંન્યાસ કહેવામાં આવે છે. આ વિવિદિષા સંન્યાસ જ્ઞાન મેળવવા માટે છે, અને તેના બે પ્રકાર છે. એમાંના એક સંન્યાસમાં જન્મજન્માંતરને આપતા કેવળ કામ્યકર્માદિનો ત્યાગ કરવાનો હોય છે અને બીજા સંન્યાસમાં પ્રૈષમંત્રના ઉચ્ચારણ સાથે દંડધારણ આદિ આશ્રમચિહ્ન રાખવાનાં હોય છે. પ્રૈષમંત્રના ઉચ્ચારણમાત્રથીય ઉચ્ચારનારની માતાને તથા પત્નીને સુદ્ધાં પુરુષનો જન્મ મળે છે અને તે પોતે પણ તેના પ્રભાવથી બ્રહ્મનિષ્ઠ, સુશીલ તથા જ્ઞાનવાન થાય છે.

કામ્યકર્માદિના ત્યાગરૂપ સંન્યાસના સંબંધમાં તૈત્તિરીયાદિ ઉપનિષદમાં આવી શ્રુતિ છે: 'કર્મથી, પ્રજાથી અને ધનથી કોઈને અમૃતત્વ લાધ્યું નથી. કોઈને તે લાધ્યું હોય તો તે માત્ર ત્યાગથી.' આ ત્યાગનો સ્ત્રીઓને અધિકાર છે; કારણ કે સ્ત્રીઓ પણ વિવાહ પહેલાં અને વૈધવ્ય પછી આ સંન્યાસની અધિકારિણી છે. એ વાત 'ભિક્ષુકી' શબ્દથી શ્રુતિમાં જણાવી છે. તેવી સ્ત્રીએ ભિક્ષા માટે ફરવું, મોક્ષશાસ્ત્ર(ઉપનિષદ આદિ)નું શ્રવણ કરવું, એકાંતમાં આત્માનું ધ્યાન ધરવું અને ત્રિદંડ આદિ ચિહ્ન ધારણ કરવાં. આ પ્રમાણે મોક્ષધર્મને વિશે ચતુર્ધરી ટીકામાં સુલભા–જનકના સંવાદમાં નિરૂપણ કરેલું છે. શારીરક ભાષ્યના ત્રીજા અધ્યાયના ચોથા પાદમાં દેવતાધિકરણની ચર્ચા(સૂત્ર ૩૬૭–૩૬૮)માં વિધુરના અધિકાર સંબંધમાં પ્રસંગ છે. તેમાં વાચક્નવી આદિ બ્રહ્મવાદિની ભિક્ષુકીઓ-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નો ઉલ્લેખ છે. મૈત્રેયીનું વાક્ય ત્યાં દૃષ્ટાંતરૂપે આપ્યું છે: 'જેના વડે હું અમરતા પામી ન શકું, તે(ધન)ને લઈને હું કરું શું? આથી હે ભગવન્! તમે જે જાણો છો, તે જ તમે મને કહો.'

બ્રહ્મચારીઓ, ગૃહસ્થીઓ અને વાનપ્રસ્થીઓમાંથી કોઈને કોઈ કારણસર સંન્યાસ આશ્રમ સ્વીકારવામાં કાંઈ વાંધો હોય, તોપણ તેઓ પોતપોતાના આશ્રમધર્મોનું પાલન કરતા રહીને પણ માનસસંન્યાસ લઈ શકે અને એ રીતે તત્ત્વજ્ઞાન પામી શકે. આમાં કોઈ વિરોધ નથી. શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ અને પુરાણોમાં તેમ જ લોકમાં પણ એવા તત્ત્વજ્ઞાનીઓનાં અનેક દૃષ્ટાંતો મળી આવે છે. પરમહંસ આશ્રમ (વિવિદિષા સંન્યાસ) જ્ઞાન મેળવવાના સાધનરૂપ છે. તેમાં દંડ આદિ ચિહ્નો વિશિષ્ટ રીતે ધારણ કરવામાં આવે છે. પૂર્વના આચાર્યોએ તેને વિશે ઘણુંઘણું ઘણીઘણી રીતે કહ્યું છે. આથી આ વિષયમાં હું આટલેથી અટકું છું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ माँ ॥

૨ : વિદ્વત્સંન્યાસનું નિરૂપણ

હવે અમે વિદ્વત્સંન્યાસનું નિરૂપણ કરીશું. જેમણે શ્રવણ, મનન અને નિદિધ્યાસનનું સારી રીતે અનુષ્ઠાન કરીને પરમતત્ત્વને જાણ્યું છે, તેઓ જે સંન્યાસ લે છે, તે વિદ્વત્સંન્યાસ છે. યાજ્ઞવલ્ક્યે તે ધારણ કર્યો હતો. વિદ્વાનોના શિરોમણિ એવા એ ભગવાન યાજ્ઞવલ્ક્યે વિજિગીષુ કથા(બૃ. ઉ. અ. ૩)માં અનેક પ્રકારે તત્ત્વનિરૂપણ કરીને અશ્વલ આદિ મુનિઓને ચર્ચામાં હરાવ્યા હતા. વળી વીતરાગ કથા(બૃ. ઉ. અ. ૪)માં એમણે જનકરાજાને સંક્ષેપમાં તથા વિસ્તારથી અનેક રીતે બોધ આપ્યો હતો. પછી તેમણે પોતાની પત્ની મૈત્રેયીને બોધ આપવાની ઇચ્છા કરી અને તે જલદીથી તત્ત્વને જાણે તે હેતુથી તેમણે તેની આગળ પ્રતિજ્ઞા લીધી કે 'હું સંન્યાસ લઈશ.' આમ તેને બોધ આપ્યા પછી તેમણે સંન્યાસ ધારણ કર્યો. આ બન્ને વાત મૈત્રેયી–બ્રાહ્મણના આદિમાં તથા અંતમાં સ્પષ્ટ છે. હવે અન્ય આશ્રમને ધારણ કરવાને ઇચ્છતા યાજ્ઞવલ્ક્યે કહ્યું: 'અરે ઓ મૈત્રેયી! હું યાજ્ઞવલ્ક્ય આ ગૃહસ્થાશ્રમને છોડીને સંન્યાસાશ્રમને સ્વીકારવા ઇચ્છું છું. એ સંન્યાસ જ સાચું અમૃતત્વ છે.' આમ કહીને યાજ્ઞવલ્ક્યે સંન્યાસ લીધો. કહોલ બ્રાહ્મણમાં પણ વિદ્વત્સંન્યાસ વિશે કહેવામાં આવ્યું છે: આવા તે આત્માનો સાક્ષાત્કાર કરીને બ્રાહ્મણો પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાથી અળગા થઈ જઈ ભિક્ષાટન જ કરે છે, સંન્યાસ સ્વીકારે છે.' હવે આ વાક્ય વિવિદિષા સંન્યાસને લગતું છે એવી શંકા રાખવી નહિ; કારણ કે વિદિત્વા (સાક્ષાત્કાર કરીને) એ શબ્દમાં રહેલા પૂર્વકાળને સૂચવનારા 'ત્વા' પ્રત્યયને અને બ્રહ્મવિદ્‌ના વાચક 'ब्राह्मणः' શબ્દને બાધ આવી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પડે. વળી અહીં આવેલો 'બ્રાહ્મણ' શબ્દ કંઈ બ્રાહ્મણની જાતિનો વાચક નથી; કેમ કે એ વાક્યના આગળના ભાગમાં બ્રહ્મના સાક્ષાત્કારને ઉદ્દેશીને જ 'अथ ब्राह्मणः' શબ્દ કહ્યા છે. એ બ્રહ્મસાક્ષાત્કાર શ્રવણ, મનન તથા નિદિધ્યાસનથી થાય છે અને એ શ્રવણ આદિને અનુક્રમે પાંડિત્ય, બાલ્ય અને મૌન એવી સંજ્ઞાઓથી વર્ણવવામાં આવ્યાં છે.

હવે બ્રાહ્મણ શબ્દ પાંડિત્ય આદિમાં પ્રવર્તતો છતાં વિવિદિષા સંન્યાસમાં રહેલાને લાગુ પડે છે અને આ યોજનાને કારણે બ્રાહ્મણ 'યથાવિધિ પાંડિત્ય (શ્રવણ) ગાળ્યા પછી બાલ્ય(મનન)માં રહે' એ વાક્યનો આધાર છે એવું કહેવામાં આવે, તો તે અમને માન્ય નથી; કેમ કે 'ભવિષ્યમાં બ્રહ્મવેત્તાપણું પ્રાપ્ત કરનારો' એ અર્થનો આધાર રાખીને જ ત્યાં 'બ્રાહ્મણ' શબ્દનો પ્રયોગ થયો છે. જો તેમ ન હોત, તો શ્રવણ, મનન આદિની સાધના પછી જ કાળને સૂચવતો अथ શબ્દ શા માટે યોજવામાં આવે? શારીર બ્રાહ્મણમાં પણ વિદ્વત્સંન્યાસ અને વિવિદિષા સંન્યાસ એ બન્ને વિષે આવો સ્પષ્ટ નિર્દેશ છે; આત્માને જાણીને તે મુનિ થાય છે (મૌનમાં ડૂબી જાય છે). અને એ લોકને (આત્મલોકને) જાણવાની ઇચ્છાવાળાઓ સંન્યાસને ધારણ કરે છે.' મુનિ થવું એટલે મનનશીલ થવું એવો અર્થ છે. આ મનનશીલપણું તો જ્યારે સર્વ કર્તવ્યબંધો ઓગળી ગયા હોય, ત્યારે જ થઈ શકે છે. એટલે આ શબ્દોમાં 'સંન્યાસ' જ સૂચિત થાય છે. આ વાત એ વાક્યના પછીના ભાગમાં સ્પષ્ટ કરી દે છે. 'આ તે જ છે,' એને જાણીને પૂર્વના વિદ્વાનોએ પ્રજાની કામના કરી નથી. તેઓ કહેતા કે આ અમે આત્મલોકને પામ્યા છીએ, તો પછી અમારે પ્રજાને કરવી છે શું?' આમ સમજીને તેમણે પુત્રૈષણા, વિત્તૈષણા અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોકૈષણાને દૂર કરીને ભિક્ષાવૃત્તિ (સંન્યાસદીક્ષા) લીધી. આ શ્રુતિમાં अयं लोकः(આ લોક)નો અર્થ જેનો સાક્ષાત્ અનુભવ થાય છે, એવો આત્મા છે.

અહીં કહેવામાં આવશે, અહીં મુનિત્વના ફળનો લોભ બતાવીને વિવિદિષા સંન્યાસનું વિધાન કરવામાં આવ્યું છે અને વાક્યના બાકીના ભાગમાં એ જ પ્રકારના સંન્યાસનું કથન છે; એટલું જ નહિ પણ એથી બીજા સંન્યાસની અહીં કલ્પના પણ સંભવી શકતી નથી. પણ આમ કહેવું બરાબર નથી; કારણ કે જ્ઞાન એ વિવિદિષા સંન્યાસનું ફળ છે અને 'જ્ઞાન' તથા 'મુનિત્વ' એ બંને કંઈ એક જ વસ્તુ નથી, તે તો એકમેકના સાધ્ય અને સાધનરૂપે છે. કહ્યું છે કે 'એ જાણીને મુનિ થાય છે.'

આમ છતાં કહેવામાં આવશે કે, 'મુનિત્વ' એ તો જ્ઞાનનો પરિપાક છે. તેથી તે જ્ઞાનની માત્ર એક બીજી ઉચ્ચતર અવસ્થા છે. આથી આ મુનિત્વ તો વિવિદિષા સંન્યાસનું જ્ઞાન દ્વારા એક ફળ માત્ર છે. તો એ વાત બરાબર છે. એટલા સારુ જ અમે સાધનરૂપ સંન્યાસથી બીજો એવો ફળરૂપ સંન્યાસ કહીએ છીએ. જેમ વિવિદિષા સંન્યાસીએ તત્ત્વજ્ઞાનને અર્થે શ્રવણ આદિ કરવાં જોઈએ, તેમ વિદ્વત્સંન્યાસીએ પણ જીવન્મુક્તિને અર્થે મનોનાશ અને વાસનાક્ષય મેળવવાં જોઈએ. આ અમે આગળ ઉપર સવિસ્તર વર્ણવીશું.

આ બે સંન્યાસના પેટાભેદો અનેક છે, પણ તે બધા એક 'પરમહંસ' નામમાં સમાવી દેવામાં આવ્યા છે. આથી 'ચાર પ્રકારના ભિક્ષુઓ' કહી સ્મૃતિઓ ચારની જ સંખ્યા ગણાવે છે. આગળ કહેલા બે સંન્યાસો એક પરમહંસ નામમાં ગણાઈ જાય છે, એ વસ્તુ જાબાલ શ્રુતિમાં સમજાવી છે. તેમાં જનકે સંન્યાસ વિષયમાં પ્રશ્ન કર્યો છે, એટલે યાજ્ઞવલ્ક્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંન્યાસાશ્રમના વિશિષ્ટ અધિકારનું વિધાન કરે છે. પછી પાછળના કાળમાં સાધવા યોગ્ય એવાં કર્તવ્ય કહે છે અને સાથે "વિવિદિષા સંન્યાસ" સમજાવે છે. ત્યારે અત્રિમુનિ વાંધો રજૂ કરે છે કે યજ્ઞોપવીત કાઢી નાખ્યાથી બ્રાહ્મણત્વ નીકળી જાય છે. એટલે યાજ્ઞવલ્ક્ય સમાધાન આપે છે કે, 'આત્મજ્ઞાન એ જ યજ્ઞોપવીત છે.' આમ બાહ્ય ઉપવીતના અભાવથી વિવિદિષા સંન્યાસીનું પણ પરમહંસત્વ નિશ્ચિત થાય છે. વળી એ જ ઉપનિષદની એક બીજી કંડિકામાં 'પરમહંસ નામ'થી સાંડીને સંવર્તક આદિ અનેક બ્રહ્મવેત્તા જીવન્મુક્તોનાં ઉદાહરણ આપ્યાં છે. તેઓ બધા 'બહારનાં ચિહ્નો વિનાના, અસ્પષ્ટ આચારવાળા, ઉન્મત્ત ન હોવા છતાં ઉન્મત્તની જેમ વર્તનારા' જણાવાયા છે. આમ ત્યાં તેમને વિદ્વત્સંન્યાસીઓ તરીકે બતાવ્યા છે. આગળ જતાં કહ્યું છે: 'ત્રિદંડ, કમંડલુ, શીકું, પાત્ર, ગળણું, શિખા અને યજ્ઞોપવીત–એ સર્વને 'भू स्वाहा।' કહીને પાણીમાં નાખી દઈને આત્માની ખોજ–શોધ કરવી.' આમ આ વાક્યમાં ત્રિદંડી સંન્યાસીને માટે એક દંડ ધારણ કરવારૂપ 'વિવિદિષા સંન્યાસનું' વિધાન કર્યું છે. તેમ જ તેના ફળરૂપ વિદ્વત્સંન્યાસનું ઉદાહરણ આપ્યું છે. વળી એવો મનુષ્ય જન્મકાળના જેવો નવસ્રો હોય, સુખદુઃખ આદિ દ્વંદ્વોથી મુક્ત હોય અને સંગ્રહરહિત હોય; તે બ્રહ્મમાર્ગમાં યથાર્થ વિચરનારો હોય અને શુદ્ધ મનવાળો હોય. પ્રાણને ટકાવવા સારુ જ તે યોગ્યકાળે ઊડીને ઉદરરૂપી પાત્રથી ભિક્ષા આચરતો હોય, તે લાભ તથા અલાભમાં સમવૃત્તિ રાખતો હોય અને તે અનિશ્ચિત રહેઠાણવાળો હોય. આમ તે સૂના ખંડેરમાં, દેવાલયમાં, ઘાસની ગંજીમાં, રાફડામાં, ઝાડના મૂળમાં, કુંભારની કોઢમાં, અગ્નિશાળામાં, રેતાળ કાંઠા ઉપર, પર્વતની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુફામાં, વૃક્ષની બખોલમાં, કોતરમાં, ઝરણાં આગળ, અથવા સ્થંડિલ (ચબૂતરો કે યજ્ઞવેદી) આગળ ફાવે તેમ અને ફાવે ત્યારે ઊડતો મુકામ કરતો હોય. વળી તે પ્રયત્નરહિત હોય, શુદ્ધ પરમાત્માના ધ્યાનમાં પરાયણ હોય, આત્મામાં નિષ્ઠાવાળો હોય અને શુભ તથા અશુભ કર્મોને નિર્મૂળ કરવામાં તત્પર હોય તે સંન્યાસથી દેહત્યાગ કરે છે અને પરમહંસ છે. આ પ્રમાણે એ બન્ને સંન્યાસમાં પરમહંસપણું સિદ્ધ છે.

આમ બન્ને પ્રકારના સંન્યાસોમાં પરમહંસપણું સિદ્ધ છે, તોપણ એકબીજામાં વિરુદ્ધ ધર્મ હોવાથી તેમનામાં આંશિક ભેદ છે, એ સ્વીકારવું જોઈએ. આરુણિ ઉપનિષદનું તથા પરમહંસ ઉપનિષદનું બરાબર અવલોકન કરવાથી તેમના એ વિરુદ્ધ ધર્મ વિશે જાણી શકાય છે. 'હે ભગવન્! શી રીતે હું સર્વ કર્મોનો ત્યાગ કરું?' એમ શિષ્ય આરુણિએ શિખા અને યજ્ઞોપવીત, સ્વાધ્યાય અને ગાયત્રીજપ આદિ સર્વ કર્મોના ત્યાગરૂપ વિવિદિષા સંન્યાસના સંબંધમાં પૂછ્યું હતું. ત્યારે ગુરુ પ્રજાપતિએ શિખા અને યજ્ઞોપવીત ઇત્યાદિ આગળ કહેલા વચનથી સર્વનો ત્યાગ કરવા કહ્યું અને દંડ, આચ્છાદન તથા કૌપીન લેવાં એમ કહીને દંડ વગેરે લેવાનું વિધાન કર્યું. છતાં તેમણે કહ્યું: 'સવારે, બપોરે અને સાંજે સ્નાન કરવું, સંધિકાલે સમાધિમાં રહી આત્માનું અનુસંધાન કરવું અને સર્વ વેદોમાં આરણ્યક તથા ઉપનિષદનું ફરી ફરી અધ્યયન કરવું.' આ પ્રમાણે જ્ઞાનના હેતુરૂપ આશ્રમધર્મોનું તેમણે જ્ઞાનના કર્તવ્યરૂપે વિધાન કર્યું છે.

હવે નારદે પરમહંસ યોગીઓનો શો માર્ગ છે, એમ વિદ્વત્સંન્યાસના સંબંધમાં પૂછ્યું હતું, ત્યારે ગુરુ ભગવાન પ્રજાપતિએ 'સ્વપુત્રમિત્ર' આદિ શબ્દોથી પૂર્વની જેમ સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વસ્તુઓનો ત્યાગ કરવાનું કહ્યું હતું અને 'કૌપીન, દંડ તથા આચ્છાદન' આદિ વચનોથી એ કૌપીન, દંડ તથા આચ્છાદનને શરીરનિર્વાહને અર્થે તેમજ લોકકલ્યાણને માટે સ્વીકારવાનું જણાવ્યું હતું. આમાં પણ દંડાદિ સ્વીકારવાનું જે વચન છે, તે માત્ર લૌકિક વ્યવહારનું જ સૂચન છે; કેમકે તે કહે છે કે એ કાંઈ શાસ્ત્રોક્ત મુખ્ય કર્તવ્ય નથી. ત્યારે તેમને પૂછવામાં આવ્યું : 'તો મુખ્ય કર્તવ્ય શું છે?' એટલે તેમણે કહ્યું : 'પરમહંસ નથી દંડ રાખતો, નથી શિખા રાખતો, નથી યજ્ઞોપવીત રાખતો અને નથી આચ્છાદન રાખતો.' આ પ્રમાણે દંડાદિ ચિહ્નો ન રાખવાં એ શાસ્ત્રોક્ત છે; એમ કહીને તેમણે આ વચનોથી વિવરણ કર્યું : 'તે પરમહંસને શીત અને ઉષ્ણ આદિ દ્વંદ્વો બાધા નથી કરતાં, તે દિશાઓરૂપી વસ્ત્ર ધારણ કરે છે અને તે સ્તુતિનમસ્કારાદિથી પર છે.' આમ પરમ હંસનું લોકવ્યવહારથી અતીતપણું બતાવીને તેમણે અંત ભાગમાં જાણે ઉપસંહાર કરતાં કહ્યું છે : 'જે પૂર્ણ, આનંદઘન અને બોધરૂપ છે, 'બ્રહ્મ હું છું' એવા જ્ઞાનાનુભવથી તે પરમહંસ કૃતકૃત્ય થાય છે.' આમ જીવન્મુક્ત યોગીને છેલ્લી સ્થિતિ કેવળ બ્રહ્માનુભવમાં જ છે, એમ બતાવ્યું છે. આ પ્રમાણે વિવિદિષા સંન્યાસ અને વિદ્વત્સંન્યાસ એ બંનેમાં પરસ્પર વિરુદ્ધ ધર્મો છે, તેથી તેમનામાં મહાન ભેદ છે. સ્મૃતિઓમાં પણ આ ભેદ કહેવામાં આવ્યો જ છે અને તે જોવાયોગ્ય છે.

'પરમ વૈરાગ્યને પામેલા પુરુષો સંસારને સાર વિનાનો જોઈને સાર (પરમાત્મતત્ત્વને) જોવાની ઇચ્છાએ લગ્ન કર્યા પહેલાં જ સંન્યાસ ધારણ કરે છે. કર્મયોગ પ્રવૃત્તિરૂપ છે અને જ્ઞાન સંન્યાસરૂપ છે; માટે બુદ્ધિમાન પુરુષે જ્ઞાનને સૌથી આગળ રાખીને સંન્યાસ સ્વીકારવો.' આ વચનો વિવિદિષા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંન્યાસનાં બોધક છે. પણ 'જ્યારે સનાતન પરબ્રહ્મ તત્ત્વનો સાક્ષાત્કાર થઈ જાય, ત્યારે એક દંડને ધારણ કરવો અને શિખા તથા ઉપવીતનો ત્યાગ કરવો. આમ પરબ્રહ્મને રૂડી રીતે પ્રીછીને સર્વનો ત્યાગ કરીને સંન્યાસ ધારણ કરવો.' આ વચનો વિદ્વત્સંન્યાસનાં પ્રતિપાદક છે.

હવે જેમ કળા અને વિદ્યાઓમાં, તેમ જ્ઞાનને વિષે પણ ક્યારેક માત્ર કૌતુકથી ઇચ્છા જાગી આવે છે. વળી પોતાને પંડિત માનનારા અને ઉપરછલ્લા જ્ઞાનવાળા મૂર્ખમાં પણ વિદ્વત્તા જોવામાં આવે છે. તો પછી વિવિદિષા સંન્યાસ અને વિદ્વત્સંન્યાસ એ બન્નેમાં 'વિવિદિષા' અને 'વિદ્વત્તા'નો પૂર્ણ અર્થ શો ? તો આનો ઉત્તર આ પ્રમાણે છે. જ્યારે કકડીને ભૂખ લાગી હોય છે, ત્યારે જમવા સિવાય બીજી કોઈ વાત ગમતી જ નથી. તેમ જ જમવાની વાર થાય, તે પણ સહી જતી નથી. તે જ પ્રમાણે જન્મના કારણરૂપ કર્મોને વિષે અત્યંત અરુચિ થાય અને જ્ઞાનના સાધનરૂપ શ્રવણ આદિ વિષે અતિશય ઊલટ થાય, એ વિવિદિષા સંન્યાસના હેતુરૂપ છે.

વિદ્વત્તાની અવધિ વિશે 'ઉપદેશસાહસ્રી'માં આ પ્રમાણે કહ્યું છે : 'અજ્ઞાનીઓને જે દેહાત્મજ્ઞાન (દેહ જ આત્મા છે એવું જ્ઞાન) હોય છે, તે દેહાત્મજ્ઞાનને બાધ કરનારું જ્ઞાન જેના હૃદયમાં હોય છે, તે પોતે ઇચ્છે નહિ તોપણ મુક્ત થાય છે.' શ્રુતિમાં પણ કહ્યું છે : 'તે પરાવરનાં દર્શન લાધતાં અવિકારી પુરુષની હૃદયગુફામાંની ગાંઠ ભેદાઈ જાય છે, સર્વ સંશયો છેદાઈ જાય છે અને તેનાં સર્વ કર્મો વિલાઈ જાય છે. હિરણ્યગર્ભાદિક પદ પર (ઉત્તમ) છે અને જે તેથી અવર (વિશેષ ઉત્તમ) છે, તે પરાવર (પરમાત્મા) છે. હૃદયમાં એટલે બુદ્ધિમાં અનાદિ અવિદ્યાએ રચેલો સાક્ષીનો તાદાત્મ્યનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધ્યાસ (સાક્ષીને એક માની લેવાનો સ્વભાવ) દૃઢ બંધાઈ રહ્યા છે, તેથી હૃદયમાંની ગાંઠ કહી છે. આત્મા સાક્ષી છે કે કર્તા છે? તે કદી સાક્ષી હોય તોપણ તે બ્રહ્મ છે કે કેમ? કદી તે બ્રહ્મ હોય તોપણ બુદ્ધિથી તે જાણી શકાય છે કે કેમ? જો કદી તે બુદ્ધિથી જાણી શકાય છે, તો માત્ર જ્ઞાનથી જ મુક્તિ મળે છે કે કેમ? આ સર્વ સંશયો છે. અહીં શ્રુતિમાં જે કર્મોનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે કર્મો અનારબ્ધ (જેનું ફળ મળવાની શરૂઆત નથી થઈ તેવાં) છે અને તે આવતા જન્મના કારણરૂપ છે. આમ હૃદયમાંની ગાંઠ, સર્વ સંશયો અને સર્વ કર્મો એ ત્રણ અવિદ્યાનાં કાર્યો છે અને તે આત્મદર્શનથી દૂર થાય છે.

સ્મૃતિમાં પણ આવો અર્થ મળી આવે છે. 'જેને અહંકારનો ભાવ નથી, અને જેની બુદ્ધિ લેપાતી નથી, તે આ લોકોને હણ્યા છતાં હત્યા કરતો નથી અને બંધનમાં બંધાતો નથી.' એટલે કે જે બ્રહ્મવેત્તાનો ભાવ એટલે કે સત્તા, સ્વભાવ અર્થાત્ આત્મા અહંકાર વડે એટલે કે તાદાત્મ્યના અધ્યાસની અતિશયતાથી–ઢંકાઈ ગયો નથી અને જેની બુદ્ધિ સંશયરૂપ લેપથી રહિત છે, તે ત્રણે લોકોને હણ્યા છતાં બંધનમાં બંધાતો નથી, તો કર્મથી તો બંધાય જ શાનો?

આમ જ છે તો પછી વિવિદિષા સંન્યાસના ફળરૂપ તત્ત્વજ્ઞાનથી જ ભાવિ જન્મ નિવારી શકાય; બીજી બાજુ વર્તમાન જન્મનાં શેષ કર્મો તો ભોગવ્યા વિના ટળે એમ જ નથી. તો પછી આ વિદ્વત્સંન્યાસને માટે શા માટે મહેનત લેવી? પણ આવી શંકા ન હો. વિદ્વત્સંન્યાસ તો જીવન્મુક્તિરૂપી ફળને આપનારો છે. તેથી જેમ જ્ઞાનને માટે વિવિદિષા સંન્યાસ લેવો આવશ્યક છે, તેમ જીવન્મુક્તિને માટે વિદ્વત્સંન્યાસ લેવો આવશ્યક છે. આ પ્રમાણે વિદ્વત્સંન્યાસનું નિરૂપણ થયું.

★

Completed on 14-4-1968

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

'સસ્તું સાહિત્ય' એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય

વિવિધ વિષયનાં વાંચવા લાયક પુસ્તકો

ધર્મગ્રંથો

મહાભારત–૭ ગ્રંથો	૬૪–૦૦
શાંતિપર્વ–(મહાભારત ભાગ ૬ ઠ્ઠો) ...	૧૦–૦૦
શ્રીહરિવંશ અથવા ઉત્તર મહાભારત ...	૧૦–૦૦
મહાભારતસાર ...	૪–૦૦
વિષ્ણુપુરાણ ...	૫–૦૦
શ્રીમદ્ ભાગવત (બે ભાગ)	૧૨–૫૦
શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ ...	૪–૦૦
એકાદશ સ્કંધ–એકનાથી	૬–૦૦
એકાદશ સ્કંધ (શ્રીમદ્ ભાગવતનો) ...	૨–૫૦
શ્રીમાર્કંડેયપુરાણ ...	૬–૫૦
ભગવતી (દેવી) ભાગવત	૮–૫૦
વાલ્મીકિ રામાયણ	૧૨–૫૦
તુલસીકૃત રામાયણ	૧૨–૫૦

*

ઈશ ને કેન ઉપનિષદ (શાંકરભાષ્ય સાથે)	૧–૨૫
કઠોપનિષદ ,, ,,	૧–૨૫
પ્રશ્નોપનિષદ ,, ,,	૧–૦૦
મુંડકોપનિષદ–શાંકરભાષ્ય	૧–૦૦
માણ્ડૂક્ય ઉપનિષદ ,,	૩–૦૦
ઐતરેય ઉપનિષદ ,,	૦–૭૫
તૈત્તિરીય ઉપનિષદ ,,	૧–૫૦
છાંદોગ્ય ઉપનિષદ ,,	૫–૦૦
બૃહદારણ્યક ઉપનિષદ ,,	૮–૦૦
શ્વેતાશ્વતર ઉપનિષદ ,,	૧–૫૦
સો ઉપનિષદો ...	૫–૦૦
ઉપનિષદ–નવનીત ...	૨–૫૦
મહાવાક્યરત્નાવલી ...	૧–૦૦

*

ઉપદેશસાહસ્રી ...	૪–૦૦
શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્ર	૧–૫૦
વિવેકચૂડામણિ ...	૧–૦૦
મણિરત્નમાળા ...	૧–૫૦
સૌંદર્યલહરી ...	૦–૪૦
સ્તોત્રસંગ્રહ ...	૧–૫૦
મોહમુદ્ગર–દશ રત્નો	૧–૦૦
શતશ્લોકી–ચાર રત્નો	૦–૭૫
આત્મા–અનાત્માવિવેક	૦–૩૫
પ્રબોધસુધાકર–તત્ત્વબોધ	૦–૫૦
હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા ...	૦–૧૫
પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્ત-આનંદલહરી ...	૦–૧૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ધાર્મિક-સામાજિક-નીતિવિષયક

વ્રતરાજ ...	૧૫-૦૦	વિદુરનીતિ ...	૧-૦૦
સુભાષિતરત્નભાંડાગાર	૧૨-૦૦	સુભાષિત નીતિમંજરી	૧-૫૦
મનુસ્મૃતિ ...	૫-૦૦	ચારુચર્યા ...	૦-૨૫
ધર્માલાપ ...	૫-૦૦	નીતિશતક ...	૦-૪૦
બાલવિલાસ ...	૧-૫૦	યક્ષ અને યુધિષ્ઠિર	૦-૬૦
વાટના દીવડા ...	૧-૫૦	વૈરાગ્યશતક ...	૦-૪૦
હિંદુધર્મની બાળપોથી	૦-૬૨	વિજ્ઞાનશતક ...	૦-૫૦
ધર્મદર્શન ...	૧-૦૦	નવસંહિતા ...	૦-૩૭
હિંદુધર્મ (એક પુસ્તકરૂપે)	૧-૨૫	વ્યવહારમાળા ...	૦-૫૦
હિંદુધર્મ અને સદાચાર	૦-૨૫	સત્સંગમાળા ...	૦-૪૦
હિંદુધર્મ ...	૦-૨૫	સંતોષસુરતરુ ...	૦-૩૦
હિંદુધર્મના પાયા ...	૦-૨૫	સૂક્તાવલિ ...	૦-૪૦

*

અષ્ટાધ્યાયી રુદ્રી ...	૧-૫૦	કંઠાભૂષણમ્ ...	૦-૨૫
શ્રીવિષ્ણુસહસ્રનામ...	૦-૨૫	ગંગામાતા ...	૦-૫૦
જપ અને નામસ્મરણ	૧-૨૫	સંધ્યાપદ્ધતિ ...	૦-૫૦
ભીષ્મસ્તવરાજ ...	૦-૧૫	શ્રીચંડીપાઠ ...	૧-૫૦
હરિપાઠ ...	૦-૧૫	નિત્યપાઠ ...	૧-૦૦

ગીતાવિષયક

ભગવદ્ગીતા-શાંકરભાષ્ય	૪-૦૦	જ્ઞાનસત્રગીતા-ગુજરાતીમાં	૧-૨૫
ભગવદ્ગીતા-નીલકંઠી	૩-૦૦	પંચરત્નગીતા-કાચું પૂંઠું	૧-૫૦
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા	૬-૦૦	ગીતામાં જીવનની કળા	૩-૦૦
ભગવદ્ગીતા (મોટા અક્ષરોમાં) ...	૧-૨૫	શ્રી રામગીતા ...	૧-૭૫
ભગવદ્ગીતા-બાળબોધમાં	૦-૫૦	ઉત્તરગીતા ...	૦-૩૭
ભગવદ્ગીતા-ગુજરાતીમાં	૦-૫૦	ગીતાસાર ...	૦-૩૦
જ્ઞાનસત્રગીતા-બાળબોધમાં	૧-૨૫	ગીતાસંકલન ...	૦-૧૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભક્તિવિષયક

શ્રીરામકૃષ્ણકથામૃત	૬–૦૦
હરિરેવ જગત્ ...	૨–૫૦
ઉપદેશસારસંગ્રહ ...	૧–૫૦
સંતગુરુનો પરિચય	૨–૦૦
સંતોની અનુભવ–વાણી	૨–૦૦
સદ્બોધસરિતા ...	૧–૫૦
સંતની વાતો ...	૧–૫૦
મેનાવતી–ગોપીચંદ તથા ભર્તૃહરિ–વિક્રમ	૦–૨૫
જેસલ–તોરલ તથા જાલંધર–ગોપીચંદ	૦–૨૫
મદાલસા અને અલર્ક	૦–૩૦
શ્રીરામકૃષ્ણ ઉપદેશ	૦–૪૦
વિવેકાનંદનાં વચનામૃતો	૦–૫૦
પરવાળાં ...	૦–૨૫
ગીતાંજલિ ...	૦–૪૦
પુરોગામી ...	૦–૨૫
પ્રવાસી ...	૦–૩૭

સાંપ્રદાયિક પુસ્તકો

ષોડશ ગ્રંથો ...	૧–૫૦
ધમ્મપદ–ધર્મનાં પદો	૧–૨૫
સમાધિશતક ...	૦–૪૦
શિક્ષાપત્રી ...	૦–૨૫
જપજી ...	૦–૬૨
ગોરખનાથ ...	૦–૩૭

કાવ્યો

કાવ્યસંક્ષેપ ...	૧–૫૦
જૂની વાચનમાળાનો કવિતાસંગ્રહ ...	૧–૦૦
કવિતાસંગ્રહ ભાગ ૨ જો	૦–૭૫
કાવ્યમાધુર્ય ...	૩–૦૦
મારાં સો કાવ્યો ...	૦–૭૫

લોકસાહિત્ય

ભડલીવાક્યો ...	૦–૪૦
કાઠિયાવાડની દંતકથાઓ	૩–૦૦
બત્રીસ પૂતળીની વાતો	૨–૫૦
મડાપચીસીની વાતો	૧–૫૦
પાંચ લોકકથાઓ ...	૧–૫૦
સુંદર કામદારની વાર્તા	૦–૭૫
સોરઠી દુહાસંગ્રહ ...	૦–૭૫
ગજરામારુ ...	૦–૬૨
કાઠિયાવાડી દુહા ...	૦–૫૦
બરાસકસ્તૂરીની વાર્તા	૦–૫૦
નંદબત્રીસી ...	૦–૩૫
ધીરામારુની વાર્તા	૦–૩૭
મદન–મોહના ...	૦–૨૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આરોગ્ય અને વૈદક

ચરક–સંહિતા (પાંચ ભાગમાં)
ભાગ ૧–શ્લોક (સૂત્ર)સ્થાન ૧૨–૦૦
ભાગ ૨–નિદાન, વિમાન, શારીર ને ઇંદ્રિયસ્થાન ૧૫–૦૦
ભાગ ૩– ચિકિત્સિતસ્થાન ૧૦–૦૦
ભાગ ૪– „ ૧૦–૦૦
ભાગ ૫–કલ્પ અને સિદ્ધિસ્થાન ૮–૦૦
ભાવપ્રકાશ–ભાગ ૧ લો ૧૨–૦૦
„ ભાગ ૨ જો ૧૫–૦૦
ભાવપ્રકાશ–નિઘંટુ ૫–૦૦
સુશ્રુત–આયુર્વેદ (૧–૨) (નવી આવૃત્તિ) ૧૬–૦૦
હારીતસંહિતા ... ૬–૦૦
માધવનિદાન ... ૧૦–૦૦
શાર્ઙ્ગધરસંહિતા ૬–૫૦
આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ ૮–૦૦
રસતંત્રસાર અને સિદ્ધપ્રયોગસંગ્રહ (ભા. ૨ જો) ૮–૦૦
પથ્યાપથ્ય (આરોગ્યની કૂંચી) ૩–૦૦
ઘરઘરનો વૈદ્ય ... ૨–૦૦
નીરોગી જીવન ... ૧–૭૫
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ૧–૦૦
આયુર્વેદ યોગશતક ૦–૭૫
વૈદ્યજીવન ... ૧–૨૫
તક્રકલ્પ ... ૦–૬૦
સોનેરી સૂચનો ... ૦–૫૦
અકસ્માતના તાત્કાલિક ઉપાયો ... ૧–૦૦
મલમપટ્ટા ... ૧–૦૦
ઓપદેવશતક ... ૧–૨૫
વૃક્ષાયુર્વેદ ... ૦–૭૫
આપણો આહાર ... ૨–૦૦
રસાયન ... ૧–૫૦
ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો ... ૦–૭૫
માંદાનો આહારવિહાર ૦–૩૦
માંદગીનાં કારણો ... ૦–૫૦
માંદગીમાં ઉપવાસ ૦–૪૦
ખોરાકના ગુણદોષ ... ૦–૭૫
ખોરાકમાં ઝેર ... ૦–૨૫
હરડે (ને તેનો ઉપયોગ) ૦–૪૦
જીવનચર્યા ... ૦–૫૦
જ્ઞાનભૈષજ્યમંજરી ... ૦–૨૫
પ્રકીર્ણ ઔષધિ ... ૦–૩૦
ક્વાથ–ઔષધિ ... ૦–૪૦
પાક–ઔષધિ ... ૦–૪૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જીવનચરિત્રો

દેવો, ઋષિઓ અને પ્રતાપી પુરુષો	૨–૦૦
મહાન શીખ ગુરુઓ	૨–૫૦
ભારતના વીરપુરુષો	૩–૦૦
શિવાજી છત્રપતિ ...	૧–૫૦
સૌરાષ્ટ્રના સંતો ...	૧–૫૦
સોરઠી સ્ત્રીસંતો ...	૧–૨૫
સોરઠના સિદ્ધો ...	૧–૫૦
વીર દુર્ગાદાસ ...	૧–૫૦
બેન્જામિન ફ્રેંકિલન	૧–૨૫
બૂકર ટી. વૉશિંગ્ટન	૧–૫૦
મહાત્મા ટૉલ્સ્ટૉય ...	૧–૨૫
જોન ઑફ આર્ક	૦–૭૫
પિતામહ ભીષ્મ ...	૧–૦૦
ભક્તચરિત્ર ...	૩–૦૦
મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો	૦–૫૦
ગૌતમ બુદ્ધ ...	૧–૫૦
ચૈતન્ય મહાપ્રભુ ...	૧–૦૦
સ્વામી સહજાનંદ ...	૨–૦૦
સાક્ષાત્કારને પંથે તુકારામ	૨–૦૦
સ્વામીશ્રી વિવેકાનંદ	૨–૦૦
મહર્ષિ દયાનંદ ...	૧–૫૦
સ્વામી શ્રદ્ધાનંદ ...	૧–૫૦
સ્વામી ભાસ્કરાનંદ	૧–૨૫
સ્વામી બ્રહ્માનંદ ને શિવાનંદ ...	૧–૩૭
યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય	૦–૬૦
શ્રીરામચંદ્ર દત્ત અને નાગમહાશય ...	૧–૦૦
સંત જ્ઞાનેશ્વર અને મહાત્મા એકનાથ	૦–૩૭
સ્વામીશ્રી નિત્યાનંદ	૦–૫૦
મહાત્મા દાદૂ દયાળ	૦–૫૦
શ્રીમત્ શંકરાચાર્ય	૧–૦૦
શુકદેવજી અને બીજાં આખ્યાનો ...	૦–૫૦
દેવર્ષિ નારદ ...	૦–૩૧
ગુજરાતના ભક્તો ...	૦–૭૫
ભક્ત પીપાજી ...	૦–૪૦
સંત મૂળદાસ ...	૦–૩૭
મેકણ દાદા ...	૦–૫૦
શ્રીશુકદેવજી ...	૦–૩૫
ગોસ્વામી તુલસીદાસ	૦–૪૦
ભક્ત પ્રહ્લાદ ...	૦–૪૦
શ્રીરામકૃષ્ણ પરમહંસ	૦–૪૦
બાળકોના વિવેકાનંદ	૦–૨૫
સ્વામી રામતીર્થ (સંક્ષિપ્ત)	૧–૦૦
સ્વામી રામતીર્થ–નાનું	૦–૨૫
સુમુખ તથા નૃસિંહકુંવર	૦–૩૭
પ્રહ્લાદ આખ્યાન ..	૦–૫૦
સંતોની ફૂલવાડી ...	૦–૫૦
નાનભટ્ટ બાપા ...	૦–૨૫
જડભરત ...	૦–૧૯
મહાત્મા મસ્તરામજી	૦–૪૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહાત્મા સરયૂદાસ	૦–૫૦	જ્ઞાનેશ્વર ને ચાંગદેવ	૦–૪૦
કબીરસાહેબ ...	૦–૪૦	ચંદ્રહાસ ...	૦–૨૫
નાનક ...	૦–૩૭	ભક્ત અંબરીષ ...	૦–૨૫
સુદામાચરિત્ર ...	૦–૨૦	સતી સાવિત્રી ...	૦–૨૫

સંતવાણી–ભજનો

તુકારામગાથા ભા. ૨જો	૩–૦૦	છોટમની વાણી ...	૦–૭૫
ભજનસાગર–ભાગ ૧, ૨	૫–૦૦	અક્ષરમાળા ...	૦–૩૭
ભજનસંગ્રહ ...	૧–૦૦	સાંખ્યસાર અને યોગસાર	૦–૩૭
તુલસીસતસઈ ...	૧–૫૦	સંત દાદૂ ...	૦–૨૫
મીરાંબાઈનાં ભજનો	૦–૭૫	ઋષિરાજનાં પદો ...	૦–૪૦
નરસિંહ મહેતાનાં ભજનો	૦–૭૫	પ્રબોધબાવની ...	૦–૨૫
વલ્લભ ભટ્ટની વાણી	૩–૦૦	કેશવકૃતિ ...	૦–૩૦
પ્રીતમદાસની વાણી	૧–૫૦	કવિ દીનદયાળગિરિ	૦–૨૫
નિષ્કુલાનંદની વાણી	૦–૩૦	કબીર સાહેબનાં ભજનો	૦–૫૦
અખાની વાણી ...	૩–૦૦	કવિ ગંગ કહે...	૦–૨૫
કબીરનાં આધ્યાત્મિક પદો	૧–૨૫	સંતકવિ નઝીર ...	૦–૫૦
આપણી કવિતાનો અમર વારસો...	૧–૫૦	ભક્ત સુરદાસનાં પદો	૦–૪૦
દલપતરામની કવિતા	૦–૭૫	ભોજા ભગતના ચાબખા	૦–૫૦
ભક્તકવિ દયારામનાં ભજનો ...	૦–૪૦	ધીરા ભગતનાં પદો	૦–૫૦
શામળના છપ્પા ...	૧–૦૦	રવિ, ભાણુ અને મોરાર સાહેબની વાણી	૦–૩૦
		કબીરની સાખીઓ	૦–૨૫
		ગિરધર કવિરાય ...	૦–૧૯

દૃષ્ટાંતકથાઓ

શ્રીસુબોધકથાસાગર	૨–૫૦	બોધક વાર્તાઓ ...	૧–૫૦
શ્રીસુબોધરત્નાકર ...	૧–૫૦	દૃષ્ટાંતશતક ...	૧–૨૫

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નવલકથા-વાર્તાસંગ્રહો

તડકી-છાંયડીનાં ફૂલગુલાબ	૨-૦૦
સમર્પણ ...	૧-૫૦
ત્રણ વરદાન ...	૨-૦૦
અનાવરણ ...	૨-૫૦
ચાણક્ય ને ચંદ્રગુપ્ત	૩-૫૦
અમર અજવાળાં ...	૧-૦૦
દિવ્ય વાર્તાઓ ...	૧-૦૦
કમળકુમાર ...	૦-૭૫
ઉત્તરરામચરિત ...	૧-૫૦
શકુંતલા ...	૦-૬૨
કથાસરિત્સાગર ...	૧-૦૦
ભોજપ્રબંધ ...	૨-૦૦
મોહિની અને બીજી વાતો	૧-૦૦
બનાવટી ફૂલો ...	૧-૦૦
નવ્વાણુનો ફેર અને બીજી વાતો ...	૧-૦૦
સંત બળરામ અને પતિતા	૦-૭૫
બોધદાયક કથાઓ...	૧-૫૦
રંગ અને દીવા	૧-૫૦
બિરબલ અને બીજા	૨-૦૦
ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ હાસ્યપ્રસંગો	૨-૦૦
હાજીબાબાનાં સાહસો	૨-૫૦
ઇન્સાન મિટા દૂંગા અને બીજી વાતો	૧-૨૫
પાપીની દશા ...	૦-૭૫
લોભનો થોભ ...	૦-૧૯
અણોજો અને નવું રેલવે સ્ટેશન ...	૦-૨૫
સમ્રાટ શ્રેણિક ને દેવી નંદા	૦-૨૫
પ્રકાશનાં પગલાં	૦-૭૫
હાસ્યતરંગ	૦-૭૫
જગતમાં જાણવા જેવું	૧-૦૦
ઇતિહાસને અજવાળે	૧-૦૦
ગામડું બોલે છે	૧-૦૦
ગૃહજીવનનાં દૃશ્યો	૦-૭૫
મારો ભારત દેશ	૦-૭૫
સાહસકથાઓ	૧-૦૦
પટલાઈના પેચ	૨-૦૦
ગ્રામરચના	૧-૫૦
પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ	૨-૦૦
ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ	૧-૫૦
મહાત્મા ટૉલ્સ્ટૉય	૧-૨૫
ભીમનાં પરાક્રમો	૧-૫૦

વધુ પુસ્તકોની વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો:

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

સ્વામી અખંડાનંદ માર્ગ, ભદ્ર, પો. બો. નં. ૫૦, અમદાવાદ
અને ૧૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi